SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayaji[illegible]
of B[illegible]
Call No. BL
1254
.K25C4 G.27405

શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રંથાવલિ અંક : ૩૪

# કબીરસંપ્રદાય

( એના મુખ્ય સિદ્ધાન્ત, કબીરની વિચારધારા, ગુજરાતમાં પ્રચાર અને તેની ગુજરાતી સાહિત્ય ઉપર અસર. )

: લેખક :

રા. રા. કિસનસિંહ ગો. ચાવડા

: પ્રકાશક :

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ

મૂલ્ય ૧-૯-૦

સં ૧૯૯૪ સને ૧૯૩૭

પ્રકાશક
રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
સહાયક મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા
શ્રી ફાર્બસ ગુજરાતી સભામન્દિર
૩૬૫, કોંગ્રેસ હાઉસ લાઇન, વિઠ્ઠલભાઈ પટેલ રોડ
મુંબઇ નં. ૪

આવૃત્તિ ૧ લી    પ્રત ૫૦૦

7BL
1254
·K25C4

F. G. S.
PURCHASED
Date 19-11-75
Initial
G. 27405.
Rs. 12-50

મુદ્રક: શંકરરાય અમૃતરાય સહીયઠ
શ્રી જ્ઞાનમન્દિર પ્રિન્ટીંગ પ્રેસ
રાયપુર-અમદાવાદ.

પુસ્તકો વેચાતાં મળવાનું ઠેકાણું—
રા. રા. અંબાલાલ બુ. જાની, બી. એ.
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામન્દિર
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, કોંગ્રેસ હાઉસ લેઇન,
મુંબઇ નં. ૪

# પ્રકાશકના બે બોલ

## ગુજરાતના ધર્મો અને સંપ્રદાયો સંબંધી

ગ્રંથાવલિ—૫

શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ—એ ગુજરાતના "મુખ્ય મુખ્ય ધર્મો વા સંપ્રદાયોના સિદ્ધાન્તો, ગુજરાતમાં તેમના પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેમની અસર" એ નામની ઐતિહાસિક તેમજ સૈદ્ધાન્તિક દૃષ્ટિએ, નહીં કે ખંડનાત્મક કે વિવાદાત્મક શૈલીએ લખાવેલી, ગ્રંથાવલિ પ્રકટ કરવાનો ઉપક્રમ ઈ. સ. ૧૯૨૩ થી આદરેલો છે.

(૧) તેને અનુસરીને પ્રસ્તુત ગ્રંથાવલિના પહેલા ગ્રન્થ તરીકે "જૈન અને બૌદ્ધધર્મ-તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ નામનો નિબંધ હરીફાઇથી લખવા વિદ્વાનોને આમંત્ર્યા હતા. એ આવેલા નિબંધોમાંથી રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ, બી. એ., એલએલ. બી. વકીલનો નિબંધ પસંદ થયો હતો; અને તેમને એ ગ્રંથયોજના પ્રમાણે ઠરાવેલું છાપવાનું પારિતોષિક રૂા. ૫૦૦ લઈ પોતાને ખર્ચે પોતાના માલિકીહક્કથી છપાવવા વારંવાર જણાવાયું હતું; પરન્તુ અનેક ઘટતી તાકીદો કર્યાં છતાં તેમ તેમણે માગેલી બીજી સવળતાઓનો લાભ લેવા દેવાનું ઠરાવ્યા છતાં તેમણે એ નિબંધ છાપવાની વ્યવસ્થા કરી જ નહીં. એટલે સને ૧૯૩૦ માં પં. બેચરદાસ જીવરાજ દોશીને "જૈનધર્મ, તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને તેની ગુજરાતી સાહિત્ય ઉપર અસર" એ વિષે એક ગ્રન્થ લખવાનું સભાએ સોંપેલું છે.

(૨) ઉપરાંત "બૌદ્ધધર્મ–તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ વિષે એક અલગ ગ્રન્થ કોઈ વિદ્વાન્ પાસે લખાવવાનો વિચાર ચાલે છે.

(૩) તે પછી "વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ–તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ સૌના નિરૂપણનો એક નિબંધ હરિફાઇથી લખવા સભાએ વિદ્વાનોને આમંત્ર્યા હતા. તેમાંથી રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીનો નિબંધ પસંદ થયો હતો. અને તે તેમણે સભાની યોજના પ્રમાણે રૂ. ૫૦૦ લઈ પોતાને ખર્ચે પોતાના માલિકી હક્કથી સને ૧૯૧૭ માં છપાવ્યો હતો. એ પ્રથમ આવૃત્તિ ખપી જતાં સભાએ તેના માલિકી હક્ક તેમની કનેથી ખરીદી લીધા અને દ્વિતીય સુધારેલી આવૃતિ તૈયાર કરવાનું તેમને સોંપવામાં આવ્યું છે. એ ગ્રન્થ હવે સુધારેલા–વધારેલા સ્વરૂપમાં ગુજરાતી વાચક સમૂહ સમક્ષ થોડાક સમયમાં પ્રકટ થનાર છે.

(૪) તે પછી ઉપલા જણાવેલા ધોરણે જ "શૈવધર્મનો ઇતિહાસ–તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ નિબંધ પણ હરીફાઇથી લખવા વિદ્વાનોને આમંત્ર્યા હતા; અને એમ આવેલા નિબંધોમાંથી રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીનો નિબંધ પસંદ થયો હતો. અને તે તેમણે રૂ. ૫૦૦ નું પારિતોષિક લઈ પોતાના માલિકી હક્કથી સને ૧૯૨૫ માં છપાવ્યો પણ હતો. તેની પહેલી આવૃત્તિ ખપી જતાં, સભાએ તેના માલિકીહક્ક ખરીદ્યા, અને તે સુધારી–વધારી અદ્યતનીય કરવાનું કામ તેમને જ સોંપવામાં આવ્યું હતું. એમણે એમ તૈયાર કરેલો એ ગ્રન્થ ગુજરાતી વાચક સમૂહ આગળ ચાલુ વરસમાં રજુ થઈ ગયો છે.



(૫) તે પછી "અહુનવર, એ નામનો સર્જનજૂનો મંત્ર–પારસી ધર્મતત્ત્વનું વૈદિક દષ્ટિએ અવલોકન" એ નિબન્ધ રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતાનો સભાએ પ્રકટ કરેલો છે.

(૬) તે પછી "શાક્ત સંપ્રદાય–તેના સિદ્ધાન્તો ગુજરાતમાં પ્રચાર ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ વિષે એક ગ્રંથ દિ. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ., માજી દિવાન સાહેબ ખંભાત, એમણે તૈયાર કરી આપતાં સભાએ સને ૧૯૩૨ માં પ્રકટ કર્યો છે.

(૭) હવે "કબીર સંપ્રદાય–તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ ગ્રંથ રા. રા. કિસનસિંહ ગો. ચાવડાએ લખેલો પ્રકટ થાય છે.

આ ઐતિહાસિક, સૈદ્ધાન્તિક અને સાહિત્યિક દષ્ટિએ લખાવાતી ગ્રંથાવલિને પૂરતું પ્રોત્સાહન અને ઉત્તેજન વાચનરસિક ગુજરાતી જનસમૂહો તરફથી સવેળા મળતું જશે, તો ગુજરાતમાં અને ગુજરાતી જનસમૂહોમાં પ્રચલિત આવા 'બીજા ધર્મો–ઇસ્લામ, જરથોસ્ત, ખ્રીસ્ત તેમ જ મોટા ધાર્મિક સંપ્રદાયો, તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર' એ વિષે ગ્રન્થો લખાવવાનો પોતાનો ઉપક્રમ ચાલુ રાખવા શ્રી ફાર્બસ ગુજરાતી સભાની ધારણા છે; અને તે સંબંધમાં તજ્જ્ઞ વિદ્વાનો સાથે પત્રવ્યવહાર પણ ચાલે છે. પ્રભુઇચ્છા હશે તો સભાનો એ મનોરથ પાર ઉતરશે. વાચનરસિક જનસમૂહ આ ગ્રંથાવલિનો લાભ લઈ શકે તે માટે તેની કિમ્મત પડતર ભાવે રાખેલી છે, એ અત્રે જણાવવાની જરૂર જણાય છે.

મુંબઇ, આસો વદિ ૧ }
બુધવાર, તા. ૨–૧૦–૩૭. }

અંબાલાલ બુ. જાની
સહાયક મન્ત્રી: શ્રી ફા. ગુ. સભા.

## શ્રી ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈ

૩૬૫, સભામન્દિર, વિઠ્ઠલભાઇ પટેલરોડ, કોંગ્રેસ લાઇન, મુંબઇ નં. ૪

શાળા, પાઠશાળા, અને પુસ્તકાલયોના સંગ્રહ
માટે અર્ધી કિંમતની ગોઠવણ.

| | |
|---|---|
| રાસમાળા ભા. ૧-૨ | રૂા. ૫--૮-૦ |
| ગુજરાતનાં ઐતિહાસિક સાધનો ભાગ ૧-૨ (સાથે) | ,, ૧—૦-૦ |
| રસકલ્લોલ | ,, ૦-૧૦-૦ |
| અહુનવર | ,, ૦—૮-૦ |
| શાક્તસંપ્રદાય | ,, ૧—૮-૦ |
| ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો ભા. ૧-૨ દરેકના | ૪—૮-૦ |
| મહાભારત પદબંધ ભાગ ૧ લો આદિ અને સભાપર્વ | ,, ૧—૦-૦ |
| ભાગ ૨ જો આરણ્યક પર્વ | ,, ૧—૦-૦ |
| ભાગ ૩ જો વિરાટ અને ઉદ્યોગપર્વ | ,, ૧—૦-૦ |
| ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો તથા વાર્તાઓ | ,, ૦-૧૨-૦ |
| ચતુર્વિંશતિ પ્રબંધ (ગુજ.) | ,, ૧—૦-૦ |
| પ્રબંધચિંતામણિ (ગુજ.) | ,, ૧—૦-૦ |
| પંચદંડ | ,, ૦-૧૨-૦ |
| રૂપસુંદરકથા | ,, ૦—૮-૦ |
| રાજ્યરંગ ભા. ૨ જો | ,, ૦-૧૨-૦ |
| બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા | ,, ૦—૬-૦ |
| હંસાવતિ વિક્રમચરિત્ર | ,, ૦-૧૨-૦ |
| જીવન અને ઉત્ક્રાન્તિ (સચિત્ર) | ,, ૦-૧૨-૦ |
| શ્રી. કૃષ્ણલીલા કાવ્ય સચિત્ર) દશમસ્કંધ પદબંધ | ,, ૦-૧૨-૦ |
| હવામાન શાસ્ત્ર અને ગુજરાતની આબોહવા | ,, ૧—૦-૦ |
| પૃથ્વીનો ઇતિહાસ (સચિત્ર) | ,, ૦-૧૨-૦ |
| ગુજરાતી ભાષા અને સાહિત્ય ભા. ૧ સ્વ. સાક્ષર ન. ભો. દિ. નાં વ્યાખ્યાન | ,, ૩—૦-૦ |
| ગુજરાતનું પ્રાકૃતિક અને વ્યાપારી ભૂગોળવિજ્ઞાન | ,, ૦-૧૨-૦ |
| કબીર સંપ્રદાય અને સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર | ,, ૧—૦-૦ |
| શૈવધર્મ (ગુજરાતમાં પ્રચાર, સિદ્ધાન્તો) | ,, ૧—૦-૦ |


# પ્રવેશક

ઇતિહાસ માત્ર નોંધ નથી. ઇતિહાસ છે નોંધ અને મીમાંસા, બોધ અને કલા, એમ ચાર પાંખડીનું ફુલ, ચાર પહેલોવાળું રત્ન, ચાર સ્રોતના સંગમથી થતો મહાનદ, ચાર જુદા જુદા બુદ્ધિવ્યાપારોનું ચોકું. પરંતુ ઇતિહાસવિદ્યા અને ઐતિહાસિક પદ્ધતિની વિચારણાનું આ ગૌરવ હિન્દી માનસ હજી હવે ધીરે ધીરે જ શીખતું આવે છે. ભાવનામૂર્તિઓને સર્વસ્વ સમર્પનાર આપણી સંસ્કૃતિ તેમને ઐતિહાસિક વ્યક્તિઓ જેવી સજીવન અને વાસ્તવિક પણ માનવા-મનવવાને શતાબ્દીઓ અને સહસ્રાબ્દીઓથી મથતી આવેલી છે, અને આર્ય બુદ્ધિની આ એક નબળાઇનું એક અતિવિચિત્ર પરિણામ આ પણ આવેલું છે, કે પાર્શ્વ અને મહાવીર, બુદ્ધ અને અશોક, પૃથ્વીરાજ અને જગદેવ જેવી ઐતિહાસિક વ્યક્તિઓની આસપાસ આપણે દંતકથાઓ અને ચમત્કારો ગૂંથીગૂંથીને એ રાફડાઓના ડુંગરા તળે આપણે તે તે જીવનને લગતી વાસ્તવિક હકીકતોને દાટી દઇને અને વિકૃત કરી નાખીને લગભગ અલભ્ય બનાવી દીધી છે.

રામ ઝરૂખે બૈઠકે
સબકા મુજરા લેત
જૈસી જિનકી ચાકરી
વૈસા ઉનકો દેત."

"મન લગ્ગો મેરો યાર ફકીરી મેં
જો સુખ પાયો રામભજનમેં સો સુખ નાહિં અમીરીમેં—મન લગ્ગો૦
ભલા બૂરા સબકો સુનિ લીજે કર ગુજરાન ગરીબીમેં—મન લગ્ગો૦

હાથમેં કૂંડિ બગલમેં સોટા ચારો દિસિ જાગીરીમેં—મન લગ્ગો૦
આખિર યહ તન ખાક મિલૈગા કહા ફિરત મગરૂરીમેં—મન લગ્ગો૦
કહત કબીરા સુન ભાઇ સાધો સાહિબ મિલૈ સબૂરીમેં—મન લગ્ગો૦":

વગેરે હિન્દ જેવા મહાખંડમાંય ઠેર ઠેર જાણીતાં પદોના કવિ કબીર સાહેબના ખંડિત ઇતિહાસની પણ આપણી જનતાની ચમત્કારગંહુતાએ એ જ વલે કરી નાખેલી છે. એમના વિષે ચોક્કસ માહિતી એટલી તો ઓછી ઉતરી આવી છે કે તે બધી સીધે સીધી નોંધવામાં દશ વાકય પણ ન જોઇએ.

કબીર સાહેબ મુસ્લિમ જુલાહા નીરૂના પુત્ર હતા. તેને ત્યાં જ ઉછર્યાં હતા. આજીવિકા માટે પોતે પણ એ જ ધંધો કરતા હતા અને કાશીમાં ઘણો સમય રહ્યા હતા. મુસ્લિમો પોતાનો અમલ જેમ જેમ વિસ્તારતા ગયા તેમ તેમ મારી ઠોકીને હજારો હિન્દુઓને વટલાવતા પણ ગયેલા. તે વખતના હિન્દુ આચારમાં ખાનપાન શુદ્ધિ-નો મહિમા પણ એટલો બધો વધી પડેલો હતો, કે મુસ્લિમ સરદાર ચડાઈ કરતાં જે ગામ આગળ પડાવ કરે, ત્યાંનાં જલાશયોને "અભડાવે," એટલે તે ગામની આખી વસતી પોતાને વટલાયલી માને, એમ પણ હતું.

શ્રી. રામાનંદના જીવનમાં તે વખતના હિન્દુઓની શૌચાશૌચ-ભાવનાનું આથી યે ઉત્કટ દૃષ્ટાન્ત જોવામાં આવે છે. શ્રી. રામાનુજની પરંપરામાં એમનાથી (એમને ન ગણતાં) ત્રીજા પાટે આવેલા આચાર્ય રાઘવાનંદ કાશી આવીને વસ્યા હતા, અને કિશોર વયથી એમના શિષ્ય થયેલા રામાનંદ પોતાની અપૂર્વ વિદ્યા અને શક્તિએ થોડા વખતમાં જ એમના મુખ્ય અને માનીતા શિષ્ય બની રહ્યા હતા. ભરજુવાનીમાં શ્રી. રામાનંદ યાત્રાએ નીકળ્યા, અને ન્હાનાં મોટાં તમામ તીર્થોમાં ઘૂમતા ઘૂમતા તથા સ્થળે સ્થળે જુદા જુદા પંથો અને આચાર્યોનાં મંતવ્યો વિષે જ્ઞાન મેળવતા મેળવતા તેમ ચર્ચામાં તે સર્વ આગળ



પોતાનો પ્રભાવ પાડતા પાડતા, વર્ષો પછી જ્યારે તે પાછા કાશી આવ્યા, ત્યારે એમની દિગ્વિજયના જેવી યશસ્વી મહાયાત્રાથી અદેખાઇએ ધૂંધવાતા એમના એક બે ગુરુબંધુઓએ ગુરુજી આગળ સવાલ મૂકયો: "ગુરુજી! આટઆટલા લાંબા પર્યટનમાં એમનાથી જાણ્યે અજાણ્યે કંઈ કંઈ અશુદ્ધિઓ થઈ ગયેલી હોવી જ જોઇએ, તો એમણે પ્રાયશ્ચિત્ત કરી દેહશુદ્ધિ કરવી ઘટે ખરૂં ને?" રાઘવાનંદજીના અનુયાયીઓમાંથી ઘણી મોટી સંખ્યાને પણ આ સૂચના અવશ્ય અમલમાં મુકવા જેવી લાગી, પરંતુ રામાનંદને પોતાને એ ન રુચી; અને એ તો દૃઢ રહેશે, જરાય મચક નહીં આપે એમ રાઘવાનંદજીએ જ્યારે જોયું, ત્યારે એમની પોતાની સ્થિતિ સૂડી વચ્ચે સોપારીના જેવી કફોડી થઇ ગઇ. એક બાજુ એમનો પોતાના પટ્ટશિષ્ય માટે અનહદ અંગત પ્રેમ અને સકારણ પક્ષપાત, અને બીજી બાજુ અનુયાયીઓની અંધ હઠને લીધે તેમનો મોટો ભાગ બંડ કરે એવો સંભવ, એટલે એમણે પોતે જ ખુશીથી રામાનંદજીને રજા આપી,-"ભલે તો તમે ત્હમારી જુદી ગાદી સ્થાપો, મ્હારા આશીર્વાદ છે." રામાનંદી અને રામાવતને નામે જાણીતા સંપ્રદાયના આરંભનો ઇતિહાસ આ પ્રકારનો છે.

કબીરનાં માતાપિતા અને એમની આસપાસના કાશી પ્રગણામાંના વણકરો એક બે ઝમાના કે થોડા સમયથી જ મુસલમાન થયેલ, એટલે ખાનપાન, નમાજપદ્ધતિ, સાધુસંતોને બદલે ફકીર દરવેશોને પૂજવા, ઊંડી ધર્મજિજ્ઞાસા હોય તેટલે દરજ્જે બ્રહ્મજ્ઞાનને ઠેકાણે સૂફીઓ અને ઓલિયાઓનું જ્ઞાનામૃત મેળવવું, વગેરે બાબતોમાં તેઓ આસપાસની હિન્દુ વસતીથી જુદા પડી ગયેલા, તથાપિ તેમના પૂર્વજોની તેમને વારસે મળેલી હિન્દુ સંસ્કૃતિ તરફનો એમનો સમભાવ છેક ઉડી ગયેલો હોવો જોઈએ, એમ માની લેવું તે અનૈતિહાસિક અને તેમને અન્યાય કરવા જેવું છે. કબીર ઉછરતો હતો તે સમયમાં તે પ્રદેશના જાણીતા સૂફી શેખ તકી નામે હતા. કબીર સાહેબમાં ધર્મજિજ્ઞાસા જાગતાં પ્રથમ તેઓ આ સૂફીના શિષ્ય થયા.

શ્રી. રામાનંદે કાશીમાં પોતાનો નવો સંપ્રદાય માંડતાની સાથે હિન્દુ સંપ્રદાયોની પરંપરાપ્રાપ્ત પ્રવૃત્તિઓમાં મૌલિક અને ક્રાન્તિકારક ફેરફારો દાખલ કર્યા. "**वर्णानाम् ब्राह्मणो गुरुः**" એ સૂત્ર કરતાં "**ब्रह्म वेत्ति स ब्राह्मणः**" એ સૂત્રને તેમણે આગળ કર્યું. શૌચાશૌચ અને બાહ્યાચાર શુદ્ધિ કરતાં તેમણે સાચી ભક્તિની તન્મયતાને કિંમતી ગણી. અને આમ "જાતિ પાંતિ પૂછે નહિ કોઈ, હરિકો ભજૈ સો હરિકા હોઇ" એ માનવ માત્રની સમાનતાનું મહાસૂત્ર, મુસ્લિમ અત્યાચારોએ ચોતરફથી ક્ષુબ્ધ થઈ ગયેલા મધ્યકાલીન હિન્દુ સમાજમાં પ્રથમ પહેલું સક્રિય વ્યવહારમાં મૂકાય છે આ શ્રી. રામાનંદને હાથે. શંકરાચાર્યથી માંડીને તે વખત લગીના આચાર્યોના મુખ્ય શિષ્યો લેખે બ્રાહ્મણો જ લેવાતા. શ્રી. રામાનંદે એ પ્રણાલિકા તોડી. એમના બાર મુખ્ય શિષ્યોમાં બે સ્ત્રીઓ છે; પીપા ઠાકોર લડાયક હિંસક કોમના છે; ધનો ભગત જાટ કણબી છે; સેણો ભગત વાળંદ છે; કબીર સાહેબ મુસ્લિમ વણકર છે; રૈદાસ અંત્યજ ચમાર જાતિનો છે; અને વળી પોતે પર્યટણના અમૂલ્ય ફાયદા જાતે અનુભવેલા, એટલે પોતાના શિષ્યોનાં ન્હાનાં મોટાં ટોળાંઓને તેઓ પરિભ્રમણમાં મોકલતા જ રહેતા, તેમ રોજ ને રોજ કાશીક્ષેત્રમાં આવતા યાત્રાળુઓમાંથી સંન્યાસીઓ, જ્ઞાનીઓ, સાધુઓ, ભગતો આદિને માટે પોતાનો અખાડો સદાય ખુલ્લો રાખતા. જ્યાં ને ત્યાં આચારાદિના ન્હાના ન્હાના વાડાઓ અને પ્રત્યેકની બીજા બધા સામે અમાનુષી સૂગ, એવું એમના આ અખાડામાં મુદ્દલ નહીં, તેથી પણ ઘણા ત્યાં આકર્ષાતા. અને બાહ્ય ભેદો વિષે ઉદાર સહનશીલતા, તથા અંતરની એકતા હોય ત્યાં ઉમળકાભર્યા આલિંગનના પ્રત્યક્ષ પાઠ શીખતા.

હિન્દુ–મુસ્લિમ ભાંડાભાંડી અને કાપાકાપીના સૈકાઓ પછી આમ રામ–રહીમની એકતાના સનાતન પાયા ઉપર બંનેના ભાઈચારાના નવા યુગનો અરુણોદય ઇતિહાસ શ્રી. રામાનંદથી ગણે છે,



અને શ્રી. રામાનંદની જ પરંપરામાં કબીર અને નાનક આવે છે. થોડી વાર પછી ગોસાંઈ તુલસીદાસજી્યે શ્રી. રામાનંદની પરંપરામાં જ પ્રકટ થાય છે, અને નિર્ગુણ ઉપાસનાનો તેમ 'સબી ભોમ ગોપાલકી' એ બંધુભાવનો ફેલાવ વધતો જાય છે.

કબીર સાહેબ શ્રી. રામાનંદના શિષ્ય થયા તેમાં પાછલી રાતનું અંધારું, ઘાટનાં પગથિયાં ઉતરતાં શ્રી. રામાનંદનો પગ અજાણ્યા મુસ્લિમ પર પડવાનો અકસ્માત, એમના મુખથી રામ! રામ! એ સહજ ઉદ્ગાર, અને તેને જ પોતાનો ગુરુમંત્ર માની લઈ કબીર સાહેબનું બળજબરીએ શ્રી. રામાનંદના શિષ્ય થવું, –એ કશીયે બાલિશતાની જરૂર જ નથી. કબીરને ભગત લેખે અને શક્તિએ શ્રી. રામાનંદે લાયક દીઠા, અને પોતાના નવા સંપ્રદાયની પ્રતિજ્ઞા પ્રમાણે જ તેમણે એમને સ્વીકારી લીધા. વળી કબીર પોતાની અસાધારણ પ્રતિભા અને પાત્રતાએ જ બધા શિષ્યોમાં મોખરે પણ આવ્યા.

રામાનુજ, રામાનંદ અને કબીર ત્રણેએ અસાધારણ લાંબાં આયુષ્ય ભોગવ્યાં. વળી ભૂલવું નહીં કે મુસ્લિમ ગણનાનાં ૧૦૦ વર્ષ = ૩૫,૫૦૦ દિવસ = વર્ષના ૩૬૫¼ દિવસને હિસાબે લગભગ ત્રણ વર્ષ ઘટી જાય. અને કબીર સાહેબ સિકંદર લોદી ગાદીએ આવ્યો ત્યારે હયાત હતા, તેમ રામાનંદ અને રામાનુજની પણ જન્મસાલના કરતાં નોંધાયલી મૃત્યુસાલ વધારે માનવા લાયક જણાય છે.

રામાનંદીઓ દેશભરમાં ઘૂમતા જ રહ્યા, ચર્ચાઓ કરતા જ રહ્યા, તેની સાથે સાથે ભજનો અને પદો, સાખીઓ, છપ્પા અને પ્રભાતિયાં સંભળાવતા જ રહ્યા. કબીર સાહેબની કૃતિઓના અતિ ત્વરિત અને અતિ બ્હોળા ફેલાવનો ખુલાસો પણ એ જ છે. રામાનંદી સંપ્રદાયની પર્યટણવિશિષ્ટતા જ એની સાચી અને પૂરી બંધબેસતી ચાવી છે. વળી હિન્દુ–મુસ્લિમ ધર્મવિરોધ, સંસ્કૃતિવિરોધ, આચારવિરોધ,

અને સ્વાર્થવિરોધે હાલહવાલ થતા દેશને ઊંડામાં ઊંડા એટલે ધર્મના પાયા ઉપર ઐક્ય અને બંધુભાવના નવા સર્જનની પરમ આવશ્યકતા હતી, ચોતરફ ચાલી રહેલ સત્યાનાશમાંથી ઉગરવાનો એક માત્ર ઉપાય આવો નવો કે ફરી પ્રકટાવાતો પ્રકાશ હતો, તો અસ્તવ્યસ્ત થતી અને મહાભ્રમણે ચડેલી પ્રજામાં જૂની સંસ્કૃત વિદ્યા, તેની પરંપરા, તેનાં સાધનો, તેની શાલાઓ, આદિ તમામ લૂલાં પડ્યાં હતાં, ક્યાંક મહા પ્રયત્ને અને મરવા વાંકે જ જીવતાં 'તાં, બોલીનાં ઝરણો જ સર્વત્ર કુદરતી વહને વહી રહ્યાં હતાં, તેમાં જરાતરા મુશ્કેલીએ ઘણા મોટા પ્રદેશમાં એકસરખી સમઝાય એવી આ ચોટ ચટકદાર, વાસ્તવ જીવનાનુભવના રંગે રંગેલી, ગેય અને ઝટ યાદ રહી જાય એવી ટૂંકી તથાપિ અર્થઘન કૃતિઓ, મનભર સુભાષિતો અને સાહિત્યના નવા અને વળી સુગમ અવતાર લેખે પણ–ધર્મ અને પંથના ઝઘડાનો જેને સ્થાયી અણગમો એવા દુનિયાદારીના રસિકોને પણ કાને આવતાં જ જિતી લે એવી હતી. (કથાનો, કાવ્યનો કે નાટકનો ઇતિહાસવિકાસ જોતાંય જણાશે કે ન્હાની ન્હાની કૃતિઓ, બેલેડો, સંવાદો, પ્રવેશોનાં છોટાં રૂપમાં કલાબીજ ફૂટી નીકળે છે, પછી તેનો બીજો ત્રીજો એમ એક પછી એક ફાલ લેવાય તેમ તેમ કૃતિઓ મોટી સંકુલ આખા વિષયની સમગ્રતાને ન્યાય આપવા મથતી જોવામાં આવે છે; અને અંતે સિદ્ધ થાય છે નવલકથા, મહાકાવ્ય, પંચાંકી નાટક આદિના સુસંસ્કૃત સુપરિષ્કૃત ઘાટ.) આ દૃષ્ટિએ ગોસાંઇ તુળસીદાસજી અને જાયસીની મહા કૃતિઓનાં મૂલ. પણ કબીરનાં આ છોટાં છોટાં કુદરતી અને કોઇ પ્રશ્ન કરે ટીકા કરે દાખલો આપે વાંધો ઉઠાવે મુશ્કેલી રજુ કરે અને તત્કાલ વહેતાં નિખાલસ અને નિર્મલ પારદર્શક સુંદર અને મધુર ઝરણાં છે.

રામાનંદ–જ્યોતિશિખા ગુલ થઈ તે પ્હેલાં તેમાં કબીર–જ્યોતિશિખા ભળી. સોક્રેટીસ–જ્યોતિશિખા ગુલ થઈ તે પ્હેલાં તેમાં પ્લેટો–જ્યોતિશિખા ભળી. જીસસ–જ્યોતિશિખા ગુલ થઈ તે પછી



કેટલેક સમયે પોલ–જ્યોતિશિખા પ્રકટી. તેણે પોતાનું સ્નેહ–સર્વસ્વ જીસસમય થવામાં હોમી દીધું, તે એટલે સુધી કે એ પ્રવૃત્તિઓના ફળ રૂપ ક્રિશ્ચિયાનિટીમાં જીસસવાદ અને પોલવાદ બેમાલુમ રીતે અભેદ પામી એકાકાર થઇ ગયા છે, અને ક્રિશ્ચિયાનિટીનું દીર્ઘાયુ જીસસના ભાવનાવાદને કેટલું આભારી છે, તથા પોલના વિચાર-મિનાર પ્રમાણેની વ્યવસ્થાને કેટલું આભારી છે, તેનું તારતમ્ય માનવબુદ્ધિની શક્તિમર્યાદાથી પર રહી જાય એવો ગહન કોયડો છે. કબીર સાહેબ મુસલમાન છતાં તેમને બેશક તેમની લાયકાત ઉપર-થી જ પોતાના મુખ્ય શિષ્યોમાંના એક લેખે સ્થાપવા જેટલી ઉદારતાવાળો એક આચાર્ય હિન્દુ સંસ્કૃતિ પોતાની પ્રતિષ્ઠિત સર્વવંદ્ય આચાર્યપીઠોમાંની એક ઉપર સ્થાપી શકી, તો તે સૂફી બંદો પ્રહ્લાદના જેવી ભક્તિભાવનાને ય અપનાવી શક્યો, મુસ્લિમ કલેવરમાં હિન્દુ–મુસ્લિમ એકતાના બંધુભાવને ખીલવી રહ્યો, પ્રકાશી રહ્યો, અને હિન્દુ ભગતો અને સંતોની અમર પ્રણાલિમાં સ્થાન પામ્યો. ધર્મદૃષ્ટાઓની આકાશગંગામાં તારા જેવો સ્થિર જ્યોત સ્વયંપ્રકાશ દીપી રહ્યો.

રા. રા. ભાઇશ્રી કિસનસિંહ આ પુસ્તકનાં "કબીરનો ગુજરાતમાં પ્રભાવ," અને "કબીર સંપ્રદાયની ગુજરાતી સાહિત્ય ઉપર અસર" એ છેલ્લાં પ્રકરણોમાં મીરાંથી માંડીને એમના પોતાના વડીલના ગુરુ (નિરાંત ભગત લગીની ગુજરાતી કવિતામાં બાહ્ય અસરો કઇ કઇ અને કેટલી જોવામાં આવે છે, એ મોટો પ્રશ્ન તપાસે છે. ગો. મા. ત્રિ., કૃષ્ણલાલ ઝવેરી, કનૈયાલાલ મુનશી, આનંદશંકર ધ્રુવ, આદિએ કરેલી એકદેશી ચર્ચાઓમાંથી ઉપયોગી અવતરણો ટાંકે છે, અને અંગત માહિતીની તેમ સંશોધને પ્રાપ્ત કરેલી કેટલીક મુદ્દાની હકીકતોને પણ પોતાની ચર્ચામાં ગૂંથી લઈ, આખો વિષય સમગ્રપણે વિશદતાથી અને ગુજરાતી સાહિત્ય-વાટિકામાં જાણે એક ખૂણો (સફાઈ કાળજી કે સંભાળ દેખરેખ

વિનાનો પડી રહેલો તેને) સંસ્કારતા હોય એવી સેવાબુદ્ધિએ રજૂ કરે છે. પુસ્તકનો આ ખંડ તેના બીજા કોઈ પણ ખંડ કરતાં, ગુજરાતી વાચકની દૃષ્ટિએ, ઉતરતા ગૌરવનો નથી જ. અખાની કૃતિઓમાં કબીરવાણીની અસર સામસામાં અવતરણો સાથે વધારે વિગતથી એમણે દર્શાવી હોત તો આ ખંડનું મૂલ્ય તેઓ સારી પેઠે વધારી શકત. વળી કબીરવાણી એવું બળ નથી કે તેને રામાનંદી સંપ્રદાય કે કબીર પછીના ભગતો અને સંતોની ઉત્તર, દક્ષિણ, પૂર્વમાંથી ગુજરાતમાં વહ્યાં જ કરતી વાણીથી અલગ રાખીને—આ અસર તો કબીરવાણીની જ બીજા કશાની નહીં, એ પ્રમાણેનું એકે વિધાન શાસ્ત્રીય ચોક્ખાઇથી થઇ શકે.

આપણા સાહિત્યનો ઇતિહાસ તપાસનારા અને તેમાં બહારથી આવેલા બીજા સંસ્કારો આદિનાં બલાબલ વિષે મીમાંસા કરનારા આપણે સુશિક્ષિત બ્રાહ્મણવાણિયા, ઉપનિષદો, વેદાન્ત, ગીતા, રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણો, કાલિદાસાદિ કવિઓનાં કાવ્યો, ભર્તૃહરિ આદિનાં શતકો, પંચતંત્ર, સિંહાસનદ્વાત્રિંશતિ, અરેબિયન નાઇટ્સ, શેખસાદી, હાફીઝ આદિ એક બે મોટાં વર્તુલોમાં જ ભમ્યાં કરિયે અને ગોંધાઇ રહિયે, તો તો શહેરો અને દરબારો, બજારો અને ધોરી રસ્તા, વાડીઓ અને ઉપવનોમાં જ આખી પ્રજા આવી જાય, એવી અપર્યાપ્ત માન્યતાનું પરિણામ છે. ગામડાં અને ખેતરો, જંગલો અને ડુંગરા, રણો અને કચ્છો અને છૂટાછવાયાં વિકટ સ્થળોમાંય આપણી નિરક્ષર પ્રજા કુદરતને ખોળે વસે છે. મંદિરો અને મેળા, ગુજરી અને ઉત્સવો, તીર્થો, ભગતો અને ભટકતા સાધુ, સંન્યાસી, વૈરાગી, ભીખારીઓ કનેથી પણ સંસ્કારો મેળવે છે, અને એ પ્રસંગો અને જીવનાનુભવોય તેમનામાં બીજકો નાખે છે, વિચારણા પ્રેરે છે, સૌંદર્ય અને કલા ભાવના આસ્થા, બલ અને ટેક વિકસાવે છે, અને તેમને પશુવૃત્તિમાંથી ઉંચે લઇ માણસાઇમાં આણે છે તથા દિવ્યાંશોનો પણ પ્રસાદ ખાટવાનાં સાહસ, ઉત્સાહ અને ટેક તેમનામાં પ્રેરે છે.



નિરક્ષર ગ્રામ્ય આરણ્યક જનતામાં પણ સુસંસ્કાર અને શિષ્ટતા અને ભાવનાના ઉદય સાધતી આ સાધનસામગ્રી કંઠસ્થ જ હોય છે. ગુરુ, શિષ્ય, યુગલ કે સહકારી સાથી ન્હાનાં મોટાં મંડળોમાં જ પ્રકટ થાય છે. કર્ણોપકર્ણ જ ફેલાય છે અને ત્રુટી ત્રુટી ફરી સંધાતી પરંપરામાં બાહ્યાકાર વેશ આદિમાં પલટતી પલટતી પણ ગર્ભસ્થ હીર અસલ સ્વરૂપે અતિવિસ્તીર્ણ પ્રદેશોમાં સજીવન રાખી રહે છે. ઉત્તમોત્તમ સાધનસામગ્રી ગુટકાસંગ્રહ આદિ રૂપે ગ્રંથાકૃતિ પામતી આવે છે, ત્યાં તેનાથી દશ ગુણ શતગુણ કંઠસ્થ સાધનસામગ્રી પેદા થતી જાય છે. પ્રજાના ઐક્યને સક્રિય સદાપ્રવૃત્તિમય બનાવવાને સારૂ વસતીના ઘણા મોટા પ્રમાણને વાંચતું લખતું બનાવી શકિયે નહીં, ત્યાં લગી આ કંઠસ્થ જ રહેતાં અને કર્ણોપકર્ણ જ ફેલાતાં બલો આપણા સાહિત્યના સમગ્ર ઉત્પાદનમાં મહત્ત્વનો ફાળો આપ્યાં જ કરશે. અને આપણે આપણો ઇતિહાસ ઉકેલવા માટે જેમ જેમ પાછળના અને વધુ પાછળના સૈકાઓમાં દૃષ્ટિ લંબાવી શકીશું, તેમ તેમ સુશિક્ષિતો જ લાભ લઇ શકે એવાં ગ્રંથસ્થ બલો કરતાં આ ભિન્ન પ્રકારનાં બલોનો પ્રજામાનસ અને પ્રજાસંસ્કૃતિના ઘડતરમાં હિસ્સો વધારે અગત્યનો માલુમ પડશે.

આ ચોપડીનો વચલો ભાગ કર્તા પોતાના વિષયના એક ત્રીજા પાસાને સમર્પે છે. આમાં પણ એમનું લખાણ ઉપલબ્ધ સાધનોનો પૂરતો લાભ લઇને જવાબદારીથી કરેલું માલુમ પડશે. 'કબીરના નિર્ગુણ રામ,' 'જીવશિવલગ્નસંબંધ,' 'કબીર અને આનંદ,' 'કબીર અને ગુરુ,' 'કબીર અને સૂફીવાદ,' 'કબીર અને રહસ્યવાદ, (Mysticism,') 'કબીર અને સાંકેતિક પરિભાષા,: 'કબીર અને માયાવાદ,' કબીર અને હઠયોગ,' વગેરે મથાળાં પણ આ વિભાગનાં ગહનતા, ગૌરવ અને ગાંભીર્ય જણાવવાને પૂરતાં છે. પરંતુ આવા વિષયો વિષે એક વિદ્વાન સૂક્ષ્મ અને અધિ-

કારી અભ્યાસી શું કહે છે તથા તે પોતાનાં વિધાનોની સાધારતા દર્શાવવાને કેવી કેવી રીતે મથે છે, તે જોવામાં સારી પેઠે રસ પડે એવા શ્રેષ્ઠ વાંચકોને પણ કંઇક ચેતવવા પ્રાપ્ત થાય છે. સોક્રેટીસ પછી પ્લેટો અને એરિસ્ટોટલ ઉપરાંત જે જે એપિક્યૂરિયન, સ્ટોઇક, સિનિક ચિંતકો થયા તે દરેકે દરેક પોતાને સોક્રેટીસ દાદાના ચેલા અને પોતરા અને હક્કદાર વારસ માનતા ગણાવતા હતા; જો કે આપસઆપસમાં ખંડનમંડનના ઝઘડાઝઘડીમાંથી પરવારતા જ ન્હોતા! અને આ એમની વાદાવાદી અખાડાબંધુઓના રોજિંદા દાવપેચ કે "ઓલકણુા હોઇ બાંધવા તોય આપણી બાંહ્ય," એ પ્રકારની ય નહોતી. અને આ દાખલો ફિલસૂફોનો, જ્યારે કબીર સાહેબ તો હતા કવિ અને વળી અગમનિગમના જાણભેદુ. સુવ્યવસ્થિત વિચારમાલાઓની એકલ મિનારા શી કે અનેકકોણી પ્રમાણમેળી ઘટનાઓ વિવિધ સુંદર અને કાવ્યમતાએ તેજોમય પણ હોઇ શકે. તથાપિ શ્રેષ્ઠ કવિતાની અજબ સુંદરતા કોઇ પણ પ્રમાણસર સુરેખતા કે સૌ શ્રોતા એક રીતે જ નિર્દેશે એવી સુવ્યવસ્થાથી પર હોવામાં જ એની વિશિષ્ટ અનન્ય મોહકતા રહી છે. અને વળી અગમનિગમનું ત્રીજૂં નેત્ર તો ઠારે ત્યાં જ સૌથી વધારે પ્રજાળે અને બાળે ત્યાંજ સુધાશીતલતા અનુભવાવે એવું સર્જન વડે સંહાર, સંહારદ્વારા સર્જન કરનારૂં હોય છે. માથાં કાપી કાપીને અપૂર્વ સંજીવન બક્ષતી જાય એવી મહામાયા એ એક જ છે.

અન્યા અનન્ય પરચાભરિ એ પદાવલિ
એ મંત્રસિદ્ધ ગુટિકા ભવતાપહારિ;
આત્માતણી તરસ ભૂખ નિવારતી એ
હન્તા હણી અમરતા સરજંત એ સુધા!

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

મુંબાઇ, સપ્ટેંબર ૧૯૩૭.

# નિવેદન

કબીર સાહેબ વિષે અને ગુજરાત તથા ગુજરાતી સાહિત્ય પર એમના પ્રભાવ વિષે એક ગ્રંથ હોવો જોઇએ, એવો નિર્ણય શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ કર્યો, અને ભાઇશ્રી અંબાલાલ બુલાખીરામ જાનીની સૂચનાથી એ કાર્ય શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ સોંપી મને એ પ્રિય કાર્ય કરવાની તક આપી, એ માટે હું એ બન્નેનો આભારી છું. ઉપરાન્ત આ પુસ્તક લખવામાં સહાયક થાય એવાં ઘણાં પુસ્તકો સૂચિત કરી અને ઘણાં મેળવી, ભાઇશ્રી અંબાલાલ જાનીએ મારા તરફ મોટાભાઈ જેટલો સ્નેહ દર્શાવ્યો છે.

શાન્તિનિકેતનના મારા એક વર્ષના નિવાસ દરમિયાન મારી ત્યાંની 'થીસીસ' માટે મેં આ જ વિષય પસંદ કરેલો. એટલે આ પુસ્તકની ઘણી વિગતો અને ઘણાં દૃષ્ટિબિન્દુઓ મારા અધ્યાપક શ્રી. ક્ષિતિમોહન સેન સાથે ચર્ચી જવાની મને વિરલ તક મળી છે. ખાસ કરીને કબીરના રહસ્યવાદને (જેને માટે મેં 'મર્મભાવના' શબ્દ વાપર્યો છે) તાત્વિક અનેક દૃષ્ટિબિન્દુથી સમજવામાં મને એમણે ખૂબ સહાય કરી છે.

કબીરસંપ્રદાયની શાખા રાધાસ્વામી સંપ્રદાય વિષે મને પ્રથમ જાગૃત કરનાર કાકાસાહેબ કાલેલકર છે. એમની સાથેની એ સંપ્રદાય વિષેની ચર્ચા પછી જ મેં અલ્હાબાદ અને આગ્રાનાં રાધાસ્વામી સંપ્રદાયનાં કેન્દ્રોની મુલાકાત લીધી અને કબીર સાહેબની સાધનાને એ સંપ્રદાયે કઈ રીતે સ્વીકારી છે તે સમજવાનો પ્રયત્ન કર્યો. આવી જ રીતે જયપુર પાસે આવેલા દાદુ સંપ્રદાયના કેન્દ્ર નારાયણા મોકલીને

દાદુપંથીઓની દૃષ્ટિએ કબીર સાહેબને જોવાનો સુયોગ શ્રી. ક્ષિતિમોહન સેને મને કરી આપ્યો હતો. આ ઉપરાન્ત બનારસ અને દામાખેડાના કબીરનાં મૂળ મંદિરોમાં કેટલાંક હસ્તલિખિત ગ્રંથો જોઈ જવા માટે મદદ કરનાર કાશી વિદ્યાપીઠના સ્નાતક અને કબીરભક્ત ભાઈ દુલારે સહાયનો હું ઋણી છું. ગુજરાતમાં મને કબીરમંદિરો વિષે માહિતી આપનાર, અને સુરતના કબીરમંદિરના જૂનામાં જૂના પંજા મેળવી આપનાર, વડોદરાના શીયાબાગ કબીર મંદિરના સેવક અને "સ્વસંવેદ" નામના કબીરસંપ્રદાયના માસિકના તંત્રી ભાઈ મોતીદાસજી ચૈતન્યની સહાય મને ખૂબ મૂલ્યવાન નીવડી છે. સુફીસંપ્રદાય અને કબીરસંપ્રદાયના તત્ત્વજ્ઞાન વિષે ઘણી માહિતી પૂરી પાડનાર અને પોતે સંઘરેલી સામગ્રી વાપરવા દેનાર, અલ્હાબાદ યુનીવરસીટીના પ્રો. રામકુમાર વર્મા અને સુફીફિલસુફીના અનન્ય ઉપાસક અલ્હાબાદનિવાસી બાબુ સુંદરદાસની ઉપકાર નોંધ સ્વીકારૂં છું.

આમ તો આ પુસ્તક લખવામાં ઘણાં પુસ્તકોનો આધાર મેં લીધો છે, પણ મુખ્યત્વે તો શ્રી શ્યામસુંદરદાસની કબીરગ્રંથાવલિ, પ્રો. રામકુમારનો 'કબીરકા રહસ્યવાદ' અને શ્રી. અંબુભાઇના 'આત્મસિદ્ધિયોગ' ની સહાય ખાસ ઉલ્લેખ માગે છે,

આ પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે શ્રી ફાર્બસ ગુજરાતી સભાનો અને ખાસ કરીને ભાઈ અંબાલાલ જાનીનો તથા પુસ્તક માટે પ્રસ્તાવના લખી આપવા માટે પ્રો. બળવંતરાય ઠાકોરનો અંતઃકરણથી આભાર માનું છું.

મુંબાઇ                                        કિસનસિંહ ચાવડા

૭-૧-૩૭.



# સહાયક પુસ્તકોની સૂચી

---

## અંગ્રેજી


૧ મિસ્ટિસિઝમ — લેખક—અંડરહીલ

૨ ધિ મેસેજ ઓફ ઇન્ટીરિઅર પ્રેયર — મૂળ લેખકઃ આર. પી. પૂલેન
અનુવાદકઃ લિયોનોરા યાર્કસ્મિથ

૩ સ્ટડીઝ ઇન મીસ્ટીસિઝમ — લેખકઃ આર્થર એડવર્ડ વેર.

૪ પર્સનલ આઇડીયાલિઝમ એન્ડ મીસ્ટીસીઝમ — લેખકઃ વિલિયમ રાલ્ફ ઇન્જ.

૫ મીસ્ટીસીઝમ ઇન હીથેન્ડમ એન્ડ ક્રિશ્ચિયનડમ — લેખકઃ ડો. ઇ. સ્લેમન
અનુવાદકઃ જી એમ. જી. હન્ટ.

૬ મીસ્ટીકલ એલીમેન્ટ ઇન મહમદ — લેખકઃ જોન કલાર્ક કલાર્ક આર્ચર.

૭ ધી આઇડીઆ ઓફ પર્સનાલીટી ઇન સુફીઝમ — લેખકઃ રેનોલ્ડ. એ. નિકોલસન.

૮ ધી મીસ્ટીસીઝમ ઓફ સાઉંડ — લેખકઃ ઇનાયતખાં

૯ ધી હિન્દુ મેટાફીજીકસ — લેખકઃ મન્મથનાથ શાસ્ત્રી

૧૦ ધી પર્શીયન મીસ્ટીક્સ (જામી અને રૂમી) — લેખક. હેડજેન્ડ ડેવીસ.

૧૧ સુફી મેસેજ — લેખકઃ ઇનાયતખાં.

૧૨ કબીર એન્ડ કબીરપંથ — લેખકઃ વેસકટ

૧૩ ધી ઓકસફર્ડ બુક ઓફ મીસ્ટીકલ વર્કસ — લેખકઃ નિકોલસન એન્ડ લી.

૧૪ બીજક — લેખકઃ અહમદશાહ.

૧૫ સ્કેચ ઓફ ધિ રીલીજીયસ સેકટસ ઓફ ધી હિંદુઝ    લેખકઃ એચ. એચ. વીલસન.
૧૬ ગેઝેટીઅર ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સી વોલ્યુમ ૯ પાર્ટ ૧ ગુજરાત પોપ્યુલેશન સેકશન.
૧૭ ધી ઇમ્પીરીયલ ગેઝેટીયર ઓફ ઇન્ડીઆ, વોલ્યુમ ૬.
૧૮ ગુજરાત એન્ડ ઇટસ લીટરેચર    લેખકઃ કે. એમ. મુનશી.
૧૯ માઇલ સ્ટોન્સ ઇન ગુજરાતી લીટરેચર    લેખકઃ દિ. બ કે. એમ. ઝવેરી.

## હિન્દી

૧ બીજક    ( કબીર સાહેબનો મુખ્ય ગ્રંથ શ્રી. પૂર્ણદાસની ટીકાવાળી આવૃત્તિ)
૨ કબીરગ્રંથાવલિ    લેખક : શ્યામસુંદર દાસ
૩ કબીરસાહબકા પૂરા બીજક    લેખક પાદરી અહમદશાહ
૪ સંતબાની સંગ્રહ    ( બેલવેડીયર પ્રેસ અલ્હાબાદ )
૫ કબીર સાહેબકી ગ્યાન ગુદડી, રેખતે ઔર ઝુલને    ( પ્રકાશક ઉપર પ્રમાણે )
૬ કબીરચરિત્ર બોધ    લેખક : યુગલાનંદ
૭ યોગદર્પણ    લેખક : કન્નોમલ એમ. એ.
૮ કબીરબચનાવલિ    લેખક : અયોધ્યાસિંહ ઉપાધ્યાય
૯ કબીરકા રહસ્યવાદ    લેખક : રામકુમાર વર્મા
૧૦ બ્રહ્મનિરૂપણ    (કબીરકાર્યાલય : વડોદરા પ્રકાશિત)
૧૧ મિશ્રબંધુવિનોદ    લેખકઃ મિશ્રબંધુ
૧૨ હિન્દી નવરત્ન    લેખક; મિશ્રબંધુ
૧૩ હિન્દી સાહિત્યકા વિકાસ    લેખકઃ પં. રામચંદ્ર શુકલ



## ગુજરાતી

૧ હરિલીલા ષોડશ કલાનો ઉપોદ્‌ઘાતઃ ગુજરાતમાં ભક્તિમાર્ગનો પ્રચારઃ    લેખક : અંબાલાલ જાની
૨ ગ્રંથ અને ગ્રંથકાર પુસ્તક સાતમું    લેખકઃ હીરાલાલ ત્રિ. પારેખ
૩ હિન્દી સાહિત્યનો ઇતિહાસ    લેખકઃ કિસનસિંહ ચાવડા
૪ આશ્રમભજનાવલિ    (પ્રકાશકઃ નવજીવન પ્રકાશનમંદિર)
૫ અર્જુનવાણી    (પ્રકાશકઃ નવજીવન પ્રકાશનમંદિર)
૬ આત્મસિદ્ધિયોગ    અનુવાદકઃ અંબાલાલ પુરાણી
૭ પથિકનાં પુષ્પો    લેખકઃ અંબાલાલ પુરાણી
૮ "વસંત" માસિક    સંવત ૧૯૬૧ શ્રાવણ અને ભાદ્રપદ

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રકરણ ૧ લું | જીવનકથા | પાનાં | ૧–૨૨ |
| ,, ૨ જું | કબીરની કાવ્યપ્રતિભા | ,, | ૨૩–૪૬ |
| ,, ૩ જું | કબીરની વિચારધારા | ,, | ૪૭–૮૫ |
| ,, ૪ થું | કબીરની મર્મભાવના | ,, | ૮૬–૧૨૧ |
| ,, ૫ મું | કબીર અને હઠયોગ | ,, | ૧૨૨–૧૩૧ |
| ,, ૬ ઠું | કબીરનો ગુજરાતમાં પ્રભાવ | ,, | ૧૩૨–૧૪૭ |
| ,, ૭ મું | કબીરસંપ્રદાયની ગુજરાતી સાહિત્ય ઉપર અસર | ,, | ૧૪૮–૧૭૧ |
| પરિશિષ્ટ | કબીરના રહસ્યવાદ તથા એમની કાવ્યપ્રતિભાને સ્પષ્ટ કરતાં પદો. | ,, | ૧૭૨–૧૯૮ |


# પ્રકરણ ૧ લું

## જીવનકથા

સમયની કઠોર આવશ્યકતાઓ વિભૂતિઓને જન્મ આપે છે. કબીર સાહેબનો જન્મ પણ જાણે સમયની વિશેષ આવશ્યકતાની પૂર્તિ માટે થયો હોય, એમ લાગે છે. સમયના ઉચિત ઉપયોગના અજ્ઞાનથી પીડાતા અને પુરૂષાર્થની સામે ઉદાસીનતા સેવનાર હિન્દુઓની દયાળુતાએ, એ સમસ્ત જાતિનું કરૂણ અધઃપતન કર્યું હતું. હિન્દુ જાતિ પોતાનાં શૌર્ય અને પૌરૂષ હારી બેઠી હતી. વીરતાની સાથે સાથે વીરગાથાઓ અને વીરગીતોનો અંતીમ પ્રતિ-ધ્વનિ પણ રણથંભોરના પતનની સાથે વિલીન થઈ ગયો હતો. શહાબુદ્દીન ઘોરી( મૃત્યુ સં. ૧૨૬૩ )ના સમયથી આ દેશમાં મુસલમાનોનો પગપેસારો થયો હતો, અને ગુલામ કુતુબુદ્દીન એબકે (સં. ૧૨૬૩–૭૩ ) તો ગુલામવંશની સ્થાપના કરીને ભારતમાં

પઠાન સલ્તનતના પાયા દૃઢ કરી દીધા હતા. હિન્દુસ્થાનની લક્ષ્મી ઉપર લુબ્ધ મુસલમાનોનાં વિકરાળ સ્વરૂપને એમની ધર્માન્ધતાએ વધારે ભયાનક બનાવ્યું હતું, અને એ ભયાનકતા અલાઉદ્દીન ( સં. ૧૩૫૨–૭૨ ) ખીલજીના સમયમાં એના ઘોર સ્વરૂપે પ્રકટ થઈ.

ખેતરોમાં લોહી અને પરસેવો એક કરનાર ખેડુતોની કમાઇનો અર્ધાથી વધારે હિસ્સો જમીનવેરાના રૂપમાં રાજતિજોરીમાં જમા થતો હતો. પ્રજા અન્નવસ્ત્ર માટે તલસતી હતી. સોનાચાંદીની તો કલ્પના જ નહીં, પણ હિન્દુઓનાં ઘરમાં તાંબાપીતળનાં વાસણો રહે, એ પણ સુલતાનને ખટકતું હતું. કોઈ હિન્દુ ઘોડેસ્વારી કરે કે જરા સફાઇબંધ કપડાં પહેરે, તો એ એનો ગુન્હો ગણાવા માંડયો. નામ માત્રના અપરાધને ખાતર કોઇની ચામડી ઉતારી તેમાં ભુસું ભરાવી દેવું, એ તો રમત વાત હતી. અલાઉદ્દીન ખીલજીના બેટા કુતુબુદ્દીન મુબારક( સં. ૧૩૭૩–૧૩૭૭ )ના શાસનકાળમાં જ્યારે દેવગિરિના રાજાને બંદીવાન બનાવી, દિલ્હી લાવવામાં આવ્યો ત્યારે એની આવી જ દશા કરવામાં આવી હતી. મંદિરોને જમીનદોસ્ત કરીને એને ઠેકાણે મસ્જીદો બંધાવવાના મુસલમાનોના જન્મહક્કનો અમલ તો ક્યારનોય શરૂ થઈ ગયો હતો. સ્ત્રીઓનાં માન અને શીલની રક્ષા પણ મુશ્કેલ બની ગઈ હતી. ચિતોડ ઉપર અલાઉદ્દીનની એ ચઢાઇઓ માત્ર રૂપસુંદરી પદ્મિનીને ખાતર જ કરવામાં આવી. ચિતોડપતિ મહારાણા ભીમસિંહે અસ્ત થતી હિન્દુપતપાદશાહીનો પરચો મુસલમાનોને બરાબર દેખાડયો, પણ એ અસંખ્ય મુસલમાન સેના સામે એ નરવીર હાર્યો અને હણાયો. ભીમસિંહના પડયા પછી શીલવતી મહારાણી પદ્મિનીએ હજારો રાજપૂતાણીઓ સાથે જૌહર કરી, પોતાના સૌન્દર્યને ભસ્મ કર્યું.

તઘલખવંશની સ્થાપના પછી પણ હિન્દુઓનાં દુઃખ જરાય ઓછાં ન થયાં. ઉલ્ટું મહમદ તઘલખ( સં. ૧૩૮૨–૧૪૦૮ )ની



બેદરકારીભરી અસ્તવ્યસ્ત રાજ્યવ્યવસ્થાએ એ દુઃખોને વધારી દીધાં. દિલ્હીની સમસ્ત રાજધાની ખસેડીને દૌલતાબાદ વસાવવામાં આવી; અને જ્યાં અરધી વસ્તી સ્થિર થવા માંડી ત્યાં પાછો હુકમ છૂટયો અને બિચારી જનતાને રોકકળ કરતાં દિલ્હી પાછાં આવવું પડયું. એ વખતે હિન્દુઓને માટે જીવવું એ ઝેર જેવું હતું. ચારે તરફ નિરાશા અને અસહાયતાનો અંધકાર વ્યાપ્યો હતો. આશાની તેજરેખાને માટે જનતા વલવલી રહી હતી. હિન્દુ લોહીએ ખુશરો દ્વારા હિન્દુ રાજ્યની સ્થાપનાનો (સં. ૧૩૭૮ ) પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો. ત્યારબાદ ઘણા સમય સુધી બધી જ આશાઓ ધૂળમાં મળી રહી.

તૈમુર લંગડાની સવારી અને કત્લેઆમે તો દેશને ઉજ્જડ બનાવીને નિરાશાની ખીણમાં ધકેલી દીધો. હિન્દુ જાતિમાંથી જીવનશક્તિનાં બધાં લક્ષણો ધીરે ધીરે ગળી ગયાં. વિપત્તિના શિખરે પહોંચીને માણસ આખરે ઈશ્વરનું શરણ શોધે છે, અને પોતાનાં દુઃખોમાંથી મુક્તિની આશા સેવે છે, પણ જ્યારે એમાંય એ સફળ નથી થતો, ત્યારે તો ઈશ્વરતત્ત્વ ભણી પણ એ બેદરકાર બને છે, અને ઉપેક્ષાથી જુવે છે, એટલું જ નહીં પણ અંતે એ નાસ્તિક બની જાય છે.

## સમય અને સ્થિતિ

કબીર સાહેબના જન્મસમયે હિન્દુઓની આ દશા હતી. એ સમય અને સ્થિતિ અનીશ્વરવાદને માટે ખૂબ અનુકૂલ હતાં. જો કોઇએ એ વેળાએ એવો પ્રવાહ ચલાવ્યો હોત તો એની સફળતા અને સિદ્ધિ માટે શંકા નહોતી. પરંતુ કબીરે આ સમય, સ્થિતિ અને મનોદશાનો ખૂબ દક્ષતા, ચતુરાઈ અને સમયસૂચકતાથી ઉપયોગ કર્યો. આ વિષમ કાળમાં પૌરુષ અને સામર્થ્યથી હતાશ બનેલી જનતામાં ભક્તિના મધુર સંગીતથી કબીરે નવો પ્રાણ પ્રકટાવ્યો. દરેક પ્રકારની

ભક્તિને માટે પ્રજા તૈયાર નહોતી. મૂર્તિઓનાં અશક્તિ અને દંભ સં. ૧૦૮૧ માં સ્પષ્ટ રીતે પ્રગટ થઈ ચુકયાં હતાં. મહમદ ગીઝનીએ આત્મરક્ષાથી છુટ્ટાછેડા કરી બેઠેલા શ્રદ્ધાળુ હિન્દુઓની દૃષ્ટિ સમક્ષ સોમનાથનું મંદિર જમીનદોસ્ત કરીને ચુંચાં કરનાર હજારો હિન્દુઓને કત્લ કરી નાંખ્યા હતા. ગજેન્દ્રની આહ સાંભળીને દોડી આવી ગ્રાહથી એને છોડાવનાર સગુણ ભગવાન લોકસંઘના ઘોરતમ સંકટ વખતે પણ ન આવ્યા. એવે સમયે, સગુણ ભક્તિનું નામ લેવા પણ પ્રજા તૈયાર નહોતી. પંઢરપુરના ભક્ત નામદેવની સગુણ ભક્તિ પ્રજાને જરાય આકર્ષી શકી નહીં. એમાં અંતે એમને પણ જ્ઞાનમાર્ગી નિર્ગુણ ભક્તિનો ઉપદેશ કરવો પડયો. એ સમય નિરાકાર અને નિર્ગુણ બ્રહ્મની ભક્તિને માટે અનુકૂલ હતો. જો કે નિર્ગુણની શક્તિનો સત્ત્વશાળી અનુભવ શકય નહોતો, માત્ર આભાસ જ મળી શકે એમ હતું. પરંતુ પ્રચંડ પ્રવાહમાં તણાતા માણસને માટે તીરે ઉભેલો ઈશ્વર શા કામનો? ડૂબતાને કાજે તો એના તરફ ધસી આવતો એક પાટિયાનો ટુકડો પણ એના હૃદયમાં જીવનની આશા પુનરૂદીપ્ત કરી દે છે અને એનો આશરો મેળવવા એ અનાયાસે જ હાથ લંબાવે છે.

કબીરે પોતાની નિર્ગુણ ભક્તિ દ્વારા આ પ્રકારની આશા હિન્દુ જનતાનાં હૃદયમાં ઉત્પન્ન કરીને લાંબા સમય સુધી એનું અસ્તિત્વ ટકાવી રાખ્યું. જો કે ભક્તિની જીવનવ્યાપક અસર તો સગુણ ભક્તિ અને તેમાંય રામભક્તિએ કરી, પણ એનાથી કબીર સાહેબના જીવનબળની અસરનાં મૂલ્ય અને પ્રતિષ્ઠા જરાય ઓછાં થતાં નથી. કબીર સાહેબે જો નિર્ગુણ ભક્તિમાં પ્રજાને લીન ન કરી હોત તો પાછળથી તુલસીદાસની રામભક્તિ અને સૂરદાસની કૃષ્ણભક્તિને પ્રજાએ આટલા હર્ષથી વધાવી ન લીધી હોત. એવો કબીર સાહેબનો આવિર્ભાવ એવે સમયે થયો કે જ્યારે મુસલમાનોના અત્યાચારોથી કચરાયલી હિન્દુ પ્રજાને જીવવાની આશા નહોતી. એટલું જ નહીં પણ



જીવવાની ઇચ્છાય ઓગળતી જતી હતી. એને તો મૃત્યુ અથવા ધર્મપરિવર્તન વિના બીજો માર્ગ જ નહોતો. એટલે પ્રેમસ્વરૂપ ઈશ્વરને દૃષ્ટિ સમક્ષ રાખીને કબીર સાહેબે હિન્દુ અને મુસલમાન બન્નેને માનવતાનું એક સમાન રૂપ દેખાડયું; અને ભેદભાવનાં દશ્યોને પાછળ મૂકી દીધાં. એટલું નહીં પણ કબીરના નિર્ગુણવાદે તુલસીદાસ અને સૂરદાસના સગુણવાદ માટે માર્ગ મોકળો કરી દીધો, અને ઉત્તરભારતના ભાવી ધર્મમય જીવનવિકાસને માટે સરળતા કરી આપી.

જે સમયે કબીરનો આવિર્ભાવ થયો એ જ સમય ભક્તિની લહેર માટે અનુકૂલ હતો. એ લહેરને વિકસાવવાનાં અને વિસ્તારવાનાં પ્રબળ કારણો હતાં. હિન્દુ અને મુસલમાન વચ્ચે હવે ઐક્યની આવશ્યકતા અનિવાર્ય છે, એવો સ્પષ્ટ અનુભવ થતો હતો. આ અનુભવના મૂળમાં એક એવી સામાન્ય ભક્તિના માર્ગનો વિકાસ ગર્ભિત હતો કે જેમાં ભગવાનની એકતાના આધાર ઉપર મનુષ્યોની એકતા પ્રતિપાદિત થઈ શકે. આ ભક્તિનો મૂળ આધાર ભારતીય બ્રહ્મવાદ તથા મુસલમાની ખુદાવાદની સ્થૂલ સમાનતા હતી. ભારતીય અદ્વૈતવાદ અને મુસલમાની એકેશ્વરવાદના સૂક્ષ્મ ભેદ તરફ ધ્યાન આપવામાં ન આવ્યું અને બન્નેના વિલક્ષણ મિશ્રણથી નિર્ગુણ ભક્તિમાર્ગનો ઉદય થયો.

વળી મુસલમાનોના આગમનથી હિન્દુ સમાજ ઉપર એક બીજો પણ પ્રભાવ પડયો. કચડાયલા શૂદ્રોને પોતાની હલકી દશાનું તીવ્ર ભાન થયું અને તેમણે પોતાની અવદશા ટાળવા સામું માથું ઉંચકયું. એમણે જોયું કે મુસલમાનોમાં બ્રાહ્મણ અને શૂદ્રો એવા ઉચ્ચનીચ ભેદ નથી. ઇસ્લામમાં વ્યવસાયના ભેદ તેમ જ ઉચ્ચનીચની અસમાનતા જેવું કંઈ જ નથી. એટલે આ કચડાયલી હિન્દુ જાતિમાં જ એવા ભક્તો અને મહાત્માઓ પેદા થયા કે જેમણે માનવતાના એક સમાન સ્વરૂપની ઘોષણા કરી; અને આ ઘોષણાએ હિન્દુઓની ઉચ્ચ ગણાતી જાતિઓમાં સાચું જ્ઞાન પ્રકટાવ્યું.

પ્રભુભક્તિ એ સર્વ માનવોને માટે છે, એ સમાનતા અને વિશ્વબંધુત્વનો વિચાર અને સિદ્ધાન્ત પ્રસારવાનું પ્રથમ માન સ્વામી રામાનંદને ઘટે છે. એમણે જ ચારે વર્ણને માટે સમાનતાની ભૂમિકા ઉપર ભક્તિમાર્ગનો બોધ કરી, જનતાને પ્રોત્સાહિત કરી. આ નિર્ગુણ ભક્તિએ વર્ણભેદથી ઉત્પન્ન થતી ઉચ્ચતા અને નીચતા દૂર કરી, એટલું જ નહીં પણ વર્ગભેદની અસમાનતાનો પણ વિનાશ કર્યો.

## જન્મકાળ

કબીર સાહેબ આ નિર્ગુણ ભક્તિમાર્ગના પ્રવર્તક હતા. એમના જીવનચરિત્રના સંબંધમાં સત્ય હકીકતનો હજી સુધી નિર્ણય થઈ શક્યો નથી. એમનાં જન્મ અને મૃત્યુનાં સંવતોના વિષયમાં પણ હજી એટલો મતભેદ છે. કબીર સાહેબ માટે જેટલું લખાયું છે તેટલું બધું દંતકથાઓને અને સાંપ્રદાયિક કથાઓને આધારે જ લખાયું છે. એટલે એમનો સમય પણ અનુમાનોને આધારે જ નક્કી કરવાનો પ્રયત્ન દરેક લેખકે કર્યો છે. એમના જન્મ અને મૃત્યુનો સમય દરેક ગ્રંથમાં જૂદી જૂદી રીતે દર્શાવવામાં આવ્યો છે. "કબીર કસોટી"માં જન્મ સં. ૧૪૫૫ અને મૃત્યુ સં. ૧૫૭૫; "ભક્તિ–સુધા–બિંદુ–સ્વાદ"માં સં. ૧૪૫૧ અને ૧૫૫૨; અને કબીર સંપ્રદાયમાં આ સંવતો ૧૨૦૫ અને ૧૫૦૫ મનાય છે. ડૉ. હંટરે એમનો જન્મકાળ સં. ૧૪૩૭ અને વિલ્સને મૃત્યુકાળ સં. ૧૫૦૫ બતાવ્યો છે. વેસ્કટે એમના "કબીર અને કબીરપંથ"–"Kabir and Kabir Pantha" માં આ સમય સં. ૧૪૯૭ અને સં. ૧૫૭૫ કહ્યો છે. પંડિત અયોધ્યાસિંહ ઉપાધ્યાયે એમની "કબીર બચનાવલિ" માં જન્મસમય "કબીર કસૌટી" નો અને મૃત્યુકાળ "ભક્તિ–સુધા–બિંદુ–સ્વાદ" નો સ્વીકાર્યો છે. "હિન્દી નવરત્ન" ના કર્તા મિશ્રબંધુઓ પંડિત અયોધ્યાસિંહ ઉપાધ્યાયની સાથે મળતા થાય છે. કબીરપંથીઓમાં એમના જન્મના વિષયમાં નીચેનું પદ પ્રસિદ્ધ છે:



ચૌદહ સૌ પચપન સાલ ગયે, ચંદ્રવાર એક ઠાઠ ઠયે
જેઠ સુદી બરસાયત કો, પુરનમાસી તિથિ પ્રગટ ભયે
ઘન ગરજે, દામિનિ દમકે, બુંદે બરસે ઝર લાગ ગયે
લહર તલાવમેં કમલ ખીલે, તહં કબીર ભાનુ પ્રગટ ભયે.

આ પદ કબીરના મુખ્ય શિષ્ય અને ઉત્તરાધિકારી ધર્મદાસનું રચેલું મનાય છે. આ પ્રમાણે જન્મસમય સં. ૧૪૫૫ જેઠ સુદી પૂર્ણિમા અને સોમવાર નીકળે છે, પરંતુ ગણત્રી કરી જોતાં સં. ૧૪૫૫ માં જેઠ સુદી પૂર્ણિમા સોમવારે નથી આવતી. આ પદને જો વધારે વિચારપૂર્વક જોવામાં આવે તો એમાંથી સં. ૧૪૫૬ નીકળે છે. એમાં લખ્યું છે. "ચૌદહ સૌ પચપન સાલ ગયે" એટલે એ વખતે સં. ૧૪૫૫ પૂરો થયો હોવો જોઈએ. જેઠ માસ વર્ષના પ્રારંભિક માસોમાં હોવાથી "ચૌદહ સૌ પચપન સાલ ગયે" લખવું સ્વાભાવિક લાગે છે, અને એ ઉપરાન્ત સં. ૧૪૫૬ માં જેઠ સુદી પૂર્ણિમા બરાબર સોમવારે આવે છે. એટલે શ્રી. શ્યામસુંદર દાસે એમની "કબીર ગ્રંથાવલિ" માં અને પંડિત રામચંદ્ર શુક્લે એમના "હિંદી સાહિત્યકા વિકાસ" માં સં. ૧૪૫૬ ને જેઠ સુદી પૂર્ણિમાનો જન્મસમય સ્વીકાર્યો છે અને એ જ યોગ્ય લાગે છે.

## મૃત્યુકાળ

એમના મૃત્યુના સંબંધમાં આ બે તિથિઓ મશહૂર છે:—

(૧) સંવત પંદ્રહ સૌ સૌ પાંચમૌ, મગહર કિયો ગમન,
અગહન સુદી એકાદસી, મિલે પવનમેં પવન.

(૨) સંવત પ્રંદહ સૌ પછત્તર કિયો મગહર કો ગવન,
માઘ સુદી એકાદસી, રલો પવનમેં પવન.

એટલે એક પ્રમાણે એમનો પરલોકવાસ સં. ૧૫૦૫ અને બીજા પ્રમાણે સં. ૧૫૭૫ નીકળે છે. બન્ને તિથિઓમાં ૭૦ વર્ષનું

અંતર છે. વાર ન આપવાને કારણે જ્યોતિષની ગણુનાએ કસોટી થઈ શકે એમ નથી.

ડૉ. ફ્યુરેં પોતાના "મોન્યુમેન્ટલ એંટીકવીટીઝ ઑફ ધી નોર્થ વેસ્ટર્ન પ્રોવીન્સીસ" નામક ગ્રંથમાં લખ્યું છે કે બસ્તર જીલ્લામાં મગહર ગામમાં આમી નદીના દક્ષિણ કિનારે કબીર સાહેબનો રોજો છે. આ રોજો સં. ૧૫૦૭(સન ૧૪૫૦)માં બીજલીખાં પઠાણે બનાવ્યો અને એનો જીર્ણોદ્ધાર સં. ૧૬૨૪(સન ૧૫૬૭)માં નવાબ ફિદાઇખાંએ કર્યો. જો આ સંવત સાચા હોય તો કબીરનું મૃત્યુ સં. ૧૫૦૭ પહેલાં થયું હોવું જોઇએ. હવે જો એમનો જન્મ સં. ૧૪૫૬ અને મૃત્યુ સં. ૧૫૦૫ માનીએ તો એમની ઉંમર માત્ર ૪૯ વર્ષની ઠરે છે. ડૉ. ફ્યુરેંના સંવતો વિષે અત્યાર સુધી હિન્દી તવારીખનવેશોનો એવો ભ્રમ હતો કે એમણે પોતાના સંવતો રોજાના કોઈ શિલાલેખને આધારે આપ્યા હશે. એમાં એક પ્રકારની શાન્તિ પ્રસરેલી કે હવે કબીરનો સમય નક્કી થઈ ગયો, પણ તપાસ કરતાં ત્યાં શિલાલેખ જેવી કોઇ ચીજ નથી અને ડૉકટર સાહેબે પણ દંતકથાઓને આધારે જ પોતાના સંવતો લીધા છે.

કબીર સાહેબ સીકંદર લોદીના સમયમાં હતા, એ વાત તો હવે સર્વસ્વીકૃત હકીકત છે, અને એના જ કોપને કારણે કબીરને કાશી છોડીને મગહર જવું પડેલું. સીકંદર લોદીનો શાસનકાળ સં. ૧૫૭૪ (સન ૧૫૧૭)થી સં. ૧૫૮૩ (સન ૧૫૨૬) સુધી મનાય છે. આ સ્થિતિમાં જો કબીરનું મૃત્યુ ડૉ. ફ્યુરેંના સં. ૧૫૦૫ પ્રમાણે માનીએ તો એમનું સીકંદર લોદીના સમયમાં હયાત હોવું અસંભવિત સિદ્ધ થાય છે. ગુરૂ નાનકે કબીરનાં અનેક સાખી અને પદ પોતાના આદિગ્રંથમાં સંઘર્યા છે. નાનકનો જન્મ સં. ૧૫૨૬ અને મૃત્યુ સં. ૧૫૯૬ માં થયું. રેવરંડ વેસ્કટે પોતાના "Kabir



and Kabir Pantha" માં લખ્યું છે કે નાનકની ઉંમર જ્યારે ૨૭ વર્ષની હતી ત્યારે એઓ કબીર સાહેબને મળ્યા હતા. નાનક ઉપર કબીરનો એટલો વ્યાપક પ્રભાવ લાગે છે કે વેસ્કટનું કહેવું વાસ્તવિક અને વાજબી લાગે છે. એમાં કબીરના જન્મનો સંવત ૧૫૫૬ માનવાને માટે થોકબંધ કારણો અને હકીકત છે, અને એ માનવા પડે એવાં છે.

શ્રી. શ્યામસુંદરદાસે 'કબીરગ્રંથાવલિ' નું સંપાદન જે બે હસ્તલિખિત પ્રતોને આધારે કર્યું છે, તેમાંથી એક સંવત ૧૫૬૧ ની લખેલી છે. હવે જો કબીરનું મૃત્યુ સં. ૧૫૦૫ માં થયું હોય તો આ પ્રત ૫૬ વર્ષ પછી તૈયાર થઈ હોવી જોઇએ. કબીરના ઉત્તરાધિકારી અને મુખ્ય શિષ્ય ધર્મદાસે સં. ૧૫૨૧ માં જ્યારે કબીરની ઉંમર ૬૫ વર્ષની હતી ત્યારે પોતાના ગુરૂનાં વચનોનો સંગ્રહ કર્યો હતો. જે રીતે કબીરની વાણીનો સંગ્રહ આ પ્રતમાં થયો છે, તે જોતાં એમ માનવું પડે છે કે આ પહેલી સંકલના નથી. બીજા સંગ્રહોને આધારે આ સંગ્રહ થયો હોવો જોઇએ અથવા તો કદાચ ધર્મદાસના સંગ્રહને આધારે જ આ પ્રત લખાઈ હોય એવું પણ બને.*

આ સર્વ વાતો અને હકીકતો ઉપર સમગ્ર રીતે વિચાર કરતાં એ સંભવિત લાગે છે કે કબીરનો જન્મ સં. ૧૪૫૬ અને

* ગ્રંથ-સાહેબમાં કબીરનાં ઘણાં પદ અને સાખી છે. એમાંથી ઘણાં એવાં છે જે સં. ૧૫૬૧ ની હસ્તલિખિત પ્રતમાં નથી. એટલે એમ માનવું પડે છે કે સં. ૧૫૬૧ વાળી પ્રત અધુરી છે, અથવા એ પ્રત લખાયા પછી ૧૦૦ વર્ષ દરમ્યાન ઘણી સાખીઓ કબીરને નામે પ્રચલિત થઈ ગએલી, જે વાસ્તવિક રીતે એમની નહોતી. જો કબીરનું મૃત્યુ સં. ૧૫૭૫માં માનીએ તો એ વાત અસંગત નથી લાગતી કે આ પ્રત લખ્યા પછી ૧૪ વર્ષ સુધી કબીર જીવ્યા અને એ દરમ્યાન એમણે ઘણાં પદો અને સાખીઓની રચના કરી, જે ગ્રંથસાહેબમાં લેવાયાં હોય.—લેખક.

મૃત્યુ સં. ૧૫૭૫ માં થયું. આ હિસાબે એમનું આયુષ્ય ૧૧૯ વર્ષનું થાય છે, જે અસંભવિત નથી લાગતું.

## જન્મ અને માતાપિતા

કબીરસાહેબના જીવનની સમસ્ત ઘટનાઓ, પ્રસંગો અને હકીકતો માટે કોઈ સળંગ કે સુસંબદ્ધ તવારીખ નથી. કબીર સંપ્રદાયમાં પ્રચલિત દંતકથાઓ અને એ સંપ્રદાયના લેખકો ઉપર આધાર રાખ્યા વિના બીજો ઉપાય નથી. અને અત્યાર સુધીના કબીરના ચરિત્રલેખકે એ જ માર્ગ સ્વીકાર્યો છે. અલબત્ત એણે પોતાની સ્વતંત્ર વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી શક્યાશક્યતાનો વિચાર જરૂર કર્યો છે.

એમના જન્મ વિષે એમ કહેવાય છે કે કાશીમાં એક સાત્વિક બ્રાહ્મણ રહેતો હતો અને એ સ્વામી રામાનંદજીનો મોટો ભક્ત હતો. એને એક વિધવા પુત્રી હતી. એ પુત્રીને લઈને એક દિવસ એ સ્વામીજીને દર્શને ગયો. પ્રણામ કર્યા પછી સ્વામીજીએ કન્યાને પુત્રવતી થવાની આશીષ આપી. બ્રાહ્મણે ચોંકીને જ્યારે પુત્રીના વૈધવ્યના સમાચાર કહ્યા ત્યારે સ્વામીજીએ કહ્યું: મારૂં વચન તો નહીં મિથ્યા થાય, પણ એટલું થશે કે એ કન્યાનો પુત્ર તેજસ્વી અને મહાપ્રતાપી થશે.

આશીર્વાદના ફળ રૂપે બ્રાહ્મણકન્યાને પુત્ર થયો. પરન્તુ લોકલાજ અને લોકોપવાદના ભયથી એ છોકરાને કાશીમાં લહર તળાવને કિનારે નાંખી દેવામાં આવ્યો. ભાગ્યવશાત્ થોડી ક્ષણો પછી નીરૂ નામનો એક મુસલમાન વણકર (જુલાહો) પોતાની પત્ની નીમા સાથે ત્યાંથી નીકળ્યો. આ દંપતિને સંતતિ નહોતી. બાળકનું રૂપ પુત્રને માટે વલવલતા આ દંપતિના અંતરમાં વસી ગયું અને એ



બાળકને સ્વીકારી ઉછેર્યું અને પોતાનું કરી ભાગ્યશાળી બન્યા. આ જ બાળક પાછળથી કબીર સાહેબને નામે મૂલ્કમશહુર થયો.

કબીરનું બ્રાહ્મણકન્યાનો પુત્ર હોવું અસંભવિત નથી. પરંતુ સ્વામી રામાનંદના આશીર્વાદની વાત તો ઘણી પ્રતિભાશાળી વિભૂતિઓના જીવનની આસપાસ ગુંથાઈ છે, તેવી જ રીતે કબીરની વાત પણ બ્રાહ્મણકન્યાનું કલંક ધોવા પાછળથી જોડાઈ હોવી જોઈએ. મુસલમાન ઘરમાં હોવા છતાં કબીરમાં જે હિન્દુત્વ તરફ પ્રેમ અને ઝોક દેખાય છે, એ એમનાં બ્રાહ્મણલોહીનો સંકેત દેખાડે છે. કબીર સાહેબે પોતે પોતાનાં માતાપિતાનો ઉલ્લેખ કર્યો નથી, અને જ્યાં જ્યાં એમણે પોતાને માટે કંઈ પણ કહ્યું છે, ત્યાં પોતે વણકર છે અને કાશીના રહેવાસી છે, એટલું જ બતાવ્યું છેઃ—

જાતિ જુલાહા મતિ કો ધીર હરષિહરષિ ગુણ રમૈ કબીર.

× × ×

મેરે રામકી અભૈપદ નગરી કહૈ કબીર જુલાહા.

× × ×

તૂ બ્રાહ્મન મૈં કાસીકા જુલાહા.

પરંતુ એમનાં કેટલાંક સંવેદનો ઉપરથી એમ જણાય છે કે એમની એ હાર્દિક ઇચ્છા હતી કે જો પોતાનો જન્મ બ્રાહ્મણકુળમાં થયો હોત તો તે ઘણું સારૂં થયું હોત. પૂર્વજન્મમાં પોતે બ્રાહ્મણ હોવાની કલ્પના કરીને સંતોષ માને છે કે,

"પૂરબ જનમ હમ બ્રાહ્મન હોતે વો છે કરમ તપહીના
રામદેવકી સેવા ચુકા પકરિ જુલાહા કીનાં."

ગ્રંથસાહેબમાં કબીરનું એક પદ છે. તેમાં એ કહે છેઃ "પહલે દરસન મગહર પાયો, પુનિ કાસી બસે આઈ." બીજામાં કહે છે: "તોરે ભરોસે મગહર બસિયો, મેરે તનકી તપન બુઝાઈ." અને એ તો પ્રસિદ્ધ છે કે કબીર અંતિમ દિવસોમાં મગહર જઈને

વસ્યા હતા. અને ત્યાં જ એમનો પરલોકવાસ થયો. પરંતુ "પહલે દરસન મગહર પાયો, પુનિ કાસી બસે આઈ" થી તો એવો ધ્વનિ નીકળે છે કે એમનો જન્મ મગહરમાં થયો હતો અને પાછળથી કાશીમાં આવીને વસ્યા હતા અને અંતે પાછા મગહર ગયા. જો આ ધ્વનિ તરફ ધ્યાન આપીએ તો બ્રાહ્મણકન્યાને ઘેર જન્મ અને નીરૂ તથા નીમાને ઘેર ઉછેરની સમસ્ત કથા ખોટી ઠરે છે. આ વિષય વધારે ચિન્તન અને શોધ માગે છે. પરંતુ પહેલી શંકા તો એ થઈ છે કે ગ્રંથસાહેબમાં ઘણાં પદ એવાં છે કે જે કબીરનાં પોતાનાં નથી, પણ પાછળથી એમને નામે ચઢી ગયેલાં છે. જો આ દલીલ સ્વીકારીએ તો પછી આ મગહરના જન્મની વાતમાં વજુદ ઠરતું નથી.

કેટલાક કબીરને નીરૂ તથા નીમાના ઔરસ પુત્ર માને છે, પરંતુ આ મતના સમર્થનમાં હજી સુધી સંગીન કે પ્રામાણિક પ્રમાણો કોઈએ આપ્યાં નથી. કબીરની ઉપર આપેલી ઉક્તિ પ્રમાણે એઓ જાણે જન્મથી મુસલમાન નહોતા એમ દેખાય છે; પરંતુ "જૌર ખુદાઇ તુરક મોહિ કરતા, આપૈ કટિ કિન જાઈ" થી તો એમ ધ્વનિત થાય છે કે એ મુસલમાન માતપિતાની સંતતિ હતા. બધી વાતો ઉપર સમ્યક્ રીતે વિચાર કરતાં એ મત ઠીક હોવાની સંભાવના છે કે કબીર સાહેબ કોઇ બ્રાહ્મણ અથવા હિન્દુ સ્ત્રીથી જન્મ પામીને મુસલમાન કુટુંબમાં ઉછર્યા હતા. કદાચિત એમનું બચપણ મગહરમાં વીત્યું હોય અને પાછળથી કાશી આવીને વસ્યા હોય અને અંતકાળે પાછા મગહર ગયા હોય.

## બાળપણ અને ગુરુજ્ઞાન

સાંપ્રદાયિક કથા આગળ કહે છે કે બચપણથી જ કબીર ધર્મપરાયણ, નમ્ર અને ભકત હતા, અને જ્યારથી સમઝણ આવી ત્યારથી તિલક આદિ કરીને રામનામ સ્મરતા, એ લોકોમાં ફરતા



અને કયારેક ઉપદેશ પણ કરતા. જ્યારે ભજન ગાઇ ગાઇને કબીરે ઉપદેશ દેવા માંડયો ત્યારે લોકો એમને 'નુગરો' એટલે ગુરુ વિનાનો કહીને ચીઢવવા અને મશ્કરી કરવા લાગ્યા. લોકવાયકા ચાલી કે જેણે ગુરુ કરીને એમની પાસેથી ઉપદેશ નથી લીધો, તેને બીજાને શો ઉપદેશ આપવાનો છે? એથી કબીરની ઇચ્છા કોઈ સંત પાસે ગુરુ મંત્ર લેવાની થઈ.

આ ગુરુને માટે પણ બે મત ચાલે છે. હિન્દુઓ કહે છે કે એઓ રામાનંદના શિષ્ય હતા, અને મુસલમાનો કહે છે કે એઓ શેખ તકીના ચેલા હતા. Kabir and Kabir Pantha" ના કર્તાએ લખ્યું છે:—

"ખજીનતુલ અસફિયા* માં લખ્યું છે કે "શેખ કબીર જુલહા શેખ તકીના ઉત્તરાધિકારી અને મુખ્ય શિષ્ય હતા. એ પોતાના સમયના મહાપુરૂષ અને ઇશ્વરવાદીઓના નેતા હતા. એમણે સુફિયોના વિસાલ (ઇશ્વરમિલન) નામક સિદ્ધાન્તનો બોધ કર્યો હતો અને ફિરાક (વિયોગ)ના સંબંધમાં ચુપ રહ્યા હતા. અને એમને માટે એમ પણ કહેવાય છે કે ઇશ્વર અને એની સત્તા ઉપર હિન્દીમાં લખનાર એ પહેલા પુરૂષ હતા. એમણે ઘણી હિન્દી કવિતાઓની રચના કરી છે. ધાર્મિક સહનશીલતાને કારણે હિન્દુ અને મુસલમાન બન્નેએ પોતાના નેતા તરીકે તેમને સ્વીકાર્યા. હિન્દુઓએ એમને ભકત કબીર અને મુસલમાનોએ પીર કબીર કહીને સત્કાર્યા."

આ ઉપરાન્ત નાભાજીની પ્રસિદ્ધ ઉક્તિ "કબીર સાહબને વર્ણાશ્રમ ધર્મ ઔર ષટ્ દર્શન કી કાનિ નહીં માની" લઇને એ અંગ્રેજ લેખકે ડરતાં ડરતાં એમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે કબીર મુસલમાન હતા, અને શેખ તકીના મુરીદ હતા.

---

* આ પુસ્તક મૌલવી ગુલામ સરવરનું રચેલું છે અને ઈ. સ. ૧૮૬૮ માં લાહોરમાં પ્રસિદ્ધ થયું હતું. —લેખક.

કબીર સાહેબ મુસલમાન હતા અથવા મુસલમાન કુટુંબમાં ઉછર્યા હતા, એ તો એમણે પોતે સ્થળે સ્થળે કહ્યું છે. પરંતુ એ સુફી અને શેખ તકીના શિષ્ય હતા, એ વાત સ્વીકારવા જેવી લાગતી નથી, અને હજી સુધી સ્વીકારાઇ પણ નથી. મી. વેસ્કટે જેટલાં પ્રમાણો બતાવ્યાં છે એ બધાં જ બહારનાં છે. કબીર સાહેબનાં વચનો અને એમના જ ગ્રંથોમાંથી એક પણ પ્રમાણ નથી, એટલે એ બહારનાં અને ઘણે અંશે મુસલમાન લેખકોનાં પ્રમાણો કે જે માત્ર દંતકથાઓને જ આધારે મૂકાયલાં છે તેમને કેટલાં પ્રામાણિક માનવાં, એ સવાલ છે. કબીર સાહેબ પોતે કહે છેઃ—

ભક્તિ લાયર ઉપજી લાયે રામાનંદ
પરગટ કરી કબીરને સાત દીપ નૌ ખંડ

× × ×

ચૌરાસી અંગકી સાખી, ભક્તિ કા અંગ
કાશીમેં હમ પ્રગટ ભયે હૈં રામાનંદ ચેતાવે.

(કબીર શબ્દાવલિ ૨ પૃ. ૬૧.)

કાશીમેં કિરતિ સુત આઇ કબીર મોહિ કથા બુઝાઈ
ગુરુ રામાનંદ ચરણકમલ પર ધોબિન* દીની વાર.

(કબીર કસૌટી પૃ. ૫.)

કબીર સાહેબનાં પોતાનાં જ આટલાં વચનો એ સિદ્ધ કરવાને બસ છે કે એ રામાનંદના શિષ્ય હતા. પરંતુ એને માટે બહારનાં પણ પ્રમાણો મળે છે. ધર્મદાસ કબીર સાહેબના મુખ્ય શિષ્ય હતા. એઓ કબીરસંપ્રદાયની એક શાળાના આચાર્ય પણ છે. એ કહે છેઃ—

કાશીમેં પ્રગટે દાસ કહાયે નીરૂ કે ગૃહ આયે.
રામાનંદ કે શિષ્ય ભયે ભવસાગર પંથ ચલાયે.

* ધોબિન = માયા.



ફારસીના એક તવારીખ ગ્રંથમાં મુહસિન ફની કાશ્મીરવાળા જે અકબરના સમકાલીન હતા, તેમણે લખ્યું છેઃ—

"કબીર જોલાહે એકેશ્વરવાદી થે. કોઈ આધ્યાત્મિક પથ-દર્શક મિલે, ઇસ ઇચ્છાસે વે હિન્દુ સાધુઓં ઔર મુસલમાન ફકિરો દોનોં કે પાસ ગએ; ઔર અંતમેં જૈસા કહા ગયા હૈ રામાનંદ કે શિષ્ય હુએ."

આ ઉપરાન્ત કબીરની પોતાની રચનાઓ એટલી તો હિન્દુ સંસ્કારો અને ભાવોથી ઉભરાય છે કે આપણને એમ જરૂર લાગે કે એમના જીવન ઉપર કોઈ પરમ તેજસ્વી અને આધ્યાત્મિક શક્તિસંપન્ન પ્રતિભાવંત હિન્દુ મહાત્માનો પ્રભાવ પડયો છે. કબીર અભણ હતા, એ એમના બધા ચરિત્રકારો સ્વીકારે છે. સત્સંગ એ એમનો જીવન-સ્વભાવ હતો. એટલે જો મુસલમાન ધર્માચાર્યોની એમની ઉપર અસર હોય તો એમનામાં અહિંસાવાદ અને જન્માન્તરવાદ જે ભર્યો ભર્યો લાગે છે તે કદિ લાગત નહીં. જે હિંસાવાદ મુસલમાની ધર્મનું મુખ્ય અંગ છે એની વિરૂદ્ધ તો કબીરે ગજબની વાણી ઉચ્ચારી છે. એમનો સૃષ્ટિવાદ પણ પુરાણમાં વર્ણવેલો છે તે જ છે. આ ઉપરાન્ત હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ વિષેનું એમનું ઊંડું અને વ્યાપક જ્ઞાન અને ઇસ્લામ તરફની ઉદાસીનતા પણ આપણને એમ માનવાને કારણ આપે છે કે એમના ગુરુ હિન્દુ જ હોવા જોઇએ. આ ઉપરાન્ત એમના ગ્રંથોમાં જ્યાં જ્યાં શેખ તકીનો ઉલ્લેખ આવે છે ત્યાં ત્યાં જે સદ્‌ભાવ, પૂજ્યભાવ અને સ્નેહ ગુરુ માટે પ્રકટ થવાં જોઇએ તે જરાય પ્રકટ થતાં નથી. એમના પોતાના ગ્રંથોમાં ઇસ્લામ વિષે જે ઉલ્લેખ મળે છે તે પણ ઉપલા મંતવ્યને ટેકો આપે છેઃ—

સુન્નત કરાય તુરક જો હોના ઔતરકો કા કહિયે
અરધ શરીરી નારી લખાને તો તે હિંદુ રહિયે

(કબીરબીજક)

કિતો મનાવૈ પાયેં પરિ કિતો મનાવૈ રોઇ
હિંદુ પૂજેં દેવતા તુરૂક ન કાહુક હોઈ.
(કબીર બીજક)

આ બધી વાતો કબીર હિન્દુ ગુરુના શિષ્ય હતા, એ મતને પ્રામાણિક બનાવે છે. એ ઉપરાન્ત દંતકથાઓ અને ભક્તમાળની કથામાં જે વર્ણન છે તે પણ રામાનંદજીના શિષ્ય તરીકે કબીરને વર્ણવે છે. કહેવાય છે કે કબીરને જ્યારે 'નુગરા' કહ્યા ત્યારે એમને ગુરુ કરવાની તમન્ના થઈ અને એ સ્વામી રામાનંદ પાસે ગયા. પરંતુ યવન હોવાને કારણે એઓ સ્વામીજી સુધી પહોંચી શક્યા જ નહીં. એટલે કબીરે બીજી યુક્તિ શોધી. રામાનંદજી રોજ સવારે વહેલા ગંગાસ્નાન માટે જતા હતા. એક દિવસ એ જ વખતે કબીરસાહેબ ઘાટના પગથિયા ઉપર જઇને સુઇ ગયા. ઘાટ ઉતરતી વખતે સ્વામીજીનો પગ કબીર ઉપર પડયો એટલે કબીર સળવળ્યા. સ્વામીજીને લાગ્યું કે કોઈ માણસ ઉપર પગ પડયો; એટલે તરત જ બોલી ઉઠયા: "રામ રામ." કબીર સાહેબે આ જ 'રામરામ' ને ગુરુમંત્ર માની લીધો અને કાશીમાં રામાનંદજીના શિષ્ય તરીકે પોતે જાહેર થયા.

કબીરનાં સ્વજનોને કબીરની આ રીત ન ગમી. એટલું જ નહીં પણ રામાનંદજીને કાને પણ આ વાત પહોંચી. રામાનંદજીએ કબીરને બોલાવીને કહ્યું–"કબીર! મેં ક્યારે તને ગુરુ મંત્ર આપ્યો?" કબીરે કહ્યું–"બીજા ગુરુ તો કાનમાં મંત્ર આપે, પરંતુ તમે તો મારા શિરપર ચરણ ધરીને રામનામનો ગુરુમંત્ર આપ્યો." સ્વામીજીને ઘટના યાદ આવી અને એ છલકાતા હેતથી કબીરને ભેટી પડયા. ગુરુ-શિષ્યનો આ સંબંધ જોઇને લોકો તો દંગ જ થઇ ગયા. એટલે હું તો મહસિન ફનીના આ મંતવ્ય સાથે મળતો થાઉં છું કે–

"આધ્યાત્મિક પથ-દર્શક મિલે, ઇસિ ઇચ્છાસે કબીર સાહબ હિન્દુ સાધુઓં ઔર મુસલમાન ફકીરોં દોનો કે પાસ ગએ, ઔર



અંતમે જૈસા કહા ગયા હૈ સ્વામી રામાનંદ કે શિષ્ય હુએ."

આ ઘટના જો સત્ય હોય તો રામાનંદજીનું આ કાર્ય સાચે જ મહાન કાર્ય હતું. ભક્તિ આગળ જાતપાતના સર્વ ભેદને પાછળ મૂકી દઇ–

જાતિ પાંતિ પુછૈ નહીં કોઇ,
હરિકો ભજે સો હરિકા હોઇ;

એ માનવતાના સમાન હક્કનું પ્રતિપાદન એક સદ્દગુરૂને શોભા આપે એવું સત્કાર્ય હતું. પોતપોતાના જૂદા જૂદા ઇશ્વરોને પોતાનાં મંદિરોમાં સંતાડી રાખનાર આજના ધર્મગુરૂને માટે આ રૂડો બોધપાઠ છે.

## સંસાર જીવન

કબીર સાહેબના ગૃહસ્થ તરીકેના જીવન માટે પણ ઘણા મતભેદો છે. એમાં બે મુખ્ય છે. એક પક્ષ એમ માને છે કે લોઇ નામની એક રૂપવતી વૈરાગી કન્યા સાથે કબીરનાં લગ્ન થયાં હતાં, અને કમાલ અને કમાલી એનાં જ સંતાન હતાં. બીજો પક્ષ એમ માને છે કે લોઇ કબીરની સાથે આજન્મ શિષ્યા તરીકે રહી, પણ પત્ની તરીકે નહીં; અને કમાલ અને કમાલી એ સંતાન બીજાનાં, પણ કબીર સાહેબે ઉછેરીને મોટાં કરેલાં હતાં. બીજો પક્ષ કદાચ કબીરના સ્ત્રી તરફના સ્વાભાવિક તિરસ્કારને લઇ એમ માનતો હોય એમ લાગે છે. કારણ કબીર સ્ત્રીને અત્યંત ઘૃણાથી જુએ છે:—

નારી નસાવૈ તીન ગુન, જો નર પાસે હોય,
ભક્તિ, મુક્તિ નિજ ધ્યાનમેં પૈઠિ સકૈ નહી કોઇ.
નારી કી ઝાંઇ પરત, અંધા હોત ભુજંગ
કબીર તીનકી કૌન ગતિ નીત નારીકો સંગ.

પરન્તુ એક પદમાં કબીરે પોતે પોતાના લગ્નનો સ્વીકાર કર્યો છેઃ—

નારી તો હમ ભી કરી, જાના નહીં બિચાર,
જબ જાના તબ પરિહરિ, નારી બડા વિકાર.

આ ઉપરાન્ત કબીરે લોઇને સંબોધીને પણ ઘણાં પદ કહ્યાં છેઃ—

રે યામેં ક્યા મેરા ક્યા તેરા, લાજ ન મરહિં કહત ઘર મેરા.

* * * *

કહત કબીર સુનહુ રે લોઇ! હમતુમ બિનસિ રહેગા સોઇ.

ઉપરાન્ત દંતકથા પણ એ વાતને પુષ્ટિ આપે છે કે એક દિવસ ભ્રમણ કરતાં કરતાં કબીર સાહેબ ગંગાને કિનારે બનખંડી વેરાગીની કુટીરે જઈ પહોંચ્યા. ત્યાં એક જુવાન રૂપવંત છોકરીએ એમનો સત્કાર કર્યો. એટલામાં બીજા ચાર પાંચ સાધુઓ પણ ત્યાં આવી પહોંચ્યા. યુવતીએ સર્વ અતિથિઓને દૂધ પીરસી આતિથ્ય કર્યું. બીજા સાધુઓએ તો એ સ્વીકાર્યું, પણ કબીર પોતાના પાત્રને ન અડકયા. પેલી કન્યાને આશ્ચર્ય થયું અને કબીરને આ અસ્વીકારનું કારણ પૂછ્યું. કબીરે કહ્યું: ગંગાપારથી એક ભૂખ્યો સાધુ અહીં આવે છે, તેને માટે આ દૂધ રાખ્યું છે. વેરાગી કન્યા કબીરના આ સૌજન્ય ઉપર મુગ્ધ થઈ અને એમની સાથે આવી, એમને ઘેર રહી. આ જ કન્યાનું નામ લોઇ હતું અને એણે જ પાછળથી કબીર સાથે લગ્ન કર્યાં હતાં. કમાલ અને કમાલી આ જ લોઇનાં સંતાનો હતાં.

કબીરના સત્યપ્રેમ વિષે એક રૂડું ઉદાહરણ પણ એક દંતકથામાંથી મળે છે. એક દિવસ કબીરને ઘેર વીસ પચીસ ભૂખ્યા ફકીરો આવ્યા. એ દિવસે ઘરમાં કશું જ ખાવાનું નહોતું. પણ લોઇએ એક ઉપાય બતાવ્યો કે હું એક શાહુકારને ત્યાંથી થોડા



રૂપિયા લાવી શકીશ. કબીરને આશ્ચર્ય થયું અને પૂછ્યું શી રીતે! લોઈએ કહ્યું.: એ શાહુકાર મારા રૂપ ઉપર મોહિત છે. એટલે હું કહીશ ને તરત જ એ રૂપિયા આપશે. બીજો ઉપાય નહોતો, એટલે લોઇ શાહુકારને ઘેર ગઈ, અને રાત્રે જવાનો વાયદો કરી રૂપિયા લઇ આવી. ફકીરોને જમાડવામાં દિવસ વીતી ગયો, રાત પડી. અંધારાનો પાર નહોતો અને વરસાદે તો માઝા મૂકીને વરસવા માંડયું હતું. કબીર બેચેન હતા. એમને લોઇના વચનની ખબર હતી, એટલે વરસાદ અને ઝંઝાવાતથી ન ડરતાં એક કામળો ઓઢાડી લોઇને ખભે ઉંચકી એ તો શાહુકારને ઘેર પહોંચ્યા. શાહુકાર તો રાહ જોઇને વલવલી રહ્યો હતો. લોઇને જોઇને એનો હર્ષ માયો નહીં, પરંતુ લોઇનાં કપડાં જરાય ભીંજેલાં ન જોઇને અને પગ તદ્દન કોરા અને સ્વચ્છ જોઇને એ ચકિત થયો અને પૂછ્યું: "તું કેવી રીતે આવી?" લોઇએ કહ્યું: "મારા સ્વામી મને ઉંચકીને અહીં લઈ આવ્યા." શાહુકાર થંભી ગયો. એના અંતરમાં કામના અંધકારને બદલે પશ્ચાત્તાપનો પુણ્યપ્રકાશ થયો. એ તો લોઈના પગમાં પડયો, અને બોલ્યોઃ "તમે મારી માતા છો. કબીર સાહેબે મારી આંખોના પડળ દૂર કર્યાં છે." પછી બહાર આવીને એણે કબીરને સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને ક્ષમા માગી. ત્યારથી એ કબીરનો શિષ્ય બની રહ્યો.

રેવરંડ વેસ્કટ લખે છે કે કબીરના જીવનમાં કાવ્યમય સૌન્દર્ય ભર્યું છે. કબીરનાં પોતાનાં ભજનોમાંથી એક બીજી પણ ઘટનાનો ઉલ્લેખ મળે છે.

એક દિવસ સીકંદર લોદીના દરબારમાં કબીર પોતાને ઇશ્વર કહે છે, એ આરોપસર એમના ઉપર એક મુકદમો ચલાવવામાં આવ્યો. કાજીએ એમને કાફર સિદ્ધ કર્યા અને મંસુર હલ્લાજની જેમ એમને મૃત્યુદંડની શિક્ષા થઇ. બેડીઓથી જકડાયલા કબીરને નદીમાં નાંખી દેવામાં આવ્યા. પરંતુ જે કબીરને માયામોહની

શૃંખલા ન જકડી શકી, જેની પાપની બેડીઓ તૂટી ગઈ હતી તેમને આ જંજીરો પણ ન બાંધી શકી, અને એ તરતા તરતા પાછા કિનારે આવ્યા. બીજી વખત કાજીએ એમને ધીકતા અગ્નિકુંડમાં નંખાવ્યા. પણ ત્યાંય એમના શરીરને આંચ ન લાગી. છેલ્લી વાર એમના ઉપર ગાંડો હાથી છોડવામાં આવ્યો, પણ હાથી નમસ્કાર કરીને નાસી ગયો. આ કથાના આધાર માટે નીચેનું પદ મળે છેઃ—

અહો મેરે ગોવ્યંદ તુમ્હારા જોર, કાજી બકીલા હસ્તિ ખોર,
બાંધિ ભુજા ભલૈ કરિ ડારયો, હસ્તી કોપિ મૂંડ મૈં મારયો.
ભાગ્યો હસ્તી ચીસાં મારી, વા મૂરતિ કી મૈં બલિહારી,
મહાબત તો કું મારૈ સાંટી, ઇસ હી મરાઉં ઘાલૌ કાંટિ.
હસ્તીન તોરૈ ધરે ધિયાન, વાકે હિરદે બસૈ ભગવાન,
કહા અપરાધ સંત હૌ કીન્હા, બાંધિ પોટ કુંજરકૂ દીન્હાં.
કુંજર પોટ બહુ બંદન કરૈ, અજ હૂં ન સુઝૈ કાજી અંધરૈ,
તીનિ બેર પતિયારા લીન્હા, મન કઠોર અજહૂં ન પતીનાં,
કહે કબીર હમારૈ ગોબ્યંદ ચૌથે પદ લૈ જનકો ગયંદ.

આ પદ જોતાં એમ લાગે છે કે ત્રણે વખત એમને હાથી દ્વારા જ મારવાના પ્રયત્નો થયા હતા. નદી કે આગનો આમાં ઉલ્લેખ નથી. પરંતુ ગ્રંથસાહેબમાં કબીરનું નીચેનું પદ મળે છે, જેમાં જંજીરના બંધનનો ઉલ્લેખ મળે છેઃ—

ગંગ ગુસાઇન ગહિર ગંભીર જંજીર બાંધિ કરી ખરે કબીર,
ગંગાકી લહરિ મેરી ટુટિ જંજીર મૃગ છાલા પર બૈઠે કબીર.

કમાલની વાત વિષે કબીરનાં પદો છે. અને એનાથી કમાલ અને કમાલી એ બન્ને કબીરનાં સંતાનો હતાં, એવી જે હકીકત મળે છે તેને ટેકો મળે છે.

ડૂબા વંશ કબીરકા ઉપજા પૂત કમાલ
•રિકા સુમિરન છાંડિ કે ઘર લે આયા માલ



## મૃત્યુ

કબીરે આજન્મ અંધશ્રદ્ધાનો સખત સામનો કર્યો છે અને એમના મૃત્યુએ જાણે એ વિરોધની પરિસીમા દેખાડી છે. કાશી મોક્ષધામ કહેવાય છે અને મગહરમાં મૃત્યુ થાય તો નરક મળે એવી માન્યતા ચાલી આવે છે. આ અંધશ્રદ્ધા હજી સુધી અખંડિત છે. કહેવાય છે કે આ અંધશ્રદ્ધા તોડવાને ખાતર જ કબીર અંતકાળે મગહરમાં જઇને રહ્યા. એમને તો એમના ભક્તિના બળ ઉપર વિશ્વાસ જ હતો. એટલે એમને એની પરવા જ નહોતી. એક ઠેકાણે કહ્યું છેઃ—

જો કાસી તન તજૈ કબીરા તૌ રામ હિં કહા નિહોર રે!

આ અંધવિશ્વાસનું એમણે સ્થળે સ્થળે ખંડન કર્યું છે.

(ક) હિરદૈ કઠોર મરયા બનારસી, નરક ન બંચ્યા જાઇ,
હરિકો દાસ મરે જો મગહર, સેન્યા સકલ તિરાઇ.
(ખ) જસ કાસી તસ મગહર ઉસર હૃદય રામસતિ હોઇ.

આદિગ્રંથમાં એમનું નીચેનું પદ મળે છેઃ

જ્યાં જલ છાંડી બહાર ભયો, મીના પૂરબ જનમ હો તપકા હીના.
અબ કહું રામ કવન ગતિ મોરી, તજી લે બનારસ મતિ ભઇ થોરી.
બહુત બરસ તપ કિયા કાસી, મરનું ભયા મગહરકી બાસી.
કાસી મગહર સમ બીચારી, ઓછી ભગતિ કૈસે ઉતરતિ પારી,
કહુ ગુરૂ ગજિ સિવ સંભુ કો જાને, મુઆ કબીર રમતા શ્રીરામે.

કબીર સાહેબનાં આ વચનો મૃત્યુના થોડા સમય પહેલાંનાં છે. પ્રારંભિક ચરણમાં જે ક્ષોભ દેખાય છે તે એટલા માટે નથી કે બનારસમાં મૃત્યુ થયું હોત તો તેમને મુક્તિની આશા હતી, પરંતુ કાશી એમની જન્મભૂમિ હતી. માતૃભૂમિ તો સૌને પ્રિય હોય છે. કાશીની સાથે એ પોતાનો સંબંધ પાણી અને માછલી જેવો બતાવે છે. એટલે એમને મન તો કાશી અને મગહર બન્ને સમાન હતાં.

પોતાની ગતિને માટે એમને જરાય સંદેહ નહોતો. કારણ ભગવાનની સર્વજ્ઞતામાં એમને અટલ શ્રદ્ધા હતી. " શિવ સબકો જાનૈ." એટલે રામનામ સ્મરતાં જ એમણે શરીર છોડ્યું. મરતાં મરતાંય કહ્યું–

" મુઆ કબીર રમત શ્રી રામ."

એમની અન્તક્રિયાને માટે એક વિલક્ષણ કથા છે. કબીરના હિન્દુ અને મુસલમાન બન્ને જાતિના શિષ્યો હતા. એટલે શબની અંત્યેષ્ટિક્રિયા વખતે મુસલમાનો તરફથી બીજલીખાં પઠાન અને હિન્દુઓ તરફથી કાશીરાજ વીરસિંહ અગ્રણીઓ તરીકે હાજર હતા. હિન્દુઓની ઇચ્છા શબને અગ્નિસંસ્કાર કરવાની હતી અને મુસલમાનો શરીરને સમાધિસ્થ કરવા માગતા હતા. મતભેદને કારણે તલવારો ચાલે એવી સંભાવના હતી. ત્યાં અકસ્માત શબપરની ચાદર ઉઘડી ગઈ અને સૌના આશ્ચર્ય વચ્ચે શબને ઠેકાણે ફુલનો ઢગલો જોવામાં આવ્યો. આખરે અર્ધાં ફુલ હિન્દુઓ અને અર્ધાં મુસલમાનો લઈ ગયા. હિન્દુઓએ ફુલને અગ્નિસંસ્કાર કર્યો અને એની ભસ્મ ઉપર કાશીમાં સમાધિ બનાવી, જે હજુય ' કબીરચોરા ' ને નામે મશહુર છે. મુસલમાનોએ ફુલોને મગહરમાં દાટ્યાં અને એની ઉપર કબર ચણાવી.

સંપ્રદાયના ભક્તોમાં આ બન્ને યાત્રાનાં સ્થળો છે. આ કહાણીની વાસ્તવિકતામાં કદાચ અવિશ્વાસ આણીએ, પણ રૂપકની દૃષ્ટિએ તો આ ભાવ અપૂર્વ અને ભવ્ય છે. જીવન આખું ભગવાનની ભક્તિને કાજે જીવી, જ્ઞાનનો પ્રકાશ વિસ્તારી, મૃત્યુ પછી પણ ફુલની સુવાસ જેવું પોતાના જીવનનું અમર તત્ત્વજ્ઞાન મૂકી, એ મહાત્મા સં. ૧૫૭૫ માં 'સત્યનામ' પામ્યા.

# પ્રકરણ ૨ જું

## કબીરની કાવ્યપ્રતિભા

વેદ, ગીતા અને ઉપનિષદોએ કવિને ક્રાન્તદર્શી દ્રષ્ટા કહ્યો છે. વેદમાં તો એના પ્રત્યેક દેવને ' કવિ ' માન્યો છે. દેવો ' કવિ ' એટલા માટે કે તેઓ સૌન્દર્ય અને આનંદનાં સ્વરૂપો અને ભૂમિકાઓમાં સર્વદા વિહાર કરતા હોય છે. કવિની મુખ્ય પ્રેરક શક્તિઓ ત્રણ: ૧ આનંદ-સૌન્દર્ય, ૨ સત્ય, અને ૩ સામર્થ્ય. કવિતા જીવનના વ્યક્તિગત અથવા વિરાટ્ હેતુઓ સાધવા માટે નથી. કવિતાસર્જન વડે ભલે નૂતન યુગનું પ્રભાત ઉઘડે, જીવનની કોઈ અમૂલ્ય આવશ્યકતા પૂરી પડે, અથવા કોઈ વિશિષ્ટ યુગસ્વરૂપનું ઘડતર થાય; પરંતુ કવિતાની મૌલિક શક્તિઓ તો સૌન્દર્ય અને આનંદ જ છે, એમ વેદના ક્રાન્તદર્શી કવિઓએ ઉચ્ચાર્યું છે. વર્ડ્ઝવર્થ જાણે આ સત્યનું સમર્થન કરતો હોય તેમ કહે છે: Poets are

the heralds of philosophy.— કવિઓ તત્ત્વજ્ઞાનના સંદેશવાહકો છે. શેલિએ માનવહૃદયમાં સમયે સમયે જે દૈવી અંશ પ્રસ્ફુટિત થાય છે તેને જાગૃત કરવાનું ગૌરવ કવિતાને આપ્યું છે. મેથ્યુ આર્નોલ્ડે એને માનવજીવનનું સૂક્ષ્મ વિશ્લેષણ માન્યું છે; અને હોરેશ તો ઉપનિષદ્‌ના મહર્ષિઓની છેક નજીક આવીને કહે છે કેઃ કવિતાનો ઉદ્દેશ મનુષ્યને આનંદ આપવો અને તેને વિકસિત કરી આપવો તે જ છે. મેટરલિંક અને કાર્લાઇલ પણ લગભગ આને જ મળતો કાવ્યનો હેતુ કહે છે.

કબીર સાહેબે એ સત્ય, સુન્દર અને અનન્તની ઉપાસના કવિતા દ્વારા કયે સ્વરૂપે કરી, તેનું વિસ્તૃત દર્શન જ આ વિવેચનાનો હેતુ છે. આ દર્શનને વધારે વિશદ કરવા માટે એ સમયનાં પ્રેરકબળોને જોયા વિના છૂટકો નથી. આપણા દેશમાં તે વખતે મુસલમાનોનું રાજ્ય સ્થાપિત થઈ ગયા પછી હિન્દુ જનતાના હૃદયમાંથી ગૌરવ, અભિમાન અને ઉત્સાહ ઓસરતાં જતાં હતાં. એમની જ સામે એમનાં દેવમંદિરો જમીનદોસ્ત થતાં હતાં; એમની જ દૃષ્ટિ સમીપ એમની દેવમૂર્તિઓ અને પૂજ્ય પુરૂષોનું અપમાન થતું હતું. હિન્દુ જનતા જાણે પોતાનું પૌરૂષ હારી બેઠી હતી. એ વિષમ કાળમાં પૌરૂષ અને સામર્થ્યથી હતાશ બનેલી જાતિમાં ભગવાનની શક્તિ અને કરૂણાનો સંદેશ લઇને કવિઓએ નવો પ્રાણ પ્રકટાવ્યો. કાળના પ્રતિનિધિ કવિએ સમાજના હૃદયને સંભાળવા અને લીન રાખવા ભક્તિનું મધુર સંગીત ગાયું. ધીરે ધીરે ભક્તિનો પ્રવાહ એટલો વિશાળ અને પ્રબળ બનતો ગયો કે હિન્દુઓ જ નહીં પરંતુ સહૃદયી મુસલમાનો પણ એમાં ભિંજાયા. પ્રેમસ્વરૂપ ઇશ્વરને સન્મુખ રાખીને ભક્ત કવિઓએ હિન્દુ અને મુસલમાન બન્નેને માનવતાનું એક સમાન રૂપ દેખાડ્યું અને ભેદભાવનાં દશ્યોને પાછળ મૂકી દીધાં.

ભક્તિનો એક ધસમસતો પ્રવાહ જે દક્ષિણ તરફથી ઉત્તરમાં આવી રહ્યો હતો, એને રાજનૈતિક પરિવર્તનને કારણે સૂના પડેલા



લોકસમાજના હૃદયમાં ફેલાવાનું પૂરૂં સ્થાન મળ્યું. રામાનુજાચાર્યે (સં. ૧૦૭૩) શાસ્ત્રીય પદ્ધતિથી ભકિતનું જે નિરૂપણ કર્યું હતું એ તરફ સમાજ આકર્ષાતો જતો હતો. ગુજરાતમાં સ્વામી માધવાચાર્યજીએ (સં. ૧૨૫૪ થી ૧૩૩૩) પોતાનો દ્વૈતવાદી વૈષ્ણવ સંપ્રદાય ચલાવ્યો હતો. એ તરફ પણ લોકોનો ઘણો ઝુકાવ હતો. દેશના પૂર્વ ભાગમાં જયદેવના કૃષ્ણપ્રેમસંગીતનું ગુંજન ઘણાં વિરોધી બળો વચ્ચે પોતાની ચોક્કસ અસર પાથરી રહ્યું હતું; એમાં મિથિલાના કોકિલકવિ વિદ્યાપતિએ પોતાનો સૂર મીલાવ્યો. ઉત્તર અને મધ્ય ભારતમાં ઇસ્વી સનની પંદરમી સદીમાં રામાનુજાચાર્યની શિષ્યપરંપરામાં સ્વામી રામાનંદ થયા. એમણે વિષ્ણુના અવતાર રામની ઉપાસના પર જોર દીધું, અને એક જૂદો જ સંપ્રદાય જમાવ્યો. બીજી બાજુ વલ્લભાચાર્યે પ્રેમમૂર્તિ શ્રીકૃષ્ણને લઇને જનતાને રસમગ્ન કરવા માંડી. આ રીતે રામભકિત અને કૃષ્ણભકિતના ઉપાસકોની આખી પરંપરા ચાલી. આ પરંપરામાં હિન્દી કળાને પ્રૌઢતા અને ગુરૂતા અર્પનાર ઘણા પ્રતિભાસંપન્ન અને તેજસ્વી કવિ થયા.

એક બાજુ પ્રાચીન સગુણ ઉપાસનાનું કાવ્યક્ષેત્ર તૈયાર થઇ રહ્યું હતું, ત્યારે બીજી બાજુ મુસલમાનોના વસવાટથી દેશમાં જે નવી પરિસ્થિતિ જન્મી, તેની દૃષ્ટિથી હિન્દુ–મુસલમાન બન્નેને માટે એક સામાન્ય ભકિતમાર્ગનો પણ વિકાસ થવા માંડયો. આ માર્ગ એકેશ્વરવાદનું એક અનિશ્ચિત સ્વરૂપ લઇને તૈયાર થયો; જે ક્યારેક બહુવાદ તરફ પણ ઢળતો અને ક્યારેક પયંગમ્બરી ખુદાવાદ તરફ પણ ઝુંકાવતો. આ ભકિતવાદ “નિર્ગુણપંથ” નામથી પ્રસિદ્ધ થયો. આ વાદ તરફ ઘસડી જનારી સૌથી પહેલી પ્રવૃત્તિ લક્ષિત થઈ તે ઉચ્ચનીચ અને જાતભાતના ભેદભાવનો ત્યાગ અને પ્રભુની ભકિત માટે મનુષ્ય માત્રના સમાન અધિકારનો સ્વીકાર. આ ભાવનો પ્રચાર અને વિસ્તાર જેમ બંગાળમાં ચૈતન્ય

પ્રભુ દ્વારા થયો તેજ પ્રકારે મહારાષ્ટ્ર અને મધ્ય દેશમાં રામદેવ અને રામાનંદજી દ્વારા થયો. એ સમયે પ્રવર્તાવેલું સૂત્ર "જાતિ પાંતિ પૂછે નહીં કોઈ, હરિકો ભજે સો હરિકો હોઈ." આજે પણ એટલું જ સાચું છે.

રામદેવ જો કે સગુણોપાસક હતા, છતાં મુસલમાનોના અત્યાચારથી પીડા પામીને એમણે રામરહીમની એકતા સમઝાવવા માટે બ્રહ્મજ્ઞાનનો બોધ કર્યો છે. પરંતુ નિર્ગુણમાર્ગના પ્રથમ પ્રવર્તક તરીકે તો કબીર સાહેબનું જ નામ આવે છે. કબીર સાહેબે એક તરફ રામાનંદજીના શિષ્ય બનીને ભારતીય અદ્વૈતવાદની કેટલીક સ્થૂલ વાતો ગ્રહણ કરી અને બીજી બાજુ કેટલાક સુફી ફકીર અને ઓલીઆઓ પાસેથી સુફીધર્મના સંસ્કારો પણ ઝીલ્યા. એટલે એમની વાણીમાં કેટલેક ઠેકાણે અદ્વૈતવાદની ઝળક મળે છે, અને કેટલેક ઠેકાણે સુફીઓના પ્રેમતત્ત્વની અને ક્યાંક પયગમ્બરી ખુદાવાદની અસર પણ દેખાય છે. એટલે એમનું લક્ષ એવી સામાન્ય ભકિતનો પ્રચાર કરવા તરફ હતું કે જેમાં હિન્દુ મુસલમાન બન્ને સાથ દઈ શકે. એટલે જ એમણે સંપ્રદાયનો પ્રચાર ન કરતાં શુદ્ધ ઈશ્વરપ્રેમ અને સાત્વિક જીવનનો પ્રચાર કરવાનો હેતુ રાખ્યો હતો.

આ રીતે દેશમાં સગુણ અને નિર્ગુણના નામથી ભક્તકવિઓની બે ધારાઓ વિક્રમની પંદરમી સદીના અંતિમ ભાગથી માંડીને સત્તરમી સદીના અંત સુધી સમાન્તરે વહેતી હતી.

રાઘવાનંદ વૈષ્ણવ સંપ્રદાયના પ્રધાન આચાર્ય મનાય છે. વિક્રમની ચૌદમી સદીમાં એમનો સમય આવે છે. એમનું નિવાસ-સ્થાન કાશી હતું. એમની છેલ્લી અવસ્થામાં સંપ્રદાયના સિદ્ધાન્તોની રક્ષા કોણ કરશે, એ પ્રશ્ને એઓ ખૂબ ચિંતિત રહેતા. એ જ સમયે પ્રયાગના પુષ્પલક્ષી શર્માને ઘેર રામાનંદજીનો જન્મ થયો. રામાનંદની



માતાનું નામ સુશીલા હતું. ૭ વર્ષની વયે યજ્ઞોપવીત સંસ્કાર પછી એમને વિદ્યાભ્યાસ માટે રાઘવાનંદજીના આશ્રમમાં મૂકવામાં આવ્યા. એમની લોકોત્તર પ્રતિભા અને જ્ઞાનને જ જોઇને રાઘવાનંદે સંપ્રદાયનું આચાર્યપદ રામાનંદજીને જ સોંપ્યું અને પોતે નિરાંતે પરલોકવાસી થયા.

રામાનંદજીએ ત્યાર પછી આખા ભારતવર્ષમાં ફરીને પોતાના સંપ્રદાયનો પ્રચાર કર્યો. તત્વદૃષ્ટિએ પોતે રામાનુજાચાર્યના મતાવલંબી હોવા છતાં એમણે પોતાનો ઉપાસનામાર્ગ સ્વતંત્ર રીતે કર્યો. પોતાના ઉપાસનામાર્ગ માટે એમણે વિષ્ણુનું સ્વરૂપ ન લેતાં લોકસંઘમાં પોતાની અવતારલીલાને વિસ્તાર કરી ગએલા શ્રી રામચંદ્રનો આશ્રય સ્વીકાર્યો. એમના ઇષ્ટ દેવ રામચંદ્રજી થયા અને એમનો મૂળ મંત્ર 'રામનામ' સંપ્રદાયમાં ગુંજ કરી રહ્યો. આ પરિવર્તનની સાથે જ એમણે ઉદારતાપૂર્વક મનુષ્ય માત્રને આ સુલભ ભક્તિનો અધિકારી માન્યો, અને દેશભેદ તથા વર્ણભેદને પોતાના માર્ગમાંથી દૂર જ રાખ્યા. રામાનુજ સંપ્રદાયની દીક્ષા કેવળ બે જ જાતિઓને અપાતી હતી, પરંતુ રામાનંદે રામભક્તિનાં દ્વાર સર્વને માટે ખુલ્લાં મૂક્યાં. સં. ૧૪૫૬ ની આસપાસ એમનો સમય આવે છે.

કબીર સાહેબ આ જ રામાનંદજીના શિષ્ય હતા. કબીરના સમય સુધી ચંદ બરદાઇ અને વિદ્યાપતિ ઠાકુરને બાદ કરીએ તો હિન્દીનો કોઈ પ્રતિભાશાળી કવિ થયો ન હતો. સં. ૧૪૭૫ની આસપાસ હિન્દી જગતમાં એક તેજસ્વી અને પ્રતિભાવંત મહાકવિ અને મહાત્માનાં દર્શન થાય છે. આ વિભૂતિ તે કબીર સાહેબ.

કબીર સાહેબે પોતે એકેય ગ્રંથ લખ્યો નથી. કારણ એ અભણ હતા. એઓ માત્ર મુખેથી બોલતા અને એમના શિષ્યો એ લિપિબદ્ધ કરતા. 'બીજક'માં એમણે પોતે લખ્યું છેઃ

મસિ કાગજ છુવો નહીં, કલમ ગહો નહીં હાથ,
ચારિઉ જુગકા મહાતમ કબિરા મુખહિ જાનત બાત.

કબીરના જે ગ્રંથોનો આજ સુધી પત્તો મળ્યો છે, તેમાં લગભગ ૭૫ ગ્રંથો છે.[૧]

આ ગ્રંથોમાંથી કેટલાક ગ્રંથ સંદિગ્ધ પણ છે. કબીર સાહેબના મુખ્ય ગ્રંથો તો બીજક, સાખીગ્રંથ, બ્રહ્મનિરૂપણ, આદિગ્રંથ, શબ્દાવલી અને રમેની કહેવાય છે.

કબીર સાહેબની કાવ્યપ્રતિભાની આલોચના કરતાં પહેલાં કવિતાનાં મૂળતત્ત્વો અથવા એની મૌલિક શક્તિઓ વિષે વિચાર કરી લેવો આવશ્યક છે, કારણ કે કબીર સાહેબે કવિતા ખાતર કવિતા નથી કરી, અને એ પહેલાં કવિ નથી, પણ પહેલાં સંત છે, ફિલ્સુફ છે.

તત્ત્વનું ચિંતન કરનાર ફિલ્સુફ સત્યપ્રાપ્તિ કરે અને કદાચ ભાષા દ્વારા પ્રકટ પણ કરે. જીવનની જોડે એકતા સાધનાર તથા ભાવિને પોતાની સ્ફુરણજ્ઞાનની શક્તિ વડે જાણનાર યુગદષ્ટા કે કર્મવીર નેતા આગામી યુગની આગાહી આશ્ચર્ય પમાડે તેવી ચોકસાઈ-પૂર્વક કરી બતાવે, પરંતુ એ બન્ને 'તત્ત્વદષ્ટા' અને 'યુગમૂર્તિ' અથવા 'સમયમૂર્તિ' છે, કવિ નહીં.

આનો ભાવાર્થ એવો નથી કે તત્ત્વદષ્ટા જે સત્યનું દર્શન કરે અથવા સમયમૂર્તિ જે ભાવિનું પુરોવચન કરે તે કવિતાનો વિષય બની શકે નહીં. તાત્પર્ય એ છે કે કવિના માનસમાંથી પસાર થતાં—પહેલવાળા હીરામાંથી પસાર થતાં શ્વેત સૂર્યકિરણની પેઠે—એ બન્નેના સ્વરૂપમાં એટલો તો ફેર પડી જાય છે કે તેને ઓળખવાં મુશ્કેલ પડે. આધુનિક જમાનામાંથી એક જ ઉદાહરણ તરીકે કવીશ્વર રવીન્દ્રનાથ ટાગોરની કવિતામાં વ્યક્ત થયેલાં દાર્શનિક સત્યોના સ્વરૂપાન્તરનો વિચાર કરતાં ઉપરની દલીલનો મુદ્દો વધારે સ્પષ્ટ થશે.

ભાઈ અંબાલાલ પુરાણીએ 'કવિતાની મૌલિક શક્તિઓ અને એના ધર્મ' વિષે ચિન્તનશીલ, રસાત્મક અને શુદ્ધ દૃષ્ટિભરી મર્મગામી

૧ આની વિગત મેં પ્રકરણ છઠ્ઠામાં આપી છે.



ચર્ચા કરી છે. એ દૃષ્ટિએ થોડા મુદ્દા અહીં વધારે સ્પષ્ટ કરી લઈએ. કવિતાને જન્મ આપનાર માનસ-શક્તિ, તત્ત્વાન્વેષી બુદ્ધિ યા તો તર્કશક્તિ નથી, કે તેનાથી પણ ઉચ્ચ બુદ્ધિમાં કાર્ય કરતી સ્વયંસ્ફુરણાની જ્ઞાનશક્તિ નથી. કવિમાનસમાં સત્યની શ્વેતજ્યોતિ ઇન્દ્રધનુષ્યના રંગોમાં વહેંચાઈ સૌન્દર્યનું સ્વરૂપ ધારણ કરે છે. કવિમાનસમાં સાચી કવિતા જન્મે ત્યારે ચિત્તમાં ભાવની જાગૃતિ થઈને ભાવની રેલમાં તેનું ચૈતન્ય તરતું હોય છે. વળી વિચારની જાગૃતિ કવિમાનસમાં થાય તો પણ, પ્રેરણારૂપી સરસ્વતીના પ્રવાહ પેઠે વેગપૂર્વક પોતાની મેળે તર્કપરંપરાનો આશ્રય લીધા વિના જ ધસી આવે છે. કોઈ કોઈ વાર કવિમાનસમાં પૃથ્વીથી સ્વર્ગ તરફ, તો કોઈ વાર તેથી ઉલટા સ્વર્ગથી પૃથ્વી ઉપર ઉગ્ર મરુતનાં વેગવાન ટોળાં અને તેમની વિદ્યુતો ચમકે છે. ઇન્દ્રિયાતીત કોઈ મહાન સત્યના સૌન્દર્યદેહનું યા તો જીવનમાં પ્રકટવા પ્રયત્ન કરનાર કોઈ ક્રિયાત્મક શક્તિનું કે બળનું, કે પછી રસસમાધિમાંથી ઉદ્ભવતા કોઈ આનંદમય સત્ય-સ્વરૂપનું દર્શન અને સર્જન એ કવિતાની મૌલિક શક્તિઓ છે. કવિતા સૌન્દર્યમય દેહ વડે સત્યસૂર્યનાં દર્શન કરે છે, કેટલીક વાર પ્રચુરશક્તિપ્રવાહને કવિતાનો વાઙ્મય મંત્ર સ્પ્રીંગ માફક શક્તિના ગુંચળાને છોડી મૂકે છે તેમ જીવનમાં મુક્ત કરીને સર્વત્ર રેલાવે છે, તથા નવયુગનું સર્જન કરે છે, તો કોઈ વાર સત્યના સૂર્ય કરતાં સૌન્દર્યનિધિ ચંદ્ર અને તેના અધિષ્ઠાતા આનંદસ્વરૂપ સોમની રસરૂપે તે આરાધના કરે છે અને માનવને તે અમૃતરસનું પાન કરાવે છે.

આમ સામાન્ય માનવચેતનાની પાર્થિવતાને માટે, માનવની અસંસ્કૃત ઇન્દ્રિયોને માટે તથા પટુકરણ વિનાના તેના માનસને માટે જે સત્યના સૌન્દર્યસ્વરૂપનું, જે આનંદસ્વરૂપનું દર્શન અસંભવિત હોય છે તે સાચી અને તેથી ઉંચી કવિતા પ્રેરણાજનિત છંદયુક્ત વાણી વડે માણસને કરાવે છે. પ્રેરણાસૌન્દર્યનું દર્શન, આનંદની અનુભૂતિ,

વગેરેને કવિતાના ઉદ્‌ભવનાં કારણો ગણીએ તો પ્રેરિત છંદયુક્ત શબ્દ કવિતાના દેહની સામગ્રી પૂરી પાડે છે. પ્રેરણાપ્રેરિત શબ્દમાં સૌન્દર્યસર્જન કરી, માનવને આનંદપ્રાપ્તિનું અમર સાધન બની રહેવું, એ કવિતાનો મૌલિક ધર્મ. એવી ચિરંજીવતાની છાપવાળી કવિતાને માનવજાતિ કદિ પણ મરવા દેતી નથી.

આવા સર્જકોમાં પણ ચઢતી ઉતરતી શ્રેણી હોય છે. સુદ્ધર ભાવિને આર્ષદૃષ્ટિ વડે જોનાર અને મંત્ર સ્વરૂપે પોતાના દર્શનને પ્રકટ કરી પ્રજાની ચેતનાને અથવા સંસ્કૃતિને પ્રથમ ઋચા ગાઇને અજ્ઞાનમાંથી કે જડતામાંથી આવ્હાન કરી, જાગૃત કરનાર ઋષિ કે કવિ વિરલ હોય છે. સાહિત્યના ક્ષેત્રમાં એ પ્રમાણે કલાસર્જનની દૃષ્ટિએ અતિ ઉચ્ચ સ્થાને ન મૂકી શકાય તેવા, પરંતુ બીજાં અનેક કારણોને લઇને સીમાચિહ્ન બની જનારા પુરૂષો થાય છે. અંગ્રેજ કવિવર બાયરનના ભક્તો એની શતાબ્દી ઉજવતા હતા તે વેળા ફરી પ્રશ્ન ઉઠેલો કે ઇંગ્લાંડનો સૌથી મોટો કવિ કોણ? અને બધી દિશાએથી જોન મોરલીના ઉત્તરના પડઘા સમો એક જ અવાજ–ઉત્તરરૂપે આવેલો–યુરોપની દૃષ્ટિએ તો બાયરન. આનું કારણ શું? રૂઢીમાંથી અને માનસિક પરતંત્રતામાંથી બાયરને મુક્ત કરેલી અંગ્રેજી કવિતાએ આગળ જતાં શેલી અને કીટ્સ જેવાપ્રતિભાવંત કલાસર્જકો નીપજાવીને જે સૌન્દર્યદૃષ્ટિ રચી, તેની સરખામણીમાં બાયરનની કવિતા ઝાંખી પડે તેવી છે. સુંદરતા, કલામયતા અને કલાવિધાયક તરીકેની પ્રતિભામાં બાયરન પછીના કવિઓમાંના ઘણા તેનાથી ચઢે છે. છતાં બારયન તેના વિશિષ્ટ વ્યક્તિત્વને લઇને અંગ્રેજી સાહિત્યમાં સીમાચિહ્ન ગણાતો આવ્યો છે, એ શા માટે? અરાઢમી સદીના સંધ્યાકાળ અને ઓગણસીમી સદીના પ્રભાતકાળ સમયે જ્યાં દૃષ્ટિ નાંખો ત્યાં રાષ્ટ્રીય યોજનાઓ અને સામાજિક બંધારણો શૃંખલા રૂપ પડયાં હતાં, અને જાળમાં પડેલાં પક્ષીની જેમ દેહને આત્મા તરફડતાં હતાં. આ બંધનમાંથી મુક્ત કરવા મોંઘા મંત્ર બાયરને ઉચ્ચાર્યા. એટલે કેવળ



અંગ્રેજી પ્રજાના નહીં, પરંતુ સમસ્ત યુરોપના માનસમાં થઈ રહેલ પરિવર્તનનો તે એટલો સાચો પ્રતિનિધિ હતો કે યુરોપના બીજા દેશોમાં બાયરનના જેટલી અસર ઘણા એથીય મોટા કવિઓની નથી થઈ.

કબીર સાહેબ વિષે પણ કંઇક આવું જ કહી શકાય. હિન્દી કવિતાના ઉષઃકાળે પ્રકટેલા આ કવિની બધી જ કૃતિઓ કવિતાકલાની દૃષ્ટિએ સર્વોત્તમ પ્રકારની નહોતી, છતાં હિન્દી કવિતામાં એની કાવ્યપ્રતિભા સીમાચિહ્ન ગણાય છે. કબીરના સમયની લોકસ્થિતિ અને વાતાવરણ ઉપર વર્ણવ્યાં છે. એ સર્વ જીવનઝંઝાવાતમાંથી એણે જે નવીન તત્ત્વો પ્રકટાવ્યાં, જે સ્વતંત્ર વાતાવરણ રચ્યું, પોતાની કવિતામાં જે તાજી હવા, રૂઢીબદ્ધ માનસને આંચકી દેતી અને તોડી પાડતી જે ચમત્કારિક ચિંતનભરી વિચારસરણી અને સરળ અકૃત્રિમ ભકિતભરી જીવનસાધના એણે પ્રકટાવી, એને કારણે એ સમકાલીન પ્રજાનાં પલટાતા અને પલટાયલા માનસના પ્રતિનિધિ બની ગયા.

કબીરની જીવનસાધના ભકિત કરતાં જ્ઞાનની વધારે છે. એટલે સૂરદાસ કે મીરાંનાં જેવાં આત્મસમર્પણથી ભીંજાયલી સંવેદનાથી ભરપૂર, લલિત, મૃદુ અને મધુર ભકિતગીતો એમણે ઘણાં નથી રચ્યાં. જોકે કૈંક કૈંક આવી ભકિતભાવભરી રચના તેમનાં ગીતોમાં ઘણી થોડી છે; પરંતુ જેટલી છે તેમાં જ્ઞાન અને નીતિનાં ભજનો કરતાં વધારે ભીનાશ છે. ભકિતયોગમાં બુદ્ધિ અને જ્ઞાન કરતાં અંતઃકરણનું અર્પણ વધારે હોવાથી એ કઠિનમાં કઠિન સાધના છે. દેખાવે સરળ પણ આચરણે દુષ્કર ભકિતયોગ જીરવવો, એ કાચો પારો જીરવવા જેવું છે. બુદ્ધિવાદની લાંબી–પહોળી દલીલબાજી અને વાદવિવાદોમાં જેમની તપશ્ચર્યા સમાઈ જાય છે, જ્ઞાનના તર્કવિતર્ક અને વિતંડાવાદમાં જેમની પ્રતિભા નીચોવાઈ જાય છે, એવા જ્ઞાનીઓ અને

કર્મકાંડીઓ કરતાં પોતાના અંતઃકરણને નીચોવી, એમાંથી આંસુની અમૃતધારા વહાવી, જગતની દુષ્ટતા ધોનાર ભક્તિમાર્ગીઓની ભકિતની જીવનસિદ્ધિ વધારે વ્યાપક, ચિરંજીવ અને મહાન છે.

આ પ્રેમભકિતનો માર્ગ, જો ચાવી હાથ લાગી તો તો, સરલ અને સુગમ છે, અને જો ચાવી હાથ ન લાગી તો ત્રીજોરી તોડનારનાં કાંડાં કપાય તેવો પણ છે. ઘણાએ આ પ્રેમભકિતમાર્ગના આલંબનાદિ વિભાગોનું રહસ્ય જાણ્યું નથી અને તેથી પતિત થયા છે; જેઓએ જાણ્યું છે તે ભકતો કૃત્યકૃત્ય થયા છે. વિજાતિય વ્યકિત પ્રતિની પશુભાવમાંથી છૂટેલી અને મનુષ્યભાવમાં આવેલી રતિપ્રણયને વટાવીને સર્વ જાતિ વગેરે ભેદોનું અતિક્રમણ કરનારી, સ્પંદ બ્રહ્મવાદની ઉછળતી અને ઉત્કટ પ્રેમરસની મોટી નદી—પરાભકિતને વરેલા ભકતોનાં જીવનમાધુર્યથી ક્રૂર મનુષ્યજાતિનાં અંતઃકરણમાં કંઇક ભીનાશ રહી છે, અને આ ભીનાશ જ માનવતાની જનેતા છે.

કબીર સાહેબની કવિતામાં જ્યાં જ્યાં પ્રેમભકિતનાં તીવ્ર સંવેદનો ઉભરાય છે, ઊંડી અસહ્ય વેદના અને ઉત્કટ વલવલાટ પછીના સાક્ષાત્કારોથી થએલું શુદ્ધ જ્ઞાન શબ્દરૂપ લે છે ત્યાં ત્યાં શુદ્ધ કવિતાનાં દર્શન થાય છે. કબીર પોતાના અંતઃકરણમાં દિવ્ય આનંદનાં દર્શન કરે છે, અને એનાથી બોલાઇ જવાય છે:

કબીર રેખ સિંદુર અરુ કાજર દિયા ન જાય,
નૈનન પ્રીતમ રમિ રહા, દુજા કહાં સમાય.

શંકરાચાર્યે પણ આનંદમસ્ત બનીને આવું જ કંઇક કહ્યું છે:

किं करोमि, क्व गच्छामि, किं गृह्णामि, त्यजामि किम्।
आत्मना पूर्यते सर्वं, महाकल्पोऽम्बुना यथा ॥

આનંદના અતિરેકમાં સાધકની વૈખરી મૂક બની જાય છે, અને તે પરા વાણીમાં બોલે છે. કબીરમાં આ તન્મયતા મળે છે.



શંકરાચાર્ય બાહ્ય જગતને પોતાના અંતરજગતમાં તદાકાર કરી દે છે, ત્યારે કબીર સાહેબ પોતાના જ રંગમાં સંસારને રંગીને મસ્ત બની જાય છે, અને પોતાની ફુટેલી ખંજરી પર ગાય છે:

નૈહરવા હમકા નહિં ભાવૈ.
સાંઇકી નગરી પરમ અતિ સુંદર જહઁ કોઈ જાય ન આવે,
ચાંદ સુરુજ જહઁ પવન ન પાની, કો સંદેશ પહુંચાવે,
દરદ યહ સાંઇકો સુનાવે.
આગે ચલૌં પંથ નહિં સુઝે,
પીછે દોષ લગાવૈ,
કેહિ વિધિ સસુરે જાવં મોરિ સજની! બિરહા જોર સતાવૈ,
વિષયરસ નાચ નચાવૈ.

પોતાના સાંઇની જે સુંદર નગરીની કલ્પના કબીરે કરી છે તેની કલ્પના મહાભારતયુગમાં પણ કરવામાં આવી છે. ભગવાન ગીતાકારે અર્જુનને કહ્યું છે:

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥

માત્ર ગીતામાં જ આ પરમ ધામનું વર્ણન નથી, પણ બીજા આર્યગ્રંથોમાં પણ છે. श्वेताश्वेतर, ૬–૧૪, मुंडक ૨, ૨, ૧૦ અને कठोपनिषत् ૫–૧૫ માં પણ આવાં ચિત્રો આપણને મળે છે.

માનવ હૃદયમાં કેટલીક એવી શંકાઓનું તોફાન ઉઠેલું રહે છે, કે જેની શાન્તિ નથી થતી. કેટલાક પ્રશ્નો તો હજી પણ એવા શંકાતોફાન જગવતા અણઉકેલ જ રહ્યા છે. श्वेताश्वेतर માં જે પ્રશ્ન પૂછાયો તે આ રહ્યો:

किं कारणं ब्रह्म कुतः स्म जाता ।
जीवाम केन क्व च संप्रतिष्ठा ।

अधिष्ठाता: केन सुखेतरेषु ।
वर्तामहे ब्रह्मविदो व्यवस्थाम् ॥

જ્ઞાની, વિજ્ઞાની, પંડિતોને જીજ્ઞાસુ પૂછે છેઃ આ વિશ્વનું કારણ શું? આપણે ક્યાંથી જન્મ્યા? જીવનમરણ, સુખદુઃખ વગેરેની જે વ્યવસ્થા છે તેનો વ્યવસ્થાપક કયો મહાપુરૂષ છે?

આવા જ કેટલાક પ્રશ્નોના ઉત્તર આપવા કાજે મોટા મોટા જ્ઞાનગ્રંથો રચાયા છે. ભક્ત અને જ્ઞાની કવિઓએ એકાદ ભજન કે ગીતમાં એ પ્રશ્ન ચર્ચ્યો છે, અને એના જવાબનો સંકેત કર્યો છે. કબીર કહે છેઃ

વા ઘરકી સુધિ કોઇ ન બતાવૈ, જા ઘરસે જીવ આયા હો,
ધરતી આકાસ પવન નહિ પાની, નહિ તબ આદિ ખાયા હો.
બ્રહ્મા બિસનુ મહેસ નહિ તબ, જીવ કહાંસે આયા હો,
પાની પવનકે દહિયા જમાયા, અગિન કે જામન દીન્હા હો,
ચાંદ સુરજ દોઉ બને અહીરા, માંય દહિયા ઘીઉ કાઢા હો.
યે મનસા માયા કે લોભા, બાર બાર પછિતાયા હો,
લખ નહિ પરે નામ સાહિબકા, ફિરિ ફિરી ભટકા ખાયા હો,
કહૈ કબીર સુનો ભાઇ સાધો, વહ ઘર બિરલે પાયા હો.

જ્ઞાની અને પંડિતોના ગહન અને જટિલ તત્ત્વજ્ઞાનમાં અને એમની માત્ર પોલી અને કૃત્રિમ દલીલબાજી અને તર્કપરંપરામાંથી જ્યારે ભક્તને કશું જ 'સત્' નથી મળતું, ત્યારે એ હારીને એમને કહે છે:

મેરા તેરા મનુઆ કૈસે એક હોઈ રે,
મૈં કહતા હૌં આંખિન દેખી, તૂ કહતા કાગદ કી લેખી;
મૈં કહતા સુરઝાવનહારી તૂ રાખ્યો ઉરઝાંઇ રે.

અને સાચું છે, પંડિતોની કાગળમાં લખેલી અને ભક્તોની આંખે દેખેલી, અંતઃકરણમાં અનુભવેલી વાતનો ક્યાં મેળ ખાય?



ભક્ત કવિઓએ મૃત્યુની ભયાનકતા ખસેડી નાંખીને એને સુંદર રૂપ આપ્યું છે. મૃત્યુ એ તો માણવા જેવું તત્ત્વ છે એવું મરીને પણ ઘણા ભક્તોએ સિદ્ધ કરીને બતાવ્યું છે. મૃત્યુનું સૌન્દર્ય કબીરે કહ્યું છેઃ

ખેલ લે નૈહરવા કે દિન ચાર,
પહલી પઠૌની તીન જન આયે નૌઆ બ્રાહ્મણ વારિ;
બાબુલજી મૈં પૈયાં તોરિ લાગૌં અબકી ગવન દેહ ટાર,
દુસરી પઠૌની આપૈ આયે લે કે ડોલિયા કહાર,
ધરિ બહિયાં ડોલિયાં બૈઠારિન કોઉ ન લાગે કતેહાર,
લે ડોલિયા જાય બનમેં ઉતારિન કોઇન સંગી હમાર
કહૈ કબીર સુનો ભાઇ સાધો, ઇક ઘર હૈ દશ દ્વાર.

મીરાંનું આ દર્દગીત મશહૂર છે:

હેરી મૈં તો પ્રેમ દિવાની, મેરા દરદ ન જાણે કોઇ,
સૂલી ઉપર સૈજ હમારી કિસ વિધ સોણા હોઇ,
ગગનમંડલ પર સેજ પિયાકી, કિસ બિધ મિલના હોઇ;
ઘાયલકી ગતિ ઘાયલ જાનિ કી જન લાઇ હોઇ,
જૌ હરિકી ગતિ જૌ હરિ જાને, કી જીન જૌહર હોય,
દરદકી મારી બનબન ડોલું વૈદ મીલ્યા નહિ કોય,
મીરાંકી પ્રભુ પીર મીટેગી જબ વૈદ સામલીયા હોય.

મીરાંની આ ઉત્કટ પ્રેમસાધના એ જ મીરાંની અલૌકિકતા છે. કબીરે આ 'વિયોગી'ની સુંદર વ્યાખ્યા કરી છે.

નામ વિયોગી વિકલ તન તાહિ ન ચીન્હૈ કોય,
તમ્બોલી કા પાન જ્યાં દિન દિન પીલા હોય.

અને એમનું વિરહનું વર્ણન જુઓ:

કબીર સુપને રૈનકે પડા કલેજે છેક,
જબ સોવૈં તબ દુઈ જના, જબ જાગૈં તબ એક.

પ્રેમસાધનાનો અનુભવ વર્ણવતાં કબીર કહે છે :

યહ તો ઘર હૈ પ્રેમકા ખાલા કા ઘર નાંહિ,
સીસ ઉતારે ભુંઇ ધરે તબ પૈઠે ઘર માંહિં;
સીસ ઉતારે ભુંઇ ધરે તાપર રાખે પાંવ,
દાસ કબીરા યોં કહૈ ઐસા હોય તો આવ.
પ્રેમ ન બાડી ઉપજે, પ્રેમ ન હાટ બિકાય,
રાજા પરજા જેહિ રુચે સીસ દેઇ લઈ જાય.
પ્રેમ પિયાલા જો પિયે, સીસ દક્ષિણા દેય,
લોભી સીસ ન દે સકો નામ પ્રેમકા લેય.

કબીરે પોતાના પ્રિયતમનું વર્ણન કર્યું છે :

સૌ જોજન સાજન બસે માનો હૃદય મઝાર
કપટ સનેહી આંગને જાનું સમુન્દર પાર.

આ જ તદાકાર ભાવના. સાચો પ્રેમ 'એ'નો પડદો નથી રાખતોઃ

જો દિલ દિલહી મેં રહે, સો દિલ કહૂં ન જાય,
જો દિલ દિલ સે બાહિરા સો દિલ કહાં સમાય?

મીરાં પ્રેમદિવાની બનીને ગાય છે :

સખીરી મેરી નિંદ નસાની હો,
પિયાકો પંથ નિહારતે સબ રૈન બિહાની હો.
સખિયન મીલ કે સાખ દઈ, મન એક ન માની હો,
બિન દેખે કલ ના પરી, જિય ઐસી ઠાની હો.
અંગ છીન એસી ભઇ, મુખ પિય પિય બાની હો,
અન્તર વેદન બિરહ કી વહ પીર ન જાની હો.
જ્યોં ચાતક ઘનકો રટે, મછની બીન પાની હો,
મીરાં વ્યાકુલ બિરહિણી સુધબુધ બિસરાની હો.



મીરાંનું સ્ત્રીહૃદય જે અવસ્થાનો અનુભવ કરે છે તે પુરૂષ હોવા છતાં કબીર પણ અનુભવે છે. ભક્તિની સંવેદનામાં સ્ત્રીપુરૂષનો ભેદ નથી.

હું બારી મુખ ફેર પિયારે કરવટ દે મોહિં કાહે કો મારે,
કરવત ભલા ન કરવટ તોરી લાગ ગલે સુન બિનતી મોરી.
હમ તુમ બીચ ભયા નહિ કોઇ, તુમહિં કંત, નારી હમ હોઇ,
કહત કબીર સુનો નર લોઇ અબ તુમારી પરતીત ન હોઈ.

કબીરના જીવનની આ લયલીનતામાંથી શુદ્ધ કવિતા પ્રકટી છે. કબીરનો પ્રેમવલવલાટ એનો જ્ઞાનવિવેક પાર કરીને એની પાસે ક્યારેક ભક્તિ અને નમ્રતાથી લચી પડેલું વેદનાગીત બોલાવે છે :

રામ બીન તનકી તાપ ન જાઇ,
જલ મેં અગનિ ઉઠી અધિકાઈ.
તુમ્હ જલનિધિ, મૈં જલકર મીનાં,
જલમૈં રહી જલહિં બિની ખીનાં.
તુમ્હ પ્યંજરા મૈં સુવના તોરા,
દરસન દેહું ભાગ બડા મોરા.
તુમ્હ સતગુર, મૈં નૌતમ ચેલા,
કહૈ કબીર રામ રમૂં અકેલા.

જિયરા મેરા ફિરૈ ઉદાસ,
રામ બિન વિકસી ન જાઈ સાસ, અજહૂં કૌન આસ.
જહાં જહાં જાંઉં રામ મિલાવૈ ન કોઈ,
કહો સંતો કૈસે જીવન હોઈ.
જરે સરીર યહુ તન કોઇ ન બુઝાવૈ,
અનલ દહે નિસ નિંદ ન આવૈ.
ચંદન ઘસી ઘસી અંગ લગાઉં
રામ બિના દારૂન દુખ પાઉં

સંત સંગતિ મતિ મન કરિ ધીરા,
સહજ જાનિ રાંમહિ ભજૈ કબીરા.

પુત્રભાવે પણ કબીરે એક જ વલવલાટને જરા જૂદે સ્વરૂપે વ્યક્ત કર્યો છેઃ

હરિ જનની મૈં બાલક તેરા,
કાહે ન ઔગુણ બક સહુ મેરા.
સુત અપરાધ કરૈ દિન કે તે, જનની કૈ ચિત રહૈ ન તે તે,
કર ગહિ કેસ કરૈ જો ધાતા, તઉ ન હેત ઉતારૈ માતા.
કહે કબીર એક બુદ્ધિ બિચારી, બાલક દુઃખીદુખી મહતારી.

કબીરે જ્યાં ભક્તિની અકથ્ય વિરહવેદનાથી, વલવલાટથી, કે અસહ્ય સંવેદનાથી પોતાના ભાવો પ્રકટ કર્યા છે, ત્યાં માધુર્ય, કોમળતા અને લાલિત્ય એની મેળે આવ્યાં છે. ભક્તિની સાથે જ્ઞાન મેળવીને પણ જ્યાં જ્યાં તેણે કવિતા કરી છે ત્યાં ત્યાં પણ કવિતા સરજાઈ છે, પરંતુ જ્યાં માત્ર શુદ્ધ જ્ઞાન, ઉપદેશ અને નીતિનાં પદોની રચના કરી છે, ત્યાં કાવ્યકલાના અંશો ઘણા ઓછા થયા છે, અને ઘણે ઠેકાણેથી તો તે તદ્દન અદૃશ્ય થઈ ગયા છે. એટલે ઉપરનાં અવતરણોથી એટલું સ્પષ્ટ લાગે છે કે ઘણી સંવેદનાઓની ઉત્કટતામાં, ભાવની તન્મયતામાં, પ્રેમની સાધનામાં, પ્રિયમીલનની જંખનામાં કબીર મીરાં અને સૂરદાસની સાથે બેસે છે. પણ કબીર તો કવિ ઉપરાંત ઉપદેશક, જ્ઞાની અને આચાર્ય હતા. એટલે એમની રચનાઓમાં કવિતાના અંશો કરતાં ઉપદેશ, જ્ઞાન અને નીતિનાં તત્ત્વો વધારે હોય, એ સ્વાભાવિક છે. અને એ જમાનો જ એવો હતો કે જેમાં કબીરને એકલા કવિ રહેવું પાલવે એવું નહોતું. શુદ્ધ કવિતા ઉપરાંત એમણે રહસ્યવાદની કવિતા પણ કરી છે.

કબીરસાહેબ રહસ્યવાદી કવિ પણ છે. રહસ્યવાદના મૂળમાં અજ્ઞાત શક્તિની જીજ્ઞાસા કાર્ય કરે છે. સંસારનું સંચાલન કોઈ અજ્ઞાત-



શક્તિ દ્વારા થાય છે, એ વાતનો અનુભવ માનવ અનાદિકાળથી કરતો આવ્યો છે. એ અજ્ઞાત શક્તિને જાણવાની, એને સાક્ષાત્ કરવાની ઇચ્છા માણસને સર્વદા રહી છે, પરંતુ એ શક્તિ જગતના અન્ય દશ્ય રૂપની જેમ સ્પષ્ટ દેખાતી નથી, અને એનું જ્ઞાન પણ આ દશ્ય રૂપોના જ્ઞાનની જેમ સાધારણ વિચારધારા દ્વારા થતું નથી. પોતાની જ લગનીથી જેઓ આ ક્ષેત્રમાં સિદ્ધ થઈ ગયા છે, તેઓએ જ્યારે જ્યારે પોતાની અનુભૂતિનું નિરૂપણ કરવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે ત્યારે તેઓ પોતાની ઉક્તિઓ દ્વારા એને સ્પષ્ટતા અર્પવામાં અસમર્થ નીવડયા છે. કબીરે આ ભાવને બહુ યથાર્થ રીતે મૂકયો છેઃ

અકથ કહાની પ્રેમકી, કછૂ કહી ન જાઇ,
ગૂંગે કેરી સરકરા, બૈઠા બૈઠા મુસકાઇ.

× × ×

તજિ બાવૈં દાહિનૈ બિકાર, હરિ પદ દ્રિઢ કરી ગહિયે,
કહૈ કબીર ગૂંગે ગુડ ખાયા, બૂઝૈ તો કા કહિયે !

આ જ રહસ્યવાદનું મૂળતત્ત્વ છે. વેદ અને ઉપનિષદોમાં રહસ્યવાદની તેજરેખા મળે છે. ગીતામાં ભગવાનને મુખે એમની વિભૂતિનું જે વર્ણન કરાવાયું તે પણ અત્યંત રહસ્યપૂર્ણ છે. ઇશ્વરને પિતા, માતા, પ્રિયા, પ્રિયતમ પુત્ર અથવા સગાના રૂપમાં જોવો, એ પણ એક પ્રકારનો રહસ્યવાદ જ છે; કારણ કે લૌકિક અર્થમાં પરમાત્મા આમાંથી કશું જ નથી.

કબીરના રહસ્યવાદ વિષે એક આખું જૂદું જ પ્રકરણ લખવાનું હોવાથી અહીં એની વધારે ચર્ચા અનુચિત માની બંધ કરીએ.

રહસ્યવાદમાં માધુર્યભાવનો જે ઉદય થયો તે કબીરમાં વિદ્યમાન છે. વૈષ્ણવો અને સુફીઓની ઉપાસના માધુર્યભાવથી ભરપૂર હોય છે. દાર્શનિકોએ પ્રભુને પુરૂષ અને જગતને સ્ત્રી રૂપી

પ્રકૃતિ કહ્યાં છે. માધુર્યભાવ આનું જ ભાવિક રૂપ, જેમાં પરમાત્માની પ્રિયતમના રૂપમાં ઉપાસના થાય છે. મીરાંએ તો કેવળ કૃષ્ણને જ પુરૂષ માન્યો છે. કબીર પણ કહે છે:

૧ કહે કબીર બ્યાહિ ચલે હૈં પુરિષ એક અવિનાસી.
૨ સખી સુહાગ રામ મોહિં દીન્હા

અને રામની સુહાગણ પહેલાં પોતાનો પ્રેમ નિવેદન કરે છે:

ગોકુલ નાયક બીઠુલા મેરો મન લાગો તોહિ રે.

આ જીવાત્માની પરમાત્મામાં લગની લાગે છે તેના પ્રારંભિક સ્વરૂપનું વર્ણન છે. આ વિવાહ પહેલાંનો પૂર્વાનુરાગ જોઇએ. ક્યારેક એ વિયોગિનીના રૂપમાં પ્રકટ થાય છે અને વિયોગાગ્નિમાં બળતા હૃદયના ઉદ્ગાર પ્રકટ કરે છે:

યહુ તન જાલૌં મસિ કરૈં, લિખૌં રામકા નાઉં
લેખણિ કરૈં કરંક કી, લિખિ રામ પઠાઉં.

પ્રભુના વિયોગથી વિમાસતી સમસ્ત સૃષ્ટિનું દુ:ખ કેટલું સઘન બનીને કબીરના હૃદયને પીડે છે!

રામની વિયોગિની આકુળતાથી એ દિવસની વાટ જુએ છે, જ્યારે એ પ્રિયતમને આલિંગન દેશે:

વે દિન કબ આવેંગે ભાઇ!
જા કરનિ હમ દેહ ધરિ હે, મિલિબો અંગ લગાઇ.

અહીં જીવાત્મા પ્રભુને મળવા ઝંખે છે. એ ઝંખનાનો સંકેત છે. આ ઝંખનાની સાથે સાથે ભય પણ રહે છે કે સમસ્ત વિશ્વ જેનું વ્યક્ત રૂપ છે, એ પ્રિયતમને મળવા કાજે અસાધારણ તૈયારી કરવાની જરૂર છે. હરિની દુલારીને પોતે એટલી તૈયારી કરી શકશે કે નહીં, એ આશંકાથી ભય લાગે છે. એને પોતાની જાત પર



વિશ્વાસ નથી આવતો. પ્રિયમીલન સમયે કેવું વર્તન કરવું પડશે એની પણ એને ગમ નથી પડતી:

મન પ્રતીતિ ન પ્રેમ રસના ઇસ તન મેં ઢંગ,
ક્યા જાણૌ ઉસ પીવસું કૈસે રહલી રંગ

પછી તો જીવાત્માને જેમ જેમ પરમાત્માનો અનુભવ થતો જાય છે, તેમ તેમ તેનો ભય ઓસરતો જાય છે:

અબ તોહિ જાન ન દૈહું રામપિયારે
જ્યૂં ભાવૈ ત્યૂં હોહુ હમારે.

સખી સંપ્રદાયના કવિઓએ માણસને સ્ત્રી માની અને એમનાં નામો પણ સ્ત્રી જેવાં રાખીને, એટલે સુધી કે ઋતુમતી સ્ત્રીઓ જેવો અભિનય કરાવીને માધુર્યભાવના રહસ્યવાદને વાસ્તવવાદનું રૂપ આપ્યું છે. રહસ્યવાદ વાસ્તવવાદમાં પતિત થઈ જવાથી શુભ ઉદ્દેશથી પ્રવર્તિત અનેક ધર્મસંપ્રદાયોમાં ઇંદ્રિયલોલુપતાનાં ગંદા બદબોભર્યાં પ્રગટીકરણો જોવામાં આવે છે. રહસ્યવાદી કવિઓ અને વાસ્તવવાદી કવિઓમાં અહીં જ મૂલગત ભેદ છે. વાસ્તવવાદી પોતાના વિષયનું યથાતથ્ય વર્ણન કરે છે અને રહસ્યવાદી માત્ર સંકેત કરે છે, પોતાના વર્ણ્ય વિષયનો આભાસ જ માત્ર આપે છે. એટલે રહસ્યવાદી કવિઓમાં જે એક પ્રકારનું અસ્પષ્ટ ભુખરાપણું આવે છે એનું કારણ એમની આધ્યાત્મિક પ્રવૃત્તિ છે. પરમાત્માની સત્તાનો આભાસ જ કેવળ આપવામાં આવે છે. એટલે એઓ વ્યંજનાવૃત્તિથી વધારે કામ કરે છે, અને ચિત્રાધાન એમનું મુખ્ય ઉપાદાન હોય છે. એમની વાર્તા અન્યોક્તિના રૂપમાં હોય છે. કોઈ પ્રત્યક્ષ વ્યાપારના ચિત્રને લઇને તેઓ બીજા પરોક્ષ વ્યાપારના ચિત્રની વ્યંજના કરે છે.

રસિકોની સંમતિ પ્રમાણે કબીરનો રહસ્યવાદ લુખ્ખો છે, એમનો માધુર્યભાવ પણ ફીકો લાગે છે, અને એમનાં ચિત્રોમાં પણ અનેકરૂપતા નથી દેખાતી. અને આવું લાગે એનું કારણ છે. કબીરે

પ્રયાસ કરીને પોતાની ઉક્તિઓને કાવ્યનું માધુર્ય આપ્યું નથી. પરંતુ એમની લયલીનતા વ્યર્થ શી રીતે જાય? જે લોકો એમને લુખ્ખા માને છે તેમણે એમની રહસ્યમયી અન્યોક્તિઓ જોવી જોઇએ.

> કાહે રી નલિનીં! તૂ કમિલાનીં, તેરે હી નાલિ સરોવર પાની,
> જલમેં ઉતપતિ જલમેં બાસ, જલમેં નલિની તોર નિવાસ.
> ના તલિ તપતિ ન ઉપર આગિ, ભેર હેત કહુ કાસનિ લાગી
> કહૈ કબીર જે ઉદિક સમાન, તે નહીં મૂખે હમારે જાન.

કેટલું કોમળ અને મોહક ચિત્ર છે! એમાં સહજ માધુર્ય ભર્યું છે. પ્રકૃતિનો પ્રતિનિધિ મનુષ્ય નલિની છે, જળ બ્રહ્મતત્ત્વ છે. એમાં જ પ્રકૃતિનાં વિવિધ રૂપોની ઉત્પત્તિ થાય છે. એ જ પોષક તત્ત્વ છે, જે મનુષ્ય અને એના વિવિધ રૂપોમાં બિરાજમાન છે. આ જળની શીતળતા આગળ કોઈ તાપ ઉભી શકતો નથી. આ તત્ત્વ સમઝીને આ પોષણસામગ્રીનો ઉપયોગ કરનાર (જ્ઞાની) શી રીતે મરી શકે?

સાંસારિક જીવનની નશ્વરતાનું કેટલું પ્રતિભાવંત વર્ણન છે?

> માલન આવત દેખિ કરિ કલિયાં કરી પુકાર,
> ફુલે ફુલે ચુની લિયે, કાલ્હિ હમારી બાર.

કાળને આવતો જોઇને અણઉઘડ્યું યૌવન પોકાર કરી ઉઠે છે કે આજે તું વૃદ્ધોને લઇ જાય છે, પણ કાલે અમારોય વારો આવવાનો છે.

> બાઢી આવત દેખિ કરિ તરિવર ડોલન લાગ,
> હમ કટેકી કુછ નહીં, પંખેરુ ઘર ભાગ.

રેલ એ કાળ છે, વૃક્ષનું ડોલન એ વૃદ્ધાવસ્થાનો કંપ છે, પક્ષી આત્મા છે. આ ડોલન આત્માને ચેતવણી આપે છે કે શરીરના વિનાશનું દુઃખ ન કરીને બ્રહ્મતત્ત્વમાં લીન થવાનો પ્રબંધ કરો. વૃદ્ધાવસ્થાના કંપનું કેટલું સાર્થક રૂપક છે?



નાશ માત્ર નાનાઓનો છે, અને મોટાઓનો નથી, એમ નથી, નાશ તો સર્વનો છે:

> ફાગુણ આવત દેખિ કરિ બન રુના માંહિ,
> ઉંચી ડાલી પાત હૈ, દિન દિન પીલે થાહિં.

કબીરની ચમત્કારપૂર્ણ ઉલટી ધારા રહસ્યપૂર્ણ અને પ્રસિદ્ધ છે. કઠોપનિષદ પ્રમાણે મનુષ્યનું શરીર રથ છે જેને ઇંદ્રિયોના ઘોડા જોડયા છે, ઘોડાઓને મનની લગામ છે, જે બુદ્ધિ રૂપી સારથીના હાથમાં છે. પરમ પદનો પ્રવાસી આત્મા આ રથમાં અસવાર છે, એની ઇચ્છાનુસાર એના રથનું પરિપાલન થવું જોઇએ. શરીર સેવક છે, આત્મા સ્વામી છે. આ સ્વાભાવિક ક્રમ છે. પરંતુ સ્વામી સુઇ જાય અને ઘોડાની લગામ નિરૂદ્દેશ ઢીલી પડી જાય ત્યારે આ ક્રમ ઉલટાઇ જાય છે. સ્વામીનું સ્થાન સેવક લઈ લે છે. રથને આધીન થઇને સ્વામી ભટકતો ફરે છે અને ઘોડાઓ (ઇન્દ્રિયો) અને રથ-(શરીર)ના સ્વચ્છંદી આચરણને પરિણામે સ્વામીજીને (આત્મા) અનહદ કષ્ટો પડે છે. ભવસાગરમાં પડેલા માણસોને આ ઉલટી અવસ્થાને ખાસ કરીને કબીરે પોતાની ઉલટ ધારામાં વ્યંજિત કરીને લોકોને આશ્ચર્યમુગ્ધ કરી નાંખ્યા છે.

> ઐસા અદ્‌ભુત મેરા ગુરૂ કથ્યા, મૈં રહ્યા ઉભૈ ખે
> મૂસા હસ્તી સોં લડે, કોઈ વિરલા પૈખેં
> મૂસા બૈઠા બાંબિમૈ લારૈ સાપણિ ધાઇ,
> ઉલટિ મૂસૈ સાપિણ ગિલી યહુ અચરજ ભાઇ.
> ચીંટી પરબત ઉખણ્યાં, લે રાખ્યૌ ચૌડે,
> મૂર્ગા મીનકી સૂં લડે ઝલ પાણી દૌડે.
> સુરહી ચૂષૈં બછતલિ, બછા દૂધ ઉતારૈ,
> ઐસા નવલ ગુણી ભયા સારદૂલહિ મારૈ.

ભીલ લુકયા બન બીઝમેં, સસા સર મારૈં,
કહૈ કબીર તાહિ ગુરૂ કરો, જો યા પટહિ બિચારે.

સર્ગનું કારણ પરબ્રહ્મ કોઇનું કાર્ય નથી, એ વાતનો સંકેત કરનાર આ રહસ્યપૂર્ણ પદ રહ્યું:

બાંઝકા પૂત, બાપ બિન જાયા, બિન પાઉં તરવર ચઢિયા,
અસ-બિન પાખર, ગજબિન ગુડિયા, બિન ખંડૈ સંગ્રામ લડિયા.
બીજ–બિન અંકુર, પડે બિન તરવર,
બિન સાખા તરવર ફલિયા,
રૂપ–બિન નારી પુહુપ–બિન પરિમલ
બિન–નરૈ સર ભરિયા.

કબીરે કવિતાને ખાતર કવિતા નથી કરી. એમની વિચારધારા સત્યની શોધમાં વહી છે. એનો પ્રકાશ કરવો એજ એમનું ધ્યેય છે. એટલે એમની વિચારધારા જીવનપ્રવાહથી જૂદી નથી. એમાં એમનું હૃદય તરબોળ છે. કબીર સાહેબની રચનાઓ વિપુલ છે. અનેક ઠેકાણે અર્થ, રૂપ, વિચાર અને ઉપમાઓની પુનરાવૃત્તિનો પાર નથી. ઘણી રચાનાઓ તદ્દન સામાન્ય કોટિની છે. એટલે કબીર સાહેબની શુદ્ધ કાવ્યકલાની કસોટીએ ચઢે એવી કવિતા ઓછી છે, પણ છે ખરી. અને એમાં કાવ્યનાં સૌન્દર્ય, સામર્થ્ય અને આનંદ વિરાજમાન છે. કબીરે પોતાને કદિ પણ કવિ નથી કહ્યા, પોતે તો પોતાને ભક્ત જ માનતા હતા. એટલે એમની વાણીમાં બળ છે. એમની વાતોમાં સાચી વાતો કહી દેનાર માણસ જેવી એક બીજા જ પ્રકારની મીઠાશ છે. એમની ઘણી ઉક્તિઓ કહેવતો બનીને લોકોની જીભે વસી ગઇ છે, એ એમની સત્યભાષી પ્રતિભાનું જ રૂપ છે. સહૃદય ઉમંગની લહરોમાં જે સહજ વિદગ્ધતા એમની ઉક્તિઓમાં છે તે અત્યંત ભાવમય છે. શબ્દોની તડામારથી ચમત્કાર આણવો, એ એમની પ્રકૃતિથી વિરૂદ્ધ હતું. એમની શૈલી શબ્દાડંબર બતાવીને



અર્થની નિર્બળતાને ઢાંકી, અતિરંજન કરનારી, અથવા અર્થઘનતાથી ખડબચડી અને કઠોર બની જનારી, અરંજનીય પણ નહોતી. એમની પોતાની જ એક પ્રકારની સરળ, સચોટ લક્ષ્યવેધી પોતાની વિશિષ્ટ શૈલી હતી. એમની કવિતામાં ક્યાંય પ્રયત્ન નથી દેખાતો. જેની એમને અનુભૂતિ થઇ હતી તે સત્યના પ્રકાશનું સાધન બનીને કવિતા સ્વયમેવ એમની જીભે આવીને વસી છે. એટલે અલંકારો જેટલા સ્વાભાવિક આવ્યા છે તેટલા જ સ્વીકાર્યા છે, ઉપમાઓ શોધવા પાછળનાં વલખાં એમાં નથી દેખાતાં. ભાવુકતાના દષ્ટિબિંદુથી કલા આડંબરોનાં બંધનોથી નિર્મુક્ત તથ્ય છે.

કબીરની કવિતામાં કેટલીક ખટકે એવી વાતો પણ છે. પુનરાવૃત્તિઓને કારણે ઘણે ઠેકાણે રોચકતાનો અભાવ છે. કેટલેક ઠેકાણે એમના જ્ઞાનની શુષ્કતાનું પ્રતિબિંબ એમની ભાષા ઉપર પણ પડયું છે. એટલે અડધી ઉપરાંત કવિતા દાર્શનિક પદો છે. એમાં શુદ્ધ કાવ્યકલા ઘણી ઓછી છે. ઘણી ઉચ્ચ કોટિની કવિતા પણ શુદ્ધ ભાષા અને છંદશાસ્ત્રના અજ્ઞાનથી કદરૂપી બની ગઇ છે. પણ કબીર સાહેબનું પ્રકટીકરણ એ હિન્દી કવિતાના શરૂઆતના દિવસો હતા. કબીરની ભાષામાં પણ ઘણી બોલીઓનું મિશ્રણ છે. અવધી, ખડીબોલી, પૂર્વી, પંજાબી, વ્રજ અને અરબી ફારસીના શબ્દોનો શંભુમેળો છે. આનું કારણ એ છે કે એમણે ઘણા દૂરદૂરના સંતો સાથે સમાગમ અને સહવાસ સેવ્યો છે, એટલે ભાષા અને વ્યાકરણની સ્થિરતા એમનામાં નથી.

હિન્દીના કાવ્યસાહિત્યમાં કબીરના સ્થાનનો નિર્ણય કરવો, એ અતિ મુશ્કેલ છે. તુલનાને કાજે એક જ ક્ષેત્રના કવિઓ લેવા જોઇએ. કબીરનાં કાવ્યો મુક્તિના ક્ષેત્રમાં જાય છે, અને તેમાંય ઘણી કવિતા જ્ઞાન અને નીતિપર પણ છે. નીતિકાવ્યોની સફળતાની કસોટી એની સર્વપ્રિયતા છે. નાનક, દાદુ, સુંદરદાસ, બૃંદ અને

રહીમ, એ સર્વ રહસ્યવાદી કવિઓમાં કબીરનું પદ સર્વશ્રેષ્ઠ છે; શુદ્ધ રહસ્યવાદ માત્ર એમનો જ છે.

પ્રભુના દરબારમાંથી પોતાને જે દેહ મળ્યો તેને સત્કર્મોનું ચંદન કે પાપકર્મોના ડાઘ લગાવ્યા વિના જેવું નૈસર્ગિક શરીર મળ્યું હતું, તેવું જ હરિને ચરણે પાછું ધરી દીધું.

ઝીની ઝીની બીની ચદરિયા

કાહે કૈ નાના કાહે કૈ ભરની કૌન તારસે બીની ચદરિયા.
ઇંગલી પિંગલા તાના ભરની, સુષમન તારસે બીની ચદરિયા,
આઠ કંવલ દલ ચરખા ડોલે, પાંચ તત્ત્વગુન નીની ચદરિયા.
સાંઇ કો સિયત માસ દસ લાગે ઠોક ઠોક કે બીની ચદરિયા,
સો ચાદર સુરનર મુની ઓઢી, ઓઢી કે મૈલી કિન્હી ચદરિયા;
દાસ કબીર જતનસે ઓઢી જ્યાંકી ત્યાં ધરિ દિન્હી ચદરિયા.

કપડાંમાં અત્તરના ડાઘ લાગે કે પાનની પીચકારીના લાગે, પણ આખરે તો એ બન્નેય ડાઘ જ છે, અને તેથી ખરાબ છે. આત્માને માટે તો પુણ્ય તથા પાપ બન્નેનાં બંધનો સમાન રૂપે માન્યાં છે. આવી અદ્દભુત સાધનાનો સાધક કબીર ઉપદેશક હતો, જ્ઞાની હતો, આચાર્ય હતો, પણ ભક્તિથી ભીંજાયલો માનવતાની વંદનાનો અધિકારી કવિ પણ હતો.

# પ્રકરણ ૩ જું

## કબીરની વિચારધારા

કબીરે રામાનંદજી પાસે દીક્ષા લીધી હતી, પણ કબીરના 'રામ' રામાનંદજીના 'રામ'થી જૂદા હતા. એમણે તો "નિરગુણ રામ, નિરગુણ રામ જપહુ રે ભાઈ" નો ઉપદેશ કર્યો છે. એમની રામભાવના ભારતીય બ્રહ્મભાવનાની સાથે મળતી આવે છે. એઓ 'રામ' ને સગુણ અને નિર્ગુણ બન્નેથી પર માને છે. કેટલાક પંડિતોએ કબીરનાં પદોમાંથી કેટલાક શબ્દો શોધીને આ સગુણ અને નિર્ગુણનો વિતંડાવાદ જમાવ્યો છે અને કબીરનો આ નિર્ગુણ રામ પણ સગુણ જ છે, એવો મત સ્થાપવાનો આગ્રહ સેવ્યો છે. પરંતુ સાચી વાત તો એ છે કે એવી રીતે શબ્દો માત્રથી જ કબીરનો આશય સ્પષ્ટ થાય એમ નથી. એમણે શબ્દોની જરાય દરકાર કરી નથી. અને એમણે કહ્યું પણ છેઃ " અપરંપાર કો નાઉં અનંત." બ્રહ્મના

નિરૂપણને માટે શબ્દોના પ્રયોગમાં જે અત્યંત શુદ્ધિ અને સાવધાની અનિવાર્ય છે તેની કબીર સાહેબ પાસેથી આશા રાખવી વ્યર્થ છે. કારણ કબીરની વિચારધારા એ દાર્શનિક ગ્રંથોના અભ્યાસ કે મનનચિંતનનું પરિણામ નથી, પણ એમનાં સાક્ષાત્કાર અને સારગ્રાહી પ્રતિભાનો જ પ્રસાદ છે. ભણેલા તો એ નહોતા, એટલે એમનું જે જ્ઞાન હતું તે સત્સંગ અને આત્મસંવેદનાનું ફળ હતું. એમણે હિન્દુ અને મુસલમાન સર્વ સંત-ફકીરો સાથે સમાગમ સેવ્યો હતો. એટલે એમની વિચારસરણીમાં ભારતીય બ્રહ્મવાદનું પૂર્ણ સ્વરૂપ મળે છે. છતાં એમાં કેટલીક વાતો એમણે એવા રૂપે ઉઠાવી છે કે જે મુસલમાની એકેશ્વરવાદની સાથે વધારે મળતી આવે. પરંતુ આનું કારણ એ છે કે એમનું ધ્યેય સર્વદા હિન્દુ મુસલમાન ઐક્યમાં જ રહ્યું છે.

સ્થૂળ દૃષ્ટિથી મૂર્તિદ્રોહી એકેશ્વરવાદ અને મૂર્તિપૂજક બહુદેવવાદમાં ઘણું અંતર છે; પરંતુ જો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો એટલું બધું અંતર નહીં લાગે જેટલું એકેશ્વરવાદ અને બ્રહ્મવાદમાં છે. ઘણાં દેવદેવીઓને જૂદાં જૂદાં માનવાં અને સૌનાં ગુરુ એક ઈશ્વરને માનવા, એ બન્ને પરિણામે એક જ માન્યતા છે. પરંતુ બ્રહ્મવાદનો મૂળ આધાર જ જૂદો છે. એમાં લેશમાત્ર ભૌતિકવાદ નથી. એકેશ્વરવાદમાં ભૌતિકવાદ છે. એ જીવાત્મા, પરમાત્મા અને જડ જગત એ ત્રણેની ભિન્ન સત્તા માને છે, અને બ્રહ્મવાદ શુદ્ધ આત્મતત્ત્વ એટલે ચૈતન્ય શિવાય બીજા કોઈ અસ્તિત્વને સ્વીકારતો જ નથી. એ સિદ્ધાન્ત અનુસાર તો આત્મા જ પરમાત્મા છે અને જડ જગત પણ બ્રહ્મ છે. કબીરમાં ભૌતિકવાદ અથવા બાહ્યાર્થવાદ નથી દેખાતો, અને આત્મવાદની ઝલક તો એમણે સ્થળે સ્થળે દેખાડી છે.

બ્રહ્મ જ જગતમાં એક માત્ર સત્તા છે, એના શિવાય જગતમાં બીજું કંઈ નથી. જે કંઈ છે તે બ્રહ્મ જ છે. બ્રહ્મમાંથી જ સર્વની ઉત્પત્તિ થાય છે અને એમાં જ સર્વ લીન થાય છે. કબીર કહે છેઃ



પાણી હો તે હિમ ભયા, હિમ હૈ ગયા બિલાઈ,
જો કુછ થા સોઈ ભયા, અબ કુછ કહા ન જાઈ.

સૃષ્ટિ અને બ્રહ્મનો સંબંધ દેખાડવા માટે બ્રહ્મવાદીઓ સામાન્ય રીતે બે ઉદાહરણો આપે છે. જે રીતે એક નાનાશા બીજમાં વૃક્ષ રહ્યું છે તે જ રીતે સૃષ્ટિ બ્રહ્મમાં અંતર્હિત રહે છે અને જે પ્રકારે દુધમાં ઘી વ્યાપ્ત છે તે પ્રકારે બ્રહ્મ પણ આ સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપ્ત છે. કબીર કહે છે:

ખાલિક ખલક, ખલકમેં ખાલિક, સબ જગ રહ્યો સમાઈ.

સર્વવ્યાપી બ્રહ્મ જ્યારે પોતાની લીલાનો વિસ્તાર કરે છે ત્યારે આ નામરૂપાત્મક જગતની સૃષ્ટિ બને છે અને એને પોતાની ઇચ્છા અનુસાર પાછો એ સમેટી લે છે.

ઈનમેં આપ આપ સબહિનમૈં આપ આપ સૂં ખેલૈ,
નાના ભાંતિ ઘડે સબ ભાંડે, રૂપ ધરિ ધરિ મેલૈ.

વેદાન્તમાં નામરૂપાત્મક જગત સાથેનો સંબંધ ઘણી રીતે પ્રકટ કરવામાં આવે છે. એમાં પ્રતિબિંબવાદ મુખ્ય છે. કબીર કહે છે:

ખંડિત મૂલ બિનાસ કહૌ કિમ વિગતહ કીજૈ,
જ્યૂં જલમેં પ્રતિબિંબ ત્યૂં સકલ રામહિ જાણીજૈ.

'જે પિંડમાં છે તે બ્રહ્માંડમાં છે,' એવું કહીને બ્રહ્મનું નિરૂપણ થાય છે, પરન્તુ માત્ર વાક્યને આશ્રયે જ્ઞાની થનારાઓને પાછો એમાં જ સંશય થાય છે. એમને માટે કબીર કહે છેઃ

પ્યંડ બ્રહ્માંડ કથૈ સબ કોઈ, વાકૈ આદિ અસ અંત ન હોંઈ,
પ્યંડ બ્રહ્માંડ છાંડિ જે કથિએ, કહૈ કબીર હરિ સોઈ.

વેદાન્તના 'કનકકુંડલ ન્યાય' અનુસાર જે રીતે સોનામાંથી કુંડલ બને છે અને કુંડલને તોડીને ઓગાળી નાંખીએ તો પાછું

સોનું જ બની જાય છે, એ જ રીતે નામરૂપાત્મક દશ્યોની ઉત્પત્તિ બ્રહ્મમાંથી થાય છે અને પાછાં સર્વ એમાં જ સમાઈ જાય છે.

જૈસે બહુ કંચન કે ભૂષન યે કહિ ગાલિ તવવહિંગે,
ઐસે હમ લોક વેદ કે બિછુરે સુન્નિહિ માંહિ સમાયહિંગે.

આ રીતે 'જલતરંગ' ન્યાય પણ છે:—

જૈસે જલહિ તરંગ તરંગિની, ઐસેં હમ દિખલાવહિંગે,
કહે કબીર સ્વામી સુખસાગર હંસ હિ હંસ મિલાવહિંગે.

કબીર સાહેબે આ સંબંધ પોતાની મૌલિક રીતે પણ પ્રકટ કર્યો છે.

જલમેં કુંભ, કુંભમેં જલહે, બાહિર ભીતરી પાની,
ફુટા કુંભ જલ જલહિ સમાના, યહુ તન કથૌ ગિયાની.

આ નામરૂપાત્મક દશ્ય એ ચર્મચક્ષુઓને દેખાય છે. પાણીમાં ઘડો છે અને એની બહાર અને અંદર પાણી છે. બાહ્ય રૂપનો નાશ થવાથી અંદર અને બહારનું પાણી મળી જાય છે, એ પ્રકારે બાહ્ય રૂપના અભ્યંતરનો બ્રહ્મ પણ પોતાના બહારના બ્રહ્મમાં સમાઈ જાય છે.

ઘણી રીતે એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન થયો છે કે પરિવર્તનશીલ નાશવાન દશ્યોનો આધાર જે એક અવ્યય તત્ત્વ ઉપર હોય છે તે જ યથાર્થ છે. જે કંઈ દેખાય છે તે અસત્ય છે, માત્ર માયાત્મક ભ્રાન્તિ છે. કબીર કહે છે:

સંસાર ઐસા સુપિન જૈસા જીવન સુપિન સમાન.

જે મનુષ્ય માયાના આ વિસ્તારને સત્ય સમજીને એમાં લપટાઈ જાય છે તેને શુદ્ધ હંસ રૂપ જીવ અર્થાત્ બ્રહ્મની પ્રાપ્તિ નથી થતી. બુદ્ધ દેવના 'દુઃખ સત્ય'ના સિદ્ધાન્ત પ્રમાણે કબીરનો વિચાર પણ છે કે આ સંસાર દુઃખનું ઘર છે:



દુનિયા ભાંડા દુઃખકા, ભરી મુંહા મુંહ ભૂખ,
અધ્યા અલહ રામકી, કુરહે ઊણી કૂખ.

સંસારનું આ દુઃખ માયાજન્ય છે. એટલે જે લોકો માયામાં મસ્ત થઈ જાય છે તે લોકો દુઃખમાં પડ્યા હોવા છતાં એ સમજી શકતા નથી. એ દુઃખનું જ્ઞાન તો જેમણે આ માયાજન્ય અજ્ઞાનનું આવરણ કાઢી નાંખ્યું છે તેમને જ થાય છે. માયામાં પડેલા લોકો તો દુઃખને જ સુખ માને છે.

સુખિયા સબ સંસાર હૈ, ખાવૈ અરુ સોવૈ,
દુઃખિયા દાસ કબીર હૈ, જાગૈ અરુ રોવૈ.

કબીરનું આ રૂદન એ માયામાં પડેલા દુઃખી જગતકાજેનું રૂદન છે. માયામાં પડેલ માણસ પોતાની જ કથા વિચાર્યા કરે છે. પરમાત્માને મેળવવા એણે આ "મમતા" છોડી દેવી પડે છે.

જબ મૈં થા, તબ હરિ નહીં, અબ હરિ હૈ, મૈં નાહિં.

એટલા માટે જ્ઞાની માયાનો ત્યાગ અનિવાર્ય માને છે, પણ માયાનો ત્યાગ એ કંઈ સરળ ખેલ નથી. બહારથી એ એટલી સોહામણી અને મધુર લાગે છે કે એને છોડી છોડાતી નથી:

મીઠી મીઠી માયા તજી ન જાઈ,
અગ્યાની પુરિષ કો ભોલિ ભોલિ ખાઈ.

માયા જ વાસનાઓની જનેતા છે:

ઈક ડાઈન મેરે મન બસૈ, નિત ઉઠિ મેરે જિય કો ડસૈ,
યા ડાઈન કે લરિકા પાંચ રે, નિસિ દિન મોહિ નચાવૈ નાચ રે.

માયાના પાંચ પુત્રો: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. મનુષ્યના અધઃપાતના આ મૂળ આધાર છે. આત્માની પારમાત્મિકતામાં આ જ પાંચ તત્ત્વો અંતરાયરૂપ છે.

કબીર કહે છેઃ

પંચ ચોર ગઢ મંઝા, ગઢ લૂટૈ દિવસ અરુ સંઝા,
જો ગઢપતિ મુહકમ હોઇ, તૌ લૂટિ ન સકૈ કોઇ.

માયા પાખંડની પણ માતા છે, એટલે માયાનું ઉચિત સ્થાન પાખંડીઓની સોડ છે. એટલે માયાને સંબોધન કરીને કબીર કહે છેઃ

તહાં જાહુ જહં પાટ પટંબર, અગર ચંદન ઘસિ લીના.

કર્મકાંડને કબીર પાખંડનું જ એક અંગ માને છે, કારણ પરમાત્માનો સંબંધ અંતઃકરણ સાથે છે. અંતરની ભક્તિ શરીરને પોતે જ પોતાને અનુકૂળ બનાવી લેશે. બહારનો જ માત્ર ઢંઢેરો તદ્દન નિરૂપયોગી છે. એ તો ઉલટું માયામાં વધારે લપટાવું છેઃ

જપ તપ પૂજા અરચા જોતિગ જગ બૌરાના,
કાગદ લિખિ લિખિ જગત ભૂલાના, મનહી મનન સમાના.

કબીરની ભક્તિ એક વિશિષ્ટ પ્રકારની ભક્તિ છે. જ્ઞાનીઓની બ્રહ્મજીજ્ઞાસા અને વૈષ્ણવોની સગુણ ભક્તિનાં અનિવાર્ય અંગો, એનો અપૂર્વ સમન્વય કરીને એમણે પોતાની નિર્ગુણ ભક્તિનું ભુવન રચ્યું છે. વૈષ્ણવોના તાત્ત્વિક સિદ્ધાન્તો અને વ્યાવહારિક ભક્તિના સુમેળથી કબીરની ભક્તિસાધનાનો ઉદ્‌ભવ થયો છે. સિદ્ધાન્ત અને વ્યવહારમાં, કથની અને કરણીમાં ભેદ રાખવો, એ કબીરના સ્વભાવને જ પ્રતિકૂલ હતું. વૈષ્ણવોમાં સિદ્ધાન્ત અને વ્યવહારમાં ભેદ દેખાય છે. સિદ્ધાન્ત રૂપે રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત, વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત અને માધવાચાર્યે દ્વૈતનો પ્રચાર કર્યો છે, પરંતુ વ્યવહારમાં સગુણ ભગવાનની ભક્તિનું ધ્યેય જ સામે મૂકાયું છે. સિદ્ધાન્ત-પક્ષનો અજ્ઞેય બ્રહ્મ, વ્યવહારપક્ષમાં મનુષ્યના રૂપમાં દેખાય છે. કબીરે આ સિદ્ધાન્ત અને વ્યવહારનો, કથની અને કરણીનો ભેદભાવ ભૂંસી નાંખ્યો અને વિનાશની ખાખમાંથી પોતાની અભેદ નિર્ગુણ



ભક્તિનું સર્જન કર્યું. આ ભક્તિનો બહારથી મુસલમાની ખુદાવાદ સાથે થોડો મેળ હતો.

જ્ઞાનમાર્ગ પ્રમાણે નિર્ગુણ, નિરાકાર, બ્રહ્મ શુષ્ક ચિંતનનો વિષય છે. કબીરે આ શુષ્કતા કાઢી નાંખીને પ્રેમભરી વિચાર-ધારાની વ્યવસ્થા કરી છે. કબીરના આ પ્રેમના બે પક્ષ છેઃ પારમાર્થિક અને ઐહિક. પારમાર્થિક અર્થમાં પ્રેમનો અર્થ લગની છે. એમાં મનુષ્ય પોતાની સમસ્ત વૃત્તિઓને સંસારની સર્વ વસ્તુ-ઓથી વિમુખ કરીને સમેટી લે છે અને માત્ર બ્રહ્મના ચિંતનમાં જોડે છે, જ્યારે ઐહિક પક્ષમાં એનો અવતાર સંસારના સર્વ જીવો ભણી પ્રેમ અને દયાના વ્યવહારમાં થાય છે.

જેમને બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ જાય છે, તે જ અમર થઈ જાય છે. કબીર કહે છેઃ

હમ ન મરૈં મરિહૈ સંસારા, હમકૂં મિલ્યા જિવાવનહારા,
અબ ન મરૌં મરનૈ મન માનાં, તેઇ મુએ જિન રામ ન જાનાં.

માણસનો આત્મા બ્રહ્મની સાથે એક છે, અને એ જ માત્ર ચિરસ્થાયી સત્તા છે, જેનો વિનાશ નથી થતો. કબીરના અમરત્વનું આ રહસ્ય છેઃ

હરિ મરિ હૈ તો હમહૂ મરિહૈ, હરિ ન મરૈ હમ કાહેકુ મરિ હૈ.

પરંતુ સાક્ષાત્કાર પહેલાં આ અમરત્વની પ્રાપ્તિ નથી થતી. એ પ્રેમ સ્હેજે નથી મળતો. એ સાધના માગે છે, સંપૂર્ણ સમર્પણ-આત્મોત્સર્ગ વાંછે છેઃ

કબીર ભાટી કલાલ કી બહુતક બૈઠે આઇ,
સિર સૌંપે સોઇ પિવૈ, નહિ તો પિયા ન જાઇ.

માણસ જ્યારે સમર્પણની પરમ સીમાએ પહોંચે છે, ત્યારે એને માટે આ પ્રેમ અમૃત બની જાય છે.

નીઝર ઝરૈ અમીરસ નીકસૈ તિહિ મદિરાવલી છાકા.

આ પ્રેમનો શરાબ જે માણુસ એક વાર પીએ છે તેનો જીવનપર્યંત નશો ઉતરતો નથી. તનમનની એ શુદ્ધિ ભૂલી જાય છે:

હરિરસ પિયા જાનિએ, કબહુ ન જાય ખુમાર,
મૈમંતા ઘૂમત રહે, નાહીં તનકી સાર.

આ જ પરમાનંદની અવસ્થા છે. આમાં મનુષ્યનો લૌકિક અંશ, જે અજ્ઞાનની અવસ્થામાં મુખ્યત્વે રહે છે તેને પોતાનામાં રહેલા આત્મતત્વનું જ્ઞાન થાય છે અને એને બ્રહ્મની સાથે તાદાત્મ્યની અનુભૂતિ થાય છે. આ સાક્ષાત્કારથી માણુસ બ્રહ્મ બની જાય છે. **ब्रह्मविद् ब्रह्मैव भवति.** ઉપનિષદના "**तत्त्वमसि**" અથવા **सोऽहं** નું આ જ રહસ્ય છે:

તૂં તૂં કરતા તૂં ભયા, મુઝમેં રહી ન હૂં,
વારા ફેરી બલિ ગઇ, જિત દેખોં તિત તૂં.

એ સાચું છે કે ઐહિક અર્થમાં નિરાકાર, નિર્ગુણ બ્રહ્મ પ્રેમનું અવલંબન બની ન શકે, માત્ર ચિંતનનો જ વિષય થઈ રહે. પરંતુ એ નિરાકારની આ વિશ્વવિસ્તૃત સૃષ્ટિમાં એ મૂળતત્ત્વની સત્તાનો આભાસ મળે છે, એટલે નિર્ગુણ ભક્ત સંસારના સમસ્ત પ્રાણિઓને પ્રેમ અને દયાનાં પાત્ર બનાવી લે છે. કબીરનો પ્રેમ મનુષ્યો સુધી પરિમિત નથી, પરમાત્માની સૃષ્ટિના સમસ્ત જીવ-જંતુ પણ એની સીમામાં આવી જાય છે, કારણ "સબૈ જીવ સાંઇકે પ્યારે હૈ." અંગ્રેજી કવિ કોલરિજે આ જ ભાવને વ્યાપક રીતે પ્રકટ કર્યો છે:

He prayeth best who loveth best
All things both great and small;
For the dear God who loveth us,
He made and loveth all.



કબીરની વિચારધારાનાં મૂળતત્ત્વો જોયા પછી, હવે આપણે એ મૂળતત્ત્વોનાં કેટલાંક આવશ્યક સ્વરૂપોનો વિગતવાર વિચાર કરી લઇએ. આ સ્વરૂપોમાં કબીરનો રહસ્યવાદ, દિવ્ય લગ્નસંબંધની ભાવના, આનંદનું સ્વરૂપ, ગુરૂપૂજન, કબીર અને હઠયોગ, કબીર અને સુફીમત અને અનંત સંયોગની અવસ્થા,–એ એમની વિચાર-આકરના અમૂલ્ય હીરા છે, અને એ હીરાઓના સ્વરૂપદર્શન વિના કબીરની વિચારધારાનું સમ્યક્ જ્ઞાન અશક્ય છે. આ સ્વરૂપોમાંથી 'હઠયોગ' અને 'રહસ્યવાદ' એ ખૂબ વિસ્તાર માગતા હોવાથી આપણે એમને જૂદા જ પ્રકરણમાં છેડીશું. બાકીનાં સ્વરૂપોનો અહીં વિચાર કરીએ.

## દિવ્ય લગ્નસંબંધ

પ્રેમનું તત્ત્વ માનવથી સ્વતંત્ર કોઈ જૂદી સૃષ્ટિમાં પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરતું હોય એમ આપણને લાગે છે. અર્થાત્ આપણને જીવનમાં જેવું દેખાય છે તેવું તેનું ખરૂં સ્વરૂપ ન હોય, અને માનવના માનેલા હેતુઓથી સ્વતંત્ર તેનો કોઈ હેતુ હોય, એ બન્ને સંભવિત છે. પ્રેમનું તત્ત્વ આપણી દુનિયામાં પ્રકટ થાય છે તે ત્રણ દિશામાનથી મર્યાદિત સૃષ્ટિમાં વ્યક્ત થઈ અટકી જતું નથી. એ દલીલ કેટલાક વર્તમાન મીમાંસકો – રશિયન ફિલસુફ ઉસ્પેન્સ્કી અને અંગ્રેજ ચિંતક બર્ટ્રાન્ડ રસેલ – સ્વીકારે છે. તેનું ઉચ્ચતર સ્વરૂપ ત્રણ દિશામાનથી પર હોય એવા કોઈ જગતમાં હોય, એ શક્ય છે. સ્વયંભૂ આનંદનું જીવનમાં વ્યક્ત થતું સ્વરૂપ તે પ્રેમ. દ્વૈતમાં અદ્વૈતનો સાક્ષાત્કાર કરાવનાર કિમિયો તે પ્રેમ, વ્યક્તિ અને વિશ્વ, આત્મા અને પરમાત્મા વચ્ચેના દ્વૈતને ઓગાળનાર રસાયન તે પ્રેમ. કવિવર ટાગોરે એમના 'સાધના' નામના પુસ્તકમાં પ્રેમનું આવું દર્શન કર્યું છે:

"જીવનના સર્વે વિરોધો પ્રેમમાં લય પામે છે. કેવળ પ્રેમમાં જ

એક અને બે પરસ્પર વિરોધી હોતાં નથી. પ્રેમમાં ગતિ અને સ્થિતિ એક બિંદુમાં મળે છે. પ્રેમમાં અનુભવાતી શાન્તિ અતિશય વેગવાન ગતિનો અને ક્રિયાશીલતાનો નમૂનો હોય છે. નરી શાન્તિ અને અવ્યાહત શક્તિ બન્ને પ્રેમમાં એકઠી મળે છે. પ્રેમમાં નફો અને નુકસાન પરસ્પર વિસંવાદી ન હોઇ સંવાદી બની રહે છે. પ્રેમના ચોપડામાં જમા અને ઉધાર બન્ને એક જ બાજુએ લખાય છે, અને ભેટને નફામાં ઉમેરવામાં આવે છે. પ્રેમને એક છેડે વ્યક્તિ અને બીજે છેડે વ્યક્તિત્વરહિતતા – બિનંગતતા આવી રહેલી છે. એક બાજુ આગ્રહભર્યો ઉદ્‌ગાર હોય છે. "આ રહ્યો હું," તેની સામી બાજુએ તેટલો જ બળવાન વિચાર હોય છે. "હું છું જ નહીં." પ્રેમમાં બંધન અને મુક્તિ એક બીજાનાં વિરોધી નથી હોતાં, કારણ કે પ્રેમ સૌથી વધારે મુક્ત છતાં સૌથી વધારે બદ્ધ છે. પ્રેમની ગુલામી પણ તેની મુક્તિના જેવી જ કીર્તિકર હોય છે.

"પ્રેમ એ વિરાટની મહાન શક્તિ છે. તેનાં વિકારી ક્ષુદ્ર અને પાશવ સ્વરૂપો એ માનવની પ્રકૃતિમાં રહેલી અશુદ્ધિઓને આભારી છે. પરંતુ જેમ જેમ પ્રેમ વિશુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરતો જાય છે તેમ તેમ તેનાં ઉચ્ચતર સ્વરૂપો વધારે ને વધારે આગળ પડતાં જાય છે. માનવ જાતિ પ્રત્યેનો પ્રેમ, ભૂતમાત્ર પ્રત્યે અનુકંપા અને પ્રેમ, તથા ભગવાન માટે ઝંખના કરતો પ્રેમ, એ તેનાં ઉચ્ચતર સ્વરૂપો છે. આ ઉચ્ચ પ્રકારનો પ્રેમ આત્મસમર્પણ કરે છે, પરંતુ કશો બદલો વાંછતો નથી. વિશ્વ સકલને ઊર્ધ્વ ગતિ પ્રત્યે ખેંચનાર એ દિવ્ય પ્રેમ છે. અજ્ઞાનભરી દશામાંથી સૃષ્ટિનું તેના સરજનહાર ભણી ધાવું તેનું નામ પ્રેમ. સૃષ્ટિ અને સરજનહાર વચ્ચે પરસ્પર જામેલી એ સંયોગક્રિયા તે પ્રેમ.

"રહસ્યવાદમાં પણ પ્રેમનું આદિ સ્થાન છે, પણ પ્રેમનો આદર્શ કઈ પરિસ્થિતિમાં પૂર્ણ થાય છે, એ વિચારીએ. માતાપુત્ર, પિતાપુત્ર, મિત્રમિત્ર,–એના વ્યવહારમાં એ પૂર્ણ નથી થતો, એનું



કારણ હોય છે. આ સંબંધોમાં સ્નેહની પ્રધાનતા હોય છે. સરળતા, દયા, સહાનુભૂતિ એ સર્વ સ્નેહના સ્થંભો છે. આનાથી હૃદયની ભાવનાઓ એક શાન્ત વાતાવરણમાં વિકસિત થાય છે. જીવો પ્રત્યે સાધુસંતોની કોમળ સહાનુભૂતિ એ સ્નેહનું પૂર્ણ ચિત્ર છે. એનાથી ઇન્દ્રિયો સ્વસ્થ બનીને શાન્તિ અને સરળતાથી પુષ્ટ બને છે, પરંતુ પ્રેમ આ સ્નેહથી ભિન્ન છે. આ પ્રેમમાં એક પ્રકારની મસ્તી હોય છે, નશો હોય છે, ખુમારી હોય છે. ઇન્દ્રિયો મનવાળી બનીને પોતાના આરાધ્યની ખોજ કરે છે. શાન્તિને બદલે ત્યાં વિહ્વળતા હોય છે. આ પ્રકારના પ્રેમની પૂર્ણતા પતિ–પત્નિના સંબંધમાં જ થાય છે. રહસ્યવાદ અને સુફીયતમાં આત્મા–પરમાત્માના પ્રેમની પૂર્ણતા મુખ્ય છે, એટલે એની પૂર્તિ ત્યારે જ થઇ શકે છે, કે જ્યારે આત્મા અને પરમાત્મા વચ્ચે પતિ–પત્નિનો સંબંધ સ્થાપિત થઇ જાય."

આ સંબંધમાં પ્રેમની એક મહાન શક્તિ છુપાયેલી હોય છે. આ પ્રેમને આધારે આત્માને પરમાત્મામાં મળવાની ક્ષમતા આવે છે. આ પ્રેમમાં વાસનાનો વિસ્તાર નથી હોતો, સાંસારિક સુખોની વૃત્તિ પણ નથી હોતી. લૌકિક રતિમાં આત્મામાંથી પ્રેમ નીચે ઉતરી સ્થૂલ દેહમાં સંભોગ અથવા વિપ્રલંભ શૃંગારમાં પરિણમે છે. અલૌકિક માધુર્યભક્તિમાં સ્થૂલ દેહની સ્થૂલ કામવાસના પલટાઈ 'રસમય' પરમાત્માની દિવ્ય મૂર્તિમાં પરા ભક્તિ રૂપે પલટાય છે. લૌકિક રતિનું આલંબન સચેતન શરીર છે, અલૌકિક માધુર્યભક્તિનું આલંબન પરમેશ્વરની રસમયમૂર્તિ છે. અને જીવ–ઈશ્વર વચ્ચે વિલક્ષણ મધુરવાસ સ્થાયી બંધાયેલો હોય છે. એટલે પ્રેમની પૂર્ણતાને માટે આત્મા–પરમાત્માનો આવો પ્રેમસંબંધ અનિવાર્ય છે. હૃદયના સ્પષ્ટ ભાવોની સ્વતંત્ર વ્યંજના થયા વિના પ્રેમની અભિવ્યક્તિ નથી થઈ શકતી. એક પ્રાણમાંથી બીજા પ્રાણમાં ઓગળી જવાની તમન્ના જાગ્યા વિના પ્રેમમાં પૂર્ણતા નથી આવી શકતી. એક ભાવના જ્યાં સુધી બીજી

ભાવનામાં લય નથી પામતી ત્યાં સુધી પ્રેમમાં મસ્તી નથી આવતી. પોતાની આકાંક્ષાઓ, આશાઓ, અભિલાષાઓ સર્વ કંઈ આરાધ્યને ચરણે સમર્પણ કર્યાં વિના પ્રેમમાં સન્નિષ્ઠા નથી આવતી. એટલે જ પ્રેમની આ સ્વતંત્ર વ્યંજતાને પ્રકટ કરવા માટે મોટા મોટા રહસ્યવાદીઓએ અને સુફિયોએ આત્મા અને પરમાત્માના સંબંધને પતિપત્નીના સંબંધ રૂપે જ વિશ્વમાં પ્રકટ કર્યો છે. રહસ્યવાદના પ્રેમમાં આત્મા સ્ત્રી બનીને પરમાત્માને કાજે તલસે છે અને સુફીમતમાં જીવાત્મા પુરુષ બનીને પ્રભુરૂપી સ્ત્રીને કાજે ઝંખે છે. આ જ પ્રેમના સંયોગમાં રહસ્યવાદ અને સુફીવાદની પૂર્ણતા છે. પ્રેમના આ જ સંયોગને દિવ્ય લગ્નસંબંધ કહે છે.

કબીરે પણ પોતાના રહસ્યવાદમાં આત્માને સ્ત્રી માનીને પુરુષરૂપી પરમાત્મા પ્રતિ ઉત્કૃષ્ટ પ્રેમનું નિરૂપણ કર્યું છે. આ પ્રેમના સંયોગમાં જ્યાં સુધી પૂર્ણતા નથી આવતી ત્યાં સુધી આત્મા વિરહિણી બનીને ઝંખ્યાં કરે છે. આ વિરહવ્યથા એ રાધાની કૃષ્ણ માટે હતી, એવી દિવ્ય વિરહવ્યથા છે. શુષ્ક તર્કવાદ વડે જે સાધ્ય નથી તે અહંતાનો દુષ્કર વિલયઃ દિવ્ય પ્રેમભાવમાં સમસ્ત ચૈતન્યનું પીગળી જવું, જડ શરીરની અવિદ્યાભરી પ્રકૃતિમાં દિવ્ય સ્વયંભૂ આનંદની સ્થાપના કરવાની ઝંખના છે. કબીરે વિરહનું વર્ણન એવી વિદગ્ધતા-પૂર્વક કર્યું છે કે આપણને એવું જ લાગે છે કે જાણે એનો આત્મા એ દિવ્ય વિરહવ્યથા તીવ્ર રીતે અનુભવે છે. જે પ્રકારે વિરહિણીના હૃદયમાં એક કલ્પના કરૂણાના સો સો વેષ લઇને આંસુ વહાવ્યાં કરે છે, એ જ રીતે કબીરના મનનો એ એક જ ભાવ કરુણાનાં કેટલાંય સ્વરૂપોમાં પ્રકટ થયો છે. વિરહિણી પ્રતીક્ષા કરે છે, પ્રિયની વાતો સંભારે છે, ગુણવર્ણન કરે છે, વિલાપ કરે છે, આશા અને ધીરજથી મનને આશ્વાસન આપે છે, યાચના કરે છે; એ પ્રભુને અનેક રીતે સંભારે છે અને ઝંખે છે. એની વિરહવ્યથાથી તે તડફડે છે, પોતાની કરુણાજનક અવસ્થા પર પોતે જ વિચાર કરે છે, અને



હજારો આકાંક્ષાઓનો ભાર લઇને, ઉત્સુકતા અને અભીપ્સાઓનો સમૂહ લઇને યાચનાની તીવ્ર ભાવના એકી સાથે પ્રકટ થઇને વાચા ધારણ કરે છે.

નૈના નિઝર લાઇયા, રહટ બસૈ નિસ જામ,
પપિહા જ્યૂં પિવપિવ કરૌં, કબ રે મિલહુગે રામ.

કેટલી કરૂણ યાચના છે! કરૂણામાં ધોવાઇને ભિક્ષુક પ્રાણનું કેવું વિહ્વળ સ્પષ્ટીકરણ છે. આ જ આત્માનો વિરહ છે; જેમાં એ રડી રડીને કહે છે:

બાલ્હા આવ હમારે ગેહ રે,
તુમ બિન દુખિયા દેહ રે.

સબ કો કહૈ તુમ્હારી નારી મો કોં ઇહૈ અદેહ રે,
એકમેક હૈ સેજ ન સોવૈ તબ લગ કૈસા નેહ રે.
આન ન ભાવૈ, નીંદ ન આવૈ, ગ્રિહ બન ધરૈ ન ધીર રે,
જ્યૂં કામી કો કામ પિયારા, જ્યૂં પ્યાસે કો નીર રે.
હૈ કોઇ ઐસા પર ઉપકારી હરિસે કહૈ સુનાઈ રે,
ઐસે હાલ કબીર ભયે હૈ, બિન દેખે જીવ જાઇ રે.

આ વિરહથી આત્માનું અસ્તિત્વ વધારે સ્પષ્ટ થાય છે, અને પ્રભુ ભણી ઊર્ધ્વ ગતિ કરે છે. અંડરહીલે પોતાના "મીસ્ટીસીઝમ" માં લખ્યું છે: "રહસ્યવાદી વારંવાર આપણને એવો જ વિશ્વાસ કરાવે છે કે આનાથી વ્યક્તિત્વ ખોવાઈ નથી જતું, પણ વધારે સત્ય બને છે." *

કબીરની વિરહવ્યથાનાં થોડાંક વિશેષ ઉદાહરણો જોઇએ, એટલે એ દિવ્ય વલવલાટની વેદનાનું સ્વરૂપ કંઇક સ્પષ્ટ થશે.

---

* "Over and over again they assure us that personality is not lost, but made more real."

ઋતુ ફાગુન નિયરાની
કોઇ પિયાસે મિલાવે,
પિયાકો રૂપ કહાં લગ બરનું,
રૂપહી માંહી સમાની.
જો રંગ રંગે સકલ છબી છાઇ
તન મન સભી ભૂલાની.
યોં મત જાને યહિ રે ફાગ હૈ
યહ કુછ અકથ કહાની.
કહે કબીર સુનો ભાઇ સાધો
યહ ગત વિરલે જાની.

× × ×

પિયા મેરા જાગે,
મેં કૈસે સોઇરી,
રાત દિવસ હમકો બુલાવે
મેં ન સૂતી રચ રહી સંગ જારરી.
કહે કબીર સુનો સખી સયાની:
બિન પ્રેમ પ્રિયા મિલે ન મિલાનીરી.

× × ×

નિશ દિન સાલે ઘાવ, નીંદ આવે નાહિ,
પિયા મિલનકી આસ, નૈહર ભાવે નહિ.
ખુલ ગયે ગગન કિંવાડ, મંદિર ઉજીયાર ભયો,
ભયો હૈ પુરૂષસે ભેટ, તન મન બાર દયો.

× × ×

કૈસે જીવેગી વિરહની પિયા બિન,
કીજે કોન ઉપાય?



દિવસે ન ભૂખ, રૈન નહિ સુખ હૈ,
જૈસે કલજુગ જામ.
ખેલત ફાગ છાંડ ગયો સુંદર,
તજ ચલે ધન, ઓર ધામ,
વન ખંડ જાય નામ લો લાવો
મિલ પિયા સુખ પાય,
તડપત મીન વિના જલ જૈસે
દરશન લીજે ધાય,
વિના આકાર રૂપ નહિ રેખા,
કોન મિલેગી આય.
આપન પુરૂષ સમજ લે સુંદરી
દેખો તન નિરતાય,
રાગ સ્વરૂપી જીવ પિયા બુઝો
છાંડો ભર્મકી ટેક,
કહે કબીર આવ નહિ દુજા
યુગ યુગ તુમ હમ એક.

× × ×

મિલના કઠિન હૈ કૈસે મિલુંગી પિયા જાય,
સમજ સોચ પગ ધરૂં યતનસે બાર બાર ડીગ જાય.
ઉચી ગૈલ રાહ રૂપટીલી પાવ નહિ ઠહરાય,
લોકલાજ કુલકી મરજાદા દેખત મન સકુચાય.
કહાં રે સાંઇ વસૂં પીયરમેં,
લાજ તજી ન જાય.

શમસ્ત તબરીજે પરમાત્માને પત્ની માનીને પોતાની વિરહવ્યથા આ રીતે પ્રકટ કરી છે: "આ પાણી અને માટીના ઘરમાં તારા

વિના આ હૃદય ખરાબ છે. કાં તો તું ઘરમાં આવ, નહિ તો હું આ ઘર છોડી દઉં છું."*

કબીરે કહ્યું છે:

કહૈ કબીર હરિ દરસ દિખાઓ,
હમહિં બુલાવો, કિ તુમ ચલ આઓ.

આ પ્રકારના વિરહમાં આત્મા જ્યારે પોતાના સર્વ વિકારોનો નાશ કરે છે, પોતાનાં આંસુઓથી પોતાની દુષ્ટતા ધોઇ નાંખે છે, પોતાની ઝંખનાના અગ્નિમાં દુર્ગુણોને બાળી નાંખે છે, ત્યારે પ્રભુને દ્વારે જઇને એનાં દર્શનને માટે યોગ્ય બને છે.

પરમાત્માને શરાબ-પાણીની જેમ મળતાં પહેલાં આત્માનું પરમાત્માથી જે સામીપ્ય થાય છે તેને જ આધ્યાત્મિક ભાષામાં દિવ્ય લગ્નસંબંધ કહે છે. આ સ્થિતિમાં આત્મા પોતાની સમસ્ત શક્તિઓ પ્રભુને સમર્પિત કરી દે છે, પોતાની સર્વ ભાવનાઓ પ્રભુની વિભૂતિમાં લીન કરી દે છે અને પોતે પરમાત્માની આજ્ઞાંકિત સ્વરૂપિણી બની રહે છે. તીવ્ર વિરહવ્યથા પછી જ્યારે આત્માને પ્રભુની અનુભૂતિ થવા માંડે છે ત્યારે એ ઉમંગથી બોલી ઉઠે છે:

બહુત દિનન થેં મૈં પ્રીતમ પાયે,
ભાગ બડે ઘર બૈઠે આયે.
મંગલચાર માંહિ મન રાખોં,
રામરસાઇણુ રસના ચાખોં.

* દર ખાના એ આવો ગિલ
વે મુસ્ત ખરાબ ઇ દિલ
યા ખાના દર આ એં જાં
યા ખાના બિપર દાજમ
દીવાની શમસ્ત તબરીજ



મંદિર માંહિ ભયા ઉજિયારા,
મૈં સૂતી અપના પીવ પિયારા.
મૈં રવિ રાસી જે વિધિ પાઇ,
હમહિ કહા યહુ તુમહિ બઢાઇ.
કહૈ કબીર મૈં કછૂ ન કીન્હા,
સખી સુહાગ રામ મોહિં દીન્હા.

આવી અવસ્થામાં એને એક પ્રકારનો અપૂર્વ આનંદ થાય છે. એને પરમાત્માની ઉચ્ચતા અનુભવાય છે, અને પોતાની ઉત્સુકતાની સાર્થકતા જણાય છે. આ ઉત્સુકતામાં આખું જીવન એક ચક્રની જેમ ઘુમકી ખાયાં કરે છે. આત્મા પોતાના આનંદમાં મસ્ત બનીને પ્રભુની દિવ્ય શક્તિઓનો સાક્ષાત્કાર કરે છે. એ અપૂર્વ ખુમારીમાં આનંદ અને ઉલ્લાસની એક મતવાલી ધારા વહેવા માંડે છે. માધુર્યમાં જ એની સમસ્ત પ્રવૃત્તિઓ સમાઇ જાય છે, માધુર્યમાં જ એનું સર્વ તત્ત્વ મળી જાય છે, માધુર્યમાં જ એનું અસ્તિત્વ ક્ષય પામે છે.

આ જ દિવ્ય લગ્નસંબંધ – પ્રેમસંબંધની સાર્થકતા છે.

## આનંદ

આત્મા જ્યારે પરમાત્માની વિભૂતિઓનો અનુભવ કરવા અગ્રેસર થાય છે, ત્યારે એમાં કેટલી ઉત્સુકતા, કેટલો ઉમંગ હોય છે? એ ઉત્સુકતા અને એ ઉમંગમાં એની સર્વ ભાવનાઓ જાગી ઉઠે છે, અને દિવ્ય અનુભૂતિને કાજે વ્યગ્ર થઇ જાય છે. આત્મા જ્યારે પોતાના વિકાસના પથ પર પ્રભુની દિવ્ય શક્તિઓને જૂએ છે ત્યારે એને એક અલૌકિક આનંદનો પ્રવાહ સાંસારિક તત્ત્વોમાંથી ખેંચી લે છે, એટલે જ રહસ્યવાદીઓ સંસારના બાહ્ય ચિત્રને ઉપેક્ષાની દૃષ્ટિએ જૂએ છે:

રે યામેં ક્યા મેરા, ક્યા તેરા,
લાજ ન મરહિ કહત ઘર મેરા.
(કબીર)

એ જ્યારે એક વાર પ્રભુના અલૌકિક સૌન્દર્યને પોતાનાં દિવ્ય ચક્ષુઓ વડે નીરખે છે, ત્યારે એના હૃદયમાં સંસારને માટે પછી મોહ નથી રહેતો. સંસારની સુન્દરમાં સુન્દર ચીજ એને મોહિત નથી કરી શકતી. એ એને માયાની જંજાળ માને છે. આત્માને મોહમાં ફસાવનાર ઇન્દ્રધનુષ્ય માને છે. બીજું કારણ એ પણ છે કે પરમાત્માની વિભૂતિઓ એને પોતાના સૌન્દર્યપાશમાં એવી રીતે બાંધી લે છે કે બીજી બાજુ જોવાનો એને અવકાશ જ નથી રહેતો. એના હૃદયમાં આનંદની એ રાગિણીના સૂર ગુંજે છે કે એની સામે સંસારના અતિ આકર્ષક સૂરો પણ નીરસ લાગે છે. એ ઇશ્વરના ધ્યાનમાં એટલો મસ્ત થઈ જાય છે કે સંસાર એને પછી પાછો ખેંચી શકતો નથી.

અહીં એક વાત સ્પષ્ટ કરવાની જરૂર છે. જે આત્માએ આ આનંદને પોતાની સ્થૂલ ભૂમિકા સુધી સ્થાપિત કર્યો છે, તે સદા મસ્ત આત્મા સંસારનો બહિષ્કાર નથી કરતો. કારણ એ માને છે કે સંસારનું સૌન્દર્ય પણ એ અનન્ત સૌન્દર્ય પ્રતિ જવાનું એક સાધન છે.

કબીરનો આત્મા આ પ્રકારનો હતો. કબીરે સંસારની અજ્ઞાનતા વર્ણવીને પણ સંસારનો ત્યાગ નથી કર્યો. સંસારમાં રહીને એમણે પોતાની જીવનસિદ્ધિ સાર્થક કરી છે.

પરમાત્માને માટેની ઝંખનામાં એક પ્રકારનો જે અલૌકિક આનંદ મળે છે તેમાં પ્રત્યેક રહસ્યવાદી લીન રહે છે. આ આનંદ બે પ્રકારનો હોય છેઃ સ્થૂલ આનંદ અને દિવ્ય આનંદ. સ્થૂલ આનંદમાં શરીરની સર્વ શક્તિઓ ઇશ્વરની અનુભૂતિથી પ્રસન્ન થાય



છે, આનંદ અને ઉલ્લાસમાં લયલીન બની જાય છે. દિવ્ય આનંદમાં શરીરની સર્વ શક્તિઓ લુપ્ત થવા માંડે છે, શરીર મૃતપાય જેવું લાગે છે, ચેતના શૂન્ય થવા માંડે છે, માત્ર હૃદયની ભાવનાઓ અનંત શક્તિના આનંદમાં ઓતપ્રોત થઈ જાય છે.

અંડરહીલે એમના પુસ્તકમાં આ આનંદની ત્રણ અવસ્થાઓ માની છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક. પણ ખરી રીતે એ ત્રણ અવસ્થાઓ બે વિભાગમાં જ વહેંચાઈ જાય છે, સ્થૂલ અને દિવ્ય.

પહેલાં આપણે આનંદનું રૂપ શારીરિક સ્થિતિમાં જોઇએ. જ્યારે આત્માએ એક વાર પ્રભુની અલૌકિક શક્તિઓ સાથે પરિચય કરી લીધો ત્યારે એ પરિચયની સ્મૃતિમાં હૃદયની સમસ્ત ભાવનાઓ આનંદમય થઇ જાય છે. એની અસર પ્રત્યેક ઇન્દ્રિય પર પડે છે. એ સમયે રહસ્યવાદી પોતાનાં અંગોમાં એક પ્રકારનો અપૂર્વ અનુભવ કરે છે. એનું પ્રત્યેક અવયવે અવયવ આનંદથી સ્ફુરિત થઇ જાય છે. અંગ-પ્રત્યંગમાં રોમાંચ ઉઠે છે.

કબીરે આ આનંદનું સુંદર વર્ણન કર્યું છેઃ

હરિ કે પારે બડે પકાયે, જિનિ જાયે તિન ખાયે,
ગ્યાન અચેત ફિરૈં નર લોઇ
તા થૈ જનમિ જનમિ ડહકાયે.
ધોલ મંદલિયા બૈલર બાખી
કઉઆ તાલ બજાવૈં,
પહરિ ચોલ જાંગા દહ નાચૈ,
ભૈંસા નિરતિ કરાવૈ;
સ્યંધ બૈઠા પાન કતરૈ,
ધૂંસ ગિલૌરા લાવૈ,

ઉદરી બપુરી મંગલ ગાવૈ
કછૂ એક આનંદ સુનાવૈ.
કહે કબીર સુનહુ રે સંતો!
ગડરી પરબત ખાવા,
ચકવા બૈઠિ અંગારે નિગલૈ
સમંદ આકાસા ધાવા.

કબીરે ભિન્ન ભિન્ન ઇન્દ્રિયોના ઉલ્લાસનું નિરૂપણ ભિન્ન ભિન્ન જનાવરોના કાર્ય-વ્યાપારો દ્વારા કર્યું છે. જ્ઞાનેન્દ્રિયો અથવા કર્મેન્દ્રિયોના વિલક્ષણ ઉલ્લાસનું વર્ણન સંસારના કયા રૂપક દ્વારા કરી શકાય? શારીરિક આનંદની વિચિત્રતાને માટે "સ્યંધ બૈઠા પાન કતરૈ, ધૂંસ ગિલૌરા લાવૈ" વિના બીજી શી રીતે બતાવી શકાય! રહસ્યવાદીએ આ વિલક્ષણતા બરાબર એવી લાક્ષણિક રીતે પ્રકટ કરી છે. આ શારીરિક આનંદનું ઉદાહરણ થયું.

દિવ્ય આનંદમાં આત્મા આ સંસારના જીવનમાં એક અલૌકિક જીવનની સૃષ્ટિ રચે છે. આ સ્થિતિમાં આત્મા કેવળ એક જ વસ્તુમાં કેન્દ્રીભૂત થઇ જાય છે. અને એ છે પરમાત્માના પ્રેમની અનુભૂતિઃ

રામરસ પાઇયા રે તાથેં બિસરિ ગયે રસ ઔર.
(કબીર)

એ સમયે બાહ્યેન્દ્રિયો સાથે આત્માનો સંબંધ નથી રહેતો. એ અલૌકિક આનંદમૂર્છા-આનંદસમાધિ હોય છે. આત્મા એ સમયે સ્વતંત્ર થઇને પોતાના પ્રેમમય દિવ્ય જીવનની સૃષ્ટિ રચે છે. આવી સ્થિતિમાં આત્મા ભાવોન્મોહમાં શરીર સહિત મૂર્છિત-સમાધિસ્થ પણ થઇ જાય છે. એ વખતે આત્મા સંસારનો કોઇ ધ્વનિ ગ્રહણ કરી શકતો નથી, અને શરીર પણ કોઈ કાર્ય સભાન રીતે કરી શકતું નથી. આત્મા અને શરીરની આ એકત્ર આનંદસમાધિ, એ રહસ્યવાદીની ઉત્કૃષ્ટ અને અનુપમ સાર્થકતા છે.



આત્માની આ અવસ્થા પહેલાં અથવા પછી ભાગવત પ્રેમનો સ્રોત એટલા વેગથી ઉમટે છે કે એની ગતિમાં સંસારની કોઈ ભાવના ઉતરી શકતી નથી. એ વખતે આત્મામાં પરમાત્મતત્ત્વ હોય છે. એ અલૌકિક પ્રેમપ્રવાહમાં એટલી શક્તિ હોય છે કે એ આત્માની સામે એક અવ્યક્ત અલૌકિક સત્તાનું ચિત્ર ઉપજાવી દે છે. આત્મામાં રહેલી ઇશ્વરીય સત્તા સ્પષ્ટ રૂપે એની સામે આવી જાય છે.

કબીરે આ દિવ્ય આનંદનું વર્ણન વિવિધ સ્વરૂપે અને પ્રકારે કર્યું છે, અને મિલનના મધુર આનંદની અપૂર્વ તૃપ્તિને અનેક રૂપે ગાઇ છેઃ

દૂલહિની ગાવહૂ મંગલ ચાર
હમ ઘર આયે પરમ ભરતાર.
તન રત કરી મેં મન રત કરી હો,
પંચ તત્વ તબ રાતી,
વાલમ મેરે પાહુ ન આયે,
મેં જોબન મેં માતી.
સરીર સરોવર તીરથ કરી હોં
બ્રહ્મ વેદ ઉચ્ચારે,
વાલમ કે સંગ મિલન લઇ હોં
ધન ધન ભાગ હમારે.
સુર તેંતીસ કૌતુક આયે
પ્રેમી સબ જગ વાસી,
કહે કબીર હમ બ્યાહિ ચલે હૈ
વાલમ એક અવિનાશી.

× × ×

શરીર મહલમેં બાજા બાજે
હોત છત્તીસોં રાગ,

સૂરત સમી જહાં દેખત તમાસા,
વાલમ ખેલે ફાગ.
અપને પિયા સંગ હોલી ખેલે
લજ્જા ભય નિવાર,
સારે જગમેં હોત કુતૂહલ
ઝરે રાગ અનુરાગ.

× × ×

કાયા નગર માંહે રે
સાંઇ ખેલે હોરી;
ગાવત રાગ સરસ સૂર સોહે,
અતિ આનંદ ભયો રે,
શરીર મહલમેં બાજે બાજા
જગમગ જ્યોત ઉજિયાર;
સહજ રંગ રચ રહ્યો સકલ તન
છૂટન નાહિ કરેરી,
અનહદ બાજે બજે મધુર ધૂન
બીન કરતાલ તંબૂરા,
બીન રસના જહાં રાગ છતીસેં
હોય મહાનંદ પૂરા.

× × ×

મેરે સાહેબ આયે આજ
ખેલન ફાગરી,
બાની વિમલ સગુન સબ બોલે
અતિસુખ મંગલ રાગરી;
શબ્દ સુનત અનુરાગ હોય હૈ
કયા સોવે ઉઠ જાગરી,



પાની આદર પવન બિછૌના
બહુત કરે સનમાનરી.

× × ×

પ્યારે હમ ઘર કાન્ત સુજાવ
ખેલે રંગ હોરી,
જનમ જનમ કી મિટી હૈ કલ્પના
પાયો જીવન પ્રાણરી;
બાજત તાલ મૃદંગ ઝાંફ ડફ
અનહદ શબ્દ ગુલઝારરી,
ખેલન ચલી પંથ પ્રીતમ કે
તનકી તપન સઈરી.
પ્રીતમ મીલે આપ વિસરાયો
લાગ્યો ખેલ અપારરી,
સુખસાગર અસ્નાન કિયો હૈ
ફગુવા પાયો કબીરરી.

× × ×

પિયા મોરા મિલિયા
મેં હુઇ દિવાની,
સબસે વ્યાપક, સબસે ન્યારા,
સહજ અંતરયામી.
સહજ સિંગાર પ્રેમકા આસ્તક
સુરત નિરત ભર આની,
ઐસા પ્રિય હમ કબહુ ન દેખા
સુરત દેખ લુભાની;
કહે કબીર મિલા ગુરૂ પૂરા
તનકી તાપ બુઝાની.

અને કબીર પછી આ અવસ્થાને સૌન્દર્યશિખરે પહોંચાડે છે.

જલિ જાઈ થલિ ઉપજી
　　આઇ નગરમેં આપ,
એક અચમ્ભા દેખિયા
　　બિટિયા જાયો બાપ.

પ્રેમની પરમ સીમામાં, આધ્યાત્મિક આનંદના પ્રવાહમાં આત્મા જે પરમાત્મામાંથી ઉત્પન્ન થયો છે તે પોતાનામાં પરમાત્માની સ્થાપના કરે છે; દિકરી બાપને જન્મ આપે છે. આ જ એ દિવ્ય આનંદની ઉચ્ચતમ સીમા છે. આત્મા એ સમયે પોતાનું વ્યક્તિત્વ ભૂલીને, દિવ્ય આનંદમાં મસ્ત બનીને અનન્ત સત્યની ગોદમાં સમાઈ જાય છે જ્યાં પ્રેમ શિવાય બીજું કંઇજ નથી.

## ગુરુ

સ્વામી રામાનંદના પગની ઠોકર ખાઇને પ્રભાતના પહોરે કબીરે જે ગુરુ મંત્ર લીધો હતો એમાં ગુરુ પ્રતિ કેટલી શ્રદ્ધા અને કેવી ભક્તિ હતી! રામમંત્રની સાથોસાથ ગુરુનું સ્થાન કબીરના હૃદયમાં ખૂબ ઉંચું હતું. એમના વિચાર પ્રમાણે ગુરુ તો ઇશ્વરથી પણ મોટા છે. એની સહાય વિના આત્માની શુદ્ધિ થઇ શકતી નથી, અને આત્માની શુદ્ધિ વિના પરમાત્માની પ્રાપ્તિ નથી થતી. એટલે જે વ્યકિત પરમાત્માના મીલનમાં આવશ્યક છે, જે શકિત અનન્ત સંયોગને કાજે અનિવાર્ય છે, એ શક્તિનું કેટલું મૂલ્ય છે, એ શબ્દોમાં શી રીતે વર્ણવી શકાય! ગુરુની કૃપા જ આત્માને પરમાત્માની સાથે મળવાના માર્ગ પર લાવે છે. એટલે જે ગુરુ દિવ્ય દૃષ્ટિ આપે છે અને ઇશ્વરને માર્ગે દોરીને લઈ જાય છે તે ઇશ્વરથી પણ વધુ પૂજ્ય છે. એટલે કબીરના હૃદયમાં શંકા થાય છે કે ગુરુ ને ગોવિંદ બન્ને ઉભા છે, એમાંથી પહેલાં કોની ચરણરજ મારે લેવી. અંતે ગુરુનો જ ચરણ સ્પર્શ કરે છે, જેણે ગોવિંદનાં દર્શન કરાવ્યાં છે.



ગુરુ ગોવિન્દ દોનુ મીલે, કીસકું લાગુ પાય,
બલિહારી ગુરૂ નામકી જિન્હેં ગોવિન્દ દિખાય.

કબીરે ગુરુના મહત્વને ઘણી રીતે વર્ણવ્યું છે. ગુરૂ વિના ઇશ્વરનું જ્ઞાન અસંભવિત છે એવું એણે ઉચ્ચાર્યું છે. "ગુરૂ બિન ચેલા જ્ઞાન ન લહૈ," નો સિદ્ધાન્ત સદૈવ એમની દૃષ્ટિ સામે હતો. કબીરના વિચાર પ્રમાણે ગુરૂ આત્મા અને પરમાત્માની વચ્ચે મધ્યસ્થ છે. એ જ બન્નેનો સંયોગ કરાવે છે. સંયોગાવસ્થામાં પછી ગુરૂની આવશ્યકતા ન રહે, પરંતુ જ્યાં સુધી આત્માનો પરમાત્માની સાથે સંયોગ થતો નથી ત્યાં સુધી ગુરૂનો સદૈવ સથવારો હોવો જોઇએ. કબીરે પોતાના રેખતાઓમાં ગુરૂની પ્રશંસા મન મૂકીને કરી છે:

　　ગુરુદેવ બિન જીવ કી કલ્પના ના મિટૈ.
ગુરુદેવ બિન જીવ કા ભલા નાહી,
　　ગુરુદેવ બિન જીવ કા તિમિર નાસૈ નહિ.
સમુઝી બિચાર લે મનૈ માંહી
　　રાહ બારીક ગુરુદેવ તેં પાઇએ.
જનમ અનેક કી અટક ખોલૈ
　　કહૈ કબીર ગુરુદેવ પૂરન મીલૈ
જીવ ઔર સીવ તબ એક તોલે.

---

કરૌ સતસંગ ગુરુદેવ સે ચરન ગહિ
　　　જાસુ કે દરસ તેં ભર્મ ભાગૈ,
સીલ ઔ સાંચ સંતોષ આવે દયા,
　　　કાલકી ચોટ ફિર નાહિં લાગૈ.
કાલકે જાલમેં સકલ જીવ બાંધયા,
　　　બિન જ્ઞાન ગુરુદેવ ઘટ અંધિયારા,
કહૈ કબીર જન જનમ આવૈ નહીં,
　　　પારસ પરસ પદ હોય ન્યારા.

ગુરુદેવ કે ભેવ કો જીવ જાને નહીં,
જીવ તો આપની બુદ્ધિ ઠાનૈ.
ગુરુદેવ તો જીવકો કાઢિ ભવસિંધ તેં
ફેરિ લૈ સુખ કે સિંધ આનૈ.
બન્દ કરિ દૃષ્ટિ કો ફેરિ અંદર કરૈ,
ઘટકા પાટ ગુરુદેવ ખોલૈ,
કહત કબીર તૂ દેખ સંસાર મેં
ગુરુદેવ સમાન કોઇ નાંહિ તોલૈ.

સર્વ રહસ્યવાદીઓએ આત્માની પ્રારંભિક યાત્રામાં ગુરુની અનિવાર્યતા સ્વીકારી છે. જલાલુદ્દીન રૂમીએ પોતાની મસનવી ભાગ ૧ માં પીર(ગુરુ)ની પ્રશંસા લખી છે:

એ સત્યના વૈભવ, હુસામુદ્દીન, કાગળનાં થોડાં પાનાં વધારે લે, અને પીરના વર્ણનની કવિતામાં એમને જોડી દે.

જો કે તારા નિર્બળ શરીરમાં જરાય શક્તિ નથી, તથાપિ (તારી શક્તિના) સૂર્ય વિના અમારી પાસે પ્રકાશ નથી.

પીર (પથપ્રદર્શક) ગ્રીષ્મ (જેવા) છે, બીજી વ્યક્તિ શરત્કાલ (જેવી) છે. બીજી વ્યક્તિ રાત્રિ સમાન છે અને પીર ચન્દ્ર છે.

મેં મારા નાના ભંડાર(હુસામુદ્દીન)ને પીર(વૃદ્ધ)નું નામ આપ્યું છે. કારણુ કે એ સત્યથી વૃદ્ધ બન્યા છે, સમયે એમને વૃદ્ધ બનાવ્યા નથી.

એટલા વૃદ્ધ છે જેનો આદિ નથી, એવા અપૂર્વ મોતીની બીજી જોડી નથી.

ખરી રીતે પુરાતન શરાબ વધુ શક્તિશાળી છે. પુરાતન સોનું અધિક મૂલ્યવાન છે.

પીર પસંદ કરો, કારણુ કે પીર વિના આ યાત્રા ખૂબ કષ્ટમય, ભયાનક અને વિપત્તિપૂર્ણ છે.



સાથી વિના જે સડક ઉપર તમે અનેક વાર ચાલી ચૂક્યા છો, ત્યાં પણુ તમે ઉદ્‌ભ્રાન્ત થઈ જશો.

જે માર્ગને તમે બીલકુલ જોયો નથી, એના પર એકલા ન ચાલશો. તમારા માર્ગદર્શક પાસેથી તમારી દૃષ્ટિ ન હઠાવશો.

મૂર્ખ ! જો એની છાયા (રક્ષા) તારા ઉપર નહીં હોય તો શયતાનનો કર્કશ ધ્વનિ તારા મગજને ચક્કર ચક્કર ફેરવશે. શયતાન તને એ માર્ગેથી બહેકાવીને લઇ જશે અને તને 'વિનાશ' માં નાંખી દેશે. આ રસ્તે બીજા ઘણાઓનો વિનાશ આવી રીતે થયો છે.

સાંભળ (શીખ) કુરાનમાંથી–એ યાત્રિયોનો વિનાશ! નીચ ઇબલિસે એમની સાથે કેવો વ્યવહાર કર્યો છે!!

એ એમને રાત્રે ખૂબ દૂર લઈ ગયો, સેંકડો હજારો વર્ષોની યાત્રામાં–એમને દુરાચારી બનાવીને નગ્ન કરી દીધા (શુભ કાર્યો રહિત).

એમનાં હાડકાં જો! એમના વાળ જો! શીખ લે અને તારા તરફ ગધેડાને ન હાંકતો. તારા ગધેડા(ઇન્દ્રિયો)ની ગરદન પકડીને તું એને એમની પાસે લઈ જા; જેઓ એ માર્ગ જાણે છે અને એ માર્ગ પર જેમનો અધિકાર છે. ખબરદાર! તારૂં ગધેડું ન જવા દઈશ, અને તારા હાથ એ ધર પરથી ન હઠાવીશ, કારણુ કે એનો પ્રેમ એ જ સ્થાનથી છે, જ્યાં લીલાં પાંદડાંઓ ઘણાં હોય છે.

જો તું એક ક્ષણને કાજે પણુ બેખબરથી એને છોડી દઈશ, તો એ પેલા હરિયાળા મેદાન ભણી દૂરદૂર ચાલ્યો જશે. ગધેડું એ એ માર્ગનો શત્રુ છે, એ ભોજનના પ્રેમથી પાગલ છે. ઓહ! એવા ઘણા છે, જેમનો એણે સર્વનાશ કર્યો છે.

જો તું રસ્તો નથી જાણુતો તો જે કંઇ ગધેડું કરે તેનાથી ઉલ્ટું કર. એ જરૂર સાચો રસ્તો હશે.

(પેગમ્બરે કહ્યું) એમની (સ્ત્રીઓ) સંમતિ લે અને પછી એ જે કહે તેનાથી ઉલ્ટું કર. જે એમની અવગણના નથી કરતો તે વિનાશ પામે છે.

(શારીરિક) વાસનાઓ અને ઇચ્છાઓનો દોસ્ત ન બન; કારણ એ પ્રભુમાર્ગેથી દૂર લઈ જાય છે.

કબીરે પણ ગુરુને સદા પોતાના માર્ગદર્શક માન્યા છે.

પાસા પકડ્યા પ્રેમકા
          સારી કિયા સરીર,
સતગુરુ દાવ બતાઇયા
          ખેલે દાસ કબીર

મધ્વાચાર્યના દ્વૈતવાદમાં જે રીતે આત્મા અને પરમાત્માની વચ્ચે 'વાયુ'નું સ્થાન છે, એ પ્રકારે કબીરના ઇશ્વરવાદમાં ગુરુનું સ્થાન છે. કબીરે જે ગુરુને ઇશ્વરના પ્રતિનિધિ માન્યા છે તેની ઓળખ શી છે?

(ક) જ્ઞાન એનો શબ્દ હો. લૌકિક અને વ્યાવહારિક જ નહીં, પરંતુ આધ્યાત્મિક પણ એમાં એવી શક્તિ હો કે પતિતમાં પતિત આત્મામાં જ્ઞાનનો સંચાર કરી એને સત્યને માર્ગે ચઢાવે. એના હૃદયમાં જ્ઞાનનો પ્રવાહ એટલો પ્રચંડ હો કે શિષ્ય એમાં વહી જાય. એના જ્ઞાનથી આત્માનો અંધકાર દૂર થઈ જાય અને તે પોતાની આસપાસની વસ્તુઓને સ્પષ્ટ નીરખે, અને એને ખબર પડી જાય કે એ કઇ બાજુ જાય છે, પાપ અને પુણ્ય કોને કહે છે, ઉન્નતિ તથા અવનતિનું શું તાત્પર્ય છે, અને લૌકિક તથા અલૌકિકમાં શો અન્તર છે.

આત્માને પ્રકટ કરવાનાં શાં સાધન છે?

પીછે લાગા જાઇથા,
          લોક વેદ કે સાથ,



આગે થૈં સતગુરુ મિલ્યા
          દીપક દિયા હાથ.

× × ×

માયા દીપક નર પતંગ
          ભ્રમિ ભ્રમિ ઇવૈ પડંત,
કહે કબીર ગુરુજ્ઞાન થૈ
          એક આધ ઉબરંત.

(ખ) માર્ગદર્શન એ એનું વ્રત હો. દિવ્યજ્ઞાનને માર્ગે જ્યાં પગલેપગલે આત્માને ઠોકરો ખાવી પડે છે, આત્મા રસ્તો ભૂલી જાય છે ત્યાં સ્પષ્ટ અને સાચો માર્ગ બતાવવો, એ ગુરુનું કામ છે. માયામોહની મૃગતૃષ્ણામાં, સ્ત્રીના સુકુમાર શરીરની લાલસામાં, કપટ અને છળની ક્ષણિક આનંદલિપ્સામાં આત્મા કદિ પણ નિર્બળ બની જાય ત્યારે એનામાં જ્ઞાનનું અજવાળું પૂરીને એને ફરીથી સચેતન અને સમર્થ બનાવે. શિષ્યની સામે એ સ્પષ્ટ બતાવી દે કે,

કાયા કમંડલ ભરિ લિયા
          ઉજ્જ્વળ નિર્મલ નીર;
તન મન જોબન ભરિ પિયા,
          પ્યાસ ન મિટી સરીર

એનામાં એવું તેજ ભરી દે કે જેનાથી એના અંતરમાં જ નહીં, પણ એની ચારે બાજુ પ્રકાશ પ્રકાશ થઇ રહે, જેથી માર્ગ પણ પ્રકાશમાન થઇ જાય. શિષ્યમાં માયાની અનુરક્તિ ન હોવી જોઇએ:

કબીર માયા મોહની સબ જગ ઘાલ્યા ઘાંણિ,
સતગુરૂ કી કિરપા ભઇ, નહિ તો કરતિ ભાંડ.

એ દંભ ન કરે

          વૈસનો ભયા તૌ કયા ભયા?
          બૂઝા નહીં વિવેક,

છાપા તિલક બનાઇ કરિ
દગધા લોક અનેક.

એ કુસંગે ન ચઢે
નિરમલ બૂંદ આકાશ કી
પડી ગઇ ભોમિ વિકાર.

કોઇની એ નિંદા ન કરે
દોષ પરાયે દેખ કર
ચલા હસંત હસંત,
અપને ચ્યંત ન આવઇ
જિનકી આદિ ન અન્ત.

આવા સમર્થ ગુરુનું વર્ણન ઘેરંડ સંહિતાના ત્રીજા ઉપદેશમાં પણ છે. એવા ગુરુ ઇશ્વરાનુભૂતિની મહાન શક્તિ છે. ઇશ્વરની અનુભૂતિ પ્રાપ્ત કરીને જ્યારે ગુરુ શિષ્યને પ્રભુના દિવ્ય પ્રકાશથી પરિચિત કરી દે છે, ત્યારે ગુરુનું કાર્ય સમાપ્ત થઈ જાય છે, અને આત્મા સ્વયં ઇશ્વરને માર્ગે આગળ વધે છે. પછી મધ્યસ્થની જરૂર નથી રહેતી. ગુરુની સહાય અને કૃપાથી આત્મા પોતાને પરમાત્મા સાથે મેળવી દઇને અનંત સંયોગમાં લીન થઇ જાય છે:

મધ્ય આકાશ આપ જહાં બૈઠે
જોત શબ્દ ઉજિયારા હો,
સેન સ્વરૂપ રાગ જહાં ફુલે
સાંઇ કરત વિહારા હો.
કોટિ ન સૂર ચન્દ છિપે જહાં,
એક રોમ ઉજિયારા હો;
વહી પાર એક નગર બસત હૈ
બરસત અમૃત ધારા હો.
કહે કબીર સુનો ધરમદાસા
લખો પુરૂષ દરબારા હો.



## સુફીમત

રહસ્યવાદનું અંતિમ લક્ષ્ય છે આત્મા અને પરમાત્માનું મીલન. આ મીલનમાં એક વાત જરૂરી છે અને એ આત્માની પવિત્રતા. જો આત્મામાં ઇશ્વરને મળવાની ઉત્કૃષ્ટ આકાંક્ષા હોય છતાં પવિત્રતા ન હોય તો એ મીલન શકય નથી બનતું. પવિત્રતામાં જે શક્તિ છે તે માત્ર આકાંક્ષામાં નથી. આ પવિત્રતાનું મૂળ તત્ત્વ છે. વાસના, છલ, કુરૂચિ અને અસ્તેયનો બહિષ્કાર. વાસનાનો કલુષિત વ્યભિચાર હૃદયને મલીન ન કરે, છલનો વ્યવહાર મનના વિચારોને વિકૃત ન કરી દે, કુરૂચિની કદરૂપના હૃદયની પ્રવૃત્તિઓને બૂરા માર્ગ પર ન લઇ જાય અને અસ્તેયનો અંધકાર હૃદયમાં દોષોનો સમૂહ એકત્ર ન કરે, તો જ આત્મા પોતાની સ્વાભાવિક, સહજ સાધનાથી જીવનના અંગેઅંગમાં પ્રકટ થઇ જાય છે. આ પ્રકટીકરણની જનેતા પવિત્રતા છે.

જલાલુદીન રૂમીએ પોતાની મસનવીના ૩૪૬૦ મા પદમાં કહ્યું છે કે "તું તારા અહમ્‌ની વિશેષતાઓથી દૂર રહીને પવિત્ર બન, કે જેથી તું મેલ રહિત બનીને ઉજ્જ્વલ તત્ત્વને જોઈ શકે."

આ પવિત્રતા અન્તર અને બાહ્ય બન્ને જીવનમાં અનિવાર્ય છે. કબીર કહે છે:

કહા ભયો રચિ સ્વાંગ બનાયો,
અંતરજામી નિકટ ન આયો.
કહા ભયો તિલક ગરૈં જપમાલા,
મરમ ન જાનૈં મિલન ગોપાલા.
દિન પ્રતિ પસૂ કરૈ હરિહાઇ,
ગરૈ કાઠ બાકી બાંનન આઇ.
સ્વાંગ સેન કરણી મનિ કાલી,
કહા ભયો ગલિ માલા ઘાલી.

બિન હી પ્રેમ કહા ભયો રોંએ
ભીતરી મૈલિ બાહરિ કહા ધોએ,
ગલગલ સ્વાદ ભગતિ નહીં ધીર,
ચીકન ચંદવા કહૈ કબીર.

સમસ્ત વાસનાઓને દૂર કરીને હૃદયને શુદ્ધ કરી લ્યો, એ જ પ્રભુમીલનનો માર્ગ છે. જે સ્થાન દર્પણ સમાન શુદ્ધ છે, અને કુવાસનાઓની કાળાશથી રહિત છે, તેમાં જ પ્રભુનો નિવાસ છે.

રૂમીએ પોતાના પદ કમ્પદમાં કહ્યું છે કે સાફ કરેલા લોખંડની જેમ જંગના રંગને છોડી દે, પોતાના તાપસ–વિયોગમાં જંગ–રહિત દર્પણ બન. આ વિચારની વિસ્તૃત વિવેચના કરતાં એણે ચિત્ર-કલાના સંબંધમાં ગ્રીસ અને ચીન દેશના વાસીઓના વાદવિવાદની એક મનોહર કહાણી કહી છેઃ

ચીનાઓએ કહ્યુંઃ "અમે લોકો જ શ્રેષ્ઠ કલાકાર છીએ."

ગ્રીસનિવાસીઓએ કહ્યુંઃ "અમારામાં વધારે ઉત્કૃષ્ટતા અને શક્તિ છે."

સુલતાને કહ્યુંઃ "આને માટે હું તમારા બન્નેની પરીક્ષા લઇશ, અને પરીક્ષા પછી હું કહીશ કે કોણ શ્રેષ્ઠ છે અને કોણ ઉતરતું છે."

ચીન અને ગ્રીક બન્નેએ વાગ્યુદ્ધ આરંભ્યું; ગ્રીકો વિવાદમાંથી હઠી ગયા.

ત્યારે ચીનાઓએ કહ્યુંઃ "અમને એક ઓરડો આપો અને તમે પણ એક ઓરડો લો."

બે ઓરડા હતા. બન્નેનાં દ્વાર એક બીજાની સામે હતાં. પછી એક ઓરડો ચીનાઓએ અને એક ઓરડો ગ્રીકોએ લીધો.

ચીનાઓએ રાજાને વિનંતી કરી કે અમને રંગો આપો. એટલે રાજાએ પોતાનો રંગનો ખજાનો ખોલી દીધો અને કહ્યુંઃ 'દિલ ચાહે તે લઇ જાવ.'



પ્રત્યેક પ્રાતઃકાળે રાજાની આજ્ઞાથી ચીનાઓ મનમાન્યા રંગો ખજાનામાંથી લઇ આવતા.

ગ્રીકોએ કહ્યુંઃ "અમારા કાર્યને માટે રંગોની જરૂર નથી."

ગ્રીકોએ બારણું બંધ કરી દીધું અને ઓરડો સાફ કરવા મંડી ગયા. આખો ઓરડો આકાશની જેમ સ્વચ્છ બની ગયો.

અનેક રંગો કરતાં શૂન્ય રંગની ગતિ ન્યારી છે. રંગો વાદળાં સમાન છે અને શૂન્ય રંગ ચંદ્ર જેવો છે.

તમે વાદળાંઓમાં જે રંગો જુઓ છો તે વૈભવ તારા, ચન્દ્ર અને સૂર્યમાંથી આવે છે.

જ્યારે ચીનાઓએ પોતાનું કાર્ય સમાપ્ત કર્યું ત્યારે એમણે પ્રસન્નતાનાં દુંદુભી વગાડવા માંડ્યાં.

રાજા આવ્યા અને એણે કહ્યુંઃ "ચાલો ચિત્રો જોઇએ."

રાજાએ ત્યાં આવીને જે ચિત્રો જોયાં તેનાથી એ તો અવાક્ થઇ ગયો.

ત્યારબાદ એ ગ્રીકોના ઓરડામાં ગયો, એમણે વચ્ચેનો પડદો હઠાવી દીધો.

ચીનાઓનાં ચિત્રો અને એમની કળાસિદ્ધિનાં પ્રતિબિંબ દીવાલો પર પડ્યાં, જે દિવાલોને ઘસીઘસીને સ્વચ્છ, શુદ્ધ, કાટ–મેલ રહિત બનાવવામાં આવી હતી.

સુલતાને જે ચીનાઓના ઓરડામાં જોયું હતું તે જ અહીં વધારે સુંદર દેખાયું. જાણે આંખોને નવી દૃષ્ટિ સાંપડી.

ગ્રીકોઃ ઓ પિતા! સુફી છે. એઓ અધ્યયન, પુસ્તક અને જ્ઞાનથી સ્વતંત્ર છે.

પરંતુ એમણે પોતાના હૃદયને ઉજ્જવળ બનાવી દીધું છે અને એને ભીતિ, કામ, લાલચ અને ઘૃણાથી રહિત બનાવી પવિત્ર કર્યું છે.

દર્પણની સ્વચ્છતા એવી છે, જે અગણિત ચિત્રો પોતાનામાં ગ્રહણ કરે છે.''

આ રીતે આત્મા પવિત્ર થઈ ગયા પછી એમાં પરમાત્માને મળવાની ક્ષમતા આવે છે. એ દિવ્ય યાત્રાના પ્રારંભમાં જોકે આત્મા પ્રભુથી દૂર હોય છે, પણ જેમ જેમ એ પવિત્ર બનીને, તન્મય બનીને પ્રસ્થાન કરે છે તેમ તેમ એનામાં ધીરે ધીરે ઈશ્વરી વિભૂતિઓનાં લક્ષણો પ્રકટ થવા માંડે છે. જ્યારે એ પોતે પ્રભુની પાસે પહોંચે છે, ત્યારે એ દિવ્ય સંયોગમાં એ પોતે પ્રભુનું રૂપ લે છે. રૂમી પોતાની મસનવીમાં ૧૫૩૧ અને આગળનાં પદોમાં લખે છે:

" જ્યારે લહર સમુદ્રમાં પહોંચી ત્યારે એ સમુદ્ર બની ગઈ. જ્યારે બીજ ખેતરમાં પહોંચ્યું ત્યારે એ ઝાડ બની ગયું.

જ્યારે રોટલો જીવધારી( મનુષ્ય )ના સંપર્કમાં આવ્યો ત્યારે મૃત રોટલો જીવન અને જ્ઞાનથી ઓતપ્રોત થઈ ગયો,

જ્યારે મીણ અને ઇંધન અગ્નિને સમર્પિત કર્યાં ત્યારે એમનો અંધકારમય અંતરતમ ભાગ જાજ્વલ્યમાન થઇ ગયો.

જ્યારે સૂરમાનો પત્થર ભસ્મ થઇને નેત્રોમાં ગયો ત્યારે ત્યાં એ દૃષ્ટિમાં પરિવર્તન પામી ગયો અને ત્યાં નિરીક્ષક બની ગયો.

ઓહ, મનુષ્ય કેટલો સુખી છે કે જે પોતાનાથી સ્વતંત્ર થઇ ગયો છે અને એક સજીવનના અસ્તિત્વમાં લપાઈ ગયો છે."

કબીરે આ વિચારને ખૂબ પરિષ્કૃત રૂપે મૂક્યો છે. એ એમ નથી કહેતો કે લહર સમુદ્રમાં પહોંચી ત્યારે સમુદ્ર બની ગઈ, પણ એ તો એમ કહે છે કે જેમ તરંગિણીનો તરંગ એમાંથી જ જન્મીને એમાં જ સમાઈ જાય છે તેમ આત્મા પરમાત્મા એક થઈ જાય છે. રૂમી તો કહે છે કે જ્યારે તરંગ સમુદ્રમાં પહોંચે છે ત્યારે સમુદ્ર બને છે. એટલે જાણે એ પહેલાં સમુદ્રનો ભાગ નહોતો. કબીર તો કહે છે: તરંગ સાગરમાંથી ઉઠીને સાગરમાં સમાય છે:



જૈસે જલહિ તરંગ તરંગની
ઐસે હમ દિખલાવહિંગે,
કહૈ કબીર સ્વામી સુખ સાગર
હંસહી હંસ મિલાવહિંગે.

આવી સ્થિતિમાં સંસારમાં આત્મા જ પરમાત્માનું રૂપ ધારણ કરે છે. આત્મા સંસારમાં એવી રીતે રહે છે જેમ સંસારના અંગ-પ્રત્યંગ-માં પરમાત્માની વિભૂતિ નિવાસ કરે છે. આત્મામાં એ વખતે એક પ્રકારના દિવ્ય શક્તિ આવે છે અને ત્યારે એ મનુષ્યપણું ભૂલી વિશ્વના મહા પરિધિમાં વિચરવા માંડે છે. એ માનવતાને પાપની કલુષિતતાથી બચાવે છે, પાપનું નિવારણ કરે છે અને જે વ્યક્તિ ઈશ્વરથી વિમુખ છે તેને સદૈવ સહાય કરીને સનાતન યાત્રા તરફ ધક્કો મારે છે. એ પ્રકાશમય આત્મા બીજા આત્માઓની અંધકાર-મય રજનીમાં જ્યોતિ બનીને એમનો માર્ગદર્શક બની રહે છે. એવી અવસ્થામાં એ સંસારનાં ભૌતિક સાધનોની નશ્વરતા અને દિવ્ય સાધનોની ચિરંજીવતા સંકેતોથી ભાષામાં વિશ્વ સમક્ષ મૂકે છે. એ વખતે એનામાં એવું કહેવાની શક્તિ આવે છે કે હું પરમાત્મા છું. રહસ્યવાદની આ જ સાર્થકતા છે.

આત્માના ઈશ્વરત્વની આ સ્થિતિને જલાલુદ્દીન રૂમીએ પોતાની મસનવીમાં એક વાર્તાના રૂપમાં ગુંથી છે:

" શેખ બાયજીદ હજ્જ ( મોટી તીર્થયાત્રા ) અને ઉમરા-( નાની તીર્થયાત્રા )ને કાજે મક્કા જતો હતો.

જે જે નગરમાં એ જતો ત્યાં ત્યાં પહેલાં એ મહાત્માઓની ખોજ કરતો.

એ આમ તેમ ભટકતો અને પૂછતો: " શહેરમાં એવો કોઈ છે જે અંતરદૃષ્ટિ પર આશ્રિત છે ? "

—ઇશ્વરે કહ્યું છે કે તારી યાત્રામાં જ્યાં તું જાય ત્યાં પહેલાં મહાત્માની શોધ અવશ્ય કરજે, કારણ કે સાંસારિક લાભ અને હાનિનો ત્યાં બીજો નંબર છે. પણ એમને માત્ર શાખાઓ સમજજે, મૂળ નહીં.

—એણે એક વૃદ્ધને જોયો, જે બીજની ચન્દ્રકલા જેવો નમેલો હતો, એણે એ માણસમાં મહાત્માનાં ગૌરવ અને મહત્વ દીઠાં.

—એની આંખોમાં પ્રકાશ નહોતો, એનું હૃદય સૂર્યની જેમ ઝગમગી રહ્યું હતું, જાણે એ એક હાથી હોય, અને હિન્દુસ્થાનનું સ્વપ્ન જોતો હોય.

—આંખો બંધ કરી, સુષુપ્ત બનીને એ સેંકડો ઉલ્લાસ જુએ છે. જ્યારે એ આંખો ખોલે છે ત્યારે એમાંનું કશું જોતો નથી. આહ, કેટલું આશ્ચર્ય છે!

—ઉંઘમાં કોણ જાણે કેટલાય આશ્ચર્યજનક વ્યાપારો દેખાય છે. ઉંઘમાં હૃદય એક બારી બની જાય છે.

—જે જાગે છે અને સુંદર સ્વપ્ન જુએ છે તે ઇશ્વરને જાણે છે. એની ચરણરજ આંખે લગાવ.

—એ બાયજીદ એની સામે બેસી ગયો અને એને એની દશાને વિષે પૂછયું. એમાં એને સાધુ અને ગૃહસ્થ બન્ને મળ્યા.

—એણે (વૃદ્ધ માણસે) કહ્યું: "એ બાયજીદ! તું ક્યાં જાય છે? અપરિચિત પ્રદેશમાં કયે સ્થાને તારી યાત્રાનો સામાન લઈ જાય છે?"

—બાયજીદે કહ્યું: "હું કાબાની જાત્રા માટે રવાના થયો છું."

"અરે" બીજાએ કહ્યું: "રસ્તાને માટે તારી પાસે શો સામાન છે?"

—"મારી પાસે બસો ચાંદીના દિરહમ છે" એણે કહ્યું, "જુઓ મારા અંગરખાને છેડે એ બાંધ્યા છે."



એણે કહ્યું: "સાત વાર મારી પરિક્રમા કરી લે, અને એને તું તારી કાબાની તીર્થયાત્રાથી વધારે સમજ."

—"અને પેલા દિરહમ મારી સામે મૂકી દે, ઉદાર સર્જન! માની લે કે તેં કાબાથીય સુંદર તીર્થ યાત્રા કરી છે, અને તારી ઇચ્છાઓ સાર્થક થઇ ગઇ છે."

—"અને તેં નાની તીર્થયાત્રા પણ કરી લીધી, તેં અનન્ત જીવનની પ્રાપ્તિ કરી લીધી. તું સાર-શુદ્ધ થઇ ગયો.

—"સત્ય( ઇશ્વર )ના સત્યથી, જેને તારા આત્માએ દીઠું છે, તેના શપથ ખાઇને કહું છું કે એણે પોતાના અધિવાસથી પણ ઉંચે મને રાખ્યો છે.

—"જો કે કાબા એનાં ધાર્મિક કર્મોનું સ્થાન છે, મારો આ આકાર પણ જેમાં હું ઉત્પન્ન થયો હતો તેના અંતરતમ ચિત્તનું સ્થાન છે.

—"જ્યારથી ઇશ્વરે કાબાનું નિર્માણ કર્યું છે ત્યારથી તે ત્યાં નથી ગયો, અને મારા આ મકાનમાં ઇશ્વર સિવાય બીજું કોઈ આવ્યું નથી.

—"જ્યારે તેં મને જોઇ લીધો ત્યારે મેં ઇશ્વરને જ દીઠો. તે પવિત્રતાના કાબાની પરિક્રમા કરી લીધી છે.

—"મારી સેવા કરજે, ઇશ્વરની આજ્ઞા માનીને એની કીર્તિ વધારજે. ખબરદાર! તું એમ ન માનીશ કે ઇશ્વર મારાથી જૂદો છે.

—"તારી આંખો બરાબર ખોલ અને મારી તરફ જો. તું મનુષ્યમાં ઇશ્વરનો પ્રકાશ જોઇશ."

—બાયજીદે આ દિવ્ય વચનો ધ્યાનથી સાભળ્યાં અને પોતાના કાન દ્વારા અંતરમાં દિવ્ય સંગીતની જેમ એને સ્થાન આપ્યું.

કબીરે આ જ ભાવનાને નીચેના પદમાં વ્યક્ત કરી છે:

હમ સબ માંહિ, સકલ હમ માંહી,
હમ થૈ, ઔર દુસરા નાહીં.

તીન લોકમેં હમારા પસારા,
આવાગમન સબ મેલ હમારા.

ખટ દરસન કહિયત હમ તોખા
હમહીં અતીત રૂપ નહીં રૂખા;

હમ હી આપ કબીર કહાવા.
હમ હી અપના આપ લખાવ.

જ્યારે આત્મા પરમાત્માની સત્તામાં આ પ્રકારે લીન થઈ જાય છે, ત્યારે એનામાં એક પ્રકારની ખુમારી આવે છે. એ નશામાં ચકચૂર થઇ જાય છે. સંસારના સાધારણ મનુષ્ય જે આ ખુમારીને નથી જાણતા તે એને ગાંડપણ માને છે. રૂમીએ ૩૪૨૬ મા પદમાં લખ્યું છે:

"જ્યારે એ ખુમારીવાળો માણસ મયખાનાથી દૂર ચાલ્યો જાય છે, ત્યારે બાળકોનાં હાસ્ય અને કૌતુકની સામગ્રી બની જાય છે. જે રસ્તે એ જાય છે ત્યાં એ કિચડમાં ગબડી પડે છે. આમ તેમ અફળાય છે. પ્રત્યેક મૂર્ખ એને જોઇને હસે છે.

"એ આ પ્રકારે ચાલ્યો જાય છે; અને એની પાછળ ચાલનારા છોકરાઓ એના ગાંડપણને નથી જાણતા, અને એણે જે શરાબ પીધો છે તેના સ્વાદને પણ નથી જાણતા.

"સર્વ માણસો બાળકો જેવા છે. જે વાસનામય પ્રવૃત્તિથી સ્વતંત્ર છે, તે જ આવાં બાળકોની મૂર્ખતાની પેલે પાર જઇને પોતાના ધ્યેય સ્થાને પહોંચે છે."



કબીરે પોતાના એક સમર્થ રેખતામાં આ ગાંડપણનું વર્ણન કર્યું છે:

છકા અબધૂત મસ્તાન માતા રહૈ
જ્ઞાન વૈરાગ સુધિ લિયા પૂરા,
સ્વાસ ઉસ્વાસ કા પ્રેમ પ્યાલા પિયા
ગગન ગરજૈં તહાં બજૈ તૂરા.
પીઠ સંસાર સે નામ રાતા રહૈ
જાતન જરના લિયા સદા ખેલૈ,
કહે કબીર ગુરૂ પીર સે સુરપરૂ
પરમ સુખ ધામ તહં પ્રાન મેલૈ.

આ ખુમારીને એ લોકો શી રીતે સમઝે ? કે જેમણે "ઇશ્ક હકીકી" નો શરાબ પીધો નથી. આ પ્રેમની ખુમારી જ એ પરમ જીવનયાત્રાનું અખૂટ ભાથું છે.

# પ્રકરણ ૪ થું

## કબીરની મર્મભાવના

કબીરની વાણીના અભ્યાસીને એક વસ્તુ ખૂબ ચમત્કારિક લાગે એવી છે. કબીર નિરક્ષર હતા અને છતાં મહા જ્ઞાની, સમર્થ કર્મવીર અને વિનમ્ર ભક્ત હતા. આનું રહસ્ય એમના ગુહ્યાનુભવોમાં મળે છે. સત્સંગ, પર્યટન અને સાક્ષાત્કારો, એના ત્રિવેણી સંગમે કબીરની સાધનામાં અદ્‌ભુત સહાય કરી છે. કબીરની વિચારધારાવાળા ત્રીજા પ્રકરણમાં એક વસ્તુને ખૂબ સ્પષ્ટ કરવામાં આવી છે કે કબીરની સાધનાની વિશિષ્ટતા છે એમના સિદ્ધાન્ત અને વ્યવહારના સુમેળમાં, કથની અને કરણીની સંવાદિતામાં, જ્ઞાન અને કર્મના સમન્વયમાં. જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે, એમ જે કહેવાય છે તેનો અર્થ કેટલાક એમ કરે છે કે પ્રથમ જ્ઞાન થાય અને પછી ક્રિયા થાય. પરંતુ એનો સાચો અર્થ એ છે કે જ્ઞાનપૂર્વક ક્રિયા કરવાથી જ મોક્ષ મળે છે. એકલું જ્ઞાન અને એકલી ક્રિયા બન્ને અપકારક છે.



જ્ઞાન વિનાની ક્રિયા એ આંધળાનો પ્રવાસ છે અને ક્રિયા વિનાનું જ્ઞાન એ અપંગ દૃષ્ટિ છે. જ્ઞાન, કર્મ અને ભક્તિના અપૂર્વ સમન્વયમાં કબીરના રહસ્યવાદનું સૌન્દર્ય છૂપાયલું છે. એટલે જ એમની રહસ્યવાદી વિચારણા શક્તિશાળી, મૌલિક અને હૃદયંગમ લાગે છે.

રહસ્યવાદની વિવેચના રંગદર્શી અને મનોહર હોવા છતાં મુશ્કેલ છે. રહસ્યવાદ એક ગહન વનની જેમ વિસ્તરેલો પડ્યો છે. એમાં જટિલ વિચારોની કેટકેટલીય વિલક્ષણ ગુફાઓ કોતરાયલી પડી છે. એમની દુર્ગમતા જોઈને પળવાર નબળાઈ આવે છે. સાગરની જેમ આ વિષયનો વિસ્તાર વિશ્વસાહિત્યમાં ફેલાયલો પડ્યો છે. કોણ જાણે કેટલાય કવિઓનાં અંતઃકરણમાંથી રહસ્યવાદની ભાવના ઝરણાંની જેમ વહી છે. એમણે એમનો અનુભવ કરીને મૌન ધારણ કરી રાખ્યું છે. કોણ જાણે કેટલાય યોગીઓએ આ દિવ્ય ગુહ્યાનુભવોના પ્રવાહમાં પોતાને વહેવડાવી દીધા છે. આ રહસ્યવાદની પરિભાષા મૌન છે. પરંતુ રહસ્યવાદીને જ્યારે પ્રિયમિલનના અદ્‌ભુત આનંદનો અનુભવ થાય છે, ત્યારે ક્યારેક ક્યારેક એની સંવેદના વાચા ધારણ કરે છે, એનું દર્શન રૂપ પકડે છે. એવા રહસ્યવાદીની વાણીમાં ઘણું ખરૂં તત્ત્વ ભણી સંકેત જ હોય છે, અને આ સંકેત (Suggestion) જ એની વાણીનું સૌન્દર્ય હોય છે.

જીવાત્મા દિવ્ય અને અલૌકિક શક્તિ સાથે પોતાનો શાન્ત અને નિષ્કપટ સંબંધ જોડવા માગે છે અને આ સંબંધ એટલે સુધી પહોંચે છે કે પછી બન્નેમાં કશું જ અંતર રહેતું નથી. જીવાત્માની આ અંતર્હિત પ્રવૃત્તિનું પ્રકટીકરણ એ રહસ્યવાદ છે. જીવાત્માની સર્વ શક્તિઓ આ શક્તિના અનન્ત વૈભવ અને પ્રભાવથી ઓતપ્રોત થઈ જાય છે. જીવનમાં કેવળ એ જ દિવ્ય શક્તિનું તેજ અંતર્હિત થઈ જાય છે, અને જીવાત્મા એક રીતે પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ભૂલી જાય છે. એક જ ભાવના અંતઃકરણમાં પ્રભુત્વ પ્રાપ્ત કરી લે છે

અને એ જ ભાવના સદૈવ જીવનના અંગપ્રત્યંગમાં પ્રકટ થાય છે. આ જ દિવ્ય સંયોગ છે. આત્મા એ અનન્ત દિવ્ય શક્તિ સાથે એવી રીતે મળી જાય છે કે આત્મામાં પરમાત્માના ગુણો પ્રકટ થાય છે, અને પરમાત્મામાં આત્માનું પ્રદર્શન થાય છે.

કબીરની ઉલટી ધારા લગભગ આ જ ભાવના પર ચાલે છેઃ

સંતો જાગત નિંદ ન કીજૈ,

કાલ નહિં ખાઇ, કલ્પ નહિં વ્યાપૈ, દેહ જરા નહિં છીજૈ,
ઉલટિ ગંગા સમુદ્ર હી સોખૈ, શશિ ઔર સૂર ગરાસૈ;
નવ ગ્રહ મારિ રોગિયા બૈઠે, જલમેં બિમ્બ પ્રકાસૈ,
બિનુ ચરણન કે દુહું દિસ ધાવૈ, બિનુ લોચન જગ સુઝૈ,
સસા ઉલટિ સિંહ કો ગ્રાસૈ, હૈ અચરજ કોઉ બુઝૈ.

આ સંયોગમાં એક પ્રકારનો ઉન્માદ હોય છે, નશો હોય છે, ખુમારી હોય છે. એ સત્યથી, એ દિવ્ય શક્તિ સાથે જીવનો એવો પ્રેમ થઈ જાય છે કે એ પોતાની સત્તા પરમાત્માની સત્તામાં સમાવી દે છે. એ પ્રેમમાં ચંચળતા નથી હોતી અને અસ્થિરતા પણ નથી રહેતી. એ પ્રેમ અમર હોય છે.

આવા પ્રેમમાં જીવની સમસ્ત ઇન્દ્રિયોનું એકીકરણ થઈ જાય છે. સમસ્ત ઇન્દ્રિયોમાંથી એક જ સ્વર પ્રકટે છે અને એમાં પ્રેમની વસ્તુ મેળવવા માટેની અભીપ્સા સમાન રૂપે હોય છે. ઇન્દ્રિયો પોતાના આરાધ્યનો પ્રેમ મેળવવા માટે ઉત્સુક બની જાય છે, અને એ ઉત્સુકતા એટલે સુધી વધી જાય છે કે એ એના વિવિધ ગુણોને સમાન રૂપે ગ્રહણ કરે છે, અને અંતે એ સીમા એ સ્થિતિએ પહોંચે છે કે ભાવોન્માદમાં વસ્તુઓના વિવિધ ગુણ પામવાની ક્ષમતા એક જ ઇન્દ્રિય પ્રાપ્ત કરી લે છે. આવી સ્થિતિમાં ઇન્દ્રિયો પોતાનું કાર્ય પણ કદાચિત બદલે છે.



એક વાર પ્રોફેસર જેમ્સે આ જ સમસ્યા આદર્શવાદીઓ સમક્ષ મૂકી હતી કે, જો ઇન્દ્રિયો પોતપોતાની કાર્યશક્તિ પરસ્પર બદલી નાંખે તો જગતમાં શાં શાં પરિવર્તનો થઈ જાય? દાખલા તરીકે જો આપણે રંગોને સાંભળવા માંડીએ અને ધ્વનિને જોવા માંડીએ તો જીવનમાં કયું રૂપાન્તર થશે?

આ વિચારને આધારે સેન્ટ માર્ટિની રહસ્યવાદ સાથે સંબંધ રાખનારી આ સ્થિતિ સમઝાય એવી છે. એમણે કહ્યું હતુંઃ

"મેં ફુલોને બોલતાં સાંભળ્યાં, અને ધ્વનિને જોયા તો એ જાજ્વલ્યમાન હતા."*

બીજા રહસ્યવાદીઓનું પણ કથન છે કે એ દિવ્ય અનુભૂતિમાં ઇન્દ્રિયો પોતાનું કાર્ય ભૂલી જાય છે. એ નિસ્તબ્ધ જેવી બનીને પોતાના કાર્ય-વ્યાપારને જ સમઝી શકતી નથી. એવી અવસ્થામાં ઇન્દ્રિયો પોતાનું કાર્ય અવ્યવસ્થિત રીતે કરે, એમાં આશ્ચર્ય નથી! આ જ કથનથી એ દિવ્ય અનુભૂતિના આનંદનો પરિચય મળે છે, જેમાં ઇન્દ્રિયો એક બનીને મળી જાય છે અને પોતાનો વ્યાપાર વિસરી જાય છે. અને જ્યારે આપણે એ અનુભૂતિનું વિશ્લેષણ કરવા બેસીએ છીએ ત્યારે કોણ જાણે કેટલાંય ગૂઢ રહસ્યો અને આશ્ચર્યજનક વ્યાપારોનો પત્તો લાગે છે.

ફારસીમાં શમસ્ત તબરીજની કવિતામાં ઉપર્યુક્ત વિચારોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છેઃ

એના મિલનની સ્મૃતિમાં,
એના સૌન્દર્યની આકાંક્ષામાં,
એઓ એ શરાબને-જેને તું જાણે છે-
પીને બેશુદ્ધ પડયા છે.

---

* I heard flowers that sounded and saw notes that shone. (અંડરહીલરચિત મીસ્ટીસીઝમમાંથી.)

એની ગલીના દ્વાર પર
એનું મુખ જોવા કાજે
જો રાત ને દિવસ સુધી દોરી
જાય તો કેવું સારૂં!
તું તારા શરીરની ઇન્દ્રિયોને
આત્માના જ્યોતિથી ઝગમગાવી દે.*

રહસ્યવાદના ઉન્માદમાં જીવ ઇન્દ્રિયજગતથી ઉંચે જઇને વિચારશક્તિ અને ભાવનાઓનું એકીકરણ કરી, અનન્ત અને અન્તિમ પ્રેમના આધારને મળી જવા મથે છે. આ જ એની સાધના છે, એનો ઉદ્દેશ છે. એમાં જીવ પોતાની સત્તા જુએ છે. 'હું', 'મારૂં' અને 'મને' નો વિનાશ રહસ્યવાદનું એક આવશ્યક અંગ છે. એક અપરિમિત શક્તિની ગોદમાં 'હું' અને 'મારૂં' સમાઈ જાય છે. ત્યાં જીવ પોતાનું સ્વતંત્ર આધિપત્ય નથી રાખી શકતો. એક સેવકની જેમ પોતાને સ્વામીનાં ચરણોમાં અર્પણ કરી દે છે. સંસારનાં સૌ બાહ્ય બંધનોનો વિનાશ કરીને આત્મા ઉંચે ચઢે છે. હૃદયની ભાવના સાકાર બનીને ઉંચે ને ઉંચે જાય છે અને અંતે પોતાને એક અસીમ શક્તિમાં લયલીન બનાવી દે છે. હૃદયની આ ગતિમાં કંઈ સ્વાર્થ નથી હોતો, સંસારી કોઈ વાસના નથી હોતી, કોઈ સિદ્ધિ નહીં, કોઈ ઐશ્વર્યની પ્રાપ્તિ હોતી નથી, માત્ર હૃદયના પ્રેમની પૂર્તિ હોય છે. અને એવું હૃદય એવી વસ્તુ છે કે જેમાં કેવળ ભાવનાઓનું જ કેન્દ્ર નહીં, પરંતુ જીવનની એ અંતરંગ અભિવ્યક્તિ વસે છે કે જેને

* બ યાદે બજમે વિસાલશ્ દર આરજૂ એ જમાલશ્
કુતાદા બે ખબરાનંદ જે આં શરાબ કી દાની
ચિ ખુશ બૂઅદ કિ બયૂવશ બરૂ આસ્તાન એક્યશ્
બરાએ દીદને રૂયશ શબે બરોજ રસાની
હવાએ જુસ્સએ ખુદ્દરા બનૂરે જાવે તો બર અફરોજ.
દીવાની શમસ્ત તબરીજ, પૃષ્ઠ ૧૭૬



આધારે સંસારના બાહ્ય પદાર્થોમાં એની સત્તા નિર્ધારિત થાય છે. અનન્ત સત્તાની સામે જીવ પોતાને એટલો સમીપ લાવી દે છે કે એની સામાન્યમાં સામાન્ય ભાવનામાં એ અનન્ત શક્તિની અનુભૂતિ થવા માંડે છે.

અંગ્રેજ કવિ કોલરિજે આ ભાવનાને આ રીતે વ્યક્ત કરી છેઃ

અમે અનુભવીએ છીએ કે અમે કંઈ નથી,
કારણ કે તું સર્વ કંઈ છે, અને સર્વ કંઈ તુજમાં છે.
અમે અનુભવ કરીએ છીએ કે અમો કંઈક છીએ,
પરંતુ તે ય તારામાંથી મળ્યું છે.
અમે જાણીએ છીએ કે અમે કંઇ જ નથી,
પરંતુ તું અમને અસ્તિત્વ પ્રાપ્ત કરવામાં સહાયક થઇશ.
તારા પવિત્ર નામનો જય હો.*

કબીરની આ પંક્તિઓ પ્રસિદ્ધ છે. એ આ વિચારને સરળ અને સ્પષ્ટ રૂપે પ્રકટ કરે છે:

લોકો જાનિ ન ભૂલો ભાઈ,
ખાલિક ખલક, ખલકમેં ખાલિક
સબ ઘટ રહ્યો સમાઈ.

એટલે એવો નિષ્કર્ષ આવે છે કે રહસ્યવાદ પોતાના સ્વરૂપનું એક અલૌકિક વિજ્ઞાન છે, જેમાં અનન્તના સંબંધની ભાવનાનો

* We feel we are nothing, for all is thou and thee.
We feel we are something, that also has come from thee.
We know we are nothing, but Thou wilt help us to be,
Hallowed be Thy name halleluiah.

પ્રાદુર્ભાવ થાય છે અને રહસ્યવાદી એ જ છે જે આ સંબંધની ભાવનાની નિકટ પહોંચે છે. એ એને માત્ર કહેતો જ નથી, જાણતો જ નથી, પણ એ સંબંધનું રૂપ ધારણ કરીને એ પોતાને ભૂલી જાય છે.

હવે આપણે એક એવી અવસ્થા વિષે વિચાર કરીએ જ્યાં આત્મા ભૌતિક બંધનોનો બહિષ્કાર કરીને, સંસારના નિયમોનો પ્રતિકાર કરીને, ઉંચે જાય છે, અને એવા અનન્ત જીવનમાં પ્રવેશ કરે છે જ્યાં આરાધક અને આરાધ્ય એક થઈ જાય છે, જ્યાં આત્મા અને અનંત શક્તિનું એકીકરણ થાય છે, જ્યાં આત્મા એ ભૂલી જાય છે કે પોતે સંસારનિવાસી છે અને એનું આ દિવ્ય લોકમાં આવવું એક અતિથિ સમાન છે. એ બોલે છે:

મૈં સબનિ ઔરનિ મૈં હૂં સબ,
મેરી બિલગિ બિલગિ બિલગાઇ હો.
કોઇ કહો કબીર, કોઇ કહો રામ રાઈ હો,
ના હમ બાર બૂઢ નાહીં હમ,
ના હમરે ચિલકાઈ હો.
પઠરા ન જાઉં, અરવા નહીં આઉં,
સહજિ રહૂં હરિભાઇ હો.
વોઢન હમરૈ એક પછેવરા,
લોગ બોલૈ ઈકતાઈ હો,
જુલ હૈ તનિ બુનિ પાન ન પાવલ
ફારિ બુનિ દસ ઢાઇ હો.
બિગુણ રહિત ફલ રમિ હમ રાખલ
તબ હમરૌ નાઉં રામરાઇ હો,
જગમૈં દેખૌં જગ ન દેખૈ મોહિ,
ઇહિ કબીર કછુ પાઈ હો.

જ્યોર્જ હરબર્ટ જાણે આનું સમર્થન કરે છે:



"ઓ! હજી મારા થઈ જાવ. હજી મને તમારો બનાવી લો, આ 'મારા' અને 'તારા' નો ભેદ ન રાખો." *

આવી સ્થિતિનો નિશ્ચિત રૂપે નિર્દેશ કરી શકાતો નથી. આ સંયોગની પાસે પહોંચતાં પહેલાં કેટલીય અવસ્થાઓ, એમાં કોણ જાણે કેટલીય અંતરદશાઓ છે, જેનાથી રહસ્યવાદના ઉપાસકો પોતાની શક્તિ પ્રમાણે ઈશ્વરી અનુભૂતિ પામવા ઇચ્છે છે. એટલે જ આપણને રહસ્યવાદીઓની ઉત્કૃષ્ટતામાં ભેદ દેખાય છે. કોઈ માત્ર ઈશ્વરની અનુભૂતિ કરે છે, કોઈ માત્ર એને પ્રેમ જ કહી શકયો છે, કોઈ અભિન્નતાની સ્થિતિએ છે અને કોઇ પૂર્ણ રૂપે આરાધ્યને અધીન છે. સેન્ટ આગસ્ટાઇન, કબીર અને જલાલુદ્દીન રૂમી જો કે ઉચ્ચ કક્ષાના રહસ્યવાદીઓ હતા, છતાં એમની અવસ્થાઓમાં અન્તર હતું.

## ત્રણ અવસ્થાઓ

રહસ્યવાદીઓની ઉદ્દેશપ્રાપ્તિમાં ત્રણ અવસ્થા માની શકાય છે. પહેલી અવસ્થા એ છે કે જ્યાં વ્યક્તિ અનન્ત શક્તિ સાથે પોતાનો સંબંધ જોડવા તત્પર થાય છે. એ સંસારની સીમા વટાવીને એવા લોકમાં પહોંચે છે કે જ્યાં ભૌતિક બંધનો નથી, સંસારના નિયમો નથી, જ્યાં એને પોતાના શારીરિક અવરોધોની પરવા નથી. એ ઈશ્વરની સમીપ પહોંચે છે અને એની દિવ્ય વિભૂતિઓને જોઇને ચકિત બની જાય છે. રહસ્યવાદીની આ પ્રથમ પરિસ્થિતિ છે.

આ અવસ્થાનું વર્ણન કબીરે બહુ સુંદર રીતે કર્યું છે:

ઘટ ઘટમેં રહના લાગિ રહી,
પરઘટ હુઆ અલેખજી,
કહૂં ચોર હુઆ, કહૂં સાહ હુઆ,
કહૂં બામ્હન હૈ, કહુ સેખજી.

---

* O, be mine still, still make me thine,
Or rather make no thine or mine.

આનું તાત્પર્ય એવું છે કે અહીં સંસારની સર્વ વસ્તુઓ અનન્ત શક્તિમાં વિશ્રામ પામે છે, અને સર્વ એ અનન્ત સત્તામાં આવીને મળી જાય છે. અહીં રહસ્યવાદી પોતાને કાજે કશું કહેતો નથી, એ મૌન છે, એને ઈશ્વરની આ અનન્ત શક્તિનું આશ્ચર્ય છે. એ મૌન રહીને પણ આ સર્વ વાતો જૂએ છે અને સાંભળે છે. જો કે એ વખતે એ પોતાનું વ્યક્તિત્વ વિસરી જાય છે, પણ ઈશ્વરની અનુભૂતિ સ્વયં પોતાના હૃદયમાં પામવા અસમર્થ હોય છે. આ પહેલી અવસ્થા કહેવાય.

બીજી અવસ્થા ત્યારે આવે છે કે જ્યારે આત્મા પ્રભુને પ્રેમ કરવા માંડે છે. ભાવનાઓ એટલી તીવ્ર બની જાય છે કે આત્મામાં એક પ્રકારનો ઉન્માદ–ગાંડપણ આવી જાય છે. આત્મા જાણે પ્રકૃતિનું રૂપ ધારણ કરીને આદિપુરૂષને પ્યાર કરે છે. સંસારની બીજી બધી વસ્તુઓ એની દૃષ્ટિ સામેથી હઠી જાય છે. આશ્ચર્યચકિત થઈ જવાની અવસ્થા એ વટાવી જાય છે અને એ પોતાના આરાધ્યને પ્રેમ કરવા માંડે છે. એ પ્યાર એટલો પ્રબળ હોય છે કે એની સામે વિશ્વની કોઈ વસ્તુ ઉભી શકતી નથી. એ પ્રેમપ્રવાહમાં સર્વ વાસનાઓ તણાઇ જાય છે. સર્વ ભાવનાઓ પ્રબળ વેગથી એક જ દિશા તરફ વહી જાય છે. માત્ર એક જ ભાવના રહી જાય છે અને તે પ્રેમનો પ્રબળ, વેગવાન પ્રવાહ. જેમ કોઇ પ્રચંડ જળધોધના અવાજમાં બીજા નાના કલકલ ધ્વનિ સમાઇ જાય છે તેવી જ રીતે પ્રભુપ્રેમમાં સર્વ વિચારો, સર્વ ભાવનાઓ, સર્વ અભીપ્સાઓ સમાઇ જાય છે.

રૈનાલ્ડ એ. નિકલસને લંડન યુનિવરસીટીમાં "સુફી મતમાં વ્યક્તિત્વ" એ વિષય ઉપર ત્રણ ભાષણો આપ્યાં હતાં. એમાં સુફી મત માટે એમણે કહ્યું છેઃ

"એ સાચું છે કે પરમાત્માના મીલન–અનુભવ–માં કોઈ મધ્યસ્થને માટે સ્થાન નથી. અહીં તો કેવળ એકાન્ત દૈવી મિલનની અનુભૂતિ જ



હૃદયંગમ બને છે. વસ્તુતઃ આપણે આ ભાવના ખાસ કરીને પ્રાચીન સુફિયોમાં જોઇએ છીએ કે પરમાત્મા જ ઉપાસનાની એક માત્ર વસ્તુ છે. બીજી વસ્તુઓ ભણી ધ્યાન દેવું, એ એનો અપરાધ કરવા જેવું છે. *

"તજ કીરતુલ ઔલિયા" થી પણ આ મતની પુષ્ટિ થાય છે. એમાં બસરાની સ્ત્રી સંત રાબેઆ ને માટે લખ્યું છેઃ

એણે (રાબેઆએ) કહ્યું: "રસુલને મેં સ્વપ્નમાં જોયો.

રસુલે પૂછ્યું: "એ રાબેઆ! તું મારી સાથે દોસ્તી રાખે છે?"

જવાબ દીધો: "ઓ અલ્લાહના રસુલ! એવું કોણ છે જે મારી સાથે દોસ્તી નથી રાખતું? પરંતુ ઇશ્વરના પ્રેમે મને એવી બાંધી લીધી છે કે બીજા કોઇને માટે મારા અંતરમાં મિત્રતા કે શત્રુતાને માટે સ્થાન જ નથી. †"

રહસ્યવાદીની આ એક ગંભીર અવસ્થા છે જ્યાં એ પોતાના આરાધ્યના પ્રેમમાં એટલો ઓતપ્રોત થઈ જાય છે કે તેને બીજું કશું વિચારવાનો અવકાશ જ રહેતો નથી.

ત્યાર પછી ત્રીજી અવસ્થા આવે છે. એ અવસ્થા એ રહસ્યવાદની પરમ સ્થિતિ કહેવાય છે. આ દશામાં આત્મા અને પરમાત્માનું

* It is true that in the experience of union with God, there is no room for a Mediator. There the absolute Divine Unity is realised. And, of course, we find, especially among the ancient Sufi, a feeling that God must be the sole object of adoration, that any regard for other objects is an offence against him.
("The Idea of Personality in Sufism.")

† તજ્કીરતુલ ઔલિયા પાનું ૪૬
મત્વા મુજ્ તબાઇ દેહલી
મુહમ્મદ અબ્દુલ અહદ દ્વારા સંપાદિત, ૧૩૧૭ હીજરી

એટલું એકીકરણ થઈ જાય છે કે એ બન્નેમાં કંઈ જ ભિન્નતા નથી રહેતી. આત્મા પોતાનામાં પરમાત્માનું અસ્તિત્વ માને છે, અને પરમાત્માના ગુણો પ્રકટ કરે છે. જે રીતે પહેલી અવસ્થામાં અગ્નિ અને લોખંડ એ બન્ને ભિન્ન છે, પરંતુ લોખંડને અગ્નિથી તપાવ્યા પછી જેમ લોખંડ પણ લાલ બનીને અગ્નિનું સ્વરૂપ ધારણ કરી લે છે અને એનામાં પણ અગ્નિની જેમ વસ્તુઓને સળગાવી મૂકવાની શક્તિ આવી જાય છે, પછી લોખંડને અગ્નિમાંથી બહાર કાઢી લઇએ તો પણ એ પોતાની આંચ ચારે બાજુ પ્રસારે છે. આ જ દશા આત્માની પરમાત્માના સંસર્ગથી થાય છે. જો કે પ્રથમ અવસ્થામાં માયાના વાતાવરણમાં આત્મા અને પરમાત્માની શક્તિઓ ભિન્ન દેખાય છે, પરંતુ બન્ને જ્યારે પરસ્પર મળે છે ત્યારે પરમાત્માના ગુણોના પ્રવાહ આત્મામાં એટલા વેગથી વહે છે કે આત્માના નિજના સ્વાભાવિક ગુણો લુપ્ત થઈ જાય છે, અને પ્રભુના ગુણમય બની રહે છે. આ અભિન્ન સંબંધ જ રહસ્યવાદીની સાધનાની સાર્થકતા છે.

"જેમ માછલીઓ સમુદ્રમાં તરે છે, જેમ પક્ષીઓ પવનમાં ઝુલે છે, તેવી જ રીતે તારા આલિંગનથી અમે મુક્ત નથી થઇ શકતા. અમે શ્વાસ લઇએ છીએ અને તું ત્યાં વિરાજમાન છે." *

## રહસ્યવાદીનાં દિવ્ય અનુભવ અને દૃષ્ટિ

આ રીતે રહસ્યવાદી દૈવી શક્તિથી પ્રભાવિત થઇને સંસારના સામાન્ય જનસમાજથી ઉંચે જાય છે. એનાં અનુભવ અને દૃષ્ટિ

* As fishes swim in briny sea,
As fouls do float in the air,
From thy embrace we can not be free,
We breathe and thou art there.
(John Stuart Blackie.)



પણ અધિક વિસ્તૃત અને દિવ્ય બને છે. એનું જગત જ બીજું થઇ જાય છે, એ જૂદા જ વાતાવરણમાં વિહાર કરે છે.

રહસ્યવાદીની આ અનુભૂતિ વ્યક્તિગત જ હોય છે. અને એનું કારણ છે. એ અનુભૂતિ એટલી દિવ્ય, એટલી અલૌલિક હોય છે, કે સંસારના શબ્દોમાં એનું સ્પષ્ટીકરણ અસંભવિત નહીં, તો મુશ્કેલ જરૂર છે. એ કાન્તિ દિવ્ય છે, અલૌકિક છે. સાધારણ ચક્ષુઓથી એ નથી દેખાતી. એ એવું ગુલાબ છે કે જે કોઈ બાગમાં વાવી શકાતું નથી, માત્ર એની સુગંધ લઈ શકાય છે. એ એવી સરિતા છે કે જેને આપણે કોઈ પ્રશાન્ત વનમાં વહેતી નથી જોઇ શકતા, પણ માત્ર એનો કલકલ ધ્વનિ જ સાંભળી શકાય છે. એટલે એનું તાત્પર્ય એ છે કે સંવેદનોને પ્રકટ કરવા માટે સંસારની ભાષા ઓછી પડે છે. વળી બીજું કારણ એ પણ છે કે રહસ્યવાદી પોતાની એ મસ્તીના નશામાંથી એ ખુમારીમાંથી કંઈક પણ પ્રકટ કરે છે તો સામાન્ય દુનિયા એને પાગલ કહે છે. અલ હુમ્લાજ મંસુર પોતાની અનુભૂતિનાં ગીત ગાતાં ગાતાં થાકી ગયો, પણ લોકો એને સમજી ન શક્યા. લોકોએ તો એને ઇશ્વરી સત્તાનો વિનાશક સમઝીને ફાંસીએ દીધો. એટલે રહસ્યવાદીઓને અનેક સ્થળે મૌન રહેવું પડે છે, અને એનું કારણ માત્ર એટલું જ કહી શકે છેઃ

નશ્વર સ્વરસે કૈસે ગાઉં આજ અનશ્વર ગીત.

આ વિચારને નીકલસન અને લી દ્વારા સંપાદિત અને કલૈરન્ડન પ્રેસ ઓકસફર્ડે પ્રસિદ્ધ કરેલ "ધી ઓકસફર્ડ બુક ઓફ ઈંગ્લીશ મીસ્ટીકલ વકર્સ" ની પ્રસ્તાવનામાં જોઇએ છીએઃ

"વસ્તુતઃ રહસ્યવાદનું સારતત્ત્વ કદિ પ્રકટ કરી શકાતું નથી, કારણ કે એ એવા અનુભવથી ભરેલું છે કે જે શાબ્દિક અર્થમાં અંતરતમ પવિત્ર પ્રદેશનું અવ્યક્ત રહસ્ય છે અને એટલા માટે અપમાનિત થવાના ભયથી રહિત છે. કારણ કે જે લોકો એ પવિત્ર

પ્રદેશમાં પ્રવેશ કરી શકે છે તે જ લોકો એને સમજી શકે છે, બીજા નહીં. એટલે સુધી કે પ્રવિષ્ટ થએલ વ્યક્તિ પણ બહાર આવ્યા પછી એ ભાષાની નિર્બળતાને કારણે પોતાના ઉત્કૃષ્ટ વ્યાપારો માટે મૌન જ રહે છે. જે કંઇ એણે જોયું છે કે જાણ્યું છે તેને પ્રકટ કરવા માટે એમની વ્યાવહારિક ભાષામાં શબ્દો નથી. અને તર્ક અથવા ન્યાયની વિચારશ્રૃંખલાનાં સાધનો અથવા વાક્યાંશો દ્વારા પોતાના વિચારોથી પ્રર્યાપ્ત પ્રદર્શનની આશા તો એ શી રીતે રાખે ?"

પછી રહસ્યવાદી કવિતામાં જ શા માટે પોતાના વિચારો ઘણું ખરૂં પ્રકટ કરે છે, એવું કારણ પણ એમાં બતાવ્યું છે:

"ગદ્યના અપરિષ્કૃત વિષયને પોતાની આવશ્યકતાની પૂર્તિના રૂપમાં પરિવર્ત્તિત કરવાની જ્યારે એમને નિરાશા મળે છે ત્યારે એ કવિતા ભણી વળે છે કે જેમાં એ પોતાના અનુભવના સંકેતોને નાચીજમાં નાચીજ સ્વરૂપે પણ પ્રકટ કરી શકે. પોતાની કવિતાના મુખ્ય ધ્વનિથી, એના અપ્રસ્તુત રૂપથી, અપરિમિત વ્યંગ્યક્તિના વિલક્ષણ ગુણથી, એની લચકથી, સર્વ વસ્તુઓમાં રહેલા અનન્ત સત્યને થોડાક સંકેતો દ્વારા પ્રકટ કરવાનો એ પ્રયત્ન કરે છે. બરાબર એ જ ધ્વનિ, એ જ તેજ અને એમની રચનાઓના એ જ જાદુથી એ દિવ્ય પ્રકાશમાંથી કિરણો વિસ્તારી રહે છે."

હવે કબીરના રહસ્યવાદ પર દૃષ્ટિ કરીએ. કબીરના રહસ્યવાદમાં પોતાની એક પ્રકારની વિશિષ્ટતા છે. એ એક બાજુ હિન્દુઓના અદ્વૈતવાદની ગોદમાં રમે છે, અને બીજી બાજુ મુસલમાનોના સુફી સિદ્ધાન્તોને સ્પર્શ કરે છે. આનું ખાસ કારણ તો એ છે કે કબીર હિન્દુ અને મુસલમાન બન્ને સંતોના સમાગમમાં રહ્યા અને શરૂઆતથી એમની ઇચ્છા પણ એ હતી કે હિન્દુ અને મુસલમાન દુધ-પાણીની જેમ મળી જાય. આ વિચારને લીધે એમણે આ સમન્વય ભર્યું, વિશિષ્ટ સ્વરૂપનું સિદ્ધાન્તનિરૂપણ કર્યું. રહસ્યવાદમાં પણ એમણે અદ્વૈતવાદ અને સુફીમતની ગંગાયમુના સાથે વહેવડાવી.



અદ્વૈતવાદ એક રીતે રહસ્યવાદનો પ્રાણ છે. આઠમી સદીમાં આવિર્ભાવ પામેલા શંકરના અદ્વૈતવાદમાં આત્મા અને પરમાત્માની એક જ સત્તા છે. માયાને કારણે જ પરમાત્મામાં નામ અને રૂપનું અસ્તિત્વ છે. આ માયાથી છૂટકારો પામીને આત્મા અને પરમાત્માને એક કરવા, એ જ સાધનાની સાર્થકતા છે.

કબીર આ વિચારને આ રીતે વર્ણવે છે:

જલમેં કુમ્ભ, કુમ્ભમેં જલ હૈ, બાહિર ભીતર પાની,
ફુટા કુમ્ભ જલ જલહિ સમાના, યહુ તત કથૌ ગિયાની.

એક ઘડો પાણીમાં તરે છે. એ ઘડામાં થોડું પાણી છે, જે બહારના પાણીથી જૂદું નથી. પરંતુ જૂદું એટલા માટે છે કે ઘડાની પાનવી આડ બન્નેને મળવા નથી દેતી, જે રીતે માયા બ્રહ્મનાં બન્ને સ્વરૂપોને જૂદાં રાખે છે. પરંતુ ઘડો ફુટી જાય છે ત્યારે પાણી એક થઇ જાય છે. એ જ રીતે માયાનું આવરણ તૂટી જવાથી આત્મા અને પરમાત્માનો સંયોગ થઇ જાય છે.

## સુફીમતની ઉત્પત્તિ અને ઉછેર

કબીરના વિચારોમાં સુફી સિદ્ધાન્તો પણ ભર્યા પડ્યા છે. અહીં આપણે સુફીમતની ઉત્પત્તિ અને ઉછેર ટુંકામાં જોઇ લઇએ.

ઇસુની આઠમી સદી હતી. એ વખતે ઇસ્લામમાં એક મજહબી વિપ્લવ થયો. પ્રાચીન વિચારોવાળા સ્થિતિચુસ્ત મુસલમાનોની સામે એક વિરોધી બળ ઉભું થયું. આ એક નાનોશો ઇરાનનો સંપ્રદાય હતો. એણે પરંપરાગત મુસ્લીમ આદર્શોનો એવો ઘોર વિરોધ કર્યો કે એથી થોડા વખત સુધી તો ઇસ્લામના ધાર્મિક ક્ષેત્રમાં ઉથલપાથલ મચી રહી. આ સંપ્રદાયે જાણે સાંસારિક સુખોને લાત મારીને નીચે ગબડાવી દીધાં. સંસારનાં ઐશ્વર્ય અને વૈભવોને સ્વપ્નવત્ બનાવી દીધાં. બાહ્ય શ્રૃંગાર અને બનાવટી કૃત્રિમ વાતો ભણી જબ્બર ઘૃણા

ઉત્પન્ન કરી. સાદાઇ અને સરળતા એ બાહ્ય જીવનનું સૌન્દર્ય મનાવા લાગ્યું, એટલું જ નહીં પણ, સાદાઇમાં સૌન્દર્યની પ્રાપ્તિએ, અભિરૂચિએ અવતાર લીધો. વસ્ત્રોમાં પણ કીંમતી ભભકભર્યાં વસ્ત્રોને બદલે એ સંપ્રદાયે શુદ્ધ સ્વચ્છ સફેદ વસ્ત્રો સ્વીકાર્યાં. ફારસીમાં સફેદને 'સૂફ' કહે છે. આ શબ્દને આધારે એ સફેદ વસ્ત્ર પહેરનાર 'સુફી' કહેવાવા લાગ્યા. એમના પરિધાનને કારણે એ નામની રચના થઇ.

સુફી મતમાં જો કે, બંદા અને ખુદાનું એકીકરણ થઇ શકે છે, પણ એમાં માયાનું કોઇ વિશિષ્ટ સ્થાન નથી. જે રીતે એક પથિક પોતાના નિર્દિષ્ટ સ્થાને પહોંચવાને માટે પ્રસ્થાન કરે છે ત્યારે માર્ગમાં એને કેટલાંક સ્થળો વટાવવાં પડે છે તેવી રીતે સુફીમતમાં આત્મા પરમાત્માના મીલનને કાજે જ્યારે અગ્રસર થાય છે ત્યારે એને ચાર અવસ્થાઓમાંથી પાર થવું પડે છે; ૧ શરિયત, ૨ તરીકત, ૩ હકીકત, અને ૪ મારિફ્ત. આ મારિફ્તમાં જઇને આત્મા પરમાત્માને મળે છે. ત્યાં આત્મા સ્વયં 'ફના' થઇ જઇને 'બકા' ને માટે તૈયાર થઇ જાય છે. એટલે ત્યાં આત્માને પરમાત્માનો અનુભવ થાય છે અને 'અનલ હક્ક' સાર્થક થાય છે. આવી રીતે જ્યારે આધ્યાત્મિક યાત્રા પાર કરીને જ્યારે આત્મા પરમાત્માને મળે છે ત્યારે બન્ને શરાબપાણીની જેમ એક થઇ જાય છે. સુફી મતમાં પ્રેમનો અંશ ખૂબ મહત્વપૂર્ણ છે. પ્રેમ જ કર્મ, મર્મ અને ધર્મ છે. સુફીમતના બાગમાં પ્રેમના જ ફુવારા સર્વદા ઉડયાં કરે છે. નિસ્વાર્થ પ્રેમ સુફીમતનો પ્રાણ છે. જલાલુદીન રૂમી અને જામી અને જામી એનાં મૂર્તિમંત ઉદાહરણો છે. પ્રેમની સાથે સુફીમતમાં પ્રેમની ખુમારીનું સ્થાન ઉંચું છે. એ ખુમારી જેટલી મસ્ત, તીવ્ર અને સઘન તેટલી જ એની આનંદમૂર્ચ્છા અપૂર્વ અને અનન્ત એ વખતે સંસારની સ્મૃતિ અને શરીરનું ધ્યાન લુપ્ત થઇ જાય છે. માત્ર પ્રભુની ધૂન જ એક માત્ર વસ્તુ હોય છે, જેને સુફીઓ 'લો' કહે છે.



કબીરે કહ્યું છે:

> હરિરસ પીયા જાનિયે, કબહુ ન જાય ખુમાર,
> મૈમન્તા ઘૂમત ફિરૈ, નાહીં તનકી સાર.

સુફીમતમાં ઇશ્વરની ભાવના સ્ત્રીરૂપે માની છે. ત્યાં ભક્ત પુરૂષ બનીને માશુકને માટે જાન ન્યોછાવર કરી દે છે. એના હાથનો શરાબ પીવા તલસે છે, એના દ્વારે જઇને પ્રેમની ભીખનો આહલેક જગાવે છે.

રૂમીની એક કવિતા જોઇએ:

### પ્રિયતમાને આશકનો પોકાર

"મારા વિચારોની અથડામણમાં મારી કમ્મર તૂટી ગઇ છે. ઓ પ્રિયતમે! આવ, અને મારા માથાને કરૂણા કરીને જરા સ્પર્શ કર.

મારે માથે તારી હથેલીનો સ્પર્શ મને શાન્તિ આપે છે.
તારો હાથ જ તારી ઉદારતાનો પ્રતીક છે.
મારે માથેથી તારી છાયાને દૂર ન કર.
હું સંતપ્ત છું, સંતપ્ત છું, સંતપ્ત છું.

× × ×

"ઓ દિલબર! મારૂં જીવન લઇ લે.

"તું જીવનપ્રવાહ છે, કારણ કે તારા વિરહમાં હું આ જીવનથી કલાન્ત છું. હું તો એવો પ્રેમી છું, જે પ્રેમના ગાંડપણમાં નિપુણ અને મસ્ત હોય છે.

"હું વિવેક અને બુદ્ધિથી હેરાન છું."

એટલે અદ્વૈતવાદમાં આત્મા અને પરમાત્માનું એકીકરણ થવામાં અને ન થવામાં ચિન્તન અને માયા મોટો ભાગ ભજવે છે, અને સુફીમતમાં અંતઃકરણની એ ચાર અવસ્થાઓ અને પ્રેમનું મહત્વપૂર્ણ તત્ત્વ છે.

કબીરે પોતાના રહસ્યવાદમાં આ બન્ને તત્ત્વોનો સમન્વય કરીને પોતાની પ્રેમસાધનાની રચના કરી છે.

## કબીરના રહસ્યવાદની ચિન્તનધારા

કબીરના રહસ્યવાદને સ્ફુટ કરતી હવે એની ચિન્તનધારા આપણે જોઇએ. પરમાત્માની અનુભૂતિને કાજે આત્મા તત્પર થાય છે, અને સાંસારિકતાનો બહિષ્કાર કરીને દિવ્ય અને અલૌકિક વાતાવરણમાં પહોંચે છે. એ વિશ્વના સર્જનહાર પાસે જાય છે. એ સર્જનહારનું નામ છે સત્ પુરૂષ. સત્ પુરૂષના સંસર્ગમાં એ આત્મા દૈવી શક્તિને કારણે આશ્ચર્યમુગ્ધ અને અવાક્ બની જાય છે. એને સમઝણુ નથી પડતી કે પ્રભુ શું છે અને કેવો છે. એ દિગ્મૂઢ બની જાય છે. એ દિવ્યશકિતને સાક્ષાત્ કરે છે, પણ એને પ્રકટ કરી શકતો નથી. એની દશા બોબડાના સાકરના સ્વાદ જેવી થઈ જાય છે. થોડા સમય પછી જ્યારે એ સ્વસ્થ અને સભાન બને છે, અને એની જબાન કંઇક ખુલે છે ત્યારે એકદમ પોકારી ઉઠે છે:

કહહિ કબીર પુકારિ કે અદ્દ્ભુત કહિએ નાહિ.

એ સમયે આત્મામાં એટલી શકિત નથી હોતી કે પરમાત્માના દિવ્ય પ્રકાશનું નિરૂપણ કરે. એ આશ્ચર્ય અને જીજ્ઞાસાની દૃષ્ટિએ પ્રભુ ભણી જુએ છે. અન્તે મહા મુશ્કેલીએ બોલે છે:

વર્ણું હું કૌન રૂપ, ઔ રેખા
દોસર કૌન આહિ જો દેખા;
ઓંકાર આદિ નહિં બેદા
તાકર કહહુ કૌન કુલ ભેદા.
× × ×
નહિં જલ, નહિં થલ, નહિં થિર પવના,
કો ધરૈ નામ હુકુમ કો બરના;
નહિ કછુ હોતિ દિવસ ઔ રાતી,
તાકર કહૂં કૌન કુલ જાતિ
શૂન્ય સહજ મન સ્મૃતિ તે પ્રકટ તાઇ એક જોતિ
તા પુરૂષ કી બલિહારી, નિરાલમ્બ જો હોતિ.
[ રમૈની ૬ ]



અહીં આત્મા સત્ પુરૂષનું રૂપ જોઇને મુગ્ધ બની જાય છે. ધીરે ધીરે આત્મા પરમાત્માના પ્રકાશમાં લીન બની જઇને વિશ્વની વિશાળતા સાક્ષાત્ કરે છે, અને એ વખતે એ આનંદના અતિરેકથી પ્રભુના ગુણ વર્ણવે છેઃ

જાહિ કારણ શિવ અજહુ વિયોગી,
અંગ વિભૂતિ લાઇ મેં જોગી;
શેષ સહસ મુખ પાર ન પાવૈ
સો અબ ખસમ સહિત સમુઝાવૈ.

આટલું બધું કહ્યા છતાં અન્તે આટલું જ કહેવાનું રહી જાય છેઃ

તહિયા ગુપ્ત સ્થૂલ નહિં કાયા,
તાકે શોક ન તાકે માયા,
કમલ પત્ર તરંગ ઇક માંહીં,
સંગ હી રહૈ લિખી પૈ નાહીં.
આસ ઓસ અંડન મેં રહઇ,
અગનિત અંડ ન કોઇ કહઇ,
નિરાધાર આધાર લૈ જાની,
રામ નામ લૈ ઉચરૈ બાની.
× × ×
ભઝક બાંધલ ઇ જગત, કોઇ ના કરે વિચાર
હરિ કી ભકિત જાને બિના, ભવ બૂડિ મુઆ સંસાર.
(રમૈની ૭૪)

સંસારને સંબોધીને આત્મા બોલે છેઃ

ભિન યહ ચિત્ર બનાઇયા, સાંચો સો સુરનિ દાર,
કહહિ કબીર તે જન ભલે, જો ચિત્રવન્તહિ લેહિં વિચાર.

આ પ્રેમની દશાનો વિકાસ એટલે સુધી થાય છે કે આત્મા સ્વયં પરમાત્માની માશુક બનીને એનો જ એક ભાગ બની જાય છે અને આ જ પ્રેમની ઉત્કૃષ્ટ અવસ્થા છે.

એક અંડ ઉંકારતે, સબ જગ ભયા પસાર,
કહહિ કબીર સબ નારી રામકી, અવિચલ પુરુષ ભતાર.
(રમૈની ૨૭)

અને અંતે કહે છે:

હરિ મોર પીવ ભાઇ, હરિ મોર પીવ;
હરિ બિન રહિ ન સકૈ મોર જીવ.
હરિ મોરા પીવ, મૈં રામકી બહુરિયા;
રામ બડે મૈં છુટક લહુરિયા.
(શબ્દ ૧૧૭)

અને:

જો પૈ પિય કે મન નહિં ભાયે,
તો કા પરો સિન કે હુલ રાયે.
કા ચૂરા પાઇલ ઝમકાએં,
કહા ભયૌ બિ છુઆ ઠમકાએં.

કા કાજલ સેંદુર કૈ દીયે,
સોલહ સિંગાર કહા ભયૌ કીયે.
અંજન મંજન કરૈ ઠગૌરી;
કા પચિ મરૈ વિગોઢી બૌરી.

જો પૈ પતિવ્રતા હૈ નારી,
કૈસે હી રહૌ સો પિયહિં પિયારી.
તન મન જોબન સૌંપિ સરીરા,
તાહિ સુહાગિન કહૈ કબીરા.

આત્મા અને પરમાત્માના અનંત સંયોગનો સાક્ષાત્કાર કરીને એ ગાય છે:

હરિ મરિ હૈ તો હમ હૂં મરિ હૈં,
હરિ ન મરૈ હમ કાહે કો મરિ હૈં.



આ અનન્ત સંયોગ પછી એકનો વિનાશ એ બીજાનો વિનાશ હોય છે અને એકના અસ્તિત્વથી બીજાનું અસ્તિત્વ સાર્થક થઈ જાય છે. ફારસીમાં આ વિચારનું એક સુંદર અવતરણ છે. નીકલસને એ પોતાના 'ધી આઇડીઆ ઓફ પરસાનાલિટી ઇન સુફીઝમ'માં એનો અંગ્રેજી અનુવાદ પણ આપ્યો છે:

"જ્યારે એ (મારૂં જીવનતત્ત્વ) 'બીજું' નથી ત્યારે તો મારા ગુણ એના જ (માશુક) ગુણ છે; અને જ્યારે અમે બન્ને એક છીએ ત્યાર પછી એનું બાહ્ય રૂપ એ મારૂં જ છે. જો એને કોઈ બોલાવે છે તો હું ઉત્તર આપું છું, અને મને બોલાવાય છે ત્યારે મને બોલાવનારને એ ઉત્તર દે છે અને કહે છે: 'લબ્બયક' (જેવી આજ્ઞા.) એ બોલે છે તે જાણે હું જ બોલું છું. એ રીતે હું કંઇક કહું છું ત્યારે જાણે એ જ બોલે છે. અમારી બન્નેની વચ્ચેથી મધ્યમ પુરૂષ સર્વનામનો વિનાશ થયો છે, અને એ ન હોવાથી અમને જૂદા પાડનાર સંસારથી હું ઉપર ચાલ્યો ગયો છું."

આ પરમ ધ્યેયને પહોંચવું, એ જ કબીરની સાધનાનો ઉદ્દેશ હતો. એમની ઉલટીધારામાં આ જ રહસ્ય ભર્યું છે. આ રીતે રહસ્ય-વાદની સમન્વયભરી સાધનાનાં પ્રથમ દર્શન કબીરમાં થાય છે.

## રહસ્યવાદ-સાંકેતિક વાણી

જે રહસ્યવાદી પોતાના ભાવોને થોડા ઘણા પ્રકટ કરી શક્યા છે, એમને માટે એક વાત વિચારવા જેવી છે. રહસ્યવાદીઓ પોતાના ભાવ સ્વાભાવિક રીતે રૂપક અને સંકેતમાં પ્રકટ કરે છે. એમનું ભાવસૌન્દર્ય, એમનો ભાવોન્માદ, એમની પ્રેમખુમારી, એ સર્વ અસાધારણ હોવાથી એ તત્ત્વોના અવતાર માટે તેમને રૂપકો અને સંકેતોનું શરણ લેવું પડે છે. અંગ્રેજીમાં પણ જે રહસ્યવાદીઓ કવિઓ થઈ ગયા છે તેમણે પણ આ રૂપકની ભાષા (The language

of symbols) સ્વીકારી છે. આ રૂપકો અને સંકેતો પ્રયત્નનું પરિણામ નથી હોતું; પણ ઢળેલી જમીન પર પાણીનો રેલો વહી રહે, એમ રહસ્યવાદીના અંતઃકરણમાં સહજ રીતે જ એ વહે છે. એટલે પ્રેમના નશામાં રહસ્યવાદી કવિ પોતે ભૂલી જાય છે કે એણે જે કંઈ પ્રકટ કરી દીધું, એ હવે સામાન્ય લોકો શી રીતે સમજશે. એટલે સમાલોચકો ક્યારેક ચક્કરમાં પડી જાય છે, અને માત્ર શબ્દાર્થથી જ મૂલ્યાંકન કરનાર પંડિતની બૂરી વલે થાય છે.

કબીરનો રહસ્યવાદ ખૂબ ગહન છે. એણે પોતાના અનન્ત સંયોગની અવસ્થાને રૂપકોમાં પ્રકટ કરી છે:

હરિ મોર રહંટા, મૈ રતન પિઉરિયા,
હરિકો નામ લે કતતિ બહુરિયા.
છૌ માસ તાગા બરસ દિન કુકરી,
લોગ કહૈ ઝલ કાતલ ખપુરી.
કહહિ કબીર સૂત ભલ કાતા,
ચરખા ન હોય મુક્તિ કર દાતા.

આમ એનો અર્થ સરળ લાગે છે, પણ યથાર્થ રીતે તે કેટલીય ગહન ભાવનાઓથી ભરપૂર છે. રૂપક ચરખામાંથી લીધું છે, કારણ એ કબીરનો વ્યવસાય હતો. હવે એ આ ચરખાનું રૂપક આ કાવ્યમાંથી લઈ લેવામાં આવે તો આ વિચારની બધી શક્તિ કેટલી પડી જશે, અને ભાવોનું સૌન્દર્ય વિખેરાઈ જશે? કરોળીઆના જાળાની જેમ કબીરની રૂપક કવિતા વિસ્તરતી જાય છે. એમાં નવા શબ્દો અને નવા ભાવો આવતા જ જાય છે:

જો ચરખા જરિ જાય, બઢૈયા ન મરૈ,
મૈં કાતો સૂત હજાર, ચરખુલા જિન જરૈ.
બાબા! મોર બ્યાહ કરાવ, અચ્છા બરહિં તકાય
જો લૌ અચ્છા બર ન મિલૈ તો લૌં તુમહિ બિહાય.



પ્રથમેં નગર પહુંચતે પરિગો સોગ સંતાપ,
એક અચંભા હમ દેખા જો બિટિયા બ્યાહલ બાપ.

સમધી કે ઘર સમધી આયે આયે બહુ કે ભાય,
ગોડે ચૂલ્હા દૈ દૈ ચરખા દિયો દિઢાય.
દેવલોક મર જાયંગે, એક ન મરે બઢાય,
યહ મન રંજન કારણે ચરખા દિયો દિઢાય.
કહહિ કબીર સુનૌ હો સંતો! ચરખા લખૈ જો કોય,
જો યહ ચરખા લખિ પરૈ તાકો આવાગમન ન હોય.
(બીજક શબ્દ ૬૮)

આનો સાધારણ અર્થ એવો છે કે જો ચરખો બળી જાય છે, છતાં એનો બનાવનાર સુથાર નથી મરી શકતો, પણ જો મારો ચરખો નહીં બળે તો એના પર હું હજાર સુતર કાંતીશ. બાબા! સારો વર શોધીને મારૂં લગ્ન કરાવી આપો, અને જ્યાં સુધી સારો વર ન મળે ત્યાં સુધી તમે જ મારી સાથે લગ્ન કરી લ્યો. આ તો નગરમાં પહેલી વાર પહોંચતાં જ શોક અને દુઃખ માથે આવી પડયાં. મેં એક આશ્ચર્ય જોયું કે પિતાની સાથે પુત્રીએ લગ્ન કરી લીધું. પરિણામે એક વેવાઇને ત્યાં બીજા વેવાઈ આવ્યા અને વહુને ત્યાં ભાઈ. ચરખાના વિવિધ ભાગોને વ્યવસ્થિત કરીને એને મજબુત બનાવી દીધો. સ્વર્ગમાં રહેનાર સર્વ દેવો મરી જશે, પણ એ સુથાર નથી મરી શકતો; જેણે મનને પ્રસન્ન રાખવા માટે ચરખાને ખૂબ મજબુત બનાવી લીધો છે. કબીર કહે છેઃ ઓ સંતો! સાંભળો, જે કોઈ આ ચરખાનું વાસ્તવિક રૂપ જૂએ છે, જેણે આ ચરખાને એક વાર જોઈ લીધો છે, એનું સંસારમાં ફરીથી આવાગમન નથી થતું, સંસારનાં બંધનોમાંથી સદૈવને માટે એ મુક્ત થઈ જાય છે.

પહેલી સામાન્ય દૃષ્ટિએ તો એમ દેખાય છે કે આ આખા અવતરણમાં ભાવસામ્યતા નથી. એક વિચાર પૂરો થતો નથી ત્યાં

બીજો વિચાર શરૂ થાય છે, એક રૂપક પૂરૂં થાય ત્યાં બીજું આવીને પડે છે. વિચારધારા અનેક ઠેકાણે તૂટી ગઈ છે. ભાવોનો વિકાસ અવ્યવસ્થિત રૂપે થયો છે. પરંતુ જો રૂપકના વાતાવરણમાંથી નીકળીને રૂપકને માત્ર ભાવપ્રદર્શનનો આધાર માનીને એ અવતરણના અંતરંગ અર્થને જોઇએ તો ભાવસૌન્દર્ય તરત જ સ્પષ્ટ થઈ જશે. વિચારોની ગોઠવણી તરત જ દૃષ્ટિ સમીપ આવી જશે અને કવિનો સંદેશ ગમ્ય થઈ જશે.

રૂપકના અવ્યવસ્થિત સ્વરૂપનું કારણ એ શક્ય છે કે જે સમયે કવિ એકાગ્ર થઇને દિવ્ય શક્તિનું સૌન્દર્ય જુએ છે, સંસારથી ઉંચે જઇને જ્યારે દિવ્ય લોકમાં વિહાર કરે છે તે વખતે એ આનંદ અને ભાવના ઉન્માદને સંભાળી શકતો નથી. એ જ મસ્તીમાં દિવાનો બનીને ભિન્નભિન્ન રીતે ભાવોનું પ્રદર્શન કરે છે. શબ્દો મળે છે ખરા, પણ એના આહ્લાદના કંપથી એ વિખેરાઈ જાય છે, અને કવિનો શબ્દસમૂહ વૃદ્ધ માણસનાં અંગોની જેમ શિથિલ બની જાય છે. એટલે ભાષાની લગામ એના હાથમાંથી છટકી જાય છે, અને એ અસહાય બનીને વિખરાયલા શબ્દોમાં, અનિયંત્રિત વાગ્ધારાઓમાં અને ભાંગ્યાંતૂટયાં પદોમાં પોતાના આનંદના અતિરેકને પ્રકટ કરે છે.

હવે આપણે રૂપકનું આવરણ હઠાવીને એનું ભાવસૌન્દર્ય જોઇએઃ

જો કાલચક્ર (ચરખો) કદિ નષ્ટ થઈ જાય, તો પણ એનો નિર્માણકર્તા અનન્તશક્તિસંપન્ન ઈશ્વર કદિયે નષ્ટ નથી જ થતો. કદાચિત્ આ કાલચક્ર ન બળે, ન નષ્ટ થાય તો હું સહસ્ત્ર કર્મો કરી શકું છું. હે ગુરૂ! તમે ઈશ્વરની ઓળખ કરીને એની સાથે મારો સંબંધ કરાવી આપો, અને જ્યાં સુધી ઈશ્વર ન મળે ત્યાં સુધી તમે જ મને તમારા રક્ષણ હેઠળ રાખો. આપની પાસેથી પહેલી વાર દીક્ષા લીધી ને મને ચિન્તા થવા માંડી કે, હું શી રીતે આપની આજ્ઞાનું



પાલન કરી શકીશ! પણ મને આશ્ચર્ય થયું કે આપના પ્રભાવથી મારો આત્મા એ સરજનહાર પરમ પિતા બ્રહ્મમાં જઇને મળી ગયો. પરિણામ એ આવ્યું કે મારા અંતરમાં ઈશ્વરની વ્યાપકતા વધી ગઈ. વેવાઇને વેવાઈ મળ્યા. આત્માના પિતા બ્રહ્મને ગુરુના પિતા બ્રહ્મ મળ્યા, અર્થાત ઈશ્વરની અનુભૂતિ બમણી થઈ ગઈ. વાણી રૂપી વહુની પાસે પાંડિત્ય રૂપી ભાઈ આવ્યો, અર્થાત વાણીમાં વિદ્વત્તા-પંડિતતા આવી. એ સમયે કર્મકાંડોથી લાઞ્છિત કાલચક્રની દૃઢતા વધારે સ્પષ્ટ દેખાઈ. સમસ્ત વિશ્વને એકી નજરે જોઈ લેવાથી એટલો અનુભવ થઈ ગયો કે વિશ્વની સર્વ વસ્તુઓ ક્ષણિક હોઈ શકે છે, પણ એ અનન્તશક્તિ જેણે કાલચક્રનું નિર્માણ કર્યું છે તે કદિ નષ્ટ થઈ શકતી નથી. એણે હૃદયને ચારૂતાભર્યું રાખવા માટે કાલચક્રને વધારે સુદૃઢ બનાવી દીધું છે. કબીર કહે છે કે, જેણે કાલચક્રના મર્મને જાણ્યો છે, એ સંસારનાં બંધનોથી કદિ બદ્ધ થતો નથી. એને ઈશ્વરનો એવો સાક્ષાત્કાર થઈ જાય છે કે એનું જન્મમૃત્યુનું બંધન વિનાશ પામે છે.

રૂપકની બાંધણી અને વિધાન કેટલાં સુંદર છે! આ ઉપરથી જણાશે કે રૂપકનો આધાર લઇને રહસ્યવાદી કવિ શી રીતે પોતાના ભાવો પ્રકટ કરે છે. ડૉ. ફુડ પણ આ વાતનું સમર્થન કરે છે કે આત્માની ભાષા એ રૂપકોની ભાષા છે. રહસ્યવાદિ કવિઓની સામે સંસારની વસ્તુઓ ગુબ્બારા જેવી છે, જેમાં અનંત શક્તિનો 'ગેસ' ભર્યો છે. આ જ ગુબ્બારાઓ કવિની કલ્પનાના હિંચોળાથી આમ-તેમ ઘુમ્યાં કરે છે. કવિની કલ્પના પણ આ વખતે ઘડીયાળના કાંટાનું રૂપ ધારણ કરે છે અને પૃથ્વી અને આકાશની વચ્ચે ઘુમરીઓ ખાયાં કરે છે. આજે એ અનન્ત વિભૂતિની અનુભૂતિ છે, તો કાલે એ અનુભૂતિનું સંસારની વસ્તુઓ દ્વારા પ્રદર્શન છે.

કબીરનાં રૂપકોના વ્યવહારમાં એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. કબીરનાં રૂપકો સ્વાભાવિક હોવા છતાં જટિલ છે,

જો કે એમનાં રૂપકો પુષ્પોની જેમ ઉત્પન્ન થાય છે અને વિકાસ પામે છે, પરંતુ એમાં જટિલતાના કાંટા હોય છે. કદાચિત્ કબીરની ઇચ્છા પણ એવી હશે. લોકો પાસે એ પોતાની વાતો ખૂબ જ સ્વાભાવિક રીતે મૂકતા હતા, પરંતુ સાથે એમ પણ ઇચ્છતા હતા કે લોકો એ વસ્તુઓને સમજવાનો પ્રયત્ન પણ કરે. સોનું ખાણમાંથી જ મળે છે, મોતી દરિયામાં જ થાય છે. ગમે ત્યાં વેરાયલી આ વસ્તુઓ નથી. જો આવી વસ્તુઓ અતિશય સરળતાથી મળી જાય તો એનું મૂલ્ય શું? કબીરના દિવ્ય અનુભવો રૂપકોમાં છૂપાયલા હોય છે. જે જીજ્ઞાસુ હશે તેઓ જરૂર પરિશ્રમ કરીને સમજી લેશે, અને બીજાને એનો ઉપયોગ પણ શો છે! એક વખત અંગ્રેજી રહસ્યવાદી કવિ બ્લેકીનને એક સજ્જને કહ્યું કે "તમારી કવિતામાં રહેલા મર્મભાવને સ્પષ્ટ કરવા કોઈ બીજી વ્યક્તિની આવશ્યકતા છે?" આનો જવાબ આપતાં એ કવિએ કહ્યું: "જે વસ્તુ યથાર્થ રીતે ઉત્કૃષ્ટ છે, એ નિર્બલ માણસને માટે સદૈવ અગમ્ય જ રહેવાની. ઇસુ, સોલોમન, ઇસપ, હોમર અને પ્લેટો નિર્બલ અને મૂર્ખાઓને હંમેશા અગમ્ય જ રહેવાના."

આ જ વિચારથી કબીરે કદાચિત્ કહ્યું હશે:

કહે કબીર સુનો હો સંતો!
યહ પદ કરો નિબેરા.

## રહસ્યવાદની વિશેષતાઓ

હવે આપણે રહસ્યવાદની કેટલીક વિશેષતાઓ જોઇએ. પહેલી વિશેષતા એ છે કે એમાં પ્રેમની ધારા અખંડિત અને અબાધિત રૂપે વહે છે. રહસ્યવાદી એવું પ્રેમતત્ત્વ પામે છે કે જેનાથી એના સાંસારિક અને દિવ્ય જીવન વચ્ચે અદ્ભુત સંવાદ સધાય છે. આ પ્રેમ હૃદયની સાધારણ નાજુક અવસ્થા નથી હોતી, પણ એ એવી પ્રબળ સૂક્ષ્મ પ્રવૃત્તિ હોય છે જે સાધકના અંતરજગતનો બહારના



જગત સાથે અપૂર્વ સમન્વય સાધે છે. પ્રેમનો જ્ઞાન સાથે સંબંધ નથી. પ્રેમ એ મનનો નહીં પણ અંતઃકરણનો વિષય છે. એટલે એક સાધારણ માણસ પ્રેમ કરી શકે અને એક વિદ્વાન પ્રેમની પરિભાષાથી અનભિજ્ઞ પણ હોઈ શકે. રહસ્યવાદમાં જ્ઞાન કરતાં પ્રેમનું તત્ત્વ વધારે છે. કબીર કહે છે:

ગુરૂ પ્રેમકા અંક પઢાઈ દિયા,
અબ પઢને કો કછુ નહિં બાકી.

આવા સાચા પ્રેમની ખુમારી જ સાધકને એના આરાધ્ય તરફ લઈ જાય છે:

આઠહું પહર મતવાલ લાગી રહૈ,
આઠહું પહર કી છાક પીવૈ;
આઠહું પહર મસ્તાન માતાં રહૈ,
બ્રહ્મ કી છૌલ મેં સાધ જીવૈ;
સાંચ હી કહતુ ઔર સાંચ હી ગહતુ હૈ,
કાંચ કો ત્યાગ કરી સાંચ લાગા;
કહે કબીર યોં સાધ નિર્ભય હુઆ,
જનમ ઔર મરનકા ભર્મ ભાગા.

એ વખતે એને પ્રેમના નશામાં કેવાં દશ્યો દેખાય છે:

ગગન કી ગુફા તહાં ગૈબકા ચાંદના,
ઉદય ઔ અસ્ત કા નાવ નાહીં;
દિવસ ઔ રૈન તહાં નેક નહિ પાઇએ,
પ્રેમ ઔ પરકાસ કે સિંધ માહીં.
સદા આનંદ દુઃખ દુન્દ વ્યાપૈ નહિ,
પૂરનાનંદ ભરપૂર દેખા;
ભર્મ ઔર ભ્રાંતિ તહાં નેક આવૈ નહીં,
કહે કબીર રસ એક પેખા.

રહસ્યવાદના આ પ્રેમને અમુલ અલ્લાહે આ પ્રકારે પ્રકટ કર્યો છેઃ

"ચર્ચ, મંદિર અથવા કાબાનો પત્થર; કુરાન, બાઈબલ કે શહીદનાં અસ્થી, એ સર્વ અને એથીય અધિક વસ્તુઓ મારા હૃદયને માટે સહ્ય છે, કારણ કે મારો ધર્મ કેવળ પ્રેમ છે."

પ્રોફેસર ઈનાયતખાંએ પોતાના "Sufi Messege" નામક ગ્રન્થમાં આ જ વિચારની વધારે સ્પષ્ટતા કરી છેઃ

"સુફી પોતાના સર્વોત્કૃષ્ટ લક્ષ્યની પૂર્તિ માટે પ્રેમ અને ભક્તિનો જ માર્ગ ગ્રહણ કરે છે, કેમકે પ્રેમભાવના જ મનુષ્યને ઐક્યના જગતમાંથી ભિન્નતાના જગતમાં લઈ આવી છે, અને એ જ એવી શક્તિ છે જે એને ફરીથી પાછી એ જગતમાં લઈ જઈ શકે છે."

એટલે નિસ્વાર્થ પ્રેમભાવ એ રહસ્યવાદીની સાધનાનું મૂળતત્ત્વ છે.

બીજી વિશેષતા એ છે કે એમાં દિવ્ય તત્ત્વ હોય છે. સંસારની નીરસ વસ્તુઓથી ઘણે દૂર એક એવા વાતાવરણમાં રહસ્યવાદ રૂપ ધારણ કરે છે કે જેમાં સદૈવ નવા નવા ઉમંગોની સૃષ્ટિ રચાય છે. એ દિવ્ય વાતાવરણમાં કોઈ જૂની ચીજ નથી હોતી. રહસ્યવાદીના શરીરમાં સતત એવી સ્ફુર્તિ હોય છે, અને એનાથી એ એવી પ્રેમખુમારીમાં મસ્ત રહે છે, એવા સ્થાનમાં ભ્રમણ કરે છે કે, જ્યાં મૃત્યુનો ભય નથી હોતો, રોગનું અસ્તિત્વ નથી હોતું અને શોકનો વિસ્તાર નથી હોતો. આ જ પરમ અવસ્થામાં રહસ્યવાદી સાધક ઈશ્વરની સમીપ આવે છે અને એના રૂપમાં સમાઈ જાય છે. મશહૂર ફારસી સુફી કવિ જામીએ આ જ દિવ્ય મસ્તીમાં પોતાનું અદ્દભુત કવિતાકૌશલ બતાવ્યું છે. "ધી આઇડીઆ ઓફ પર્સનાલિટી ઈન સુફીઝમ"માં અલહલ્લાજ–મન્સુરની ભાવના પણ આવી છેઃ



"તારો આત્મા મારા આત્મા સાથે મળી ગયો છે, જેમ સ્વચ્છ પાણીમાં શરાબ. જ્યારે તું કોઈ વસ્તુને સ્પર્શ કરે છે ત્યારે જાણે એમને જ અડકે છે. જો ને, સર્વ પ્રકારે તું "હું" જ છે."

કબીરે આ પદમાં આ જ તત્ત્વનું સુંદર નિરૂપણ કર્યું છેઃ

યોગિયા કી નગરી બસૈ મતિ કોઈ,
જો રે બસૈ સો યોગિયા હોઈ.
વહી યોગિયા કે ઉલટા જ્ઞાના,
કારા ચોલા નાહીં માના.
પ્રગટ સો કંથા ગુપ્તા ધારી,
તામે મૂલ સંજીવની ભારી.
વા યોગિયા કી યુક્તિ જો બુઝૈ,
રામ રમૈ સો ત્રિભુવન સૂઝૈ.
અમૃત બેલી છન છન પીવૈ,
કહે કબીર સો યુગ યુગ જીવૈ.

રહસ્યવાદની ત્રીજી વિશિષ્ટતા એ છે કે સાધક એમાં સર્વદા જાગૃત રહે છે. એ જાગૃતિમાં સાધકને સતત દિવ્ય શક્તિની ઝાંખી થયાં જ કરે છે.

ચોથી વિશેષતા એ છે કે અનન્ત ભણી માત્ર એમાં ભાવનાની પ્રગતિ થતી નથી, પણ સમસ્ત અંતઃકરણની સંપૂર્ણ અભીપ્સા એ તરફ અગ્રસર થાય છે. અંડર હીલે પોતાના "Mysticism" માં આનું એક સુન્દર અવતરણ આપ્યું છે. મેગડેબર્ગના મેકિથલ્ડને એક દર્શન થયું, તેનું વર્ણન આ પ્રમાણે છેઃ

આત્માએ પોતાની ભાવનાને કહ્યુંઃ—

"શીઘ્ર જા, અને જો કે મારા પ્રિયતમ ક્યાં છે? એમને જઈને કહે કે હું તમને પ્યાર કરૂં છું."

ભાવના ચાલી; કારણ કે સ્વભાવે જ શીઘ્રગામિની છે અને સ્વર્ગમાં જઇને બોલી:—

"દેવાધિદેવ! દ્વાર ઉઘાડો, અને મને અંદર આવવા દો."

એ સ્વર્ગના સ્વામીએ કહ્યું: "આવડી ઉત્સુકતાનું તાત્પર્ય શું છે?"

ભાવનાએ ઉત્તર દીધો: "ભગવાન! હું આપને એક સંદેશ પહોંચાડવા આવી છું કે મારી સ્વામિની હવે વધારે વાર નહીં જીવી શકે. જો આપ અત્યારે જ મારી સાથે આવો તો કદાચ જીવી જાય. નહીં તો માછલીની જેમ એને કિનારે કાઢી નાંખવાથી એ કેટલા દિવસ જીવતી રહે?"

ઇશ્વરે કહ્યું: "પાછી જા. જ્યાં સુધી તું એ ભૂખ્યા આત્માને મારી પાસે નહીં લાવે ત્યાં સુધી હું તને અંદર નહીં આવવા દઉં, કારણ કે એની ઉપસ્થિતિમાં જ મને આનંદ મળે છે."

આ અવતરણનો અર્થ એ છે કે અનન્તનું ધ્યાન માત્ર ભાવનાથી નથી થતું, પણ સમસ્ત આત્માથી થાય છે. આત્મા અને પરમાત્માના મિલનમાં માયાનું આવરણ જ બાધક છે. આ માયાનાં કબીરે 'રમૈની' અને 'શબ્દ' માં ભયંકર ચિત્રો આંકયાં છે. કબીરે માયાને અતિશય હીન દૃષ્ટિએ જોઇ છે. એ જાણે માયાનો સર્વનાશ કરવા ઇચ્છે છે. એમને લાગ્યું કે જગત છે સત્ પુરુષની આરાધના માટે. જે નિરંજને એક વાર વિશ્વનું સર્જન કર્યું અને સર્જન દ્વારા એણે સત્પુરુષની ઉપાસના માટે સાધનાની સૃષ્ટિ રચી. આ સૃષ્ટિ ઉપર માયાએ પાપનો જાણે પડદો નાંખી દીધો. કેટલો સુંદર સંસાર છે! એમાં કેટલી સુંદર વસ્તુઓ છે! ગુલાબનાં ફુલ છે અને એમાં મધુર સૌરભ ભરી છે. સુંદર આમ્રમંજરીઓ છે એમાં મોહક મહેક ભરી છે, મનોહર ઇન્દ્રધનુષ્ય છે અને એમાં અદ્‌ભુત રંગોની છટાઓ વિલસે છે, પણ એ સુગંધ, એ મહેક અને એ રંગો માયાના આતંકથી કલુષિત છે. એ પુણ્યના સુંદર ભંડારમાં માયા એ પાપની



વાસનાપૂર્ણ મદિરા છે. એ સુવર્ણમય સ્વપ્નમાં ભય અને આશંકાની વેદના છે. એટલે કબીર ઇચ્છે કે એવા સંસારમાં સાધકનો નિવાસ હો, પણ એના પર આસક્તિ ન હો. સંસારની માયાભરી વિભૂતિઓ દૃષ્ટિ સમીપ વિસ્તરેલી ભલે રહે, પણ એના તરફ આકર્ષણ ન હો. રૂપ હો, પણ એમાં અનુરક્તિ ન હો. સંસારમાં મનુષ્ય રહે, પણ માયાના કલુષિત પ્રભાવથી સદૈવ દૂર રહે.

## માયાની ઉત્પત્તિની ગહન વિવેચના

કબીરે માયાની ઉત્પત્તિની ખૂબ ગહન વિવેચના કરી છે. 'બીજક'ના આદિમંગલથી જો કે આ વિવેચના જરા ભિન્ન છે, તો પણ કબીરસંપ્રદાયમાં આ જ પ્રચલિત છે.

પ્રારંભમાં એક જ શક્તિ હતી. સારભૂત એક જ આત્મા હતો. એમાં રાગદ્વેષ નહોતા. કોઇ વિકાર નહોતો. એ આત્માનું નામ હતું સત્ પુરુષ. એ સત્ પુરુષના હૃદયમાં શ્રુતિનો સંચાર થયો અને ધીરે ધીરે એ સમાઇ ગઇ. સાથે સાથે ઇચ્છાનો આવિર્ભાવ થયો. એ જ ઇચ્છા વડે સત્ પુરુષે શૂન્યમાં એક વિશ્વની રચના કરી. એ વિશ્વના નિમંત્રણને કાજે એમણે છ બ્રહ્મા ઉત્પન્ન કર્યા:

ઓંકાર
સહજ
ઇચ્છા
સોહમ્
અચિન્ત
અચ્છર

સત્ પુરુષે એમને એવી શક્તિ આપી કે જેની દ્વારા તે પોતાના લોકમાં ઉત્પત્તિનાં સાધન અને સંચાલનની વ્યવસ્થા કરે. પણ સત્ પુરુષને પોતાના કામમાં ખૂબ નિરાશા મળી. કોઇ પણ બ્રહ્માએ

પોતાના લોકનું સંચાલન નિયમનપૂર્વક ન કર્યું. ત્યારે એમણે એક યુક્તિ વિચારી.

ચારે બાજુ પ્રશાન્ત સાગર હતો. અનન્ત જલરાશિ એકાન્તમાં મૌનપૂર્વક અચ્છર બેઠો હતો. સત્ પુરુષે એની આંખોમાં નિદ્રાની એક રેખા ખેંચી. ધીરે ધીરે વાળાની જેમ એ ઘેરી નિદ્રામાં પડી ગયો. જ્યારે એની આંખો ખુલી, ત્યારે એણે જોયું કે અનન્ત જલરાશિ પર એક ઇંડું તરે છે. તે એ ઇંડા ભણી એકી ટસે જોઈ રહ્યો. એની દૃષ્ટિમાં ખોટી શક્તિ હતી. એક મોટો અવાજ થયો અને ઇંડું ફુટી ગયું. એમાંથી એક ભયાનક પુરુષ નીકળ્યો. એનું નામ નિરંજન. જો કે નિરંજન ઉદ્ધત સ્વભાવનો હતો, પણ એણે સત્ પુરુષની ખૂબ ભક્તિ કરી. એ ભક્તિના ફળ રૂપી એણે સત પુરુષ પાસે ત્રણ ભુવનનું સ્વામીત્વ મળે, એવું વરદાન માગ્યું.

આટલું મળવા છતાં નિરંજન મનુષ્યની ઉત્પત્તિ ન કરી શક્યો. એટલે એને ખૂબ નિરાશા થઈ. એણે ફરીથી સત્ પુરુષની આરાધના કરી, એક સ્ત્રીની યાચના કરી. સત્ પુરુષે એ યાચના સ્વીકારી, અને એક સ્ત્રીની રચના કરી. એ સ્ત્રી સત્ પુરુષ ઉપર જ મોહિત થઈ ગઈ, અને એમની સેવામાં જ રહેવા લાગી. આખરે ખૂબ સમજાવટને અંતે એ સ્ત્રી નિરંજન પાસે ગઈ. એનાથી એને ત્રણ પુત્રો થયા: બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. પુત્રોની ઉત્પત્તિ પછી નિરંજન અદૃશ્ય થઈ ગયો. માત્ર સ્ત્રી જ બચી. એ સ્ત્રીનું નામ માયા.

બ્રહ્માએ પોતાની માતાને પૂછ્યું:

"કે તોર પુરુષ કા કરિ તુમ નારી?"

(રમૈની ૧)

"તમારો પતિ કોણ અને તમે કોની સ્ત્રી છો?"

માયાએ એનો પ્રત્યુતર વાળ્યો:



હમ તુમ, તુમ હમ, ઔર ન કોઈ,

તુમ મમ પુરુષ, હમહી તોર જોઈ.

કેટલો અનુચિત ઉત્તર! તમે જ મારા પતિ અને હું તમારી સ્ત્રી! આ પદમાં કબીરે સંસારની માયાનું ચિત્ર ખેંચ્યું છે. આ સંસારનો નિષ્કર્ષ છે અને એનાથી કબીર ઘૃણા કરે છે. મા સ્વયં પોતાને મુખે પોતાના પુત્રની સ્ત્રી બને છે. એટલે કબીર પોતાની પહેલી રમૈનીમાં કહે છે:

બાપ પૂત કે એકૈ નારી, એકૈ માય બિઆય.

માતૃપદને સુશોભિત કરનારી નારી બીજી વાર પાછી પુરુષના ઉપભોગની સામગ્રી બને છે. આ જ સંસારનું વાસનાપૂર્ણ કૌતુક છે! પુરૂષ જાતિની માતા બનનાર પાછી એ જ પુરૂષ જાતિની અંકશાયિની બને છે! કેટલો કલુષિત સંબંધ છે! એટલે એ ઘૃણાભર્યું પોતાનું આશ્ચર્ય પ્રકટ કરે છે:

સન્તો! અચરજ એક ભૌ ભારી

પુત્ર ધરત મહતારી.

ઈ. સ. ૯૭૩ થી ૧૦૫૭ ની વચ્ચે ઉત્તર સીરીઆના મારા શહેરમાં થઈ ગએલા અંધ ફીલસુફ કવિ-અબુલ-અલા-મારીએ પણ આવી જ જાતની વિચારસરણી બતાવી છે.* એણે પોતાની એક કવિતામાં કહ્યું છે કે મારા પિતાએ માતૃજાતિની મશ્કરી કરી મને પેદા કર્યો, પણ હું એવું પાપ નહીં કરૂં. ( This wrong was done to me by my father, but to none by myself ) અને આખી જીંદગી કુંવારા રહી, એણે પ્રભુભક્તિમાં

*Literary History of the Arabs (Nicholson) p. 324.

જીવન વીતાડયું. એ સમયનો એ મોટો રહસ્યવાદી આરબ કવિ કહેવાય છે.

કબીરના ઉપરના પદમાં એમણે એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે સત્ પુરૂષની જે ઉત્કૃષ્ટ વિભૂતિ એક વાર ગૌરવપૂર્ણ, મહાન પવિત્ર તથા સંસારની સમસ્ત ઉજ્જવળ શક્તિઓથી વિભૂષિત બનીને માતા થવા આવી હતી, તે બીજી જ ક્ષણે સંસારની વાસનાની વસ્તુ બની જાય છે. કબીરને સંસારના આ જ વ્યાપારમાં ઘૃણા દેખાય છે.

માયાના આ ઉત્તરથી બ્રહ્માને વિશ્વાસ ન આવ્યો. એ નિરંજનની શોધમાં ચાલ્યો. માયાએ એક પુત્રી પેદા કરીને બ્રહ્માને પાછો લાવવા મોકલી, પણ બ્રહ્માએ ઉત્તર કહાવ્યો કે મેં પિતાની શોધ કરી લીધી છે. તમે જે કહ્યું હતું તે અસત્ય હતું અને એના દંડ રૂપે તમે કદિ સ્થિર નહીં રહી શકો.

ત્યારબાદ બ્રહ્માએ એક નવીન સૃષ્ટિની રચના કરી; જેમાં ચાર પ્રકારના જીવોની ઉત્પત્તિ થઇઃ ૧ અંડજ, ૨ પિંડજ, ૩ સ્વેદજ, ૪ ઉદ્‌ભિજ્જ. સમસ્ત સૃષ્ટિએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, એમનું પૂજન કરવા માંડયું અને માયાનો તિરસ્કાર કર્યો. જ્યારે માયાએ જોયું કે મારા જ પુત્રો મારો તિરસ્કાર કરાવે છે ત્યારે તેણે ત્રણે પુત્રીઓ પેદા કરી, જેમાંથી ૩૬ રાગિણી અને ૬૩ સ્વર નીકળ્યા અને તે સંસારને મોહપાશમાં બાંધવા લાગ્યાં. સમસ્ત સંસાર માયાના સાગરમાં તરવા લાગ્યો. મોહ અને પાખંડનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું. સંતોથી આ સહન ન થયું અને એમણે સત્ પુરૂષને આના નિવારણ માટે પ્રાર્થના કરી. સત્ પુરૂષે આ અવસરે એક વિભૂતિ મોકલી, જે સંસારને માયાજાળમાંથી છોડાવીને સત્ પુરૂષ ભણી આકર્ષિત કરે. આ વ્યક્તિનું નામ કબીર. વિશ્વનિર્માણના વિષયમાં આ જ ધારણાને કબીરપંથી માને છે.



## નિર્ગુણ પ્રેમસાધનાની અન્તિમ અવસ્થા

કબીરના રહસ્યવાદના આટલા વિસ્તૃત નિરૂપણમાં આપણે જોયું કે એમણે અદ્વૈતવાદ અને સુફી મતમાંથી કેવી રીતે પોતાની નિર્ગુણ પ્રેમસાધનાની રચના કરી છે. હવે આ પ્રેમસાધનાની અન્તિમ અવસ્થા 'અનન્ત સંયોગ' ઉપર જરા વિશેષ વિચાર કરીને આ પ્રકરણ પૂરૂં કરી લઇએ.

ડાયોનિસસે રહસ્યવાદની સુંદર વ્યાખ્યા કરી છે. પરમાત્માની આત્માની સાથેનો અત્યંત ગુપ્ત ગુફતેગો એ રહસ્યવાદ છે.* આ રીતે રહસ્યવાદની વિલક્ષણ પરિભાષાઓ છે. આ ઉપરથી એક વાત સિદ્ધ થાય છે કે રહસ્યવાદની અનુભૂતિ દરેક રહસ્યવાદીની ભિન્ન હોય છે.

કવિવર રવીન્દ્રનાથે આત્મા અને પરમાત્માના મિલનમાં બન્નેને ઉત્સુક બતાવ્યા છે. જો આત્મા પ્રભુને મળવા આતુર છે તો પરમાત્મા પણ એને મળવા ચાહે છે. આ જ ભાવને એમણે પોતાની કવિતા 'આવર્તન' માં ગુંથ્યો છેઃ

"ધૂપ પોતાને સુગન્ધિની સાથે મીલાવી દેવા મથે છે.
ગંધ પણ પોતાને ધૂપની સાથે સંબદ્ધ કરવા ઇચ્છે છે.
સ્વર પોતાને છંદમાં સમર્પિત કરી દેવા મથે છે.
છંદ પાછો મળીને સ્વરની સમીપ જવા ઇચ્છે છે.
ભાવને સૌન્દર્યનું અંગ બનવું છે.
સૌન્દર્ય પણ પોતાને ભાવના અંતરાત્મામાં મુક્ત કરવા ઇચ્છે છે.
અસીમ સીમાબદ્ધને ગાઢ આલિંગન કરવા આવે છે.
સીમાબદ્ધ અસીમમાં પોતાને સમાવી દેવા ઉત્સુક હોય છે.

---

*'સ્ટડીઝ ઈન મીસ્ટીસીઝમ' કર્તા એ. ઇ. વેટ.

હું નથી જાણતો કે પ્રલય અને સૃષ્ટિ, એ કોનું રચના-વૈચિત્ર્ય છે!

ભાવ અને સૌન્દર્યમાં અવિરામ વિનિમય થાય છે.
બદ્ધ પોતાની મુક્તિની શોધમાં ફર્યાં કરે છે,
મુક્તિ બંધનમાં પોતાના આવાસની ભિક્ષા માગે છે."

એટલે સૌ રહસ્યવાદીઓ એક જ સ્વરૂપે એ દિવ્ય શક્તિનો સાક્ષાત્કાર કરી શક્યા નથી. કબીરે આ અનુભૂતિને બને એટલી 'સહજ' પૂરવાર કરવાનો પ્રયત્ન કર્યો છે. કબીર પછી થઈ ગએલા દાદુ અને રજબ જેવા રહસ્યવાદીઓએ પણ ઇશ્વરને 'સહજ' ને નામે સંબોધ્યો છે. પણ 'સહજ' ને મેળવવા માટે સહજ થવાની સાધના મુશ્કેલ છે.

એક મશહૂર યુરોપીઅન વાયોલીનકારને પોતાના વાદ્ય પર અદ્દભુત રીતે, કુશળ સરળતા અને સ્વાભાવિકતાપૂર્વક ગજ અને આંગળીઓ ફેરવતો જોઇને સાંભળનારા સંપૂર્ણતાનો અનુભવ કરી શક્યા.

એક જણે પ્રશ્ન કર્યો: "શું સહજ ગતિ છે? આવી સ્વાભાવિકતા તમે કેવી રીતે મેળવી?"

સંગીતકારે જવાબ આપ્યો: "માત્ર ઇશ્વર જાણે છે કે મેં કેટલી તપશ્ચર્યા કરીને આ સહજ, સ્વાભાવિક સરળતા મેળવી છે."

કૃત્રિમ થવા માટે સાધનાની જરૂર નથી, પણ સહજ થવા માટે તપ અનિવાર્ય છે. વીલીયમ રાલ્ફ ઇન્જે પોતાના "પર્સનલ આઇડીઆલીઝમ એન્ડ મીસ્ટીસીઝમ" માં કહ્યું છે:

"આ દિવ્ય વિભૂતિ અને શાન્તિના દર્શનનું સ્વાગત કરવા આત્મા જેમ બાળક પોતાના પિતાના ઘરને ઓળખીને દોડે એવી સહજ રીતે અગ્રેસર થાય છે. આ 'સહજ' બનવું એ જ રહસ્યવાદની મૂળ સાધના છે."



આત્મા અને પરમાત્માનો આંતરિક સંબંધ સ્થાપવાની અને સિદ્ધ કરવાની ગુપ્ત કલા એ રહસ્યવાદ છે. જ્યારે આત્માને અનુભવ થાય છે કે પરમાત્મા મને વિશ્રામ કરાવે છે ત્યારે એને એક પ્રકારનું ગૌરવ લાગે છે, અને ગૌરવનો આનંદ મૌનમાં પરિણમે છે. ગરીબનું ધન મૂક હોય છે. એમાં બોલવાની શક્તિ નથી હોતી અને બોલે છે ત્યારે એ ભાંગી તૂટી વાચા ભાવનું અધુરૂં પ્રદર્શન બની રહે છે. આત્મા જેમ પરમાત્માના સંયોગથી આનંદી અને મસ્ત બને છે તેમ પરમાત્મા પણ પોતાનું સ્વરૂપ પોતાનામાં મેળવીને સુખી થાય છે, અને પરમાત્મા અને આત્માના આ અનંત સંયોગની અવસ્થામાં પરમાત્મા પોતે આત્મા દ્વારા જગતમાં બોલે છે:

મુઝકો કહાં ઢુંઢે બંદે
મૈં તો તેરે પાસ મે.

(કબીર)

કબીરની પ્રેમસાધનાનું આ જ રહસ્યમય સૌન્દર્ય છે.

# પ્રકરણ ૫ મું

## કબીર અને હઠયોગ

કબીરના શબ્દોનો આપણે ઝીણવટથી અભ્યાસ કરીએ તો હઠયોગનો ધ્વનિ એમાંથી સ્પષ્ટ નીકળે છે, એટલું જ નહીં પણ કેટલાક શબ્દો અને ભાવ તો હઠયોગના સ્વરૂપને વિશદ રીતે બતાવે છે. કબીર અભણ હતા. એટલે એમને રાજયોગ અને હઠયોગ, ભક્તિયોગ, કર્મયોગ કે મંત્રયોગ અથવા જ્ઞાનયોગ, એના સૂક્ષ્મ ભેદોનું શાસ્ત્રીય જ્ઞાન કદાચિત નહીં પણ હોય. એમને તો રામાનંદજી અને બીજા સાધુઓના સત્સંગથી જે યોગનો પ્રસાદ મળ્યો હશે તેનો પ્રભાવ એમની કવિતામાં દેખાય છે. કબીર પોતાના સમયના મહાત્મા હતા. એમની આસપાસ ઘણી જાતના માણસોની ભીડ જામતી હશે. એમને ઈશ્વર, ધર્મ અને વૈરાગ્યના વાતાવરણમાં યોગના બાહ્ય સ્વરૂપથી પરિચિત થવું એમને માટે અસંભવિત નહોતું.



યોગ શબ્દ **યુજ્** ધાતુથી બન્યો છે. એનો અર્થ થાય છે જોડવું. આત્મા જે શારીરિક અથવા માનસિક સાધનથી પરમાત્મા સાથે જોડાય તે જ યોગ. માયાના પ્રભાવથી મુક્ત બનીને આત્મા જ્યારે સત્યનો અનુભવ કરે છે અને પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધે છે ત્યારે યોગની સાર્થકતા થાય છે. યોગના ઘણા પ્રકાર છે, પણ પુરાતન કાળથી આ છ પ્રકારો મુખ્ય છેઃ જ્ઞાનયોગ, રાજયોગ, ભક્તિયોગ, હઠયોગ, મંત્રયોગ અને કર્મયોગ.

આત્મા અને પરમાત્માના મિલનના ઘણા પ્રકારો છે. જ્ઞાનના વિકાસથી આત્મા જ્યારે વિવેક અને વૈરાગ્યમાં પોતાના અસ્તિત્વને ભૂલી જાય છે અને પોતાના અસ્તિત્વના કણેકણમાં પ્રભુનું અવિનાશી રૂપ જુએ છે ત્યારે એ મુક્તિમાં બન્નેનું અવિભાજ્ય મિલન થાય છે, એને **જ્ઞાનયોગ** કહે છે. કાર્યોના પરિણામનો વિચાર કર્યા વિના નિષ્કામ ભાવે કાર્ય કરીને, પ્રભુનું કરણ બનીને, આત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે, એને **કર્મયોગ** કહે છે. પોતાની બધી આશાઓ, આકાંક્ષાઓ અને વાસનાઓને પ્રેમપૂર્વક પરમાત્માને ચરણે સમર્પિત કરીને આત્મા જ્યારે પ્રભુમાં લયલીન થઈ જાય છે ત્યારે **ભક્તિયોગ** સિદ્ધ થાય છે. પરમાત્માના નામનું અથવા એની સાથે સંબંધ રાખનારી કોઈ પણ પંક્તિનું રટણ કરીને કાર્ય કરતાં ધ્યાનમગ્ન થઈ પ્રભુમાં મળી જાય છે, તેને **મંત્રયોગ** કહે છે.

પોતાનાં અંગો અને શ્વાસ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરીને એનું ઉચિત સંચાલન **હઠયોગ**થી થાય છે અને મનને એકાગ્ર કરીને પરમાત્માના દિવ્ય સ્વરૂપનું મનન કરતાં કરતાં આત્મા સમાધિસ્થ થઈને ઈશ્વરમાં મળી જાય છે ત્યારે **રાજયોગ** સિદ્ધ થાય છે. આ રીતે અનેક પ્રકારે આત્મા અને પરમાત્માનું મિલન શક્ય બને છે. હઠયોગ અને રાજયોગ વસ્તુતઃ એક જ ભાગનાં બે અંગ છે. હૃદયને સંયત કરતાં પહેલાં અંગોને સંયત કરવાં આવશ્યક છે. એટલે હઠયોગ

વિના રાજયોગ સિદ્ધ નથી થઈ શકતો. એટલે હઠયોગ એ રાજયોગનું પહેલું પગથીયું છે.

કબીરના શબ્દોમાં આપણને હઠયોગનું જે સ્વરૂપ મળે છે તેનો હવે વિચાર કરીએ.

હઠયોગનું સારતત્ત્વ તો બળપૂર્વક ઇશ્વરને મેળવવો એ છે. એમાં શારીરિક અને માનસિક પરિશ્રમની આવશ્યકતાની ખાસ જરૂર હોય છે. શરીરને વશ કરવા માટે આસનો કરવાની આવશ્યકતા પડે છે. ખાસ કરીને શ્વાસનું સંચાલન એટલે પ્રાણાયામ કરવો પડે છે, અને ધ્યાન દ્વારા મન પર કાબુ મેળવવો પડે છે. 'યોગદર્શન'ના નિર્માતા પતંજલિએ યોગસાધનાનાં આઠ અંગ માન્યાં છેઃ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ.

યમ અને નિયમમાં આચારને પરિષ્કૃત કરવાની જરૂર પડે છે. યમમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ હોવાં જોઇએ. નિયમમાં પવિત્રતા, સંતોષ, તપસ્યા, સ્વાધ્યાય વગેરે તત્ત્વો આગળ પડતાં છે.

આસનમાં ઇશ્વરના ચિન્તનને માટે શરીરની વિવિધ અવસ્થાઓનો વિચાર કરવામાં આવ્યો છે. આસન પર આરૂઢ થયા પછી યોગી શીત અને તાપથી પર થઈ જાય છે. શિવસંહિતા પ્રમાણે ૮૪ આસનો છે. એમાં ચાર મુખ્ય છેઃ સિદ્ધાસન, પદ્માસન, ઉગ્રાસન અને સ્વસ્તિકાસન. પ્રત્યેક આસનથી શરીરનો કોઈને કોઈ ભાગ શક્તિશાળી બને છે. શરીર નીરોગી બની જાય છે.

પ્રાણાયામ ખૂબ મહત્વનું અંગ છે. પ્રાણાયામથી શ્વાસોચ્છ્વાસની ગતિ નિયમિત અને નાદયુક્ત ( Rhythmic ) થાય છે. આસન સિદ્ધ થયા પછી શ્વાસોચ્છ્વાસની ગતિ નિયમિત કરનાર પ્રાણાયામની શક્તિ કાર્યારંભ કરે છે. પ્રાણાયામથી પ્રકાશનું આવરણ નષ્ટ થઈ જાય છે અને મનમાં એકાગ્રતાની યોગ્યતા આવી જાય છે.



પ્રત્યાહારમાં ઇન્દ્રિયો પોતાનાં કાર્યો છોડીને મનને અનુકૂલ થઈ જાય છે. પોતાના વિષયોની ઉપેક્ષા કરીને ઇન્દ્રિયો ચિત્તના સ્વરૂપનું અનુકરણ કરે છે. સાધારણ માણસ પોતાની ઇન્દ્રિયોનો દાસ હોય છે. ઇન્દ્રિયોનાં સુખદુઃખથી માણસ સુખી અને દુઃખી થાય છે. યોગી આના કરતાં ભિન્ન હોય છે. યમ, નિયમ, આસન અને પ્રાણાયામની સાધના પછી એ પોતાની ઇન્દ્રિયોને પોતાના મનને અનુરૂપ બનાવી લે છે. પ્રત્યાહારથી ઇન્દ્રિયો નિયમિત થઈ જાય છે.

ધારણામાં મન કોઈ સ્થાન અથવા વસ્તુવિશેષ પર દૃઢ અથવા કેન્દ્રીભૂત થઈ જાય છે. નાભિ, હૃદય, કંઠ, એમાંથી કોઈ એક પર મન કેન્દ્રસ્થ થાય છે. ધ્યાનમાં મન અનવરત રૂપે કોઈ ખાસ વસ્તુનું કે તત્ત્વનું ચિન્તન કરીને અન્ય વિચારોને મનની સીમા બહાર મૂકી દે છે. એક જ તત્ત્વ પર મનની સમસ્ત શક્તિઓને એકાગ્ર કરવી પડે છે. ધારણા અને ધ્યાન પછી સમાધિ આવે છે.

સમાધિમાં એકાગ્રતા પરમ સીમાએ પહોંચી જાય છે. ત્યાં તો માત્ર એક જ ભાવ, એક જ વિચાર, એક જ પ્રકાશ હોય છે. એ જ પ્રકાશમાં હૃદય સમાઈ જાય છે. મન શરીરથી મુક્ત થઈને અનન્ત પ્રકાશમાં લીન થઈ જાય છે. આ જ ત્રણે ધારણા, ધ્યાન અને સમાધ મળીને સંયમનું સ્વરૂપ પકડે છે.

કબીરના શબ્દોમાં આપણને યોગનાં આ આઠે અંગોનું રૂપ મળે છે, પણ બહુ વિકૃત. એમાં કેવળ ભાવ છે, એનું સ્પષ્ટીકરણ નથી. કબીરના શબ્દોમાં આપણને યમનું વિવરણ ઘણું મળે છે.

૧ યમ

(અ) અહિંસા

માંસ અહારી માનવા
પરતછ રાક્ષસ અંગ,

તિનકી સંગતિ મત કરો
    પરત ભજન મેં ભંગ.

જોરિ કર જિબહૈ કરૈ,
    કહતે હૈં જહલાલ,
જબ દફતર દેખૈગા દઈ
    તબ દૈગા કૌન હવાલ.

(આ) સત્ય

સાંઇ સેતી ચોરિઆ
    ચોરાં સેતી ગુઝ,
જાણેંગા રે જીવણા
    માર પડેગી તુઝ.

(ઇ) અસ્તેય

કબીર તહાં ન જાઇએ
    જહાં કપટ કા હેત,
જા લૂં કલી કનીર કી
    તન રાતા, મન સેતા.

(ઉ) બ્રહ્મચર્ય

નર નારી સબ નરક હૈ
    જબ લગ દેહ સકામ,
કહે કબીર તે રામ કે
    જે સુમિરેં નિહકામ.

(ઊ) અપરિગ્રહ

કબીર તૃષ્ણા ટોકણી
    લીએ ફિરે સુભાઇ,
રામનામ ચિન્હે નહીં
    પીતલી હી કે ચાઇ.



## ૨ નિયમ

કબીરે આસન અને પ્રાણાયામનું મહત્ત્વ પ્રભાવશાળી શબ્દોમાં બતાવ્યું છે. એ દ્વારા એમણે એવું સમઝાવવાનો પ્રયત્ન કર્યો છે કે શરીરની શક્તિઓને સંગઠિત કરીને ઉત્તેજિત કરવાથી પરમાત્માનું મિલન શક્ય બને છે. એમણે ધ્યાન, ધારણા અને સમાધિ વિષે વિશેષ નથી કહ્યું, પણ એમના પ્રાણાયામ સંબંધી કથનથી એ અવશ્ય લક્ષિત થાય છે કે ધ્યાન અને સમાધિને માટે પ્રાણાયામની આવશ્યકતા છે. પ્રાણાયામના અભ્યાસથી પ્રાણવાયુ દ્વારા શરીરમાં સ્થિત વાયુનાડીઓ અને ચક્ર ઉત્તેજિત થઈ જાય છે, એમનામાં શક્તિ આવે છે અને આ શક્તિ યૌગિક શક્તિની જનેતા બને છે.

શિવસંહિતા અનુસાર શરીરમાં ૩,૫૦,૦૦૦ નાડીઓ છે. એમના વિના શરીરમાં પ્રાણાયામનું કાર્ય નથી થતું. એમાં દશ નાડીઓ વધારે મહત્વની છે.

| | | |
|---|---|---|
| ૧ | ઇડા | ( શરીરની ડાબી બાજુ ) |
| ૨ | પિંગલા | ( જમણી બાજુ ) |
| ૩ | સુષુમ્ના | ( મધ્યમાં ) |
| ૪ | ગાન્ધારી | ( ડાબી આંખમાં ) |
| ૫ | હસ્ત જિહ્વા | ( જમણી આંખમાં ) |
| ૬ | પુષ | ( જમણા કાનમાં ) |
| ૭ | યશસ્વિની | ( ડાબા કાનમાં ) |
| ૮ | અલમ્બુષ | ( મુખમાં ) |
| ૯ | કુહુ | ( લિંગસ્થાનમાં ) |
| ૧૦ | શંખિની | ( મૂલ સ્થાનમાં ) |

અને આ દશમાં પણ ઇડા, પિંગલા અને સુષુમ્ના એ ત્રણ મુખ્ય ગણાય છે

આ નાડીઓની જેમ દશ વાયુ પણ આવશ્યક અંગ મનાય છે: પ્રાણ, અપાન, સમાન, ઉદાન વ્યાન, નાગ, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય. આમાં પણ પ્રથમ પાંચ મુખ્ય છે.

કબીરે આ વાયુઓ સંબંધી અનેક ઠેકાણે લખ્યું છે:

તિન બિનુ બાણે ધનુષ ચઢાઇએ
ઇહુ જગ બેધ્યા ભાઇ!
દહ દિસી બૂડી પવન ઝુલાવૈ
ડોરી રહી લિવ લાઇ.
× × ×
પૃથ્વી કા ગુણ પાની સોખ્યા
પાની તેલ મિલાવહિંગે,
તેજ પવન મિલિ, પવન સબદ મિલિ
યે કહિ ગાલિ તવાવહિંગે.
× × ×
ઉલટી ગંગ નીર બહિ આયા
અમૃતધાર યુ બાઈ,
પાંચ જને સો સંગ કરી લીન્હે
ચલત ખુમારી લાગી.

**ચક્રો:** ઉપર જેમ નાડીઓનું વર્ણન કર્યું તેમ હવે સંક્ષેપમાં ચક્રો જોઈ લઇએ. મુખ્ય ચક્રો આ છે: મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપૂરક ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધ ચક્ર અને આજ્ઞાચક્ર.

**મૂલાધાર** ચક્ર પર મનન કરવાથી જ્ઞાની પુરૂષમાં ઉંચા થવાની શક્તિ આવે છે, અને ધીરે ધીરે પૃથ્વી પરથી અદ્ધર થઈને આકાશમાં ઉડી શકે છે.[1] શરીરનું તેજ વધે છે, જઠરાગ્નિ સતેજ થાય છે, શરીર નીરોગી બને છે, બુદ્ધિપ્રતિભા અને સર્વજ્ઞતા સિદ્ધ થાય છે. એટલે એને ભૂત પિશાચ અને વર્તમાનનું જ્ઞાન થાય છે. એ જરા અને મૃત્યુનો જિતનાર બને છે.

---
૧ શિવસંહિતા પંચમ પટલ.



**સ્વાધિષ્ઠાનચક્ર** લિંગમૂલમાં સ્થિત છે.[1] શારીરવિજ્ઞાન શાસ્ત્ર પ્રમાણે એને Hypogastric Plexus કહે છે. એમાં છ દલ હોય છે. આ ચક્રનો રંગ લાલ હોય છે. જે આ ચક્રનું ચિન્તન કરે છે તેને દેવાંગનાઓ પ્રેમ કરે છે. એ સમસ્ત વિશ્વમાં ભયરહિત બનીને અને બંધનમુક્ત થઇને ફરે છે. એ મૃત્યુનો વિજેતા હોય છે.

**મણિપૂરચક્ર** નાભિની પાસે હોય છે. એ સુવર્ણરંગી હોય છે, અને એમાં દશ દલ હોય છે. શારીરવિજ્ઞાન શાસ્ત્ર અનુસાર એને Solar Plexus કહે છે. આ ચક્ર પર ચિન્તન કરવાથી યોગી પાતાલસિદ્ધિ પ્રાપ્ત કરે છે. એ ઇચ્છાઓનો સ્વામી હોય છે, અને રોગ અને દુઃખનો વિનાશક હોય છે. એ બીજાના શરીરમાં પ્રવેશ કરી શકે છે. એને ગુપ્ત ધન દેખાય છે.

**અનાહતકચક્ર** હૃદયસ્થળમાં રહે છે. એનાં બાર દલ હોય છે. એનો રંગ લાલ હોય છે. એને Cardiac Plexus કહે છે. આ ચક્ર પર ચિન્તન કરનાર અપરિમિત જ્ઞાન પ્રાપ્ત કરે છે. તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનનો જાણકાર બને છે. એ ખેચરી શક્તિનો સ્વામી હોય છે;

કબીરે આ ચક્રના વિષયમાં કહ્યું છે:

દ્વાદસ દલ અભિઅંતર મ્યંત,
તહાં પ્રભુ પાઇસિ કરલૈ ચ્યંત.
અમલિન મલિન ધરમ નહીં છાહાં,
દિવસ ન રાતિ નહીં હૈ તાહાં.
(શબ્દ ૩૨૮)

**વિશુદ્ધચક્ર** કંઠમાં છે. એનો રંગ દેદીપ્યમાન સોના જેવો હોય છે. એમાં સોળ દલ હોય છે. એને Pharyngeal Plexus

---
૧ શિવસંહિતા: પંચમ પટલ.

કહે છે. આ ચક્રનો ચિન્તક યોગીશ્વર હોય છે. ચારે વેદના જ્ઞાનનો એ સ્વામી બને છે. આ ચક્રપર કેન્દ્રસ્થ થઈને જ્યારે એ ક્રોધે ભરાય છે ત્યારે ત્રણે લોક કંપે છે. એ કદાપિ નિર્બળ નથી થતો, અને ૧,૦૦૦ વર્ષ સુધી શક્તિવંત જીવન ગુજારે છે.

**આજ્ઞાચક્ર** ત્રિકુટિ (ભવાંની વચ્ચે) છે. એમાં બે દલ છે. એનો રંગ શ્વેત છે. એને Cavernous Plexus કહે છે. આ પ્રકાશબીજ છે. આનું ચિન્તન કરનારને ઉંચામાં ઉંચી સફળતા મળે છે. એની આજુબાજુ ઇડા અને પિંગલા નાડીઓ છે. કહે છે ત્યાં વિશ્વનાથનો વાસ હોય છે.

કુંડલિની અને સુષુમ્ણા નાડીઓ આ છ ચક્રોમાં થઈ બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે. ત્યાં સહસ્રદલ કમળ છે. એની વચ્ચે એક ચંદ્ર છે. ત્યાંથી હંમેશ સુધા વરસતી રહે છે. એ સુધા ઇડા નાડી દ્વારા પ્રવાહિત થાય છે. જે લોકો યોગી નથી તેમના બ્રહ્મરંધ્ર દ્વારા જે અમૃત પ્રવાહિત થાય છે તેનું શોષણ મૂલાધાર ચક્રમાં સ્થિત સૂર્ય દ્વારા થઈ જાય છે. એટલે શરીર વૃદ્ધ થવા માંડે છે. જો સાધક આ પ્રવાહને કોઈ રીતે રોકી દે અને સૂર્ય દ્વારા શોષણ ન થવા દે તો એ સુધાને એ પોતાના શરીરની શક્તિઓનાં વિકાસ અને વૃદ્ધિમાં વાપરે છે, અને આવી રીતે એ પોતાના શરીરને અમૃતમય તેજસ્વી બનાવી શકે છે.

**સહસ્રદલ કમળ** તાળવાના મૂળમાં સ્થિત છે. ત્યાં જ સુષુમ્ણાનું છિદ્ર છે. આ જ બ્રહ્મરંધ્ર કહેવાય છે. ત્યાંથી સુષુમ્ણા વિસ્તાર પામીને મૂલાધાર ચક્ર સુધી પહોંચે છે. ત્યાંથી કુંડલિની જાગૃત થઈને સુષુમ્ણા તરફ વધે છે અને અંતે બ્રહ્મરંધ્રમાં પહોંચે છે. અહીં જ બ્રહ્મ વસે છે. યોગી હંમેશ આ જ બ્રહ્મના સાક્ષાત્કાર માટે તલસે છે.

કબીરે પોતાના શબ્દોમાં આ ચક્રોનું વર્ણન વિસ્તારથી નથી



કર્યું, પરન્તુ સાધારણ રૂપે કર્યું છે. બ્રહ્મરંધ્રના બિંદુ પર એમણે ઘણી વાર ઉપદેશ દીધો છેઃ

બ્રહ્મ અગનિ મેં કાયા જારૈ,
ત્રિકુટી સંગમ જાગૈ,
કહે કબીર સોઈ જોગેસ્વર,
સહજ સુન્ન લ્યૌ લાગૈ.

સહજ ઇક બિરવા ઉપજા,
ધરતી જલહર સોખ્યા,
કહેં કબીર હોં તાકા સેવક
જિનકા યહુ બિરવા દેખ્યા

જન્મમરન કા ભય ગયા
ગોવિંદ લવ લાગી,
જીવન સુન્ન સમાનિયા
ગુરૂ સાખી જાગી.

રે મન! બૈઠિ કિતૈ જિનિ જાસી
ઉલટિ પવન ષટ ચક્ર નિવાસી.
તીરથરાજ ગંગતટવાસી.
ગગનમંડલ રવિ સસિ દોઇ તારા
ઉલટિ કુંચી લાગ કિનારા,
કહૈ કબીર ભયા ઉજિયારા,
પંચ મારિ એક રહ્યો નિવારા.

પ્રાણાયામની સાધાનાની સફળતા ધ્યાન, ધારણા અને સમાધિના રૂપમાં પિછાનીને કબીરે એનું એકી સાથે વર્ણન કર્યું છે અને આ વર્ણન એમના રેખતાઓમાં વ્યાપક રૂપે મળે છે.

# પ્રકરણ ૬ ઠ્ઠું

## કબીરનો ગુજરાતમાં પ્રભાવ

હરેક સંત અથવા મહાન ધર્મપુરૂષે પોતાની હયાતીમાં તે વખતે અસ્તિત્વ ધરાવતા અને સ્થિતિચુસ્ત બની ગએલા સંપ્રદાયો પર પ્રહારો કરીને અને બને તો તોડીને ધર્મને મુકત અને સ્વતંત્ર કરવાના પ્રયત્નો કર્યાં છે. પરંતુ એ જ સંત અને ફીલસુફના મૃત્યુ પાછળ એના જ શિષ્યો અને ભકતોએ એના જીવનવ્રતથી વિરૂદ્ધ જઇને, એના જ સિદ્ધાન્તોનું ખૂન કરીને, એને જ નામે સંપ્રદાય સ્થાપવાના અચુક પ્રયત્નો પણ કર્યાં છે. કબીર સાહેબની બાબતમાં પણ આમ જ બન્યું છે. કબીર સાહેબ પોતે સંપ્રદાયની વિરૂદ્ધ હતા અને એમણે ઇશ્વરને આવાં સાંપ્રદાયિક બંધનોમાંથી છોડાવીને સુલભ બનાવવાની જ અથંગ આજન્મ મહેનત કરી હતી. એટલે એમની હયાતીમાં તો સંપ્રદાય જેવું કૈં ન સ્થપાયું, પરન્તુ એમના મૃત્યુ પછી એમના શિષ્યોએ



એમને જ નામે સંપ્રદાય સ્થાપ્યો, ચલાવ્યો, ઉપરાન્ત એમાં પાછી શાખાઓ કરી, અને કબીરના સિદ્ધાન્તોને જડમૂળથી જ અપંગ કરી નાંખ્યા. એટલું જ નહીં પણ કેટલીક શાખાઓ તો કબીરસંપ્રદાય-માંથી એવી નીકળી કે જેણે તો કબીર સાહેબની મૂળ વિચારધારાને પણ ઉલટાવી નાંખીને તદ્દન ઉલટું જ સ્વરૂપ આપ્યું.

### કબીર સાહેબના બાર શિષ્યો

કબીર સાહેબના આમ તો ઘણા શિષ્યો થયા હતા, પણ મુખ્ય બાર કહેવાય છે. આ બધા સીધા શિષ્યો કહેવાય છે; પણ ઇતિહાસની દૃષ્ટિએ આ સૌનો સમય સરખાવી જોતાં એ વાત સિદ્ધ ઠરતી નથી. આ બાર શિષ્યો થયા:

| | | | |
|---|---|---|---|
| ૧ | ધર્મદાસ | ૭ | જીવનદાસ |
| ૨ | સુરતગોપાલ | ૮ | કમાલ |
| ૩ | ભગ્ગુદાસ | ૯ | ટકસાલી |
| ૪ | જગ્ગીદાસ | ૧૦ | જ્ઞાની |
| ૫ | નારાયણદાસ | ૧૧ | સાહિબદાસ |
| ૬ | ચૂડામણિદાસ | ૧૨ | નિત્યાનંદ |

ધર્મદાસ—એઓ બાંધવગઢમાં જ રહ્યા અને ત્યાં જ મૃત્યુ પામ્યા. આ જ ગાદી વંશગાદી કહેવાય છે. અત્યારે એનું સ્થળ વિલાસપુર પાસે દામાખેડામાં છે. એમના જ બે પુત્રો નારાયણદાસ અને ચૂડામણિદાસ એ ગાદીના મહંત થઇ ચૂકયા છે.

સુરતગોપાલ—એમણે 'સુખનિદાન' નામક ગ્રંથ રચ્યો છે. એ 'કબીરચોરા' બનારસના મહંત થયા. એમની સમાધિ મગહરમાં છે. એમના નામના બે મઠ પુરી અને દ્વારકામાં છે. આ શાખા એ પરંપરાગત એટલે શિષ્યશાખા કહેવાય છે.

ભગ્ગુદાસ—કહેવાય છે કે કબીર સાહેબની હયાતીમાં એમણે 'બીજક' નું સંપાદન કર્યું હતું. આ ધનૌતીની ગાદીના મહંત થયા.

જગ્ગીદાસ—એમણે કટક(ઓરીસ્સા)માં પોતાની ગાદી સ્થાપી, કબીરમતનો પ્રચાર કર્યો.

જીવનદાસ અથવા જગજીવનદાસ—અવધમાં સતનામી પંથ ચલાવીને એના આચાર્ય થયા. એમની સમાધિ લખનૌ અને અયોધ્યા વચ્ચે 'કટક' માં છે. આ શાખાના એક સાધુ 'ભીખારીદાસ' કબીરચોરામાં બનારસમાં મને મળ્યા હતા, અને હજી એ અવધમાં સતનામી પંથનો પ્રચાર કરે છે. એ પોતાને જીવનદાસના સીધા વંશજ માને છે.

ટકસાલી—આમનો મઠ બર્દવાનમાં સ્થપાયો, અને એમણે એ બાજુમાં પ્રચાર કર્યો.

કમાલ—એમને તો કબીર પોતાની સાથે ભ્રમણમાં ગુજરાત લઈ ગયા હતા.

જ્ઞાની—બિહારમાં આવેલા સહસરામ સ્થાનમાં એમણે પોતાનું આયુષ્ય વીતાવ્યું, અને ત્યાં સતમતનો પ્રચાર કર્યો.

સાહિબદાસ—એમણે કટકમાં નિવાસ કર્યો અને મૂળ પંથ ચલાવી ત્યાં જ મૃત્યુ પામ્યા.

નિત્યાનંદ—દક્ષિણમાં ગયા.

આ બારમાંથી આજે માત્ર બે શિષ્યોની ગાદી સંતત ચાલતી આવી છે. ધર્મદાસની એ વંશગાદી અને સુરતગોપાલની એ શિષ્યગાદી છે. અને આ જ બન્ને ગાદીના સાધુઓ દેશમાં ફેલાયલા પડ્યા છે, તથા સાંપ્રદાયિક મંદિરો પણ આ જ બે ગાદીમાંથી નીકળ્યાં છે.



પહેલાં આપણે આ બન્ને શાખાઓનું આજ સુધીનું વંશવૃક્ષ જોઈ લઈએ.

**ધર્મદાસ (વંશગાદી)**

| | |
|---|---|
| ધર્મદાસ | |
| મુક્તામણિદાસ | |
| ચૂડામણિદાસ | |
| સુદર્શનનામ | |
| કુલપતિનામ | |
| પ્રમોધ ગુરુ બાલાપીર | (અકબરના સમકાલીન સં. ૧૭૬૫) |
| કમલનામ | (સં. ૧૭૮૩) |
| અમોલનામ | (૧૭૯૮) |
| સુરત સનેહી | (૧૮૬૩) |
| હક્કનામ | (૧૮૬૩) |
| પાકનામ | (૧૮૯૦) |
| પ્રકટનામ | (૧૯૧૪) |
| ધીરજનામ | (૧૯૪૭) |
| ઉગ્રનામ | (૧૯૬૩) |
| દયાનામ | (૧૯૭૫) ગુજર્યાં પોષ સુદી ૨ ૧૯૮૪ |
| ગ્રંધમણિ | (જીવંત ઈ. સ. ૧૯૩૫) |

દયાનામ આગળ વંશગાદી પૂરી થઈ ગઈ છે. દયાનામ મહંતને પુત્ર ન હોવાથી જૂદા મહંતોની બનેલી સમિતિએ 'ગ્રંધમણિ' સાહેબને ગાદીએ બેસાડ્યા છે, અને ત્યારથી આ વંશગાદી નામ બદલીને એને 'નાદવંશ' કહેવામાં આવે છે.

**સુરતગોપાલ (શિષ્યપરંપરાગાદી)**

| | |
|---|---|
| સુરતગોપાલ | રામદાસ |
| જ્ઞાનદાસ | મહાદાસ |

| | |
|---|---|
| શ્યામદાસ | હરિદાસ |
| લાલદાસ | શરણદાસ |
| હરિસુખદાસ | પુરનદાસ |
| શીતલદાસ | નિર્મલદાસ |
| સુખદાસ | રંગીદાસ |
| હુલાસદાસ | ગુરુપ્રસાદ |
| માધોદાસ | પ્રેમદાસ |
| કોકીલદાસ | રામવિલાસ (જીવંત ઈ. સ. ૧૯૩૫) |

## કબીરસંપ્રદાયના વિવિધ ફાંટા

પરંતુ આ તો આદિ સંતમતની બે શાખાઓ થઈ. કબીરના આદિ સંતમત ઉપરાન્ત કબીરના મૃત્યુ પછી અનેક ફાંટાઓ નીકળ્યા છે. સમય, સ્થળ, વાતાવરણ અને પોતપોતાની જરૂરીઆત પ્રમાણે ઘણી સ્વતંત્ર વ્યક્તિઓએ પોતાને નામે સંતમતની સ્વતંત્ર ધારાઓ ચલાવી છે. આમાંથી જેમનાં અત્યારે સ્થાનો છે, કંઈક શિષ્ય-સંખ્યા છે, અથવા તે તે સ્થાનોમાં જેમની કંઈક અસર છે એવા લગભગ ચાલીસ ઉપરાન્ત સંતમતોનો અહીં ઉલ્લેખ કર્યો છે.

| | |
|---|---|
| ઉદાસીપંથ | (શ્રી ચંદ્રજીનો) |
| દાદુપંથ | (દાદુ સાહેબનો) |
| વૈષ્ણવીપંથ | (જન્મઋષિનો) |
| સતનામીપંથ | (વીરભાન સાહેબનો) |
| સતનામીપંથ | (જગજીવન સાહેબનો) |
| ગુલાબદાસીપંથ | (ગુલાબદાસ સાહેબનો) |
| ગરીબદાસીપંથ | (ગરીબદાસ સાહેબનો) |
| પાનમદાસીપંથ | (પાનમદાસજીનો) |
| ચરણદાસીપંથ | (ચરણદાસજીનો) |
| દરિયાપંથ | (બીહાર દરીયા સાહેબનો) |
| દરિયાપંથ | (રાજપૂતાનાના દરિયા સાહેબનો) |



| | |
|---|---|
| યારીપંથ | (યારી સાહેબ દિલ્હીનો) |
| ઘીસાપંથ | (ઘીસા સાહેબ દિલ્હીનો) |
| લિખપંથ | |
| નિર્મલાપંથ | (ગુરૂ ગોવિંદસિંહનો) |
| સતનામીપંથ | (તુલસી સાહેબ હાથરસવાળાનો) |
| રાધાસ્વામીપંથ | (રાય શાલગરામ સાહેબનો, આગરા) |
| નામદેવીપંથ | (નામદેવનો) |
| પીપાપંથ | (પીપા ભગત) |
| રૈદાસીપંથ | (રૈદાસ ચમારનો) |
| ધન્નાપંથ | (ધન્ના ચમારનો) |
| સેનાપંથ | (સેનાભગત ભાઇનો) |
| દુલમીપંથ | (દુલમદાસજીનો) |
| બુલ્લાપંથ | (બુલ્લા સાહેબનો) |
| ગુલાબપંથ | (ગુલાબજીનો) |
| નિરંજનીપંથ | (નિપટ નિરંજન સાહેબનો) |
| દરવેશીપંથ | (દીન દરવેશ સાહેબનો) |
| નારાયણીપંથ | (શિવનારાયણ સાહેબનો) |
| વૃન્દાવની પંથ | (વૃન્દાવન સાહેબનો) |
| ગણેશપંથ | (ગણેશજીનો) |
| જાગો પંથ | (જગ્ગુ સાહેબનો) |
| સુરતપંથ | (સુરત ગોપાલનો) |
| મૂલનિરંજનીપંથ | (મૂલ નિરંજન સાહેબનો) |
| ટકસારીપંથ | (ઓરીસ્સાનો) |
| ભગવાનપંથ | (ભગવાનજીનો) |
| કમાલપંથ | (કમાલનો) |
| કમાલીપંથ | (કમાલીનો) |
| રામકબીરપંથ | |

પ્રેમપંથ
જીવાપંથ (જીવા તત્ત્વજીનો)
દેવીપંથ (દેવી બાબા સાહેબ મુરાદાબાદીનો)

આ બધા પંથો મૂળ આદિ સંતપંથમાંથી જ ઉદ્ભવ્યા છે. આમાંથી ઘણા પંથોનાં પોતાનાં સાંપ્રદાયિક મંતવ્યો અને સાધનાઓ તથા સિદ્ધાન્તો મૂળ સંતમતથી તદ્દન ઉલટાં જ થઈ ગયાં છે.

## કબીરસાહેબના ગ્રંથો

કબીરસાહેબના લગભગ ૭૫ ગ્રંથો કાશીની નાગરી પ્રચારિણી સભાની શોધમાં મળ્યાં છે. મેં પોતે ત્યાં જઈને એ જોયા છે. આને વિષે એ સભાના સંચાલકો જોડે તથા મહંતો જોડે ચર્ચા કર્યા પછી એમ લાગે છે કે આમાંના ઘણા ગ્રંથો સંદિગ્ધ છે, અને કેટલાકનાં નામો તથા 'અંગ' શબ્દ જ બોલે છે કે એક ગ્રંથના ભિન્ન ભિન્ન ભાગો જ છે.

| | |
|---|---|
| અમરમૂલ | અષ્ટપહરા |
| અનુરાગસાગર | નિર્ભયજ્ઞાન |
| ઉગ્ર જ્ઞાનમૂલસિદ્ધાન્ત | કબીર ઔર ધર્મદાસકી |
| બ્રહ્મનિરૂપણ | ગોષ્ટિ |
| હંસમુક્તાવલિ | આનંદરામ |
| કબીરપરિચયકી સાખી | સાગરમંગલ |
| શબ્દાવલિ | અનાથમંગલ |
| પદ | અક્ષરભેદ કી રમૈની |
| સાપીયાં | અક્ષરખંડકી રમૈની |
| દોહે | અલિફનામા |
| સુખનિદાન | અર્જનામા |
| ગોરખનાથ કી ગોષ્ટિ | આરતિ |
| કબીરપંજી | ભક્તિકા અંગ |



| | |
|---|---|
| બલકકી રમૈની | છપ્પય |
| વિવેકસાગર | ચૌકા ધરકી રમૈની |
| વિચારમાલા | જ્ઞાનગુદરી |
| કાયાપંજી | જ્ઞાનસાગર |
| રામરક્ષા | જ્ઞાનસ્વરોદય |
| કબીરાષ્ટક | કરમખંડકી રમૈની |
| મુહમ્મદ બોધનામ માહાત્મ્ય | પિયાપહછાન લે કો અંગ |
| પુકાર | શબ્દઅલહુક |
| સાધુકો અંગ | સતસંગકો અંગ |
| સ્વાંસ ગુંજાર | મીસાજંત્ર |
| જન્મબોધ | જ્ઞાનસંબોધ |
| મખહોમ | નિર્ભય જ્ઞાન |
| સતનામ | બાની |
| જ્ઞાનસ્તોત્ર | સતકબીર બંદી છોરો |
| શબ્દબંશાવલિ | ઉગ્રગીતા |
| વસંત | રેખતા |
| ઝુલના | ખસરા |
| હિંડોલા | બારહ માસા |
| ચાંચરા | ચૌતીસા |
| રમૈની | બીજક |
| આગમ | રામસાર |
| સોરઠા | કબીરજીકો કૃત |
| શબ્દપારમા | આદિગ્રંથ |
| જ્ઞાનબત્તિસી | જ્ઞાનતિલક |

પરંતુ આ સૌમાં એમના સાંપ્રદાયિક ગ્રંથ બીજક, સામીગ્રંથ અને બ્રહ્મનિરૂપણ લાગ્યા છે. એમના મૂળગ્રંથ બીજકમાં ૮૪ રમૈની, ૧૧૫ શબ્દ, ૩૫૩ દોહાની સાખી તથા જ્ઞાનચોતીઆ વિપ્રબતીસી,

કહેરા, વસંત, ચાંચરા, બલિ, બિરહુલિ અને હિંડોલ એકત્ર છે. કબીર સાહેબના છપાયેલા ગ્રંથમાં અલ્હાબાદના બેલ વે ડીયર પ્રેસમાં છપાયલી શબ્દાવલીના ચારે ભાગ, અખરાવતી, જ્ઞાનગુદડી, રેખતા, ઝુલના મેં જોયા છે. ઉપરાંત મહાત્મા પૂર્ણદાસકૃત ટીકા સહિત બીજક, બનારસથી પ્રસિદ્ધ વિચારદાસજીની ટીકાવાળો બીજક, નાગરી પ્રચારિણી સભા-કાશીના શ્યામસુંદરદાસની કબીરગ્રંથાવલિ અને પંડિત અયોધ્યાસિંહ ઉપાધ્યાયની કબીરવચનાવલિ તથા વડોદરાથી કબીર ધર્મપ્રવર્ત્તક કાર્યાલયે પ્રસિદ્ધ કરેલા વિચારદાસજીની ટીકાવાળો સાખી ગ્રંથ, બ્રહ્મનિરૂપણ, જ્ઞાનસ્વરોદય અને પવન સ્વરોદય પણ મેં જોઈ લીધા છે.

## કબીરસાહેબનું ગુજરાતમાં ભ્રમણ

કબીર સાહેબ સત્સંગના સંગી હતા, અને આ સત્સંગને કાજે એમણે સમસ્ત ભારતવર્ષમાં ભ્રમણ કર્યું હતું, એમ કહેવાય છે. ઘણા પ્રાંતોમાંથી તો એમના ભ્રમણનાં ઐતિહાસિક પ્રમાણો સુદ્ધાં મળે છે. માણિકપુર, ઝુંસી, જોનપુર, વૃન્દાવન, બાંધવગઢ અને ગુજરાતમાં એના ભ્રમણના સેંકડો પુરાવા પડ્યા છે. ગુજરાતમાં કબીર સાહેબ સં. ૧૫૬૪માં આવ્યા હતા, એમ ગુજરાતના કબીરમંદિરના મહંતોના જૂના પંજા જોતાં લાગે છે, અને કબીરવડ આગળ લખેલો સંવત પણ આ સંવતની સાથે મળતો આવે છે. કબીર સાહેબ ગુજરાતમાં આવ્યા ત્યારે ગુજરાતમાં કોઈ પણ સંપ્રદાયની સખત અસર નહોતી, અને વ્યાપક અસર થઈ શકે એમ પણ નહોતું. કારણ દિલ્હીના પઠાણોની સલ્તનતના સૂબાઓ ગુજરાતમાં સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરતા હતા અને પરિણામે મહમદ બેગડા જેવાને પણ પોતાની સત્તાનો ભોગ આપવો પડ્યો હતો. એટલે ગુજરાતનું લોકજીવન રાજકીય અંધાધુંધીમાં ગુંગળાયલું હતું, જેથી કોઈ પણ પ્રકારની ધાર્મિક અસર થઈ શકે એવી લોકસમાજની સ્થિતિ જ



નહોતી. એ આખી સદી ગુજરાતી કવિતાને માટે તદ્દન નિસ્તેજ કહી શકાય તેવી જ નીવડી છે. કવિતાના કોમલ છોડને ઉગવા માટે આ સમય અને સ્થિતિ પણ તદ્દન પ્રતિકૂલ હતાં. એટલે કબીર જેવા લોકપક્ષના સંતને પ્રજાએ ભાવભીનો આવકાર આપ્યો હશે એમ અનુમાન કરી શકાય છે. અને આ જ ભક્તિભાવને પરિણામે પાછળથી જ્યારે ગુજરાતમાં કબીરસંપ્રદાયની સ્થાપના થઈ ત્યારે તેને ગુજરાતમાં સુદૃઢ થવા માટે વાતાવરણ અને પરિસ્થિતિ અનુકૂળ મળ્યાં હશે.

## ગુજરાતમાં સંપ્રદાયસ્થાપના

ગુજરાતમાં કબીરસંપ્રદાયની સ્થાપના બીજા પ્રાંતોની જેમ કબીરના મૃત્યુ પછી જ થઈ છે. આ પહેલાં છત્રીસગઢમાં ધરમદાસી અને બનારસમાં સુરતગોપાલી શાખાઓ કામ કરતી થઈ ગઈ હતી. બનારસના કબીરચોરાના સાધુઓએ દેશમાં કબીરસંપ્રદાયના વિસ્તાર માટે ધરમદાસી સાધુઓ જેટલાં પ્રવાસ, મહેનત અને શક્તિ નથી ખર્ચ્યાં. ગુજરાતમાં કબીરસંપ્રદાયની પ્રબળ સ્થાપના પણ આ ધરમદાસી સાધુઓના પ્રયત્નથી જ થઈ. આ સાધુઓ મધ્યપ્રાંતના છત્રીસગઢથી નીકળી, ખાનદેશ વટાવીને ગુજરાતમાં પ્રવેશ્યા અને સૌથી પહેલું સુરત એમણે પોતાના કેન્દ્ર તરીકે પસંદ કર્યું. ગુજરાતમાં સુરતનું કબીરમંદિર એ જૂનામાં જૂનું કબીરસંપ્રદાયનું સ્થાન છે. સુરતની સગ્રામપુરાની જૂની સાલના પંજાઓ ઉપરથી વહેલામાં વહેલી સાલ સં. ૧૭૬૫ મળે છે. પરંતુ સંપ્રદાયની સ્થાપના એનીય પહેલાં એટલે લગભગ સં. ૧૫૭૫ અને ૧૬૮૦ની વચ્ચે થએલી જણાય છે. કારણ એ સમયનાં ભજનોની જે હાથપ્રત મળે છે તેનાથી આ અનુમાન બંધાયું છે. સુરતની ગાદીના જૂનામાં જૂના મહંત તરીકે આજે શ્રી કૃષ્ણદાસનું નામ મળે છે, જે સં. ૧૭૬૫માં ગાદીપતિ થઈ ગયા છે. સુરતમાં સ્થિર થઈ ગયા પછી એનો સમસ્ત ગુજરાતમાં વિસ્તાર સધાયો છે.

ગુજરાતમાં આજે આ સંપ્રદાયનાં ધામ સુરત, ભરૂચ, વડોદરા, ખંભાત, અમદાવાદ, નડીઆદ, મોરબી, ભાવનગર, જામનગર, રાજકોટ અને જૂનાગઢમાં છે. ઘણાં શહેરમાં તો ત્રણ ચાર ગાદીઓ છે. આ બધી શાખાઓનું જોડાણ દામા ખેડાવાળી ધરમદાસી ગાદી સાથેનું છે. બનારસની સુરતગોપાલી શાખાનાં મંદિરો તો માત્ર વડોદરા, સુરત અને અમદાવાદમાં છે. આ ગાદીની વિગતો આ પ્રમાણે છેઃ

સુરત—સગ્રામપુરા, લાલ દરવાજા, દારગીઆ મહોલ્લો.

ભરૂચ—વાંદરા બુરજ

વડોદરા—શીઆબાગ, ભીમનાથ, આનંદપુરા, ફતેહપુરા.

અમદાવાદ—સાંકડીશેરી, ખાડીઆ, સરસપુર, દરીઆપુર.

રાજકોટ—ખત્રીવાડા અને લાલપરી.

બાકી નડીઆદ, મોરબી ભાવનગર, જામનગર જુનાગઢ અને ખંભાતમાં એક એક જ ગાદી છે.

સુરતગોપાલી શાખા જે બનારસ સાથે સંબંધ રાખે છેઃ

વડોદરા—પાણી દરવાજા.

સુરત—દીલ્હી દરવાજા.

અમદાવાદ—નવાપરા.

ધરમદાસી અને સુરતગોપાલી બન્ને શાખાઓમાં મૂળગ્રંથ તરીકે તો બીજકને જ સ્વીકારવામાં આવ્યો છે. પરંતુ ધરમદાસી શાખાની ગાદીમાં એની ત્રીજ્યા ટીકા અને સુરતગોપાલી શાખામાં સાદી ટીકા પ્રચલિત છે.

કુંભના મેળામાં કબીરપંથી સાધુઓએ છેક હજી હમણાં જ જવા માંડયું છે. પહેલાં શરૂઆતમાં આ સાધુઓ બીજા અખાડાના સાધુઓની જેમ ગંગાસ્નાન કરતા નહોતા. પરંતુ આજે તો એ લોકો પણ પોતાનો જૂદો અખાડો જમાવે છે, અને હવે ગંગાસ્નાન પણ કરે છે.



સંપ્રદાયની ગાદીની, મંદિરની અને મહંતની વ્યવસ્થા, એ બધું વિધિસર અને નિયમનપૂર્વક થાય છે. સુરતગોપાલી શાખાના મહંતોની ચુંટણી ભક્તો અને વૃદ્ધ સાધુઓની એક સમિતિ કરે છે. કારણ કે ત્યાં શિષ્યપરંપરા ચાલે છે. પરંતુ ધરમદાસી શાખામાં ચુંટણીની મુશ્કેલી ઉભી થતી નથી. ત્યાં તો પુત્રપરંપરાનો નિયમ અસ્તિત્વમાં છે. પરંતુ અહીં પણ હવે સમસ્યા ઉભી થઈ છે. છેલ્લા મહંત શ્રી. દયાનામ સાહેબ અપુત્ર ગુજરી ગયા. ગાદી સૂની તો મૂકાય નહીં, એટલે શાખાઓની ગાદીઓના મહંતો અને ભક્તોની સર્વસંમતિથી આ વંશપરંપરાનો અંત આવ્યો છે અને હવે અહીં પણ શિષ્ય-પરંપરા શરૂ થઈ છે; જેને આ લોકો વચનવંશને બદલે નાદવંશ કહે છે. અને આને પરિણામે ધરમદાસી ગાદીના નવા મહંત તરીકે શ્રી ગ્રંધમણિ સાહેબની વરણી થઈ ગઈ છે.

સાધના અને સંકલ્પની રચના બન્ને ગાદીની શાખાઓમાં સમાન છે. છતાં બન્ને શાખાઓમાં ભેદ સ્પષ્ટ લાગે છે. બનારસી સાધુઓ ઉપર કાશીના પંડિતો અને વેદાન્તીઓની સખત અસર હોવાથી આ સાધુઓ સામાન્ય લોકલવાજમાં પહોંચી શક્યા નથી. એમના શિષ્યોમાં વિરક્તો (ત્યાગી) વધારે છે અને ગૃહસ્થો ઘણા ઓછા છે, જ્યારે ધરમદાસી ગાદીઓમાં ગૃહસ્થ શિષ્યો અસંખ્ય છે; વિરક્તો પણ છે, પરંતુ ગૃહસ્થોની સંખ્યાથી ઓછા.

સંકલ્પમાં આ મહંતો ૧ આજીવન બ્રહ્મચર્ય, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ અહિંસા, ૫ આતિથ્ય ૬ સત્કાર અને ૭ આચાર્ય-પૂજાના મંત્રો આપે છે.

દીક્ષામાં એક ધાસનું તણખલું આપીને બીજકનો મૂળ ગુરુમંત્ર આપવામાં આવે છે, અને કંઠી બંધાય છે. તણખલાનો સંકેત સાદાઈ અને વિનમ્રતા જે સાધુઓના સ્વભાવનું અને જીવનનું મુખ્ય લક્ષણ હોવું જોઇએ તે તરફ છે.

**વસ્તીઃ** નવી વસ્તિગણત્રીમાં જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો લાગે છે કે આ સંપ્રદાયનો પ્રચાર બ્રાહ્મણ અને ક્ષત્રિયોમાં ઓછો થતો જાય છે, જો કે એકંદર સંખ્યા પણ એની ઘટતી જ જાય છે. વૈશ્યો અને શૂદ્રો આ સંપ્રદાયમાં મોટા પ્રમાણમાં જોડાયા છે. શિષ્યોમાં વિરક્ત (ત્યાગી) અને ગૃહસ્થ એવા બે વિભાગ હોય છે. દીક્ષા અને સંકલ્પ તો એક જ પ્રકારનો આપવામાં આવે છે, પણ બન્નેની સાધનાના પ્રકારો જૂદા જૂદા હોય છે.

**ઉત્સવોઃ** કબીર સંપ્રદાયમાં બે મોટા ઉત્સવો થાય છે.

જેઠ સુદ ૧૫ કબીરજયન્તિ.

કારતક સુદ ૧૫ મગહર સંવત્સરી.

આમાંથી કબીરજયન્તિને દિવસે છેલ્લાં સાત વરસથી કેટલાક શિક્ષિત સાધુઓ અને ગૃહસ્થ શિષ્યોના પ્રયત્નથી કબીરમહાસભા ભરાય છે, અને પરિષદ્‌માં સંપ્રદાયને વ્યવસ્થિત કરવાના પ્રયત્નો અને વિચારણા થાય છે. સાંપ્રદાયિક સાહિત્ય પણ વ્યવસ્થિત રીતે પ્રકટ થાય એવી વ્યવસ્થા થયલી છે અને હિન્દી, ગુજરાતી એ બન્ને ભાષામાં સાંપ્રદાયિક માસિક પત્રો પણ ચાલે છે.

ગુજરાતમાં પણ બીજા પ્રાંતોની જેમ કબીરસંપ્રદાયમાં બ્રાહ્મણ અને ક્ષત્રિયોની સંખ્યા ઓછી અને વૈશ્ય તથા શૂદ્રોની વધારે છે. મુંબાઈ ઇલાકાની કબીરપંથીઓની સંખ્યા લગભગ બે લાખની છે. ગુજરાતમાં આજે જે નવા માનસની સંભાવના જન્મી છે, એને કારણે આ સંપ્રદાયનો પ્રભાવ ઘણો ઘટતો જાય છે, અને મૂળ કબીરપંથ એક રીતે કહીએ તો નબળો પડતો જાય છે. જેમ બીજા પ્રાંતોમાં મૂળ આદિસંતમત કબીરપંથમાંથી ઘણી શાખાઓ ફુટી છે, તેવું ગુજરાતમાં પણ થયું છે. આ શાખાસંપ્રદાયોમાં નિરાંત, દાદુ, રાધાસ્વામી, નાનક, સતનામી, ટકસારી, રવિદાસી અને ઉદા-



પંથીઓની સંખ્યા સારા પ્રમાણમાં છે. નિરાંત સંપ્રદાયનો પ્રચાર સુરત અને વડોદરાની વચ્ચે છે. દાદુ, નાનક, સતનામ અને ટકસારી વેરાયલા સંપ્રદાય છે. રવિદાસી કાઠીયાવાડમાં પ્રચલિત છે. અને ઉદાપંથીઓ સુરત જીલ્લામાં અને કાનમ જીલ્લામાં વિસ્તરેલા પડયા છે. આ બધા સંપ્રદાયોમાં એક મોટી મુશ્કેલી છે. એમાં શિક્ષિત અને સંસ્કારી સમુદાય ન જોડાતો હોવાથી આજે સજીવન પ્રવાહ નથી. આર્થિક સંકડામણ તો આખા દેશમાં છે જ. એટલે કોઈ પ્રતિભાશાળી મહંત અને પ્રચારકની ગેરહાજરીને પરિણામે આ સંપ્રદાયો ધીરે ધીરે સંકેલાતા જાય છે, અને કદાચિત એવું પણ બને કે વીસમી સદીની સંધ્યાએ આમાંથી કોઈનું નામ નિશાન પણ ન રહે.

## ઉદાસંપ્રદાયની કથા

બીજા બધા સંપ્રદાયોમાં કંઇ વિશિષ્ટતા નથી, પણ ઉદા સંપ્રદાયની કથા કુતૂહલ ઉપજાવનારી છે. ઉદાપંથીઓના આચાર-વિચાર અને કર્મકાંડ મૂળ કબીરપંથથી તદ્દન ઉલટા જ થઈ ગયાં છે. એટલે એ લોકોના ઇતિહાસ અને વિકાસમાં મેં જરા ઊંડો રસ લઇને થોડી હકીકત ભેગી કરી છે.

કબીરવડ પાસે જ્ઞાનીજી કરીને સંવત ૧૮૦૦ ની આસપાસ એક મહંત થઈ ગયા છે. એમણે જેસલમીરના રાજકુમાર ચતુરસિંહને દીક્ષા આપી હતી. એમના શિષ્ય ગોપાલદાસ થયા, અને એમના શિષ્ય થયા જીવણદાસ. આ જીવણજી એ કડવા પાટીદાર હતા. ઉદાપંથના સ્થાપક તે આજ જીવણજી. આજે આ ઉદાપંથની ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ નથી. માત્ર દંથકથાઓ અને લોકકથાઓ, એમનાં કર્મકાંડ અને સાધના તથા જે ઘરડા ઉદાપંથીઓ મને મળ્યા છે તેમની વાતચીતને આધારે જ આ હકીકતો સંગ્રહી છે.

કબીરની સમાનતાની ભાવના, રૂઢીબંધનોના ઉચ્છેદની ભાવના, નિર્ગુણ ભક્તિની ભાવના, કર્મકાંડના ઉપહાસની ભાવના તો હવે મશહૂર છે. આ ઉદાપંથીઓએ આ બધા મૂળ સિદ્ધાન્તોનું ખૂન કર્યું છે. આ રૂપાન્તર માટે બે અનુમાનો બાંધી શકાય છેઃ એક તો જીવણજીએ મુસલમાનોના ધાર્મિક આક્રમણથી બચવા આ સંકુચિતતા સ્વીકારી હોય, અથવા પોતાનો નવો સંપ્રદાય સ્થાપવાની ઘેલછાના અજ્ઞાનમાંથી આ સ્થિતિચુસ્તતા પરિણમી હોય. આ બન્ને અનુમાનો એમનાં ભજનો અને સાધનામાંથી બાંધી શકાય છે.

આ લોકો જેમ સંપ્રદાયમાં સંકુચિત છે તેમ એમના સામાજિક બંધારણમાં પણ સંકુચિત છે. હમણાં સુધી તો એમ હતું કે આ ઉદાપંથીઓ એમના પંથીઓ શિવાય કોઈના હાથનું પાણીય પીતા નહીં, તો પછી ખાવાની તો વાત જ ક્યાંથી? એમનાં છોકરા અને છોકરીઓ પણ અંદરઅંદર જ પરણાવતા. એમની નાતમાં પણ જે ઉદાપંથી ન હોય ત્યાં લગ્નોનો નિષેધ હતો. એટલું જ નહીં પણ કેટલાક સ્થિતિચુસ્ત ઘરડાઓ તો પોતાનાં બાળકોને નવી કેળવણી પણ આપવાની વિરૂદ્ધ હતા. આમાંય વળી કાનમના ઉદાપંથીઓ અને સુરત વિભાગના ઉદાપંથીઓમાંય ઘણા ભેદો અને ઉપભેદો થવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે એ ઉદાપંથીઓનો વાડો એ ખાળ-કુંડી બની ગઈ અને યુગના પ્રવાહની સજીવનતા ન હોવાથી આખરે ગંધાઈ ઉઠી. રાજકીય, સામાજિક અને ધાર્મિક વિકાસ રૂંધાઈ ગયો.

આ ગુંગળામણ જ્યારે અસહ્ય થઈ પડી અને ગુજરાતમાં નવું રાષ્ટ્રીય ચેતન આવ્યું ત્યારે તેને પરિણામે આ ઉદાપંથના કેટલાક શિક્ષિત જુવાનોને પોતાની આ કરૂણ દશાનું ભાન થયું, અને તેમણે પોતાનાં આ રૂઢીનાં, ધર્મનાં અને સ્થિતિચુસ્તતાનાં કુબંધનો તોડાવવા માથું ઉંચું કર્યું, જો કે તેમને આમાં હજી જોઈએ તેટલી સફળતા નથી મળી. પરંતુ ઘણા સ્વતંત્ર પ્રયત્નો થયા છે અને



થાય છે કે જે જૂનવટનાં બંધનોને ખાખ કરી દે છે. અને આ જ સાચી વસ્તુ છે.

કબીરસંપ્રદાયની અસર ગુજરાતમાં આગળ કહેવાયું તેમ વૈશ્યો અને શૂદ્રો પર ઘણી પડી છે, પણ તે આજે ઓછી થતી જાય છે. ગુજરાતના નીચલા થરોમાં ભક્તિભાવભરી સરળતા, નૈતિક માનસની પવિત્રતા, પાપ માટે ઈશ્વરનો ડર, ભલું કરવાની વૃત્તિ અને ઈશ્વરની ભક્તિ માટે બ્રાહ્મણ અને અંત્યજ સૌ સમાન હતા. ગામડિયા દેખાતી પણ જીવનદૃષ્ટિએ મૂલ્યવાન વૃત્તિઓના ઘડતરમાં કબીરસંપ્રદાયનો ફાળો ઘણો મોટો છે. આજે તો નવાં બળો જામતાં જાય છે, નૈતિક અને ધાર્મિક, રાજનૈતિક અને આધ્યાત્મિક એમ આખાં માનસો પલટાય છે. એવા મંથનકાળમાં કબીરસંપ્રદાયમાં પણ જેટલું જીવનતત્ત્વ હશે એટલું જ સચવાશે, એ નિઃસંશય વાત છે.

# પ્રકરણ ૭ મું

## કબીર સંપ્રદાયની ગુજરાતી સાહિત્ય ઉપર અસર

ગુજરાતી સાહિત્ય ઉપર કબીર અને એના સંપ્રદાયની અસર કેટલી અને કયા સ્વરૂપની, તથા એ કયારથી શરૂ થઈ, એ વિષયની ચર્ચા સર્વ પ્રથમ આપણે ત્યાં પહેલી સાહિત્યપરિષદ્‌ના પ્રમુખ સ્વ. શ્રી. ગોવર્દ્ધનરામભાઈના વ્યાખ્યાનથી ઉદ્‌ભવી છે. એ વ્યાખ્યાન-માં એમણે નરસિંહ મહેતા અને મીરાંબાઈમાં ભક્તિની જ્વાળાઓ શી રીતે, અને ક્યાંથી પ્રકટી, તેનું વિવરણ કર્યું છે. એ વ્યાખ્યાનમાં એમણે પોતાનું મંતવ્ય આમ મૂક્યું છે:

"અમદાવાદમાં પ્રથમ સુલતાનીનો પાયો નંખાયો, અને આખા ગુજરાતમાં તેમના તરફનો ક્ષોભ વ્યાપી રહ્યો હતો તે વખતે માત્ર બે સ્થાને, નરસિંહના જૂનાગઢમાં અને મીરાંબાઈના દ્વારકામાં, જેની ઉજ્જડ સ્થિતિએ કોઈ રાજાને કે સુલતાનને આઠમા શતક પછી



આકર્ષ્યા નથી ત્યાં જ શાન્તિ અને ઉદય હતાં. કુમ્ભો ગુજરાત પર ચઢાઈઓ કરતો હતો, પરંતુ તેના બીજા ખૂણામાં પડેલી દ્વારાવતીમાં જઈ શકે એમ નહોતું. તે દ્વારાવતીએ મીરાંને શાન્તિ અને આશ્રય આપ્યાં હતાં, ત્યારે નરસિંહને સ્વદેશે આશ્રય આપ્યો હતો. ગૃહકુટુંબ અને જ્ઞાતિ સાથે ઉભય ભક્તોએ સંબંધ છોડ્યો હતો અને શ્રી કૃષ્ણ સાથે નવો સંબંધ બાંધ્યો હતો. ઉભયની કવિતામાં અકૃત્રિમ શૈલી અને હૃદયપ્રસાદ છે. કોઈ શક્તિએ દીવાસળી બનીને એમનાં હૃદયમાં નવી જ્વાલાઓને પ્રકટી અને કીયા તેલથી એ જ્વાલાઓ તેમનાં મરણ સુધી હોલાઈ નહીં, અને તેમના ઉત્તરાધિકારીઓને દાયાદ કરતી ગઈ, એટલા પ્રકરણના શોધમાં ચમત્કૃતિ હોવી જોઈએ. ગુજરાતના આ આદિકવિઓમાં આ જ્વાલાઓ ગુજરાત બહારના કોઈ પ્રસિદ્ધ નવા ધર્મપ્રવર્તકોમાંથી નથી આવી; કારણ તે સર્વ આ કલિયુગના આયુષ્ય પછી જન્મ્યા, અથવા ઉદય પામ્યા છે. (જુઓ ઉપર "એ.") તેમ જ સર્વ પ્રવર્તકોનાં ઉપદેશનાં બીજ નરસિંહ અને મીરાંનાં કાવ્યોમાં છે, અને આ બેની કીર્તિ ગુજરાત બહાર કાશ્મીર અને સમુદ્ર સુધી પ્રસરી હતી,–એ બે વાત ધ્યાનમાં લઈએ છીએ ત્યારે ગુજરાતનાં આ બે રત્નોની અમર પ્રભાઓથી આ સર્વ પ્રવર્તકોને ઉપદેશબીજ મળ્યાં છે: એવું ભાન થવાને પ્રસંગ છે. કોઈ નવો યુગ બેઠો હોય તેમ આખા હિન્દુસ્થાનનાં સર્વ ભાગમાં આ પ્રવર્તકો નવા દીવા પેઠે પ્રકટ્યા હતા અને (જયદેવ અને મીરાં શિવાયના સર્વ) તે દીવાઓના મૂળ દીવા નરસિંહ અને મીરાં ગુજરાતમાં તેમનાથી આગળ પ્રકટ્યા હતા."*

ગોવર્દ્ધનરામભાઈના આ મુદ્દાને ચર્ચાનું મધ્યબિંદુ બનાવીને શ્રી. આનંદશંકર ધ્રુવે સંવત ૧૯૬૧ ના શ્રાવણ તથા ભાદરવાના "વસન્ત"ના

---

* વિસ્તૃત વિવરણ માટે જુઓ 'ગ્રંથ અને ગ્રંથકાર' (૧૯૩૬)માં સ્વ. ગોવર્દ્ધનરામભાઈનું વ્યાખ્યાન "ગુજરાતના પ્રાચીન સાહિત્યના ઇતિહાસનું દિગ્દર્શન."

એ અંકોમાં "નરસિંહ અને મીરાં: એ જ્વાલાઓ ક્યાંથી પ્રકટી?" એ તંત્રીલેખમાં એ વિષયની વિસ્તૃત ચર્ચા કરી છે. શ્રી. આનંદશંકરભાઈનું કહેવું છે કે નરસિંહ અને મીરાંમાં ભક્તિની જે જ્વાલાઓ પ્રકટી તે સ્વયંભૂ નહોતી, પણ એમાં રામાનંદ, ચૈતન્ય અને કબીરની અસરનો ભાગ હતો. ગુજરાતી સાહિત્ય ઉપર કબીરની અસર જોવા માટે એમની ચર્ચાના મુદ્દાઓ જોઈ લેવા આવશ્યક છે, એટલે ગોવર્દ્ધનરામભાઇને જવાબ રૂપે એમણે જે કહ્યું છે તે અહીં ઉતારૂં છું:

"નરસિંહ અને મીરાં બંને ઇસ્વી પંદરમાં શતકના પૂર્વાર્ધમાં થયાં, અને કબીર, નાનક, ચૈતન્ય અને વલ્લભાચાર્ય પંદરમા શતકના અન્તમાં અને સોળમાના આરંભમાં થયાં, માટે સંભવ એવો છે કે નરસિંહ અને મીરાંમાંથી એમાંના કેટલાકને "જ્વાળાઓ" મળી હોય. આમ રા. ગોવર્દ્ધનરામ માને છે. વળી મીરાંમાં જયદેવ-(૧૨ મું શતક)ની અને નરસિંહમાં મધ્ય સંપ્રદાયના સાધુઓની અને બોપદેવની અસર એ જુએ છે. મીરાંનો દેહ કેટલાક ઈ. સ. ૧૪૧૯ થી ૧૪૭૦ (સંવત ૧૪૭૫ થી ૧૫૨૬) સુધી માને છે. પરંતુ 'મુંબાઈ સમાચાર'ના એક લેખકે મીરાંબાઈની લગ્નતિથિ ઈ. સ. ૧૫૧૭ (સં. ૧૫૭૩) અને દેહત્યાગની તિથિ ઈ. સ. ૧૫૪૭ (સં. ૧૬૦૩) આપી છે. શા પુરાવા ઉપરથી આ બીજો નિર્ણય કાઢવામાં આવ્યો છે, એ અમારા જાણવામાં નથી. પણ રા. ગોવર્દ્ધનરામે પોતાના ભાષણમાં મીરાં અને જીવા ગોંસાઇના જે પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે તે ખરો હોય તો મીરાં માટે આ પાછળ આપેલો સમય જ બંધ બેસે છે. જીવા ગોંસાઈ ચૈતન્ય સંપ્રદાયના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ચૈતન્યે સનાતન અને રૂપ નામે બે ભાઈઓ, જે મૂળ બ્રાહ્મણ હતા અને પછી મુસલમાન રાજાના સંસર્ગથી મુસલમાન થઈ ગયા હતા એમ કહેવાય છે, તેમને પોતાના ધર્મમાં લીધા હતા. બંને પરમ ભક્ત હતા. સનાતનને વૃંદાવનમાં સ્થાપ્યા. એમના ભત્રીજા જીવા ગોંસાઇ એ સનાતન પછી ચૈતન્ય સંપ્રદાયની

G. 27405



વૃન્દાવનની ગાદીએ આવ્યા. ચૈતન્ય સંપ્રદાયના સંસ્કૃત ગ્રંથોમાં એ **જીવગોસ્વામિનઃ** ના માનવંતા નામે પ્રસિદ્ધ છે. એ વિદ્યા અને ભક્તિમાં સુસંપન્ન હતા, અને એમણે એ સંપ્રદાયના ઘણા ગ્રંથો બનાવેલા છે. હવે ચૈતન્યનો સમય ઇ. સ. ૧૪૮૫ થી ૧૫૨૭ છે, અને જીવા ગોંસાઇ ચૈતન્યના શિષ્યના ભત્રીજા એટલે એમનો અને મીરાંનો પ્રસંગ ઇ. સ. ૧૫૪૦ ના અરસામાં બન્યો હોય તો નવાઈ નહી. આ ઉપર બતાવેલી તારીખો જોતાં, ચૈતન્યને મીરાંમાંથી નવી 'જ્વાળા' મળી હોય એ કલ્પના તદ્દન અશક્ય થઈ જાય છે. ઉલટી તારીખો જ લઈએ તો તો મીરાંમાં ચૈતન્યની અસર હતી, એમ કહેવાને અધિક કારણ રહે છે, અને ચૈતન્ય સંપ્રદાયની ગાદી વૃન્દાવનમાં સ્થપાઇ હતી તો મેવાડ સુધી એ સંપ્રદાયના સાધુઓ આવ્યા હોય એમાં આશ્ચર્ય જેવું નથી. જીવા ગોંસાઇને મીરાંએ જે સ્વતંત્રતાથી જવાબ આપ્યો એ ઉપરથી કદાચ એમ કહી શકાય કે મીરાં ચૈતન્ય સંપ્રદાયની હોત તો આવો જવાબ ન આપત. પરંતુ આ દલીલ માત્ર પામર ગતાનુગતિક ભક્તોને જ લાગુ પડે છે; મીરાંની અધ્યાત્મજ્વાળા અંતઃસ્નેહથી જ બળતી હતી, અને તેથી સાધુઓનો માત્ર એમાં બહારનું નિમિત્ત માત્ર જ હોઈ શકે. તેમ એની જીવા ગોંસાઇને મળવાની ઇચ્છા ચૈતન્યપંથના ભક્તોને મુખે એમની કીર્તિ સાંભળીને ઉપજી હોય એમ કલ્પના પણ થઈ શકે છે. અમે મીરાંનો ચૈતન્ય સંપ્રદાયના સાધુઓ સાથે સમાગમ સંભવિત ગણીએ છીએ, પરંતુ એની 'જ્વાળા' પ્રકટાવનાર વિશેષ શક્તિઓ રૂપે તો જયદેવ અને રામાનંદને માનીએ છીએ. "ગીતગોવિન્દ"-ના કર્તા જયદેવ તે વખતે મેવાડમાં સુપ્રસિદ્ધ હતા, અને એની કૃષ્ણભક્તિની તરેહ મીરાંમાં સુસ્પષ્ટ જણાય છે, એ નિર્વિવાદ છે. તે સાથે રામાનંદ જે ઈ. સ. ચૌદમા સૈકામાં થયા કહેવાય છે તેમના બોધની અસર પણ મીરાં ઉપર પડી હતી, એમ લાગે છે, કારણ કે ચૈતન્ય તેમ જ જયદેવ કૃષ્ણ અને રાધાના ભક્ત હતા;

રામનામની લેહ એમને લાગી ન હતી, અને મીરાંમાં તો જેમ એક પાસ "મીરાં મન મોહન શું માન્યું" એમ સાંભળીએ છીએ તેમ બીજી પાસઃ

"અબ તો મેરા રામ નામ દુસરા ન કોઇ,
સાધુ સંગ બેઠ બેઠ લોક લાજ ખોઈ."

ઇત્યાદિ ઉદ્ગારો પણ વાંચીએ છીએ. આ સાધુઓ રામાનંદ અને કબીરપંથના હશે, એમ લાગે છે. મીરાંનો સમય આજ સુધી સાધારણ રીતે મનાતો આવ્યો છે તે લઇએ, એટલે ઈ. સ. ૧૪૧૯ થી ૧૪૭૦ (સં. ૧૪૭૫ થી ૧૫૨૬), તો પણ એમના ઉપર રામાનંદનો સંસ્કાર હોવો જોઇએ, એમાં તો સંદેહ જ નથી.

૨. નરસિંહ મહેતામાં જયદેવ કબીર અને શંકરાચાર્યની અને કદાચ ચૈતન્યની (?) અસર સ્પષ્ટ નજરે પડે છે. નરસિંહ મહેતા "સુરતસંગ્રામ"માં કૃષ્ણ અને રાધિકા વચ્ચે વિષ્ટિકાર તરીકે જયદેવનો ઉલ્લેખ કરે છેઃ

'સર્વે નીચું લહ્યું, હા ન કોઇએ કહ્યું, ઉઠીયો જયદેવો સમય જોઈ.'
'રોમાંચ જયદેવ થઈ, બોલે કંઇનું કંઈ,......... ......... ......'
'સ્વામિની સ્વર સુણી, ચળે મોટા મુનિ, ત્યાંહિ જયદેવનું કોણ લેખું;
વિકળ મનથી થયો, વિષ્ટિ ભૂલી ગયો, હું રે રસમગ્ન*ને શે ઉવેખું'–
એમ ધારી અડયો, મોહ પાશે પડયો, દ્રગયમકમાં ડુબિયો વિષ્ટિ કરતાં.'

નરસિંહ મહેતાનાં ઘણાં કાવ્યોનાં વસ્તુ જયદેવના ગીતગોવિંદથી સૂચિત હોય એમ લાગે છે. એ માત્ર ભાગવતમાંથી આવ્યાં હોય એમ લાગતું નથી, કારણ કે ભાગવતકારને 'બ્રખુની દુલારી'–રાધિકાનું

* રા. કેશવલાલ ધ્રુવ 'ગીતગોવિન્દ'ની પ્રસ્તાવનામાં આ 'રસમગ્ન' પદ નરસિંહ મહેતાએ જયદેવને લગાડેલું છે એમ કહે છે. પણ અન્વય જોતાં, એ ગોપીને નથી લાગતું ?



નામ અજ્ઞાત છે. બીજું, ભાગવતમાં ભાગવતધર્મનું પ્રતિપાદન બહુ વિશાળ અને વ્યાપક રૂપે કરેલું છે; તેમાંથી ભક્તિરસનું એના પૂર્ણ માધુર્યના આસ્વાદનમાં ડૂબીને–સવિશેષ પાન ઇચ્છનારા જયદેવાદિકે તો કૃષ્ણાવતાર, અને તેમાં પણ કૃષ્ણની વ્રજલીલા, અને વ્રજલીલામાં પણ ગોપીઓ સાથેની ક્રીડા અને તેમાં પણ રાધા સાથેનું રમણ–એમાં જ પોતાનું હૃદય મગ્ન કર્યું, અને ભાગવતની ખામી પૂરી એમ કહેવાય છે. આજ મર્મથી નરસિંહ મહેતા એક ઠેકાણે કહે છે કેઃ—

"પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહીં, શુકજીએ સમજી રસ સંતાડયો;
જ્ઞાન વૈરાગ્ય કરી, ગ્રન્થ પૂરો કર્યો, મુક્તિનો માર્ગ સુધો દેખાડયો.
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિ રે જોગી;
પ્રેમનો જોગ તો વ્રજ તણી ગોપિકા, અવર વિરલા કોઇ ભક્ત ભોગી."

એટલે નરસિંહ મહેતામાં શુદ્ધ ભાગવતની અસર માનવી તે કરતાં જયદેવની અસર માનવી, એ અમને વધારે યોગ્ય લાગે છે.

પણ માત્ર જયદેવથી નરસિંહ મહેતાના સ્વરૂપનો ખુલાસો થઈ જતો નથી. પ્રેમભક્તિનાં કાવ્યો ઉપરાન્ત—

"જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે,
ચિત્ત ચૈતન્ય, વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે."

× × × ×

"નિરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો, તેજ હું તેજ હું શબ્દ બોલે."
"અકળ અવિનાશી એ, નવ જ જાએ કળ્યો, અરધ ઉરધની માંહે મહાલે."

× × × ×

"જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી."
"શું થયું સ્નાન સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે?
શું થયું ધરી જલ ભસ્મલેપન કરે, શું થયું વાળલોચન કીધે?
શું થયું તપ ને તીરથ કીધાં થકી, શું થયું માલ ગ્રહી નામ લીધે?
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગાજળ પાન કીધે?

શું થયું વેદવ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે?
શું થયું ખટદર્શન સેવ્યા થકી, શું થયું વરણના ભેદ આણે?
એ છે પરપંચ સૌ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો.
ભણે નરસૈયો કે તત્ત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો.

આવાં કાવ્યો પણ છે.

આ સાથે કબીરનાં:—

"આતમ તત્ત્વ ચીના બિના સબ હે જૂઠી સેવ;
કરે સો તો ભ્રમણા, કયા તીરથ કયા દેવ."
× × ×
"કહે કબીરા પરિબ્રહ્મકી, ચલકે જ્યોત અખંડ,
અરધ ઉરધકે ઘાટપર ભાઈ, નિશદિન ખોજો પંડ."

ઇત્યાદિ પુષ્કળ વચનો સરખામણીમાં ટાંકી શકાય.

કેટલાક માને છે તેમ આપણે કબીરને પંદરમાં શતકના આરંભમાં મૂકીએ, તો ઉપરના ઉતારા સરખાવતાં એક જ અનુમાન નીકળે છે કે સાધુઓ દ્વારા કે બીજી કોઈ રીતે કબીરનો ઉપદેશ નરસિંહ મહેતા સુધી પહોંચ્યો હતો. પણ બીજા મત પ્રમાણે કબીર સીકન્દરશાહ લોદીના વખતમાં પંદરમા સૈકાના અંત ભાગમાં જ થયા. એમ હોય તો પણ નરસિંહ મહેતાની ઉત્તરાવસ્થા-જ્ઞાનવૈરાગ્યના પદોનો સમય, કબીરની યુવાવસ્થા સાથે સમકાલીન હોઈ શકે, અને એ રીતે પણ નરસિંહ મહેતાનાં પૂર્વોક્ત પદોની મૂળ 'જવાળા' કબીરમાંથી આવી એમ અનુમાન બાંધી શકાય. ગમે તેમ હો, પણ આ વખતે ઉત્તર હિન્દુસ્થાનના યાત્રાળુ સાધુઓ દ્વારા જ નરસિંહે નવા યુગનું ધર્મઉત્થાન અનુભવ્યું હતું એમ માનવું જ અમને સયુક્તિક જણાય છે. કબીર અને નરસિંહ મહેતાનો આ સંબંધ તે કપોલકલ્પિત જ નથી. કબીરની એક હકીકતમાં નીચે પ્રમાણે વાંચવામાં આવે છે:—



..... ................ ......સોરઠ દેશમેં પહોંચે જાઈ;
જીત દેખા, તીત ક્રોધ હંકારા, પૂજહિં મૂરત બોહત બીસ્તારા
"ગઢ ગીરનાર એક હે નાહુ ચંદ બીજે વાં નરપત રાઉ
નૃપત બંધુ એક રહે શ્યાના, પૂજે સાધુ માતમ જાના.":

તાત્પર્ય કે કબીર સાહેબ જ્યારે સોરઠ અને ગીરનાર ગયા ત્યારે ત્યાં "નરપત રાઉ"—નરસિંહ મહેતાવાળા પાંચમા રા. મંડળિકનું રાજ્ય હતું. એ સાધુનું માહાત્મ્ય સમઝતો હતો. પણ એના રાજ્યમાં સર્વત્ર મૂર્તિપૂજાનો વિસ્તાર હતો. અમને લાગે છે કે આ હકીકત જોતાં નરસિંહ મહેતાનાં જ્ઞાન અને વૈરાગ્યનાં પદોનું બીજ કબીરમાંથી પ્રાપ્ત થયું હતું. એમ કલ્પના કરવામાં બાધ નથી. કબીરને નરસિંહ મહેતામાંથી કાંઈ મળ્યું હોય એમ લાગતું નથી. કારણ કે કબીરનો જે ખાસ ઉપદેશ તે નરસિંહ મહેતામાં ગૌણ સ્થાને છે, અને નરસિંહ મહેતાનો આત્મા—જે ભક્તિનો ઉપદેશ—એની કબીરમાં એક રેખા પણ નથી; બલ્કે, જ્યાં ત્યાં એ મૂર્તિપૂજાથી કંટાળે છે. કબીરને પંદરમા શતકના પૂર્વાર્દ્ધમાં મૂકો વા ઉત્તરાર્ધમાં મૂકો-બંને રીતે એની સાથે નરસિંહ મહેતાનો સંબંધ ઘટી શકે છે."

'વસન્ત'ની આ ચર્ચાનો જવાબ સ્વ. ગોવર્દ્ધનરામે આમ આપ્યો છે:

"રા. આનંદશંકર ગયા શ્રાવણના 'વસંત'માં, (૧) 'મુંબાઈ સમાચાર'ના એક લેખકે આપેલી મીરાંબાઈની જન્મમરણતિથિઓ ઉપરથી અને (૨] ચૈતન્યાનુયાયી જીવા ગોસાંઈના પ્રસંગથી એવું અનુમાન કરે છે કે મીરાં સોળમા શતકના મધ્યમાં (૧૫૪૦) વિદ્યમાન હતાં, અને એમના હૃદયની જ્વાલા ચૈતન્ય સંપ્રદાયથી પ્રકટી હતી. જે ગોસાંઈના પ્રસંગની કથા મીરાંએ ગાઈ છે તે જીવા ગોસાંઈની જ હતી એમ માનવાનું કારણ મીરાંના કે કોઈ ઐતિહાસિક લેખમાં નથી. તેમાં ઉક્ત જીવનમરણતિથિઓને માટે કાંઈ આધાર

નથી અને હોય તો તે બીજી કોઈ મીરાં સંબંધે હોવો જોઇએ. કારણ કર્નલ ટોડ આપણાં મીરાંબાઇને કુમ્ભા રાણાની રાણી ગણે છે, અને તેની તારીખો મારા ભાષણ પ્રમાણે છે. આબુ પર્વત વગેરેના લેખોમાં પણ એ જ તારીખો છે. અને બાબર બાદશાહે હરાવેલા રાણા સંગનો કુંભો પિતામહ હતો: 'માબેલ ડફ્કૃત ક્રોનોલોજી ઓફ ઇન્ડીઆ' પૃ. ૨૮૭. આ છેલ્લા પુસ્તકના પૃષ્ઠ ૨૮૪ પ્રમાણે મહમદ બેગડાએ કરેલા પાંચમા રા. માંડલિકનો પરાજય પણ ઇ. સ. ૧૪૭૧ માં છે, અને પૃષ્ઠ ૨૬૫ પ્રમાણે કબીરની તારીખ ઇ. સ. ૧૪૯૦ છે. કબીર અને નરસિંહની હૃદયજ્વાલાઓના અમુક લેખની સમાનતા સ્વીકારતાં બાધ નથી, પણ કાલક્રમ ઉપરથી જ અનુમાન કરીએ તો કબીરની હૃદયજ્વાલાનું બીજ નરસિંહમાંથી પ્રાપ્ત થયું હતું, એમ કહેવું ઉચિત છે. નરસિંહમાં ભાગવતનો કે જયદેવનો અંશ વિશેષ હતો, એ ચર્ચામાં આ પ્રસંગે ઉદાસીનતા છે.''*

નરસિંહ, મીરાં અને કબીરની આ ચર્ચા પછી આ ત્રણે કવિઓ અને એમની કવિતા વિષે ઘણી શોધખોળ, ચર્ચા અને વિવેચનો થયાં છે. આપણા સાહિત્યમાં તો નરસિંહ મહેતાની ચર્ચા એ 'નરસિંહનો કોયડો' બની જવા પામી છે. કબીર વિષે હિન્દી સાહિત્યમાં ખૂબ શોધ થઈ છે. એમના સમય, કવિતા અને રહસ્યવાદ ઉપર અનેક પુસ્તકો રચાયાં છે. એ સર્વનો સાર મેં કબીરની જન્મમરણની તિથિઓ નક્કી કરતી વખતે પહેલા પ્રકરણમાં આપ્યો છે. મીરાં વિષે હમણાં જે છેલ્લી શોધ થઈ છે, તેમાં તો કર્નલ ટોડે આપેલી હકીકત 'મીરાં એ કુંભાની રાણી' એને મૂળમાંથી જ ઉખેડી નાંખવામાં આવી છે, અને એટલું જ નહીં પણ મશહુર ઇતિહાસકાર શ્રી. ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ તો કર્નલ ટોડની ઘણી હકીકતોને શાસ્ત્રીય આધારોની સહાયથી બીનપાયાદાર અને અનૈતિહાસિક સિદ્ધ કરી છે. આપણે ત્યાં 'નરસિંહ મહેતાનો કોયડો'

* જુઓ 'ગ્રંથ અને ગ્રંથકાર' ૧૯૩૬ માં સ્વ. ગોવર્દ્ધનરામનું ભાષણ.



હજી અણઉકેલ્યો પડ્યો છે, અને બન્ને પક્ષો પોતપોતાનો સમય સ્વીકારે છે.

શ્રી. કૃષ્ણલાલ ઝવેરીએ એમના "Miles stones in Gujarati Literature"માં મીરાંનો સમય ઈ. સ. ૧૪૦૩ થી ૧૪૭૦ અને નરસિંહ મહેતાનો ઇ. સ. ૧૪૧૫ થી ૧૪૮૧ સ્વીકાર્યો છે. સ્વ. ગોવર્દ્ધનરામે એમના પહેલી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખપદના ભાષણમાં નરસિંહ મહેતાનો સમય ઇ. સ. ૧૪૧૪ થી ૧૪૫૬ અને મીરાંનો ઇ. સ. ૧૪૦૩ થી ૧૪૭૦ ગણ્યો છે. શ્રી. કનૈયાલાલ મુનશીએ એમના "ગુજરાત એન્ડ ઇટ્સ લીટરેચર"માં મીરાંનો સમય ઇ. સ. ૧૫૦૦ અને નરસિંહનો સમય ઈ. સ. ૧૫૦૦ થી ૧૫૮૦ માન્યો છે. રા. આનંદશંકરભાઇએ પોતાની ચર્ચા દરમિયાન મીરાંનો સમય ઇ. સ. ૧૪૧૯ થી ૧૪૭૦ નો અને નરસિંહ મહેતાનો ઇ. સ. ૧૪૧૪ થી ૧૪૮૦ સ્વીકાર્યો છે.

હવે કબીરનો સમય છેલ્લી શોધખોળ અનુસાર હિન્દી વિવેચકો અને તવારીખનવેશોએ ઇ. સ. ૧૪૦૦ થી ૧૫૧૯ નો સ્વીકાર્યો છે.

નરસિંહ અને મીરાં ઉપર કબીરની અસર ખરી કે નહીં, એ ચર્ચા આપણે ત્યાં શરૂ થયે લગભગ ત્રણ દાયકા વીતી ગયા છે. એ ચર્ચા વખતે નરસિંહ અને મીરાંના સમયની જેમ કબીરના સમયને માટે સર્વસ્વીકૃત સાલ નહોતી. નરસિંહ અને મીરાંને માટે તો આજે પણ આપણા સાહિત્યમાં બે પક્ષ છે. જૂનો પક્ષ નરસિંહમીરાંને પંદરમી સદીના પ્રારંભમાં મૂકે છે ત્યારે શ્રી. મુનશીનો પક્ષ એમને સોળમી સદીની શરૂઆતમાં ગણે છે. પરન્તુ કબીરના સમયને માટે હિન્દી તવારીખનવેશો અને સાહિત્યકારો લગભગ સહમત થયા છે. એટલે આ નિર્ણય પ્રમાણે કબીરનો સમય ઇ. સ. ૧૪૦૦ થી ૧૫૧૯ આપણે ગણી શકીએ. કબીરનો આ સમય જોતાં આપણા વિવેચકોના નરસિંહમીરાંના સમય વિષેના જુના મત

પ્રમાણે કબીર, નરસિંહમીરાંના સમકાલીન થાય છે અને નવા મત પ્રમાણે નરસિંહમીરાંના પુરોગામી થવા જાય છે.

અત્યારે આપણી આગળ કબીર, નરસિંહ અને મીરાંના જીવન વિષે જેટલી માહિતી પડી છે તે જોતાં સ્પષ્ટ લાગે છે કે કબીરની કવિતાનો ઉદય નરસિંહ અને મીરાંની પહેલાં થયો છે. ચૌદમી સદીમાં એટલે નરસિંહ મીરાંના ઉદય પહેલાં ગુજરાતીમાં શુદ્ધ ભક્તિમાર્ગની ગુજરાતી કવિતા દેખાતી નથી, એટલું જ નહીં પણ નરસિંહ મીરાંની પહેલાં કોઈ પ્રતિભાશાળી ભક્ત, ફિલસુફ કે ધર્મ-વીરનાં દર્શન પણ થતાં નથી, જ્યારે ઉત્તર હિન્દુસ્થાનમાં ચૌદમી સદી આખી એક અપૂર્વ પ્રતિભાસંપન્ન વિભૂતિના જીવનથી રંગાયલી લાગે છે. રામાનુજાચાર્યની શિષ્યપરંપરામાં થએલા સ્વામી રામાનંદે તત્ત્વજ્ઞાન, ભક્તિ અને ધર્મ એ ત્રણે તત્ત્વોનાં સ્વરૂપમાં ક્રાન્તિ કરી નાંખી છે. ઈશ્વર વિષે જાણવાનો, ઈશ્વરને ઓળખવાનો, અને ઈશ્વરને ભજવાનો ઇજારો જે માત્ર બ્રાહ્મણ પંડિતો, વિદ્વાનો અને ભકતોએ રાખેલો તેનો રામાનંદે સમૂળો નાશ ઉચ્ચાર્યો અને "જાંતિપાંતિ પુછૈ નહિ કોઈ, હરિ કો ભજે સેં હરિકા હોઇ" નો માનવસહજ સિદ્ધાન્ત પ્રચલિત કર્યો છે. રામાનંદજી તત્ત્વદષ્ટિએ રામાનુજાચાર્યના મતા-વલંબી હોવા છતાં પણ એમણે પોતાની ઉપાસના સ્વતંત્ર રીતે કરી અને રામરૂપને ઉપાસ્ય તરીકે સ્વીકાર્યું. આ પરિવર્તનની સાથે જ એમણે મનુષ્ય માત્રને ભક્તિનો અધિકારી માન્યો. એમણે એક વિરક્ત સંઘની સ્થાપના કરી હતી, જે સંઘના સાધુઓને આજે પણ આપણે વિરાગી અથવા બૈરાગી નામે ઓળખીએ છીએ. આ રામાનંદી સાધુઓનું પરિભ્રમણ આશ્ચર્ય પમાડે એટલું વિશાળ હતું. એમની યાત્રાઓનો શુમાર નહોતો. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના બધા પ્રદેશોમાં રામાનંદી સાધુઓનો વિસ્તાર દેખાય છે.

એટલે આનંદશંકરભાઈએ મીરાંના રામરૂપને આગળ કરીને જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે યથાર્થ લાગે છે. આ રામાનંદી સાધુઓ



ગુજરાતમાં અને ઠેઠ દ્વારકા સુધી પહોંચ્યા હતા. ચૌદમી સદીમાં રામાનંદજીના અદ્દભુત વ્યક્તિત્વે એટલું ચમત્કારિક કાર્ય કર્યું છે કે ભક્તિ, ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં બધાં સ્વરૂપો ઉપર એની વત્તીઓછી અસર થઈ છે. આપણા દેશમાં સગુણ અને નિર્ગુણ ઉપાસનાના પ્રવાહો પણ રામાનંદજીના જીવન પછી અસ્તિત્વમાં આવ્યા, એટલે નરસિંહ અને મીરાંના ઉદય વખતે ઉત્તર હિન્દમાં અને ગુજરાતમાં પણ ભક્તિનો ઉદ્દભવ અને પ્રચાર થઈ ચૂકયા હતા, અને રામા-નંદજી પછી તરત જ એવા જ એટલા જ પ્રતિભાસંપન્ન કબીર સાહેબનો ઉદય થાય છે. કબીરનો જન્મ આપણે ઇ. સ. ૧૪૦૦ માનીએ છીએ, એટલે લગભગ ઇ. સ. ૧૪૨૫ ની આસપાસ એઓ ગુજરાતમાં અને કાઠીઆવાડમાં આવ્યા લાગે છે.

ગુજરાતી વિવેચકોના જૂના મત પ્રમાણે મીરાંનો જન્મ ઈ. સ. ૧૪૦૩ અને નરસિંહનો ૧૪૧૫ આવે છે, એટલે કબીર સાહેબ ગુજરાતમાં આવ્યા હશે, તે પહેલાં મીરાંનું ગુજરાતમાં આવવું સંભવિત નથી લાગતું અને નરસિંહની પણ બાલ્યાવસ્થા દેખાય છે. આ પરિસ્થિતિ જોતાં આનંદશંકરભાઈએ જે કહ્યું છે કે મીરાં અને નરસિંહમાં ભક્તિની જ્વાલાઓ સ્વયંભૂ નથી પ્રકટી પણ જયદેવ, રામાનંદ અને કબીરે પ્રકટાવી છે, એ વધારે વાસ્તવિક લાગે છે. અને નરસિંહ મીરાંનો નવા મતવાદીઓનો સમય સ્વીકારીએ તો કબીર સાહેબની અસર એમના ઉપર થયાની શંકા જ રહેતી નથી.

અહીં આનો અર્થ એવો નથી થતો કે નરસિંહ અને મીરાંના જીવન અને ભક્તિમાં, કવિતામાં અને મસ્તીમાં મૌલિકતા અથવા પોતાપણું જ નહોતાં. નરસિંહ અને મીરાં બન્નેની ઉપાસના સગુણ ભક્તિની છે. એ સખીભાવના ભકતો હતાં. એટલે એમની શુદ્ધ ભક્તિની કવિતા ઉપર કદાચ કબીર અને રામાનંદની અસર ન પણ હોય. પરંતુ જ્યાં જ્યાં ભક્તિને ગૌણ બનાવીને તેમણે જ્ઞાનવૈરાગ્યની કવિતા કરી છે, ત્યાં ત્યાં તો કબીર અને રામાનંદનો સ્પષ્ટ પ્રભાવ

લાગે છે. "કબીરની કાવ્યપ્રતિભા"વાળા પ્રકરણમાં મેં કબીરના ભાવની સાથે મીરાંના ભાવ સરખાવ્યા છે. એ પણ મારા આ મતંવ્યને ટેકો આપે છે. એટલે કબીર સાહેબની ગુજરાતી સાહિત્ય ઉપર અસર ઠેઠ નરસિંહ મીરાંના સમયથી વર્તમાન સમય સુધી દેખાય છે.

કબીર સાહેબ ગુજરાતમાં ભ્રમણ કરી ગયા અને ભક્તિની ચીનગારીઓ મૂકતા ગયા. પણ એમની સતત હાજરી આ પ્રાંતમાં ન હોવાથી અને સગુણ ઉપાસનાના આચાર્યોએ ગુજરાતમાં ડેરાતંબુ નાંખ્યા હોવાને કારણે નિર્ગુણ ભક્તિ કરતાં સગુણ વૈષ્ણવ ભક્તિનાં બળ અને વિસ્તાર વધારે હોય, એ સ્વાભાવિક છે. અને તેમાંય નરસિંહ અને મીરાં જેવા ભક્તો મળે એટલે પછી લોકસમાજ સગુણ ઉપાસનામાં ન રંગાય, એ અશક્ય છે. અને નિર્ગુણ ઉપાસનાનો વિસ્તાર ન વ્યાપક બને એનું બીજું પણ કારણ છે. સગુણ ભક્તિનો મૂળ સિદ્ધાન્ત શ્રદ્ધા, અને નિર્ગુણ ભક્તિનો મૂળ સિદ્ધાન્ત જ્ઞાન. સગુણ ઉપાસનાના ભક્તો શ્રદ્ધાપૂર્વક જેટલું જ્ઞાન મળે તેથી સંતોષ માને; અને નિર્ગુણ ભક્તિના ઉપાસકો જ્ઞાન વડે જેટલી શ્રદ્ધા જન્મે તેનાથી પોતાની ઉપાસના કરે. આમ નિર્ગુણ ભક્તિમાં જ્ઞાન મુખ્ય હોવાથી એમાં બુદ્ધિનો સારો જેવો ઉપયોગ હોવાથી લોકસમાજ આના તરફ વધારે ન આકર્ષાતાં શ્રદ્ધાભર્યા સગુણ ભક્તિ-સંપ્રદાય તરફ જ વધારે ખેંચાયો. આમ પંદરમી સદીના આરંભથી ગુજરાતમાં નિર્ગુણ અને સગુણ ઉપાસનાના પ્રવાહો વહેવા માંડ્યા.

## સોળમી સદી

નરસિંહની કાવ્યપ્રતિભા અને જીવનતેજમાં લપાતા પંદરમી સદીના બીજા કવિઓમાં કોઇની કવિતા એવી નથી રચાઈ કે જેને પ્રેરકબળ કહી શકાય, અથવા મૌલિકતા અને ચિરંજીવતાની દૃષ્ટિએ જેને મહત્વ આપી શકાય. એટલું જ નહીં પણ એ વખતના લોકસમાજ ઉપર ઊંડી અથવા વ્યાપક અસર એ સદીમાં બીજા કોઈ



કવિની કવિતાની થઈ નથી. ભાગવતના દશમ સ્કંધને ગુજરાતીમાં ઉતારનાર કાયસ્થ કેશવદાસ (સં. ૧૫૨૯) અને બોપદેવકૃત હરિલીલા ષોડશકલાનો ગુજરાતી અનુવાદ કરનાર પુરાણી ભીમ (સં. ૧૫૪૨), અને પંડિત ભાલણનાં નામો આવે છે.

સોળમી સદીમાં ભક્ત કવિઓ જ ગુજરાતમાં દેખાતા નથી, કે નથી દેખાતી ભક્તિની કવિતા. તેનાં કારણો છે. દિલ્હીની પઠાણોની સલ્તનતના સૂબાઓ ગુજરાતમાં સ્વતંત્ર થવાનો પ્રયત્ન કરતા હતા. પરિણામે મહમદ બેગડા જેવાને પણ પોતાની સત્તાનો ભોગ આપવો પડ્યો હતો અને એનું પરિણામ અરાજકતાવાદમાં પરિણમ્યું હતું. અકબરે ઈ. સ. ૧૫૭૩ માં ગુજરાત જિત્યું, છતાં સમાજની અવ્યવસ્થા અને અસ્વસ્થતાનો અંત આવ્યો નહોતો. કવિતાના કોમલ છોડને ઉગવા માટે આ સમય તદ્દન પ્રતિકૂલ હતો. આવા પ્રતિકૂલ સમયમાં પણ કબીર સાહેબના અનન્ય ભક્ત વછરાજે 'રસમંજરી' નામે એક ઉપદેશાત્મક વાર્તાઓનો સંગ્રહ કર્યો હતો. વછરાજ જંબુસરના હતા, અને એમણે વાર્તાઓનો જે પ્રારંભ કર્યો હતો તેને સમય જતાં શામળભટ્ટ અનુસર્યા.

## સત્તરમી સદી

સત્તરમી સદીમાં થએલા કવિઓમાં ઈ. સ. ૧૬૧૫ થી ૧૬૭૫ દરમિયાન ગુજરાતી સાહિત્યમાં એક નવું જ કાવ્યસ્વરૂપ પ્રકટાવનાર અખાનું નામ સ્મરણીય છે. અખાએ પોતાના જીવન દરમિયાન ગુરુઓના, કવિતાના, ભક્તિના અને તત્ત્વજ્ઞાનના ઘણા અખતરા કર્યા છે. અને આખરે વેદાન્તી કવિ અને જ્ઞાની તરીકે એ મશહુર થઈ ગયા છે.

"હરિ પામવા સૌ તપ કરે, અખો હરિમાં મેળે ફરે," એ જીવ અને ઈશ્વર વચ્ચેનો પ્રેમસંબંધ કબીરની પ્રેમસાધનાનું મૂળ તત્ત્વ હતું:

"હમ તુમ, તુમ હમ, ઔર ન કોઇ"
"ખાલિક ખલક, ખલકમેં ખાલિક, સબ જગ રહ્યો સમાઈ."
"ઈનમેં આપ, આપ સબહિનમેં, આપ આપસે ખેલે."

અખાને આપણે વેદાન્તી માનીએ તો સગુણ કરતાં એની ભક્તિ નિર્ગુણ માર્ગની છે, અને નિર્ગુણ ઉપાસના હોવાને કારણે જ એની કવિતા અને એનું તત્ત્વજ્ઞાન લોકસમાજમાં પ્રિય અને પ્રચલિત ન થઈ શકયાં. કારણ કે એની વાતમાં શ્રદ્ધાજન્ય જ્ઞાન નહોતું, પણ જ્ઞાનના તપથી સિદ્ધ થએલી અનુભવજન્ય શ્રદ્ધા બોલતી હતી.

અખા પછી થએલા આપણા બે મોટા કવિઓ પ્રેમાનંદ અને શામળ. આમાંના કોઈ પણ ચોક્કસ ભક્તિસંપ્રદાયના લાગતા નથી. એમની પછી થએલા કવિઓમાં નાકરના સમકાલીન કવિ મુકુંદે (ઇ. સ. ૧૭૦૮) કબીર સાહેબનું જીવનચરિત્ર લખ્યું છે. મુકુંદનો સમય ઈ. સ. ૧૬૬૫ પછી આવે છે. કબીર સાહેબનું આ ચરિત્ર હિન્દુ અને મુસલમાન બન્ને કોમમાં બહુ આદર પામ્યું હતું, એમ કહેવાય છે. મુકુંદ હિન્દી ભાષાનો જાણકાર હતો, એટલે કબીરચરિત્રના અંતભાગની થોડીક પંક્તિઓ એણે હિન્દીમાં લખી છે.

ઈ. સ. ૧૬૫૦ માં થએલા કવિ ગોપાળદાસે 'ગોપાળગીતા' નામે બ્રહ્મજ્ઞાનની કવિતા લખી છે. એઓ મૂળ સુરતના હતા. આ "ગોપાળગીતા" અમદાવાદમાં લખાઈ છે, અને એમાં વેદાન્તની ફીલસુફીની સામાન્ય કવિતા છે. આ કવિતા જોતાં કવિનો ઝોક નિર્ગુણ ભક્તિ તરફ સ્પષ્ટ લાગે છે.

## અઢારમી સદી

ઇ. સ. ૧૭૦૦ થી ૧૮૦૦ સુધીનો સમય પણ ગુજરાતમાં અશાન્તિનો સમય હતો. મોગલ સત્તાનો અન્ત આવ્યો હતો, પણ મરાઠી સત્તાનો ઉદય થયો હતો. ગુજરાતમાં ગાયકવાડ પોતાની સત્તા



જમાવવાના વિવિધ પ્રયત્નો કરતા હતા. એટલે ગુજરાતને નસીબે તો હજી પારકી ઝુંસરી નીચે જ કચડાવાનું લખ્યું હતું.

આવા અશાન્ત વાતાવરણમાં કવિઓ થયા છે. ગુજરાતમાં ગોસ્વામી વિઠ્ઠલનાથજીના વસવાટ પછી વૈષ્ણવ સંપ્રદાય બળ પકડતો જતો હતો અને એ સંપ્રદાયમાં નામાંકિત કવિઓએ કવિતા કરી હતી. ઈ. સ. ૧૭૩૦ માં નિર્ગુણ ઉપાસનાની કવિતા કરનાર પ્રીતમદાસનો ઉદય દેખાય છે. પ્રીતમદાસ ખેડા જીલ્લાના સાંદેસર ગામના ભાટ હતા. બીચારા તદ્દન અભણ નાતમાં જનમ્યા હતા, એટલે અભણ જ હતા. પ્રીતમદાસ ગુરુમાં ખૂબ માનતા હતા, અને પરમાત્માને પામવા ગુરુ સાધન છે, એવી એમની શ્રદ્ધા હતી.

"સદ્‌ગુરુને શબ્દે રે, સઉ તિરથ તેહને રે"

એમનું તત્ત્વજ્ઞાન તો સ્પષ્ટ નિર્ગુણપંથનું દ્યોતક છે.

"કાયા રે તારી કામ ન આવે, જો કરે કોટી ઉપાય રે;
વણશી જાતાં વાર નહિ લાગે, જો કુંદન કાપીને ખાય રે.

માયા વિષેના પ્રીતમદાસના ખ્યાલો પણ કબીરને મળતા છેઃ

"જગતનું સુખ ઝાકળનું છે પાણી રે, જાણી લે,
વણશી જાતા વાર નહિ, સત વાણી રે, જાણી લે.

પ્રીતમની વાણીના સૌન્દર્યશિખર જેવી એની જ્ઞાનજન્ય શ્રદ્ધા બોલે છેઃ

"હરિભજન થકી, છોટા હોએ તે સૌથી મોટા થાએ."

ઇ. સ. ૧૭૭૪ માં થએલા કુતીયાણાના રહીશ હરિદાસે પણ વેદાન્તી જ્ઞાનનાં પદો લખ્યાં છે. એમનાં લખેલાં ભજનો જૂનાગઢ અને બરડાના ડુંગરોની આસપાસ રખડતા સાધુઓ ખૂબ ગાય છે. એમનાં ભજનોમાં એમણે ગુજરાતી ઉપરાન્ત ઉર્દુ શબ્દોનો પણ

સારી પેઠે ઉપયોગ કર્યો છે, અને એમનાં ભજનો ઉપરથી એમને કબીરનાં પદો ખૂબ ગમતાં હશે, એમ લાગે છે. એ જ સમયમાં ‘જીવરાજ શેઠ’ નું લાંબું રૂપક કાવ્ય લખનાર જીવરામ ભટ્ટનું નામ પણ આવે છે. આ રૂપકમાં જીવરાજને આત્મા તરીકે કલ્પ્યો છે અને પરમાનંદ માટે યાત્રાએ નીકળ્યાનું વર્ણન છે. કાવ્ય સામાન્ય છે, પણ એમાં જ્ઞાન અને ભક્તિનો સમન્વય લાગે છે. કાવ્યમાં ભક્તિની શ્રદ્ધા કરતાં જ્ઞાનની જીજ્ઞાસા વધારે છે અને ઉપમાઓ અને વર્ણનો પણ નિર્ગુણ ઉપાસનાને વધારે મળતાં લાગે છે.

## ઓગણીસમી સદી

ઓગણીસમી સદીની શરૂઆતમાં ધીરા ભગતનો ઉદય થાય છે, જો કે એમનો સમય ઈ. સ. ૧૭૫૩થી ૧૮૨૫ નો છે. એટલે અઢારમી સદીના અન્તમાં પણ એમને ગણી શકાય. પરન્તુ એમનો કાવ્યપ્રવાહ ઓગણીસમી સદીના પ્રારંભમાં પણ વહ્યો છે, એટલે એમને એ સદીના પ્રથમ નિર્ગુણપંથી કવિ તરીકે અહીં લેવા ઉચિત છે. ધીરો ભગત સાવલી પાસેના ગોઠડા ગામના રહીશ હતા અને જાતના બ્રહ્મભટ્ટ હતા. ધીરો ભગત અખા કરતાં વધારે લોકપ્રિય થયા હતા. એઓ સંસ્કૃત ભણ્યા નહોતા અને એમનું દર્શન એટલું વિશદ હતું કે એમની કવિતા સ્વાભાવિક રીતે જ સરલ બનીને લોકસમાજમાં વધારે પ્રિય બની ગઈ. અખાની જેમ ધીરા ભગતે પણ ગુરુનું સ્થાન પોતાની સાધનામાં મહત્વનું ગણ્યું છે અને અંધકારમાંથી પ્રકાશમાં દોરી જનાર શક્તિ તરીકે એમણે ગુરુને અંજલિ અર્પણ કરી છે. અખાની જેટલી શુદ્ધ જ્ઞાનની સાધના ધીરા ભગતની નથી. ધીરા ભગતનું વલણ વધારે તો આત્મજ્ઞાન તરફ હતું. અને આ અન્તરની અભીપ્સાને ધીરા ભગતે અખા કરતાં વધારે સરળ અને અકૃત્રિમ રીતે પોતાની કવિતા દ્વારા પ્રકટ કરી છે. ધીરા ભગતને માટે એક મઝાની વાત છે. એમની જ્ઞાનપ્રસારની રીત



ગામઠી છતાં મૌલિક હતી. એ જ્યારે જ્યારે મહી નદીએ સ્નાન કરવા જતા ત્યારે ત્યારે જૂદા જૂદા કાગળના ટુકડાઓ ઉપર પોતાની છેલ્લી કવિતાઓ લખીને જતા અને પછી એની હોડીઓ બનાવીને અથવા એકાદ લાકડાના કકડા કે વાંસની ભુંગળી સાથે બાંધીને નદીના પ્રવાહમાં છોડી મૂકતા. બીજા ગામને કિનારે લોકો આવું કંઈક જોતા અને કાઢી લેતા. આ રીતે ધીરા ભગતની કાફીઓ સમસ્ત ગુજરાતમાં ખુબ પ્રચલિત થઈ હતી.

ધીરા ભગતનાં આમ તો લગભગ આઠ નવ પુસ્તકો છે, પણ એ લોકપ્રિય અને લોકપ્રસિદ્ધ તો એમની કાફીઓથી છે. અત્યાર સુધીમાં કોઈ પણ ગુજરાતી કવિએ ધીરા ભગત જેટલી શક્તિ અને કુશળતા કાફીની રચનામાં દેખાડયાં નથી. અખાની જેમ ધીરો ભગત શબ્દોના બાણ ભોંકતા નથી, પણ એ તો અજ્ઞાનીને સરળ છતાં સચોટ રીતે સમજાવવાનો પ્રયત્ન કરે છે:

ફુલ્યો શું ફરે છે રે, ભૂલ્યો ભવકૂપમાં પડયો;
મનુષ્યદેહ રૂપી રે, ખોયો મણિ હાથે ચઢયો;
ડાહ્યો થઈ દુનિયામાં ફરે છે, તેણે શું સર્યું તારૂં કાજ?
તેં ન જાણ્યું જે જાવું પલકમાં, કેમ કરી રહેશે લાજ,
ડહાપણ તારૂં જાણ્યું રે, જ્યારે જમ હાથ ચઢયો.

× × ×

મનમાં લે શિખામણ મારી, મમતા મૂકી પરી;
કર સ્મરણ સરજનહારનું, જનમ સફળ લે કરી
દાસ ધીરો કહે છે રે, સૌથી તું સરસ નીવડયો.

અને ધીરા ભગતનું

ખબરદાર મનસુબાજી! ખાંડાની ધારે ચઢવું છે,
હિમ્મત હથિયાર બાંધી રે સત્યની લડાઇએ લડવું છે.

પદ તો ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય અને મશહૂર છે. કબીરની

મુજકો તું કયા ઢુંઢે બંદા
મેં તો મેરી પાસમેં

જેવી ભાવના ધીરા ભગતે

"કર્તા વસે પાસે રે મૂરખને નવ સુઝે" એ કાફીમાં પ્રકટ કરી છે.

ધીરા ભગત કરતાં પણ વધારે કોમળ અને નરમ ભાષા વાપરનાર નિરાંત ભગતનો સમય પણ ઈ. સ. ૧૭૭૦ થી ૧૮૪૬ નો આવે છે. નિરાંત ભગત વડોદરા પાસેના દેથાણ ગામના પાટીદાર હતા. નિરાંત કવિ ઉપરાંત નિરાંત સંપ્રદાયના આદિપ્રવર્તક અને પ્રથમ આચાર્ય પણ હતા. નિરાંત ભગત પહેલાં તો નિયમિત ડાકોર જઈને રણછોડજીની પૂજા કરનાર હતા. પણ એક વખત ડાકોર જતાં રસ્તામાં મીયાંસાહેબ નામના એક મુસલમાન વિદ્વાનનો સત્સંગ થયો. એ મુસલમાને નિરાંતને મનાવ્યા કે જે ઇશ્વરને એ શોધે છે તે તો એની પાસે જ છે. આ મૂર્તિપૂજાથી તો કશું જ મળવાનું નથી. ત્યાર પછી નિરાંત ભગતની શ્રદ્ધા બ્રહ્મજ્ઞાનમાં થઈ. એમની કવિતામાં એમની માન્યતા ખૂબ જ વિશદ રીતે પ્રકટ થઈ છે. નિરાંતે ઘણો ખરો સમય વડોદરામાં પસાર કર્યો હતો. એમના શિષ્યોમાં ઘણા સારા ગુજરાતી કવિઓ થઈ ગયા છે.

અર્જુન ભગત અને બાપુસાહેબ ગાયકવાડ તો આપણા પ્રસિદ્ધ કવિઓ છે. બાપુસાહેબ ગાયકવાડ ધીરા ભગતના કહેવાથી નિરાંત પાસે આધ્યાત્મિક જ્ઞાન મેળવવા આવ્યા હતા, અને પાછળથી એમના જ શિષ્ય થઈ ગયા. નિરાંતની નિંદા કરનાર એક મંછારામ બ્રાહ્મણ વાઘોડી-આમાં રહેતો. આ મંછારામને નિરાંતે ઈ. સ. ૧૮૦૧ માં કવિતા દ્વારા વેદાન્તના કેટલાક કોયડા મોકલ્યા અને એનો ઉત્તર આપવાની વિનંતિ કરી. પરિણામ એ આવ્યું કે નિરાંત ભગતની સચ્ચાઈ, એમનાં જ્ઞાન અને ભક્તિ જોતાં મંછારામ આખરે એમનો જ શિષ્ય થઈ ગયો. નિરાંતની કવિતામાં પણ ઉર્દુ શબ્દો ઘણા જ છે.



નિરાંતનું બ્રહ્મસ્વરૂપ પણ કબીરના સત્યનામ જેવું જ છેઃ

રૂપ નહિ જેને, ગુણ નહિ, ને નામ નહિ છે એવું,
કંઈએ નહિ ને સરવશ તેનું, વૃક્ષ બીજ છે જેવું.

નિરાંત સંપ્રદાય અત્યારે પણ વડોદરા અને સુરતની વચ્ચે અને ખાસ કરીને કાનમ વિભાગમાં ખૂબ વિસ્તરેલો છે. એમના શિષ્યોમાં પાટીદારો અને વૈશ્યો તથા શૂદ્રોની સંખ્યા ઘણી છે. મારા પિતા ગોવિંદસિંહ ચાવડા પણ નિરાંત સંપ્રદાયના જ ભક્ત હતા. અને એમણે છેક ઈ. સ. ૧૯૧૪ માં "તત્ત્વસારભજનાવલિ" નામે પોતાનાં બનાવેલાં કાવ્યો તથા નિરાંત સંપ્રદાયના સિદ્ધાન્તોને પોષતાં કાવ્યો એકઠાં કરીને પોતાના ગુરૂભાઈ ઠાકોરસિંહ મલુકસિંહ સાથે એનો સંગ્રહ બહાર પાડયો હતો. એમનું એક ભજન નિરાંત પંથી-ઓમાં ખૂબ પ્રચલિત હતુંઃ

"સબસે પહેલે મનકો મુંડો
પીછેસે આતમકો ઢુંઢો."

નિરાંતના મશહુર શિષ્ય બાપુસાહેબ ગાયકવાડની કવિતાનો સમય ઇ. સ. ૧૭૭૯ થી ૧૮૪૩ નો આવે છે. એઓ વડોદરાના ગાયકવાડ કુટુંબના સરદાર હતા. બાપુસાહેબ ગોઠડામાં પોતાની જમીનનું મહેસુલ ઉઘરાવવા ગયા હતા, ત્યાં એઓ ધીરા ભગતને મળ્યા અને ધીરા દ્વારા એમને નિરાંતનો સમાગમ થયો. બાપુસાહેબને ભજન ગાવાનો ખૂબ શોખ હતો. બાપુસાહેબ એક વાર તો વડોદરામાં ઢેડોના આમંત્રણથી ઢેડવાડામાં પણ ભજન ગાવા ગયા હતા. બાપુ-સાહેબની આ વર્તણુંકથી એમના પિતાને માઠું લાગ્યું અને એમને જૂદા કાઢયા. બાપુસાહેબ જૂદા રહ્યા અને એ પ્રસંગને એમણે પોતાની અનોખી રીતે કવિતામાં ગુંથ્યો:

"અમે બગડયા, અમે બગડયા લેજો જાણી રે
ભાઈ અમે બગડયા, અમે બગડયા લેજો જાણી.

× × ×

પારસ સંગ થકી પત્થર જોને બગડ્યો,
થયો પારસ તે જાણે કોક જ્ઞાની રે,
તમે બગડો તો ભાઈ એવા બગડજો,
ત્યારે તો મટે ચોરાસીની જ ઘાણી.
સતગુરૂના સંગ થકી સેવક જુઓ બગડ્યો
જેણે સતનામ લીધું છે છાણી રે.

માતૃભાષાએ મરાઠી હોવા છતાં એમણે શુદ્ધ ગુજરાતી ભાષા લખી છે. હિન્દુ મુસલમાન ઐક્યનાં પણ એમનાં ભજનો મશહુર છે. એમણે કોઈ લાંબું કાવ્ય કે સળંગ ગ્રંથની રચના કરી નથી, પણ એમનાં ભજનો સમાજના નીચલા થરોમાં ખૂબ પ્રચલિત અને પ્રસિદ્ધ છે. એમની ભાષામાં સંસ્કારિતા નથી, પણ સચોટતા અને આવેશ છે.

ભોજા ભગતનો સમય આપણે ઇ. સ. ૧૮૦૦ થી ૧૮૫૦ મૂકી શકીએ. જો કે એમનો જન્મ ઇ. સ. ૧૭૮૫ માં થયો હતો. ભોજો ભગત જાતના કણબી હતા અને અભણ હતા. ભોજા ભગતના ગુરૂનું નામ મળતું નથી. પણ એમના ચાબખા જોતાં એમની કવિતા ઉપર શુદ્ધ વૈષ્ણવ ભક્તિ કરતાં નિર્ગુણ ભક્તિની અસર સ્પષ્ટ વધારે લાગે છે. ભોજા ભગત જપમાં ખૂબ માનતા અને એમના 'સોહં' ના જાપ મશહુર છે. એમના છેલ્લા દિવસો કાઠીયાવાડમાં વીરપુર ગામમાં પસાર થયા હતા. ત્યાં એમનું મંદિર છે અને એમાં એમનાં પગલાં પૂજાય છે. એમણે કબીર, નિરાંત કે સહજાનંદ જેવો જૂદો સંપ્રદાય સ્થાપ્યો નથી, પણ એમના ભકતો કાઠીઆવાડમાં ઘણા છે. શામળ જેમ છપ્પા માટે, દયારામ જેમ ગરબી માટે, પ્રીતમ એનાં પદો માટે, નરસિંહ મહેતા એનાં પ્રભાતિયાં માટે અને ધીરો એની કાફી માટે, તેટલો જ ભોજો ભગત પોતાના ચાબખા માટે ગુજરાતી સાહિત્યમાં અને લોકસમાજમાં પ્રચલિત અને પ્રસિદ્ધ છે.



ભોજાનું ચેલૈયા આખ્યાન તો મશહુર છે. એ શિવાય એણે લાંબું કાવ્ય બીજું લખ્યું જણાતું નથી. એની ભાષામાં સંસ્કારિતા નથી. એ અભણ હોવાથી અને સંસ્કારી સમાજનો સમાગમ ન હોવાથી એમાં સફાઈ અને પ્રવાહિતા આવી શકયાં નથી. એની ભાષા ખાડાટેકરા-વાળી અને પ્રાંતિયતાથી ભરપૂર છે. હા સચોટ તો એટલી છે કે સાંભળનાર કે વાંચનારના માથામાં હથોડાની જેમ વાગે.

"પ્રાણીઆ! ભજી લેને કિરતાર, આ તો સ્વપનું છે સંસાર"

એ આખા પદમાં એણે બ્રહ્મ અને માયાનો સંબંધ કબીર જેવો જ બતાવ્યો છે.


મનોહર સ્વામી જે ઈ. સ. ૧૭૮૮ થી ૧૮૪૫ ની વચ્ચે થઈ ગયા તેમની કવિતા ઉપર પણ નિર્ગુણ ઉપાસનાની જ છાપ લાગે છે.

અંધ અંધની પાછળ ચાલે ઉભય કૂવામાં જાય,
દૃઢ વિશ્વાસ ધરીને જે કોઈ સદગુરૂ શરણે જાય,
તેના સંશય તર્ક, વિપર્યય, હૃદયગ્રંથી ભેદાય,
મનોહર જન્મમરણ ભય ભાંગે સંશય દૂર પળાય.

મનોહર સ્વામી પછી નિર્ગુણ ભક્તિના શક્તિશાળી છેલ્લા કવિ અર્જુન ભગતનું નામ ઉલ્લેખનીય છે. શ્રી. મહાદેવ દેસાઇએ નવજીવન કાર્યાલય તરફથી 'અર્જુનવાણી' બહાર પાડીને એ ભૂલાતા ભગતને સજીવન કર્યો છે. અર્જુન ભગતની વાણીમાં ગામડિયાપણું છે પણ પ્રવાહિતા અને સ્વાભાવિકતા છે, સન્નિષ્ઠા છે અને થોડી સરસતાય છે. બાકી આમ નામ માત્ર દેખાડવાં હોય તો નિરાંત ભગતના શિષ્ય અને ઇખારવા તાલુકે જંબુસરના રાજપૂત કવિ પુરૂષોત્તમ, લીંબડીના મીઠો કવિ, રવિદાસ અને કુબેરનાં નામો ગણાવી શકાય.

આપણા સાહિત્યમાં સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓનો ફાળો પણ નાનોસુનો નથી. પણ અહીં પ્રશ્ન એ છે કે એ

સંપ્રદાયને વૈષ્ણવ ભક્તિની શાખા માનવી? કે નિર્ગુણ ભક્તિની? ઈ. સ. ૧૮૨૫ પછી સહજાનંદ સ્વામીએ આ સંપ્રદાયની સ્થાપના કરી. આ સંપ્રદાયો કેવી રીતે ઉદ્‌ભવ્યા એ બતાવવા એક નાનું વૃક્ષ દોરવું ઠીક છે.




આ વૃક્ષ જોતાં સ્વામીનારાયણ સંપ્રદાયની ભક્તિ વલ્લભાચાર્યની વંશપરંપરામાં ઉતરી આવી નથી, પણ રામાનુજાચાર્યનો વારસો ધરાવે છે. છતાં આ સંપ્રદાય કબીર અને દાદુથી દૂર અને વલ્લભાચાર્યની નિકટ દેખાય છે. અને આ કથનને પ્રેમાનંદસ્વામી પ્રેમસખી પુરવાર કરે છે. હિન્દુ અથવા ગુજરાતી સાંપ્રદાયિક ભક્ત કવિઓએ **आचार्यान् माम् विजानीयात्** એ ભગવદાજ્ઞાને મુખ્ય ગણીને તેને સંપ્રદાયના મુખ્ય આચાર્યોને જ કૃષ્ણ માની તેમનાં ભક્તિભાવે ગાન ગાયાં છે. પરંતુ આ સંપ્રદાયના બીજા કવિઓ મુક્તાનંદ, નિષ્કુલાનંદ, દેવાનંદ અને બ્રહ્માનંદમાં પ્રેમસખી જેટલી શુદ્ધ ભક્તિની આંચ દેખાતી નથી. આ કવિઓનું વલણ સગુણ ઉપાસના કરતાં સ્હેજ વધારે નિર્ગુણ ઉપાસના તરફ ઢળે છે, એટલે અહીં આટલો ઉલ્લેખ કરી લેવો આવશ્યક માન્યો છે.



એ સમયની સ્ત્રીકવિઓમાં દીવાળીબાઈ (ઈ. સ. ૧૭૯૧ થી ૧૮૨૫) અને ગવરીબાઈ (ઈ. સ. ૧૭૫૯ થી ૧૭૮૦)માં નિર્ગુણ ઉપાસનાના અંશો દેખાય છે.

ઈ. સ. ૧૮૫૦ પછી આપણે વર્તમાન ગુજરાતીનો સમય સ્વીકારીએ છીએ. અંગ્રેજો ગુજરાતમાં આવ્યા, અંગ્રેજી સંસ્કાર ગુજરાતમાં પ્રવેશ્યા અને અંગ્રેજી કેળવણી વધતી ગઈ તેમ તેમ ધર્મ અને સંપ્રદાયમાં લોકોનો રસ ઓછો થવા માંડ્યો. દયારામ સુધી તો ભક્તિધારા સજીવન લાગે છે, પણ નર્મદ પછી એનાં એટલાં જ્વલંત દર્શન દોહ્યલાં થઈ પડયાં છે.

આ નવી અસર, નવાં બળો અને નવિ પરિસ્થિતિએ કબીરસંપ્રદાય અને એની શાખાઓ ઉપર પણ અસર કરી છે. નિર્ગુણ ભક્તિના છેલ્લા પ્રતિભાશાળી કવિ તરીકે અર્જુન ભગતને જ ગણવા જોઈએ. આજે તો એક પણ એવો કવિ નથી દેખાતો, કે જેની કવિતામાં નિર્ગુણ કે સગુણ કોઈ પણ ભક્તિનું સ્વરૂપ દેખાતું હોય.

આજે ગુજરાતમાં, કબીર, નિરાંત અને બીજાં સાંપ્રદાયિક મંદિરોમાં પણ જૂની કવિતાઓ જ ગવાય છે. અને આજે તો જીવનસંગ્રામ એટલો મુશ્કેલ અને જટિલ થઈ પડયો છે, નાસ્તિકતા અને વાસ્તવિકતાનું વાતાવરણ એવું બળ પકડતું જાય છે કે ભક્તિ જેવા કોમળ સંવેદનને જાણે અવકાશ જ નથી. છતાં મધ્યયુગથી માંડીને ઠેઠ વર્તમાન જાગૃતિના સમય સુધી સગુણ કરતાં નિર્ગુણ ભક્તિના કવિઓએ લોકહૃદયમાં વધારે પ્રવેશ મેળવ્યો હતો અને સમાજના નીચલા થરોનું ધાર્મિક અને નૈતિક જીવન ઘડવામાં નિર્ગુણ ભક્તિના કવિઓએ ઇતિહાસ ન વિસરી શકે એટલો મહત્વનો ભાગ ભજવ્યો છે.

# પરિશિષ્ટ

## કબીરનાં રહસ્યવાદ તથા કાવ્યપ્રતિભાનાં પદ.

૧

ચલૌ સખી જાઇયે તહાં, જહાં ગયે પાઇયૈં પરમાનંદ
બહુ મન આમન ધૂમના
મેરૌ તન છીજત નિત જાઇ.
ચિન્તામણિ ચિત ચોરિયૌ
તાથેં કછુ ન સુહાઇ
સુનિ સખિ સુપને કી ગતિ ઐસી
હરિ આયે હમ પાસ,
સોવત હી જગાઇયા
જાગત ભયે ઉદાસ.
ચલુ સખી બિલમ ન કીજિયે
જબ લગ સાંસ સરીર,
મિલી રહિયે જગનાથ સૂં
યૂં કહૈં દાસ કબીર.

---

૨

બાલ્હા આવ હમારે ગેહ રે
તુજ બિન દુઃખિયા દેહ રે
સબ કો કહૈ તુમ્હારી નારી
મોકોં ઇહૈ અદેહ રે.
એકમેક હૈ સેજ ન સોવૈ
તબ લગ કૈસા નેહ રે,
આન ન ભાવૈ. નિંદ ન આવૈ
ગ્રિહ બન ધરૈ ન ધીર રે.
જ્યૂં કામી કોં કામ પિયારા
જ્યૂં પ્યાસે કો નીર રે,



હૈ કોઇ ઐસા પર ઉપગારી
હરિ સૂં કહૈ સુનાઇ રે.
ઐસે હાલ કબીર ભયે હૈ,
બિન દેખેં જિવ જાય રે.

---

૩

વૈ દિન કબ આવૈંગે માઇ,
જા કારનિ હમ દેહ ધરી હૈ.
મિલિબૌ અંગ લગાઇ
હૌ જાનૂં જે હિલ મિલ ખેલું
તમ મન પ્રાત સમાઇ.
યા કામના કરૌ પરપૂરન
સમરથ હૌ રામ રાઈ.
માંહિ ઉદાસી માધૌ ચાહૈ
ચિતવત રૈની બિહાઈ,
સેજ હમારી સિંધ ભઇ હૈ,
જબ સોઉ તબ ખાઇ.
યહુ અરદાસ દાસકી સુનિયે,
તનકી તપતિ બુઝાઇ.
કહૈ કબીર મિલૈ જે સાંઈ,
મિલિ કરિ મંગલ ગાઇ.

---

૪

દુલહની ગાબહુ મંગલ ચાર
હમ ઘરિ આયે હો રાજા રામ ભતાર
તન રત કરિ મૈં મન રત કરિ હું
પંચ તત્ત બરાતી
રામદેવ મોરે પાહુને આયે
મૈં જોબન મેં માતી

સરીર સરોવર બેદી કરિ હું
બ્રહ્મા વેદ ઉચાર,
રામદેવ સંગિ ભાંવર લેહું
ધનિ ધનિ ભાગ હમાર.
સુર તૈતી સૂં કૌતિગ આયે
મુનિવર સહસ અઠાસી
કહૈ કબીર હમ બ્યાહિ ચલે હૈં
પુરિષ એક અબિનાસી.

---

૫

હરિ મેરા પીવ માઇ હરિ મેરા પીવ
હરિ બિન રહિ ન સકે મેરા જીવ;
હરિ મેરા પીવ મૈં હરિ કી બહુરિયા
રામ બડે મેં છુટક લહુરિયા.
કિયા સ્યંગાર મિલન કે તાંઇ
કાહે ન મિલો રાજા રામ ગુંસાઈ,
અબકી બેર મિલન જો પાઉં
કહે કબીર ભૌજલ નહિં આ આઉં.

---

૬

કિયો સિંગાર મિલન કે તાંઈ
હરિ ન મિલે જગજીવન ગુસાંઇ
હરિ મેરે પિ રહો હરિ કી બહુરિયા
રામ બડે મૈં તનક લહુરિયા.
ધનિ પિય એકૈ સંગ બસેરા
સેજ એક પૈ મિલન દુહેરા
ધન્ય સુહાગિન જો પિય ભાવૈ
કહિ કબીર ફિર જનમિ ન આવૈ.

---



૭

અવધૂત ઐસા જ્ઞાન વિચારી
તાથેં ભઇ પુરિષ થેં નારી
નાં હૂં પરની, ના હૂં કવાંરી
પૂત જન્યૂ દ્યૌ હારી.
કાલી મૂડ કૌ એક ન છોડયો
અજ હૂં અકન કુવાંરી
બ્રાહ્મન કે બમ્હનેટી કહિયો
જોગી કે ઘરિ ચેલી.
કલિમા પઢિ પઢિ ભઇ તુરકની
અજ હૂં ફિરૌં અકેલી,
પીહરિ જાઉં ન રહું સાસુરૈ
પુરષહિ અંગિ ન લાઉં.
કહૈ કબીર સુન હુ રે સંતો
અંગ હિ અંગ ન છુવાઉં.

---

૮

મૈં સાસને પીવ ગૌંહનિ આઈ
સાંઇ સંગ સાધ નહીં પૂગી
ગયો જોબન સુપિના કી નાંઈ
પંચ જના મિલિ મંડપ છાયો
તીનિ જનાં મિલિ લગન લિખાઇ.
સખી સહેલી મંગલ ગાવૈં
સુખદુઃખ માથૈ હલદ ચઢાઈ,
નાના રંગૈ ભાંવિર ફેરી
ગાંઠિ જોરિ બૈઠે પતિ તાઇ.
પૂરિ સુહાગ ભયો બિન દૂલ્હા
ચૌક કે રંગિ ધરયો સગૌ ભાઈ
અપને પુરિષ મુખ કબહુ ન દેખ્યો
સતી હોત સમઝી સમઝાઇ.

કહે કબીર હૂં સર રચિ મરિ હૂં
તિરૌ કન્ત લૈ તૂર બજાઇ

---

૯

કબ દેખૂં મેરે રામસનેહી
જા બિન દુઃખ પાવૈ મેરે દેહી
હું તેરા પંથ નિહારૂ સ્વામી
કબરે મિલહુગે અંતરજામી
જૈસે જલ બિન મીન તલપૈ
ઐ સૈ હરિ બિન મેરા જિયરા કલપૈ
નિસદિન હરિ બિન નીંદન આવૈ
દરસ પિયાસી રામ કયોં સચુ પાવૈ.
કહે કબીર અબ વિલંબ ન કીજૈ
અપતો જાતિ મોહિ દરસન દીજૈ

---

૧૦

હરિ કૌ બિલોવનૌ બિલોઇ મેરી ખાઇ
ઐસૈ બિલોઈ જૈસે તત ન જાઇ
તન કરિ મટકી મનહિં બિલોઇ
તા મટકી મેં પાવન સમોઈ
ઇલા પ્યંગુલા સુવમન નારી
વેગિ બિલોઈ ઠાઢી છછિ હારી
કહે કબીર ગુજરી બૌરાની,
મટકી ફૂટી જોતિ સમાની.

---

૧૧

ભલૈં નીંદૌ, ભલૈં નીંદૌ, ભલૈ નીંદો લોગ
તન મન રાંમ પિયારે જોગ.



મૈં બૌરી મેરે રામ ભરતાર
તા કારનિ રચિ કરો સિંગાર.
જૈસે દુઃખિયા રજ મલ ધોવૈ
હર તપ રત સબ નિંદક ખોવૈ.
નિન્દક મેરે માઇ બાપ,
જન્મ જન્મ કે કાટે પાપ.
નિન્દક મેરે પ્રાન આધાર,
બિન બેગારિ ચલાવૈ ભાર.
કહૈ કબીર નિન્દક બલિહારી,
આપ રહૈ જન પાર ઉતારી.

---

૧૨

જો ચરખા જરિ જાય બઢૈયા ના મરૈ,
મૈં કાંતો સૂત હજાર ચરખુલા જિન જરૈ.
બાબા મોર બ્યાહ કરાવ, અચ્છા બરહિં તકાય,
જો લૌં અચ્છા બરન મિલૈ તૌ લૌ તુમહિ બિહાય.
પ્રથમેં નગર પહૂચતે પરિ ગૌ સોગ સંતાપ,
એક અચંભા હમ દેખા જો બિટિયા બ્યાહલ બાપ.
સમધી કે ઘર સમધી આવે, આયે બહુ કે ભાય,
ગોડે ચૂલ્હાં દૈ દૈ ચરખા દિયો દિઢાય.
દેવ લોક મર જાયંગે એક ન મરૈ બઢાય,
યહ મન રંજન કારણે ચરખા દિયો દિઢાય.
કહહિ કબીર સુનો હો સંતો ચરખા લખૈ જો કોય
જો યહ ચરખા લખિ પરૈ તાકો આવાગમન ન હોય.

---

૧૩

પરૌં સનિ માંગે કંત હમારા,
પીવ ક્યૂં બૌરી મિલહિ ઉધારા.

આસા માંગે રતિ ન દેઉં,
ઘટૈ મેરા પ્રેમ તો કાસનિ લેઉં.
રાખિ પરોસનિ લરિકા મોરા,
જે કછુ પાઉં સુ આધા તોરા.
બન બન ઢૂંઢી નૈન ભરી જોઉં,
પીવ ન મિલૈ તો બિલ ખિ કરી રોઉં.
કહૈ કબીર યહુ સહજ હમારા,
બિરલી સુહાગિન કન્ત પિયારા.

---

૧૪

હરિ ઠગ જગ કી ઠગોરી લાઇ,
હરિ કે વિયોગ કૈસે જીઉં મેરી માઇ.
કૌન પુરિષ કો કાકી નારી,
અભિ અંતર તુમ્હ લેહુ બિચારી.
કૌન પુતકો કાકો બાપ,
કૌન મરૈ કૌન કરૈ સંતાપ.
કહૈં કબીર ઠગ સોં મન માના
ગઇ ઠગોરી ઠગ પહિચાના

---

૧૫

કો બીનૈ પ્રેમ લાગૌ રી, માઇ કો બીનૈ,
રામ રસાયન માતે રી, માઈ કો બીનૈ.
પાઇ પાઇ તૂ પુતિ હાઇ
પાઇ કી તુરિયા બેચિ ખાઇ રી. માઈ કો બીનૈ૦
ઐસે પાઇ પર બિથુરાઈ,
ત્યૂં રસ આનિ બનાયો રી. માઇ કો બીનૈ૦
નાચૈ તાના, નાચૈં બાના
નાચૈ કૂંચ પુરાના રી. માઇ કો બીનૈ૦



કર ગહિ બૈઠે કબીરા નાચૈ,
ચૂંહે કાટ્યા તાનારી. માઈ કો બીનૈ૦

---

૧૬

બહુત દિનન થૈ મૈં પ્રીતમ પાયે,
ભાગ બડે ઘર બૈઠે આયે.
મંગલચાર માંહિ મન રાખોં,
રામ રસાયન રસના ચાખોં.
મન્દિર માંહિ ભયા ઉજિયારા,
લે સૂતી અપના પીવ પિયારા.
મૈં રનિ રાસી જે નિધિ પાઈ,
હમહિં કહા યહુ તુમહિં બડાઇ.
કહૈ કબીર મૈ કછૂં ન કીન્હા,
સખી સુહાગ રામ મોહિં દીન્હા.

---

૧૭

અબ મોહિં લે ચલ નણદ કે બીર
અપને દેસા,
ઇન પંચન મિલિ લૂટી હું
કુસંગ આહિ બિદેસા.
ગંગતીર મોરિ ખેતી બારી,
જમુનતીર ખરિહાના.
સાતોં બિરહી મેરે નિપજૈ,
પંચૂં મોર કિસાના;
કહૈ કબીર યહુ અકથ કથા હૈ
કહતા કહી ન જાઈ,
સહજ માઇ જિહિ ઉપજૈ
તે રમિ રહૈ સમાઇ.

---

૧૮

મેરે રામ ઐસા ખીર બિલો ઇયૈ,
ગુરૂ મતિ મનુવા અસ્થિર રાખહુ.
ઇન વિધિ અમૃત પિઓ ઇયૈ,
ગુરૂ કૈ બાણિ બજર કલ છેદી.
પ્રગટ્યા પદ પરગાસા;
શક્તિ અધેર જેવડી ભ્રમ ચૂકા,
નિહચલ સિવ ઘર વાસા.
તિન બિનુ બાણૈ ધનુષ ચટાઇયૈ
ઇહુ જગ બેધ્યા ભાઈ,
દહ દિસિ બૂડી પવન ઝુલાવૈ,
ડોરિ રહી લિવ લાઇ,
ઉનમન મનુવા સુન્નિ સમાના;
દુવિધા દુર્મતિ ભાગી
કહુ કબીર અનુભૌ ઇકુ દેખ્યા
રામનામ લિવ લાગી.

---

૧૯

ઉઝટિ જાત કુલ દોઉ બિસારી,
સુન્ન સહજ મહિ બુનત હમારી.
હમરા ઝગરા રહા ન કોઉ,
પંડિત મુલ્લા છાડે દોઉ;
બુનિ બુનિ આપ આપ પહિરાવેં,
જહં નહીં આપ તહાં હૈ ગાવેં.
પંડિત મુલ્લા જો લિખિ દીયા,
છાંડિ ચલે હમ કછૂ ન લીયા;
રિદૈ ખલાસુ નિરખિ લે મીરા
આપુ ખોજિ ખોજિ મિલૈ કબીરા.

---



૨૦

જન્મમરન કા ભ્રમ ગયા ગોવિંદ લવ લાગી;
જીવન સુન્ન સમાનિયા
ગુરૂ સાખી જાગી.
કાસી તે ધ્રુનિ ઉપજૈ
ધ્રુનિ કાસી જાઇ,
કાસી ફુટી પંડિતા
ધ્રુનિ કહાં સમાઇ ?
ત્રિકુટિ સંધિ મૈં પેખિયા
ઘટહુ ઘટ જાગી,
ઐસી બુદ્ધિ સમાચરી
ઘટ માંહિ તિયાગી.
આપ આપ તે જાનિયા
તેજ તેજ સમાના,
કહુ કબીર અબ જાનિયા
ગોવિંદ મન માના.

---

૨૧

ગગન રસાલ ચુએ મેરી ભાઠી
સંચિ મહારસ તન પિયા કાઢી.
વાકૌ કહિએ સહજ મતિવારા,
જીવન રામ-રસ-જ્ઞાન વિચારા.
સહજ કલાલનિ જૈ મિલિ આઇ,
આનંદિ ખાતે અનદિન જાઇ,
ચિન્હન ચિત નિરંજન લાયા,
કહુ કબીર તૌ અનુભવ પાયા.

---

૨૨

અબ ન બસૂં ઇહિ ગાંઇ ગુંસાઇ,
    તેરે નેવગી ખરે સયાને, હો રામ !
નગર એક યહાં જીવ ધરમ હતા
    બસે જુ પંચ કિસાના,
નૈનૂં નિકટ શ્રવનૂં રસનૂં
    ઇન્દ્રી કહ્યા ન માનૈં. હો રામ.
ગાંઇકુ ઠાકુર ખેત કુનાપૈ
    કાઇથ ખરચ ન પારૈ,
જોરિ જેવરી ખેતિ પસારૈ,
    સબ મિલિ મોકો મારૈ. હો રામ.
ખોટો મહતો બિકટ બલાહી,
    સિર કસદમ કા પારૈ,
બરૌ દિવાન દાહિ નહિં લાગૈ,
    ઇક બાંધે ઇક મારૈ. હો રામ.
ધરમ રાઇ જબ લેખા માંગા
    બાકી નિકલી ભારી.
પાંચિ કિસાના ભાજિ ગયે હૈ
    જીવ ધર બાંધ્યો પારી. હો રામ.
કહે કબીર સુનહુ રે સંતો !
    હરિ ભજિ બાંધ્યો ભેરા,
અબકી બેર બકસિ બંદો કોં
    સબ ખત કરૌં નિબેરા.

---

૨૩

અબધૂ મેરા મન મતિવારા,
ઉન્મનિ ચઢા મગન રસ પીવૈ ત્રિભવન ભયા ઉજિયારા.
ગુડ કરિ ગ્યાંન ધ્યાન કર મહુવા
    ભવ ભાઠી કર ભારા,



સુષમન નારી સહજિ સમાની
    પીવૈ પીવન હારા.
દોઈ પુડ જોડિ ચિગાઇ ભાઠી
    ચુયા મહા રસ ભારી;
કામ ક્રોધ દોઈ કિયા પલીતા,
    છૂટિ ગઇ સંસારી.
સુન્નિ મંડલ મેં મંદલા બાજૈ
    તહાં મેરા મન નાચૈ;
ગુરૂપ્રસાદિ અમૃત ફલ પાયા,
    સહજિ સુષમના કાછૈ.
પૂરા મિલ્યા કબૈ સુષ ઉપજ્યો
    તન કી તપતિ બુઝાનિ,
કહે કબીર ભવબન્ધન છુટૈ
    જોતિ હિ જોતિ સમાની.

---

૨૪

અબધૂ ગગનમંડલ ઘર કીજૈ
    અમૃત ઝરૈ સદા સુખ ઉપજૈ
        બંક નાલિ રસ પીવૈ.
મૂલ બાંધિ સર ગગન સમાના
    સુષમન યોં તન લાગી,
કામ ક્રોધ દોઉ ભયા પલીતા
    તહાં જોગની જાગી.
મનવા જાઈ દરીબૈ બૈઠા
    મગન ભયા રસિ લાગા,
કહૈ કબીર જિય સંસા નાહીં
    સબદ અનાહદ જાગા.

---

૨૫

કોઇ પીવૈ રે રસ રામનામકા, જો પીવૈ સો જોગી રે,
સંતો ! સેવા કરો રામ કી ઔર ન દૂજા ભોગી રે.
યહુ રસ તૌ સબ ફીકા ભયા,
  બ્રહ્મ અગનિ પર જારી રે,
ઈશ્વરગૌરી પીવન લાગે રામ તની મતવારી રે.
ચન્દ–સૂર દોઈ ભાઠી કીન્હી સુષમનિ ચિગવા લાગી રે.
અમૃત કૂપી સાંચા પુરચા મેરી ત્રિષ્ણા ભાગી રે.
યહુ રસ પીલૈ ગૂંગા ગહિલા તાકી કોઈ બુઝૈ સાર રે
કહૈ કબીર મહા રસ મહંગા કોઇ પીવેગા હાર રે.

---

૨૬

દુભર પનિયાં ભરચા ન જાઈ
  અધિક ત્રિષા હરિ બિન ન બુઝાઇ.
ઉપર નીર લેજ તલિહારી
  કૈ સે નીર ભરૈ પનિહારી.
ઉધરચો કૂપ ઘાઠ ભયો ભારી
  ચલી નિરાસ પંચ પનિહારી.
ગુરુ ઉપદેશ ભરી લે નીરા
  હરષિ હરષિ પીવૈ કબીરા.

---

૨૭

લાવૌ બાબા ! આગિ જલાવો ઘરા રે
  તા કારનિ મન ધંધે પરા રે.
ઈક ડાંઇનિ મેરે મનમેં બસે રે, નિત ઉઠી મેરે જીયકોં ડસે રે.
ના ડાઈન કે લરિકા પાંચ રે, નિસિદિન મોહિં નચાવે નાચ રે.
કહૈ કબીર હૂં તાકો દાસ, ડાંઇનિ કે સંગ રહૈ ઉદાસ.

---



૨૮

રે મન બૈઠિ કિતૈ જિનિ જાસી?
  હિરદૈ સરોવર હૈ અબિનાસી.
કાયા મધે કોટિ તિરથ
  કાયા મધે કાસી,
કાયા મધે કમલાપતિ
  કાયા મધે વૈકુઠવાસી.
ઉલટિ પવન ષટચક્રનિવાસી
  તીરથરાજ ગંગતટવાસી.
ગગનમંડલ રવિ–સસિ દોઇ તારા,
  ઉલટી કૂંચી લાગ કિવારા.
કહૈ કબીર ભયો ઉજિયારા,
  પંચ મારિ રહ્યો નિનારા.

---

૨૯

સરવરતટિ હંસની તિસાઇ
જુગતિ બિના હરિ જલ પિયા ન જાઈ.
પીયા ચાહૈ તૌ લૈ ખગ સારી,
ઉડિ ન સકૈ દોઉ પગ ભારી.
કુંભ લિયૈ ઠાઢી પનિહારી
ગુણ બિન નીર ભરૈ કૈસે નારી.
કહૈ કબીર ગુરુ એક બુધિ બતાઇ
સહજ સુ ભાઇ મિલે રામરાઈ

---

૩૦

બોલૌ ભાઈ રામ કી દુહાઈ.
ઇહિ રસ સિવ સનકાદિક માને, પીવત અજહુ ન અઘાઈ,

ઇલા પ્યુંગલા ભાઠી કીન્હી બ્રહ્મ અગનિ પર જારી,
સસિહર સૂર દ્વાર દસ મૂંદે, લાગી જોગ જુગ તારી.

મતિ મજ્વાલા પીવૈ રામરસ, દુજા કછુ ન સુહાઈ,
ઉલટી ગંગ નીર બહી આયા, અમૃતધાર ચુવાઈ.

પંચ જને સો સંગ કરિ લીન્હે, ચલત ખુમારી લાગી,
પ્રેમ પિયાલે પીવન લાગે સોવત નાગિની જાગી.

સહજ સુન્નિ મેં જિનિ રસ ચાખ્યા, સતગુરૂ થેં સુધિ પાઇ,
દાસ કબીર ઇહિ રસિ માતા કબહુ ઉછકિત જાઈ.

---

૩૧

વિષ્ણુધ્યાન સનાન કરિ રે, બાહરિ અંગ ન ધોઇ રે,
સાચ બિન સીઝસિ નહીં કોઇ જ્ઞાન દ્દષ્ટૈ જોઈ રે.

જંજાલ માંહે જીવ રાખૈ સુધિ નહીં સરીર રે,
અભિ અન્તર ભેદૈ નહીં કોઈ, બાહિર ન્હાવૈ નીર રે.

નિહકર્મ નદી જ્ઞાનજલ સુન્નિ મંડલ માંહિ રે,
ઔધૂત જોગી આતમા કોઈ પેડે સંજમિ ન્હાનિ રે,

ઇલા પ્યંગુલા સુષમના પછિમ ગંગા બાલિ એ,
કહૈ કબીર કુસમલ ઝડૈં કોઇ માંહિ લી અંગ પષાલિ રે.

---

૩૨

સો જોગી જાકૈ સહજ ભાઇ અકલ પ્રીતિ કી ભીખ ભાઈ.
સબધ અનાહદ સીંગી નાદ, કામ ક્રોધ વિષિયા ન બાદ,
મન મુદ્રા જાકૈ ગુરૂ કૌ જ્ઞાન, ત્રિકુટ કોટમેં ધરત ધ્યાન.
મનહીં કરત કૌ કરૈ સનાન, ગુરૂ કો સબદ લૈ લૈ ધરે ધ્યાન,
કાયા કાસી ખોજૈ વાસ, તહાં જોતિ સરૂપ ભયો પરકાસ.
ગ્યાન મેષલી સહજ ભાઇ બંક નાલિ કૌ રસ ખાઇ,
જોગ મૂલ કો દેઇ બંદ કહિ કબીર થિર હોઇ કન્દ.

---



૩૩

જંગલ મેં કા સોવના ચૌઘટ હૈ ઘાટા,
સ્યંઘ બાગ ગજ પ્રજલૈ, અરૂ લંબી વાટા.

નિસિ બાસુરી પેડા પડૈ
જમદાની લૂંટૈ.
સૂર ધીર સાચૈ મતૈ
સોઈ જન છૂટૈ.

ચાલી ચાલી મન માહરા
પૂર પટન ગહિયે
મિલિયે ત્રિભુવન નાથ સોં
નિરભૈ હોઈ રહિયે.

અમર નહિ સંસારમેં
બિનસૈ નર દેહી
કહૈ કબીર બેસાસ સૂં
ભજિ રામ સનેહી

---

૩૪

રામ બિન તનકી તાપ ન જાઇ,
જલકી અગિન ઉઠી અધિકાઇ.

તુમ્હ જલનિધિ મૈં જલ કર મીના,
જલ મૈં રહૌં જલહિ બિન છીના.

તુમ્હ પિંજરા મૈં સુવના તોરા
દરસન દેહુ ભાગ બડ મોરા

તુમ્હ સતગુરૂ મૈ નૌતમ ચેલા
કહૈ કબીર રામ રમૂં અકેલા.

---

૩૫

રામ બાન અન્ય પાલે તીર,
જાહિ લાગે સો જાને પીર.

તન મન ખોજો ચોટ ન પાઉં
ઔષદ મૂલી કહાં ઘસિ લાઉં.
એકહિ રૂપ દીસે સબ નારી,
ના જાનોં કો પિયહિ પિયારી.
કહે કબીર જા મસ્તક ભાગ
ના જાનું કાહૂં દેહ સુહાગ

---

૩૬

ભંવર ઉડે બગ બૈઠે આઇ, રૈન ગઇ દિવસો ચલિ જાઈ.
હલ હલ કાંપે બાલા જીઉ ના જાનોં કા કરિ હૈ પીઉ.
કાચે બાસન ટિકે ન પાની, ઉડિગૈ હંસ કાયા કુંભિલાની
કાગ ઉડાવત ભુજા પિરાની, કહહિ કબીર યહ કથા સિરાની

---

૩૭

દેખિ દેખિ જિય અચરજ હોઇ, યહ પદ બૂઝે બિરલા કોઇ.
ધરતી ઉલટિ અકાશૈ જાય ચિઉટી કે મુખ હસ્તિ સમાય.
બિના પવન સો પર્વત ઉડે જીવ જન્તુ સબ વૃક્ષા ચઢે.
સૂખે સરવર ઉઠે હિલોરા, બિનુ જલ ચકવા કરત કિલોરા.
બૈઠા પંડિત પઢે પુરાન બિન દેખે કા કરત બખાન.
કહહિ કબીર યહ પદ કો જાન સોઇ સંત સદા પરબાન.

---

૩૮

મૈં સબનિ, મેં ઔરનિ, મેં હૂં સબ, મેરી બિલગિ બિલગિ બિલગાઇ હો,
કોઈ કહૌ કબીર, કોઇ કહૌ રામરાઇ હો.
ના હમ બાર બૂઢ નાંહી હમ, નાં હમરે ચિલકાઈ હો,
પઠરા ન જાઉં, અરવા નહીં આંઉ, સહજિ રહૂં હરિઆઇ હો.
ઓઢન હમરે એક પછેબરા, લોક બોલૈં ઈકતાઈ હો.
જુલહે તનિ બુનિ પાંન ન પાવક, ફારિ બુની દસ ઠાઈ હો.



ત્રિગુણ રહિત ફલ રમિ હમ રાખલ તબ હમરૌ નાંઉ રામ રાઈ હો,
જગ મૈં દેખ્યૌં જગન દેખૈ મોહી કહિ કબીર કછુ પાઇ હો.

---

૩૯

અબમેં જાણિ બૌરે કેવલ રાઇ કી કહાની,
મંઝા જોતિ રામ પ્રકાસૈ ગુરૂગમિ બાણી.
તરવર એક અનંત મૂરતિ સુરતા લેહુ પિછાણી,
સાખા પડે ફલ ફલ નાંહી, તાકી અમૃત બાણી.
પુહપ વાસ ભંવરા એક રાતા, બારા લે ઉર ધરિયા,
સોલહ મંઝે પવન ઝકોરૈ, આકાસે ફલ ફલિયા.
સહજ સમાધિ વિરષ યહુ સીંચા ધરતી જલ હર સોષ્યા,
કહૈ કબીર તાસ મૈં ચેલા જિનિ યહુ તરબર પેષ્યા

---

૪૦

અવધૂ સો જોગી ગુરૂ મેરા, જોયા પદ કા કરે નિબેરા.
તરવર એક પડે બિન ઠાઢા, બિન ફુલા ફલ લાગા,
સાખાપત્ર કછુ નહિ વાકે, અષ્ટ ગગન મુખ બાગા.
પૈર બિન નિરતિ કરાં બિન બાજે જિભ્યા હીંણા ગાવૈ,
ગાવણહારે કે રૂપ ન રેષા, સતગુરૂ હોઇ લખાવૈ.
પંખી કા ખોજ, મીન કા મારણુ, કહૈ કબીર બિચારી,
અપરંપાર પાર પરસોતમ વા મૂરતિ કી બલિહારી.

---

૪૧

અજ હૂં બીચ કૈસે દરસન તોરા, બિન દરસન મન માનેં કયોં મેરા ?
હમહિ કુસેવગ કયા તુમ્હહિ અજાંના, દુહમૈં દોસ કહૌ કિન રામા ?
તુમ્હ કહિયત ત્રિભુવન પતિરાજા, મનવાંછિત સબ પુરવન કાજા.
કહૈ કબીર હરિ દરસ દિખાઓ, હમહિં બુલાવો કે તુમ્હ ચલિ આઓ.

---

૪૨

આઉગા ન જાઉંગા, મરૂંગા ન જિઉંગા, ગુરૂ કે સબદમેં રમિ રમિ રહૂંગા.
આપ કટોરા, આપૈ થારી, આપૈ પુરખા, આપૈ નારી.
આપ સદા ફલ આપૈ નીંબુ, આપૈ મુસલમાન, આપૈ હિન્દુ.
આપૈ મછકછ, આપૈ જાલ, આપૈ ભીંવર, આપૈ કાલ.
કહે કબીર હમ નાહીં રે નાહીં, ના હમ જીવત, ન મુવલે માંહી.

---

૪૩

અકથ કહાની પ્રેમકી કછૂ કહી ન જાઇ,
ગુંગે કેરિ સરકરા બૈઠે મુસકાઇ.

ભોમિ બિના, અરૂ બીજ બીન તરવર એક ભાઇ,
અનંત ફલ પ્રકાસિયા ગુરૂ દિયા બતાઈ.

મન થિર બૈસિ બિચારિયા રામહિં લ્યો લાઇ,
ઝુઠી મનમેં બિસ્તરી સબ પોથી બાઈ.

કહે કબીર સકતિ કછુ નાહીં, ગુરૂ ભયા સહાઈ,
આપણુ જાણી મિટ ગઈ, મન મનહિ સમાઈ.

---

૪૪

લોકા જાનિ ન ભૂલો ભાઇ !
ખાલિક ખલિક ખલકમેં, ખાલિક સબઘટ રહ્યો સમાઈ.

અલ્લા એકૈ નૂર ઉપનાયા, તાકી કૈસી નિન્દા,
તા નૂર થૈં સબ જગ કિયા કૌન ભલા કૌન મન્દા.

તા અલ્લા કી ગતિ નહીં જાની ગુરિ ગુડ દીયા મીઠા
કહે કબીર મેં પૂરા પાયા સબ ઘટ સાહિબ દીઠા.

---



૪૫

હૈ કોઇ ગુરૂજ્ઞાની જગ ઉલટિ બેદ બૂઝે,
પાની મેં પાવક બરે, અંધહિ આંખન સૂઝે.

ગાઇ તો નાહર ખાયો, હરિન ખાયો ચિતા,
કાગ લંગર ફાંદિ કે, બટેર બાજ જિતા.

મૂસતો મંજાર ખાયો, સ્યાર પાયો સ્વાના,
આદિ કોઈ ઉદેશ જાને તાસુ બેશ બાના

એકહિ દાદુર ખાયો, પાંચ ખાયો ભુવંગા
કહહિ કબીર પુકાર કે હૈ દોઉ એકૈ સંગા.

---

૪૬

મૈં ડોરે ડોરે જાઉંગા, તો મૈં બહુરિન ભૌજ લિઆઉંગા.

સૂત બહુત કુછ થોરા, તાથૈં લાઇ લે કંથા ડોરા,
કંથા ડોરા લાગા જબ જુરા મરણુ ભૌ ભાગા.
જહાં સૂત કપાસ ન પૂની, તહાં બસે એક મૂની
ઉસ મૂની સૂંચિત લાઉંગા
તો મૈં બહુરિ ન ભૌજ લિઆઉંગા.

મેર ડંડ ઇક છાજા, તહાં બસૈ એક રાજા,
તિસ રાજા સૂં ચિત લાઉંગા,
તો મૈં બહુરિ ન ભૌજ લિઆઉંગા.

જહાં બહુ હીરા ધન મોતી, તહાં તન લાઈ લે જોતી,
તિસ જોતહિં જોત મિલાઉંગા,
તો મૈં બહુરિ ન ભૌજ લિઆઉંગા.

જહાં ઉગૈ સૂર ન ચન્દા તહાં દેખ્યા એક અનંદા,
ઉસ આનંદ સૂં ચિત લાઉંગા
તો મૈં બહુરિ ન ભૌજ લિઆઉંગા.

મૂલ બંધ એક પાયા, તહાં સિંહ ગણેશ્વર રાજા,
તિસ મૂલહિં મૂલ મિલાઉંગા
તો મૈં બહુરિ ન ભૌજ લિઆઉંગા.

કબીર તાલિબ તોરા, તહાં ગોપાલ હરિ ગુરૂ મોરા
તહાં હેત હરિ ચિત લાઉંગા
તો મૈં બહુરિ ન ભૌજ લિઆઉંગા

---

૪૭

અબ ઘટ પ્રગટ ભયે રામરાઇ, સોધિ સરીર કંચન કીનાઇ.
કનક કસૌટી જૈસે કસિ લેઈ સુનારા, સોધિ સરીર ભયો તન સારા.
ઉપજત ઉપજત બહુત ઉપાઇ, મન થિર ભયો તબૈ થિતિ પાઇ.
બાહર ખોજત જનમ ગંવાયા, ઉનમના ધ્યાન ઘટ ભીતર પાયા.
બિન પરચૈ તન કાંચ કથીરા, પરચૈ કંચન ભયા કબીરા.

---

૪૮

હમ સબ માંહિ, સકલ હમ માંહી, હમથૈ ઔર દુસરા નાંહી.
તીન લોકમેં હમારા પસારા, આવાગમન સબ ખેલ હમારા.
ખટ દરસન કહિયત હમ ભેખા, હમહી અતીત રૂપ નહી રેખા.
હમહીં આપ કબીર કહાવા, હમહીં અપના આપ લખાવા.

---

૪૯

બહુરિ હમ કાહે કું આવહિંગે,
બિછુરે પંચ તત્ત કી રચના, તબ હમ રામહિં પાવહિંગે.
પૃથ્વી કા ગુણ પાની સોખ્યા, પાની તેજ મિલાવિહિંગે.
તેજ પવન મિલિ, પવન સબદ મિલિ, યે કહિ ગાલિ તવાવહિંગે.
ઐસે હમ લોક વેદ કે બિછુરે સુન્નહિ માંહિ સમાવહિંગે.
જૈસે જલદિ તરંગ તરંગની, ઐસે દમ દિખલાવહિંગે.
કહે કબીર સ્વામી સુખસાગર હંસહિ હંસ મિલાવહિંગે.

---



૫૦

દરિયાવ કી લહર દરિયાવ હૈજી, દરિયાવ ઔ લહર મેં ભિન્ન કોયમ.
ઉઠે તો નીર હૈ બૈઠે, તો નીર હૈ કહો, દુસરા કિસ તરહ હોયમ?
ઉસી નામ કો ફેર કે લહર ધરા, લહર કે કહે કયા નીર ખોયમ?
જક્ત હી ફેર, સબ જક્ત, ઔર બ્રહ્મ મેં, જ્ઞાન કરિ દેખ કબીર ગોયમ.

---

૫૧

હૈ કોઇ દિલ દરવેશ તેરા?
ધાંસૂત મલકૂત જબરુત કો છોડિકે જાઈ લાહૂત પર કરૈ ડેરા.
અકિલ કી ફહમ તે ઇલમ રોસન કરે, ચઢે બરસાન તબ હોય ઉજેરા.
હિર્સ હૈવાન કો મારિ મરદન કરૈ, નફસ સૈતાન જબ હોય જેરા.
ગૌસ ઔ કુતુબ દિલ ફિકર જાકા કરૈ, ફતહ કરકિલા તહં દૌર ફેરા.
તખ્ત પર બૈઠિકે અદલ ઇન્સાફ કર, દોજખ ઔ ભિસ્ત કા કરૂ નિવેરા.
અજાલ સવાબ કા સબબ પહુંચે નહીં, જહાં હૈ વાર મહબૂબ મેરા.
કહે કબીર વહં છોડિ આગે ચલા, હુઆ અસવાર તબ દિયા દરેરા.

---

૫૨

મન મસ્ત હુઆ તબ કયોં બોલૈ?
હીરા પાયો ગાંઠ ગાઠિયાયો, બાર બાર વાકો કયોં ખોલૈ?
હલકી થી જબ ચઢી તરાજુ, પૂરી જાઇ તબ કયો તોલૈ?
સુરત દુલારી જાઇ મતવારી, મદવા પી ગઇ બિન તોલૈ.
હંસા પાએ માન સરોવર, તાલ તલૈયા કયોં ડોલૈ?
તેરા સાહિબ હૈ ઘટ માંહિ, બાહર નૈના કયોં ખોલૈ?
કહે કબીર સુનો ભઈ સાધો! સાહિબ મિલ ગયે તિલ ઓલૈ.

---

૫૩

તોરી ગઠરી મેં લાગે ચોર, બટોહિયા કાહે સોવૈ ?
પાંચ પચીસ તીન હૈ ચુરવા, યહ સબ કીન્હા સોર,
બટોહિયા કાહે સોવૈ ?
જાગુ સબેરા બાર અનેડા, ફિર નહિ લાગૈ જોર,
બટોહિયા કાહે સોવૈ ?
કહૈ કબીર સૂનો ભાઇ સાધો ! જાગત કીજે ભોર.
બટોહિયા કાહે સોવૈ ?

---

૫૪

પિયા મોરા જાગૈ મૈં કૈસે સોઇરી ?
પાંચ સખી મેરે સંગકી સહેલી, ઉન રંગ રંગી પિયા રંગ ન મિલીરી.
સાસ સયાની, નનદ દોરાની, ઉન ડર ડરી પિય સાર ન જાનીરી.
દ્વાદસ ઉપર સેજ બિછાની, ચઢ ન સકૌં મારી લાજ લજનીંરી.
રાતદિવસ મોહિ કૂકા મારૈ, મૈ ન સુતા રચિ રહિ સંગ જારરી.
કહૈ કબીર સુનુ સખી સયાની ! બિન સતગુરૂ પિય મિલે ન મિલાનીરી.

---

૫૫

યે અંખિયાં અલસાની હો, પિય સેજ ચલો.
ખંભ પકરિ પતંગ અસડોલૈ બોલૈ મધુરી બાની.
ફુલની સેજ બિછાય જો રાખ્યો પિયા બિના કુમ્હિલાની.
ધીરે પાંવ ધરો પલંગા પર, જાગત નનદ જિઠાની,
કહૈ કબીર સુનો ભાઇ સાધો ! લોક લાજ બિલ છાની.

---



૫૬

નૈહરવા હમકા નહિ ભાવૈ
સાંઈકી નગરી પરમ અતિ સુન્દર, જહં કોઇ જાય ન આવૈ,
ચાંદ સુરજ જહં પવન ન પાની, કો સંદેસ પહુંચાવૈ ?
દરદ યહ સાંઇકો સુનાવૈ.
આગે ચલૌં પંથ નાહં સૂઝે, પીછે દોસ લગાવૈ,
કેહિ વિધિ સુસરે જાઉં ? મોરી સજની ! બિરહા જોર જનાવૈ.
વિષૈ રસ નાચ નચાવૈ.
બિન સતગુરૂ અપનો નહિં કોઇ, જો યહ રાહ બતાવૈ,
કહત કબીર સુનો ભાઈ સાધો ! સુપને ન પ્રીત પાવૈ,
તપન યહ જિમ કી બુઝાવૈ.

---

૫૭

પિય ઉંચી રે અટરિયા તોરી દેખન ચલી.
ઉંચી અટરિયા, જરદ કિનરિયા, લગી નામ કી ડોરિયા.
ચાંદ સુરજ સમ દિયના બરત હૈ, તા બિચ ભૂલી ડગરિયા.
પાંચ પચીસ તીન ઘર બનિયા મનુઆં હૈ ચૌધરિયા.
મુંશી હૈ કોતવાલ જ્ઞાન કો, ચહું દિસિ લગી બજરિયા,
આઠ મરાતિબ, દસ દરવાજે, નૌ મેં લગી કિબરિયા.
ખિરકી બૈઠ ગોરી ચિતવન લાગી, ઉપરાં ઝાંપ ઝોપરિયા,
કહત કબીર સુનો ભાઇ સાધો ! ગુરૂ ચરનન બલહરિયા.

---

૫૮

ઘૂંઘટ કા પટ ખોલ રે, તોકો પીવ મિલૈંગે.
ઘટ ઘટ મેં વોહિ સાંઇ રમતા, કટુક વચન મન બોલરે
ધન જોબનકા ગર્વ ન કીજે ઝુઠા પચરંગ ચોલ રે.
સુન્ન મહલમેં દિયા ન બાર લે આસા સે મત ડોલરે.

જોગ જુગત સે રંગ મહલમેં, પિય પાયે અનમોલ રે.
કહ કબીર આનંદ ભયો હૈ બાજત અનહદ ઢોલ રે.

---

૫૯

નૈહર મેં દાગ લગાય આઇ ચુનરી.
ઉ રંગરેજવા કૈ મરમ ન જાનૈ, નહિ મિલૈ ધોબિયા કવન કરે ઉજરી ?
તન કૈ કૂંડી, જ્ઞાન સઉંદન સાબુન મહંગ બિકાય યા નગરી.
પહિરિ ઓઢિ કૈ ચલી સસુરિયા, ગૌવાં કે લોગ કહેં બડી ફુહરી.
કહત કબીર સૂનો ભાઈ સાધો ! બિન સતગુરૂ કબહિં નહિ સુધરી

---

૬૦

મોરી ચુનરી મેં પર ગયો દાગ પિયા !
પંચ તત્ત કૈ બની ચુનરિયા, સોરહ સૈ બંદ લાગે જિયા.
યહ ચુનરી મોરે મૈકે તે આઇ, સસુરે મેં મનુઆં ખોય દિયા.
મલિ મલિ ધોઈ દાગ ન છૂટૈ, જ્ઞાન કો સાબુન લાય પિયા !
કહત કબીર દાગ તબ છુટિ હૈ જબ, સાહબ અપનાય લિયા.

---

૬૧

સતગુરૂ હૈં રંગરેજ ચુનર મોરી રંગ ડારી.
સ્યાહી રંગ છુડાય કે રે દિયો મજીઠા રંગ,
ધોયે સે છૂટૈ નહીં રે, દિન દિન હોત સુરંગ.
ભાવ કે કુંડ, નેહ કે જલ મેં, પ્રેમ રંગ દઈ બોર,
ચસકી ચાસ લગાઇ કે રે, ખૂબ રંગી ઝકઝોર.
સતગુરૂ ને ચુનરી રંગી રે, સતગુરૂ ચતુરસુજાન,
સબ કછુ ઉન પરવાર હું રે, તન મન ધન ઔ પ્રાન.
કહ કબીર રંગરેજ ગુરૂ રે, મુઝ પર હુએ દયાલ
સીતલ ચુનરી ઓઢ કે રે ભઈ હોં મગન નિહાલ.

---



૬૨

ઝીની ઝીની બીની ચદરિયા,
કાહેકા તાના કાહે કૈ ભરની, કૌન તારસે બીની ચદરિયા.
ઇંગલા પિંગલા નાના ભરની, સુષમન તારસે બીની ચદરિયા.
આઠ કમલદલ ચરખા ડોલૈ, પાંચ તત્ત ગુન તીની ચદરિયા.
સાંઇકો સિયત માસ દસ લાગે, ઠોક ઠોક કે બીની ચદરિયા.
સો ચાદર સુર નર મુનિ ઓઢી, ઓઢી કૈ મૈલી કીની ચદરિયા.
દાસ કબીર જતન સે ઓઢી, જ્યાં કી ત્યાં ધરિ દિની ચદરિયા.

---

૬૩

મો કો કહાં ઢૂંઢે બન્દે, મૈં તો તેરે પાસ મેં.
ના મૈં બકરી, ના મૈં ભેડી, ના મૈં છુરી ગંડાસ મેં,
નહીં ખાલ મેં, નહીં પોંછમેં, ના હડ્ડી ના માંસ મેં.
ના મૈં દેવલ, ના મૈં મસજિદ, ના કાલૈ કૈલાસ મેં.
ના તો કોનોં ક્રિયા કર્મ મેં નહીં જોગ બૈરાગ મેં.
ખોજી હોય તુર તૈ મિલિ હોં પલભરકી તલાસ મેં.
મેં તો રહોં સહર કે બાહર મેરી પુરી મવાસ મેં.
કહૈ કબીર સુનો ભાઇ સાધો ! સબ સાંસોકી સાંસ મેં.

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

ENTERED

SHML
G27405

G. 27405

NOT TO BE ISSUED

BL
1254
.K25C4

G. 27405